વિશ્વ સારિણી

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૧૦૧૦૫ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय ૮૦:૩

વિશ્વમોહિની.

ભાગ ૩-૪.

એક ચમત્કારપૂર્ણ રસમય નવલકથા.

અનુવાદક,
સ્વ. ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ.
અમદાવાદ.

સંપાદકઃ-
સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મ્હેતા.
શાહપુર-વડવાળીમહેતાપોળ,—અમદાવાદ.

પ્રકાશકઃ-
બુકસેલર કચરાભાઈવનમાળીદાસ પટેલ.
મોટીહમામ—અમદાવાદ.

આવૃત્તિ બીજી. સને ૧૯૨૨. સંવત ૧૯૭૮. પ્રત ૧૦૦૦.

મૂલ્ય રૂ. ૪-૦-૦.

સર્વ હક્ક પ્રકાશકે પોતાને સ્વાધીન રાખ્યા છે

સુબોધક નવલકથાઓ.

	કિં. રૂ. આ. પા.
કાળરાત્રિ ભા. ૧. [સચિત્ર] ...	૩-૦-૦
કાળરાત્રિ ભા. ૨. ,, ...	૩-૦-૦
ઝેરી જમાનો ભા. ૧ ,, ...	૩-૦-૦
ઝેરી જમાનો ભા. ૨-૩ જો. ,, ...	૪-૦-૦
ઝેરી જમાનો ભા. ૪-૫ મો.	૪-૦-૦
[illegible]ભી જાલીમ. સચિત્ર....	૩-૦-૦
બહાદુરબાળા ભા. ૧-૨....	૩-૦-૦
પદ્મલતા [સચિત્ર] ...	૩-૦-૦
કુસુમકાન્ત ભાગ ૧-૨ જો.	૫-૧૨-૦
તરૂણતપસ્વિની ભા. ૧. (સચિત્ર) ...	૩-૮-૦
તરૂણતપસ્વિની ભા. ૨. ,, ...	૩-૮-૦
વસંત-વિજય ભા. ૧.	૨-૮-૦
વસંત-વિજય ભા. ૨.	૩-૦-૦
વસંત-વિજય ભા. ૩.	૩-૪-૦
વસંત-વિજય ભા. ૪.	૩-૮-૦
કુન્જ-કિશોરી. સચિત્ર.	૨-૧૨-૦
માયાવી મોહિની....	૩-૦-૦
કુમુદકુમારી. સચિત્ર.	૩-૦-૦
રત્નગઢની રંભા. સચિત્ર.	૩-૦-૦
વિશ્વમોહિની ભાગ ૧-૨-૩-૪... ...	૮-૦-૦

સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.
શાહપુર, વડવાળીમહેતાપોળ-અમદાવાદ.

અમદાવાદ—ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

[illegible]રાત વિદ્યાપીઠ
જ[illegible] [illegible]પીરાઈટ-સંગ્રહ
૧૦૧૦૧
૮૦૩



સમર્પણ.

રા. રા. ભાઇ, સાકરલાલ માધવલાલ તોરાવાલા.

ભૃગુપૂર.

મનુષ્યના શુદ્ધ નિર્મળ સ્નેહથી જ અન્યજનો તે માણસની તરફ આકર્ષાય છે.

આ નિર્મળ સ્નેહભાવના તમારામાં મેં અવલોકી છે. આ સાથે પરોપકાર પરાયણતાનું દર્શન પણ કંઇક અંશે થયું છે. ભરૂચમાં જન હિતાર્થે યુવકમંડળ સાથે વાંચનાલય સ્થાપી શુભ કાર્ય શરૂ કર્યું છે; અને તે વાંચનાલયને ચાલુ રાખવા દ્રવ્ય આદિનો પણ ભોગ આપ્યો છે. આ ઉપરાંત મારા પ્રતિની નિર્મળ સ્નેહભાવના, મમતા પૂજ્યભક્તિભાવ આદી જાણી અપાર આનંદ થાય છે અને એ આનંદના કારણે જ આ પુસ્તક તમારા કરમાં સમર્પણ થાય છે. પરમાત્મા નિરંતર તમારી શુભ ભાવનાઓમાં અભિવૃદ્ધિ કરો એજ મારી શુભેચ્છા.

શુભેચ્છક,

સત્યેન્દ્રપ્રસાદ મ્હેતા.

મોટી ધમાલ !

ક્યાં ?

દિલ્હીવાળા લાલાબિશનદયાળ ધરમદાસની દુકાને.

તે કોણ છે ?

તે અમદાવાદ જુમામસ્જીદ સામે બજારમાં અને બીજાં શહેરોમાં જાણીતા સુપ્રસિદ્ધ વ્યાપારી છે. આ ઘણા જુના અને જાણીતા વ્યાપારીએ પોતાના અત્તર-તેલ વગેરેના વ્યાપારથી અતી લેકપ્રિયતા પ્રાપ્ત કરી છે. તેમની દુકાનપર લોકોનો દરોરો ચાલુજ હોય છે. તેમની દુકાનમાં, ગુલાબજળ, કેવડાજળ-સરબત ગુલાબ અનાસ-નારંગી વગેરે ઉપરાંત-વિશ્વમોહિની તેલ, આંબળાનું તેલ-મેંદી-હીનો, ચંબેલી-નારંગી મોગરો-જુઈ વળી દરેક જાતનાં સુવાસીત અત્તરો કે જેની સુવાસ ઘણા સમય સુધી કાયમ રહે છે. તથા દરેક જાતના સ્વાદિષ્ટ-સુખાકારી મુરબ્બા, જેવા કે; આંબળાં કેરી, મુરબ્બા બીલી, સફરજન, આદુ, શેરડી, દ્રાક્ષ. આ સાથે દવા અર્ક તજ, પીપરમીન્ટ, અજમો એલચી, વરીયાળી, તમાકુની ગોળીયો, તમાકુની પત્તિ, જરદા, કાળી તમાકુ કે જે વાયુવિનાશક છે. અત્તરમાં ગુલાબ, કેવડો, જુઇ, મોસંબી, ખસ, પાંદડી અને તેલમાં વિશ્વમોહિની ઓઇલ વિશ્વમાં વિખ્યાત છે.

ટુંકાણમાં આ સુપ્રસિદ્ધ દુકાનમાં દરેક પ્રકારનાં સુખદાયક શરબતો ગંગા ગુલાબજળ, સરસ સુરમા, મનહર મુરબ્બા, સ્વાદિષ્ટ ચટણીઓ તમાકુની ગોળીયો, કસ્તુરીની ગોળીયો સુગંધી ધૂપ; રોગવિનાશક દવાઓ અને અનેક પ્રકારનાં આનંદમય અત્તરો-તેલો વેચાયછે

વધુ ખુલાસા માટે નીચેના સ્થળે જાતે મળો યા લખો.

દિલ્હીવાળા લાલાબિશનદયાળ ધરમદાસ અત્તરવાળા.

બજારમાં જુમ્મામસજીદ સામે—**અમદાવાદ.**

પ્રસ્તાવના.

શ્રી વિશ્વમોહિની નવલકથાના પ્રથમ અને દ્વિતીય ભાગનો ગુર્જર વાંચકવર્ગે પૂર્ણ પ્રેમ અને ઉત્સાહથી આદર કર્યાના પરિણામે આ ત્રીજો અને ચોથો ભાગ આજે વાંચક સમક્ષ પ્રત્યક્ષ થાય છે. આ પુસ્તકના અનુવાદક સ્વ. ગણપતિરામ આ દ્વિતીય ભાગ પૂર્ણ થયા પછી મૃત્યુ પામ્યા. ત્રીજો ભાગ પૂર્ણ કરવાની તેમની આશા અધુરી રહી.

સન્મિત્રો, હિતસ્વીઓ અને જિજ્ઞાસુ વાચ્યકો સાથે આ પુસ્તકના પ્રકાશકની આગ્રહી અને મમતાળુ લાગણીના કારણે આ પુસ્તકમાં ઘણો સુધારો વધારો કરી દ્વિતીયાવૃત્તિરૂપે આ ભાગ ફરીથી પ્રકટ કર્યો.

આ નવલકથાનાં નાયક અને નાયિકા રાજકુમાર વિજયસિંહ અને રાજકુમારી વિશ્વમોહિનીને પ્રથમ ખંડની માફક આ ભાગમાં પણ જુદાંજ રાખવામાં આવ્યાં છે. પરંતુ પછી નવા ભાગ માટે વાંચકોને વિશેષ રાહ જોવી પડશે નહિ. આ ભાગને વધાવી લેવા વાંચકોએ બતાવેલી ઉત્સાહિ લાગણી અનુભવતાં પ્રકાશકની માગણી ભવિષ્યના ભાગને સત્વર જ પ્રસિદ્ધિમાં મૂકવાની હોવાથી શ્રી ઇષ્ટેચ્છા તો થોડા સમયમાં જ નવા ભાગ વાંચકોના કરકમળમાં સાદર સમર્પણ થશે. ઉપર જણાવ્યા પ્રમાણે આ પુસ્તકના બે ભાગજ સ્વર્ગસ્થના હાથે અનુવાદ થયા હતા. ત્રીજો ભાગ બહાર પડતાં વિલંબ થયો, અરે બહાર પડયોજ નહિ. આથી પરિણામે આ પુસ્તકને પૂર્ણ કરવાનું કાર્ય મારા માથે આવ્યું. મેં બાકીના ભાગ અનુવાદ કરવા માટે વિચાર્યું; પણ અન્ય લેખક બંધુઓદ્વારા આ પુસ્તક જુદાજ નામથી

અનુવાદ થઈ પૂર્ણ થએલું હોવાથી મારે અનુવાદ કરવાનો વિચાર માંડી વાળવો પડયો અને કલ્પનાશક્તિથી લખી ભાગ પૂર્ણ કરવાનો નિશ્ચય કર્યો. આ નિશ્ચયનો અમલ શરૂ થઇ ચૂક્યો છે. આ ભાગમાં આવેલા પ્રસંગો કરતાં કંઇક નવીન અને રસમય પ્રસંગોનો ચિતાર નવીન ભાગમાં આલેખવા પ્રયત્ન સેવ્યો છે. ભાગ વધુ નહિ લંબાવતાં હવે એજ ભાગમાં પુસ્તક પૂર્ણ કરવામાં આવશે.

રંગવિદ્યાના ચમત્કારો, રમલવિદ્યાનો પ્રભાવ અને માનવ બુદ્ધિનો કેળવણીથી થતો વિકાશ તેનું નિરિક્ષણ તો આ નવલકથામાં સ્થળે-સ્થળે વાંચકને થયા કરવાનું જ. પણ હજી એક પછી એક ચઢીયાતા ચમત્કારો વાંચકને આગળ વિલોકાશે.

પ્રભુ કૃપાએ વળી સ્વલ્પ સમયમાં પુનઃ મળવાનો સુયોગ પ્રાપ્ત થશે એવી શુભ ભાવના અને સ્વાભાવિક ઇચ્છાથી અત્રજ વિરમવું યોગ્ય ગણ્યું છે.

વિક્રમાર્ક ૧૯૭૮.
તા. ૧-૯-૨૨.
શાહપુર—અમદાવાદ.

સત્યેન્દ્રપ્રસાદ મ્હેતા.

અનુક્રમણિકા.

ભાગ ૩ જો.

૧ રણમયદાન. ૧
૨ રણરંગ. ૧૩
૩ આશા અને નિરાશા. ૨૫
૪ પ્રતાપસિંહ. ૩૫
૫ ભયંકર ઘટના. ૪૩
૬ કુમાર સપડાયો. ૫૧
૭ ચમત્કારી ખંડેર. ૫૭
૮ મણીકાન્તા ફસાઇ. ૬૨
૯ રંગી રોળાયા. ૬૬
૧૦ દોસ્ત કે દુશ્મન ? ૭૭
૧૧ સ્ત્રી–સોહાગરી કારસ્તો. ૮૭
૧૨ ગુલામોનો વેપારી. ૧૦૦
૧૩ વાતચીત. ૧૦૭
૧૪ શાવકીમાં રહસ્ય. ૧૧૬
૧૫ હુમલો–નાશભાગ. ૧૨૫
૧૬ અદ્ભુત યોગ. ૧૩૪
૧૭ વિયોગી મેળાપ. ૧૪૨

ભાગ ૪ થો.

૧ પ્રયત્ન પ્રારંભ. ૧૫૩
૨ અજાયબ ગ્રંથ. ૧૫૮
૩ રંગમાં ભંગ. ૧૬૫
૪ વનદેવી. ૧૭૪
૫ પ્રેમીપત્ર. ૧૮૭
૬ અજાયબ વૃક્ષ. ૧૯૯
૭ બગીચાની બહાર. ૨૦૮
૮ સરિતાની સહેલ. ૨૧૪
૯ ડોશીએ દાટ વાળ્યો. ૨૨૨
૧૦–૧૧ કંઇક નવું. ૨૩૪
૧૨ કરણી તેવી પાર ઉતરણી. ૨૪૦
૧૩ વિજયકુમારનો વિજય. ૨૫૪
૧૪ મહાદેવીની માયા. ૨૬૫
૧૫ માયાવી ઇંદ્રજાળ. ૨૮૪
૧૬ વિનોદમય વાતો. ૨૯૫
૧૭ પુનર્દર્શન. ૩૦૪

છપાઇ ગઇ છે.   નામ નોંધાવો.   ટુંક સમયમાં બહાર પડશે.

વિવિધ ઘટનાઓથી ભરપુર,

ચમત્કાર પૂર્ણ રસમય નવલકથા.

વિશ્વમોહિની. ભાગ ૫-૬.

આ પુસ્તકના છપાઈ ગએલા પાછળના ભાગ કરતાં આ નવીન ભાગ કંઇક ઓરજ રસમય છે. પ્રત્યેક પૃષ્ઠે નવીનતા અને આનંદ પ્રાપ્ત થશે, આ બન્ને ભાગ પણ ભેગાજ બાંધેલા છે. પાછળના ભાગ જોતજોતામાં ઉપડી ગયા છે. અને આ નવીન ભાગની માગણી પર ઉપરાઉપરી થયા કરે છે, ઘણા ગૃહસ્થોએ તો અગાઉથી નામ પણ નોંધાવી દીધાં છે. આ ભાગ અનુવાદ નથી, પણ સ્વતંત્ર કલમથી લખાએલા છે.

રાજકુમાર વિજયસિંહ-પ્રતાપસિંહ-નવલસિંહ કેવાં અજબ પરાક્રમો કરે છે, વનદેવી નામક પરોપકાર પરાયણ યોગિની કેવો અદ્દભુત અને આશ્ચર્યમય ભાગ ભજવે છે વ્હેમસિંહના રંગીઓ કે જે રાજકુમારને શરણે રહેલા છે તેઓ તેમની વિદ્યાનો કેવો ચમત્કાર બતાવે છે, ગયબી ખંડેર કેવા પ્રકારે તોડાય છે. પ્રેમીયોનો મેળાપ કેવી રીતે થાય છે. વ્હેમસિંહ અને મોતીલાલ બંકા કેવાં કારસ્થાન રચે છે અને એક ધાપ મારૂ લ્હેરીલાલા લોકોને કેવી રીતે ધાપો મારી એશઆરામ કરે છે; લોભીના કેવા હાલ થાય છે. વગેરે અદ્દભુત પ્રસંગો આ પુસ્તકમાં નવીનજ નજરે પડશે. પુસ્તક દળદાર, લાયબ્રેરીના આભુષણ રૂપ હોવા છતાં મૂલ્ય માત્ર રૂ. ચાર છે. આજેજ નામ નોંધાવો. પાછળથી કંઇક વધારે આપવું પડશે.

બુકસેલર કચરાભાઈ વનમાળી પટેલ, મોટીહમામ-અમદાવાદ.

વિશ્વમોહિની.

ભાગ ૩ જો.

પ્રકરણ ૧ લું.

રણમયદાન.

રાત્રિના છેલ્લા પ્રહરનો સમય હતો. છાવણીમાં સઘળુ સુમસામ હતું. પ્રભાત થવાને હજી વાર હતી. વિજયકુમાર તેના તંબુમાં જાગૃતાવસ્થામાં બેઠેલો હતો. તે આજે આખી રાત્રિ ઉંઘ્યો નથી. પ્રતાપના ગયા પછી તેણે તંબુમાં જઇ ઉંઘવાને માટે ઘણા પ્રયત્ન કર્યા હતા; પણ નિદ્રાદેવીને તેની દયા આવી નહિ. તેના મનમાં વિશ્વમોહિનીના વિચાર થઇ રહ્યા હતા. તેને અને તેની સખીને શત્રુઓ ક્યાં લઇ ગયા હશે ? તે બન્નેને ક્યાં અને કેવા સ્થળમાં રાખી હશે ? તે સુખમાં હશે કે દુઃખમાં ? તેમને ખાવા-પીવાનું સારી રીતે મળતું હશે કે કેમ ? અરેરે ! તે બન્ને પર દુષ્મન કેટલોએ જુલ્મ ગુજારતો હશે ? સુખમાં રહેલી બાળાઓ શત્રુના ભય ત્રાસથી નિરંતર ઝુરતી હશે ? હું તેમના માટે શું કરૂં ? જો મને લગીર પણ ખબર પડે કે તે અમુક સ્થળે છે તો હું તરતજ એ તરફ દોડું. પણ અફસોસ, ઘણી શોધ-ખોળ કરાવી પણ અંતમાં નિરાશા. છેવટે બંધુ પ્રતાપ પોતેજ નીકળ્યો છે. પરમાત્મા તેને તેના

કાર્યમાં ફત્તેહ આપો. આહ ! મ્હેમસિંહ ! ઓ જાલીમ રાજા ! તેં હદથી વધુ જુલ્મ ગુજાર્યો છે. સુતેલા સિંહને જગાડયો છે. સિંહની ગુફામાં હાથ નાખ્યો છે; પણ યાદ રાખજે કે પરીણામ વિપરીત છે. તારા દિવસો ભરાઇ ચૂક્યા છે. તારા મ્હોંતની નોબત ગગનમાં ગાજી રહી છે. બસ કાળેજ તને ભુલાવી અહિં ખેંચી આણ્યો છે. હવે જોયા કરજે કે તારી કેવી અધમ દશા થાય છે. આવી રીતના વિચારો કુમારના હૃદયમાં થઇ રહ્યા હતા. આવા તર્ક–વિતર્કમાં તેને આખી રાત્રિમાં જરાક પણ નિદ્રા આવી નહિ. છેવટે પાછલી રાત્રિની પણ પૂર્ણાહુતી થવા આવી. પૂર્વ દિશામાં પ્રકાશ જણાવા લાગ્યો. મોર–કોયલના અવાજ સંભળાવા લાગ્યા. સૈનિકો પણ ધીમે ધીમે જાગૃત થવા લાગ્યા. આવે વખતે એકાએક રણશીંગુ વાગવાનો અવાજ સંભળાયો.

કુમાર ચમકયો અને રણશીંગુ ક્યાં વાગતું હશે તેના વિચારમાં પડયો. છેવટે તેણે એક સિપાહીને બોલાવી સેનાપતિને બોલાવી લાવવાની આજ્ઞા કરી. થોડીવારમાંજ યુદ્ધના પોશાકમાં સજ્જ થએલા સેનાપતિએ કુમારના તંબુમાં પ્રવેશી કુમારને નમન કર્યું.

કુમારે તેના સામે નજર કરી કહ્યું; " આ રણશીંગાનો અવાજ ક્યાંથી આવે છે. "

" દુષ્મનની છાવણીમાંથી. " સેનાપતીએ પ્રત્યુત્તર આપ્યો.

કુમાર વિચારમાં પડી બોલ્યો; " આ પ્રભાતના પ્રથમ પ્રહરમાં રણશીંગુ વગાડવાનું શું કારણ હશે ? "

" તપાસ કરાવતાં માલમ પડયું છે કે શત્રુ યુદ્ધની તૈયારી કરી રહ્યો છે. "

" શું અત્યારેજ યુદ્ધનો આરંભ થશે ? "

"હા."

"આપણે તૈયારી કરી છે ?"

"આપણે પણ સર્વ પ્રકારની તૈયારી કરી રાખી છે. ફક્ત અહિંથી કુચ કરવાનીજ વાર છે."

"ઠીક; હું પણ હવે તૈયારી કરૂં."

"તમારે યુદ્ધમાં આવવાની કંઇ પણ જરૂર નથી."

"કેમ ?"

"સેવક છે ત્યાં સુધી આપને તસ્દી લેવાની શું જરૂર છે ?"

"મારા વફાદાર સેનાપતિ ! તમે આ શું બોલો છો ? યુદ્ધના વખતે ખરો ક્ષત્રિય વીર છાનો રહી શકેજ નહિ. હું તમારી સાથેજ યુદ્ધે ચઢીશ અને દુષ્મનને મારા બળનું ભાન કરાવીશ."

"જેવી આપની ઇચ્છા. હું જાઉં છું અને તૈયારીનું રણશીંગુ ફુંકાવું છું."

"હા; જાઓ."

સેનાપતિ ગયો. કુમાર તૈયાર થઇ અશ્વારૂઢ થયો. સૈનિકોનાં શસ્રો ખખડવા લાગ્યાં. રણશીંગાનો ઘોર નાદ ચારે તરફ વ્યાપી રહ્યો. પ્હો ફાટતાંજ કુચ કરવાની આજ્ઞા મળી. સેનાપતિ અને કુમારે પ્રયાણ કર્યું. સૈનિકો વિજયગર્જના કરતા છાવણીમાંથી નીકળી મયદાન તરફ ચાલ્યા.

દુષ્મનનું સૈન્ય તૈયાર થઇ મયદાનમાં ઉભું હતું. વિજયકુમારનું સૈન્ય થોડીવારમાં ત્યાં આવ્યું. બન્ને સૈન્ય મેદાનમાં સામ સામે ઉભાં. સૈનિકો ઉશ્કેરાયા. લઢવાને આતુર બન્યા. રણવાદ્યો વાગી રહ્યાં હતાં. શૂરાઓ શૌર્યથી ડોલતા હતા. ક્યારે લઢાઇનું નિશાન ફરકે અને એક બીજા પર ટૂટી પડીએ એમ દરેક સૈનિકના મનમાં

થઇ રહ્યું હતું. બ્હેમસિંહ રાજાના સૈન્યમાં બારોટ ઘોડાપર સ્વાર થઇ ચારે તરફ ફરતો હતો અને સૈનિકોના વડવાઓનાં કવીત લલકારી સૈનિકોને પાનો ચઢાવતો હતો. રાજા બ્હેમસિંહ અંગરક્ષકોથી વિંટાઇ સૈન્યની મધ્યમાં ઘોડેસ્વાર થએલો હતો. તેના સરદારો યુદ્ધ રચના ગોઠવી રહ્યા હતા. વિજયસિંહના સૈન્યમાં નવલસિંહ અને અન્ય સરદારો વ્યુહ રચના કરી રહ્યા હતા. અનેક પ્રકારની સુચનાઓ સૈનિકોને આપવામાં આવતી હતી. બહાદુર નવલ ઘોડા પર સ્વાર થયેલો હતો. આ વખતે તેનો દેખાવ અપૂર્વ હતો. વિજયકુમાર પણ વીર વેશથી અલૌકિક ભાસતો હતો. સૈનિકો વીરનાદથી વારંવાર ગગન ગજાવતા હતા, સુર્યનાં કિરણોથી સૈનિકોનાં શસ્રો વિજળીની માફક ચળકવા લાગ્યાં.

આ વખતે વિજયકુમાર કંઇક ઉંડી ચિંતામાં પડયો હોય એમ જણાતું હતું. નવલની દૃષ્ટિ તેના મુખ પર પડી. કુમારનું ચિંતામય મુખ જોઇ નવલ ચમક્યો અને વિચારવા લાગ્યો કે કુમાર શું વિચાર કરતા હશે ? જો આવી રીતે ચિંતા મગ્ન રહેશે તો યુદ્ધમાં બરાબર કાર્ય કરી શકશે નહિ. યુદ્ધ સમયે ચિંતા કરનાર હારે છે. સિંહતો ઉશ્કેરાએલો જ સારો. લાવ કુમારને સાવધ કરૂં. આમ વિચારી નવલ પોતાનો ઘોડો કુમારના અશ્વની પાસે લાવ્યો. વિચાર નિમગ્ન કુમાર નવલ નજીક આવ્યો પણ જાણી શક્યો નહિ. નવલે ધીમે રહી બૂમ મારી પૂછ્યું "કુમાર ?"

વિજયકુમારે સાંભળ્યું નહિ. નવલ મોટેથી હશી પડયો. કુમાર હસવાના અવાજથી ચમક્યો અને સાવધ થયો. તેણે નવલ સામે જોઇ પૂછ્યું, "તમે મારી નજીક ક્યારના ઉભા છો ?"

"થોડીવાર થઇ; પણ તમે અત્યારે શું વિચારમાં પડયા છો ?" નવલે પૂછ્યું.

"મને અત્યારે એક મહાન વિચાર ઉત્પન્ન થાય છે."

"રણમેદાનમાં વિચારની લગીર પણ જરૂર નથી."

"તે હું સમજું છું."

"ત્યારે વિચારમાં પડી ચિંતામગ્ન કેમ બનો છો?"

"હૃદય જ એવું છે."

"એવું હૃદય નુકશાન પહોંચાડે છે."

"હું મારા સ્વાર્થનો વિચાર નથી કરતો?"

"ત્યારે?"

"નિર્દોષ મનુષ્યોના."

"એટલે?"

"આ યુદ્ધમાં અનેક માણસો મરણને શરણ થશે જાણી હું કંપું છું."

નવલ સ્તબ્ધ બની બોલ્યો; "રણમેદાનમાં મરવું એતો શૂરવીરોનો ધર્મ છે."

"એ સત્ય છે. શૂરવીરો યુદ્ધમાં મરણને શરણ થઈ સ્વર્ગ પદને પ્રાપ્ત કરે છે. પણ યુદ્ધ સિવાય તેમને અમૂલ્ય કર્તવ્ય કરવાનાં હોય છે; તે તેમના મરણથી અધુરાં રહે છે. બીચારા નિર્દોષ સૈનિકો તેમના રાજાને માટે મરે છે. પણ રાજાને વફાદાર સૈનિકોની ઓછીજ દરકાર હોય છે."

"બધા રાજા તમારા જેવા વિચારના હોય તો કદી યુદ્ધ થાયજ નહિ."

"એમજ થવું જોઇએ. મનુષ્યોમાં સદ્જ્ઞાન નથી. સત્ય નથી; એક બીજા પ્રત્યે પ્રેમ નથી, આત્માની પીછાન નથી; બસ તેથીજ રાજાઓ અને સૈનિકો એક બીજાના નાશનો પ્રયત્ન કરી રહ્યા છે.

પરમાત્મા સર્વને સત્ય જ્ઞાન સમર્પો કે જેથી પૃથ્વી પરથી લડાઇઓ નાબુદ થાય અને અમૂલ્ય માનવ જીવનની સફળતા થાય."

"તેમ થતાં ઘણી વાર લાગશે."

"આપણે આ યુદ્ધમાં એક યુક્તિ અજમાવીશું?" કુમારે પૂછ્યું.

"શું?"

"એક બીજાના સૈનિકોના જીવ બચે અને સ્હેજમાં વિજય મળે."

"કેવી રીતે?"

"આપણે વ્હેમસિંહને પૂછાવીએ."

"પણ શું?"

"તેને કહેવરાવીએ કે નકામા માણસો મરાવવાથી શો ફાયદો? જો શૂરવીરતાનો ગર્વ અને બહાદુરીનો ફાંકો ધરાવતો હોય તો દ્વંદ યુદ્ધ કર કે જેથી લડાઈમાં પરિક્ષા થાય. નવલ! તે મૂર્ખ રાજા પોતાના મનથી પોતાને અર્જુન અને ભીમ સમાન બળવાન માને છે. તો હું ધારૂંછું કે તેને દ્વંદ યુદ્ધનું કહેણ મોકલતાં તરત કબુલ થશે." કુમારે જણાવ્યું.

"આ વાત પણ ઠીક. જો આમ બને તો નિર્દોષ સૈનિકોના જીવ બચે."

"ત્યારે તેને કહેણ મોકલો."

"પણ ......" નવલ અટક્યો.

કુમારે પૂછ્યું; "કેમ? શું છે?"

"માનો કે તેણે આપણું કહેવું કબુલ કર્યું."

"તો પછી તેની સાથે દ્વંદ યુદ્ધ કરવું."

"શરત શી કરવી?"

"જે હારે તે પરાજય કબુલે."

"પણ દ્વંદ યુદ્ધમાં તેની સામે કોણ ઉતરશે ?" નવલે કુમારના મુખ તરફ તાકીને જોતાં પૂછ્યું.

"હું પોતેજ." કુમારે નિર્ભયતાથી જણાવ્યું.

"શું તમે ?" નવલે અજાયબી પ્રકટ કરતાં પુછ્યું.

"હા."

"તમારે શામાટે એટલું જોખમ ખેડવું પડે ?"

"ગરીબ સિપાહીઓના જીવ બચાવવા."

"રણમેદાનમાં આવી દયામય વૃત્તિ રાખવી તે યોગ્ય નથી."

"તે સત્ય છે; પણ બનતા પ્રકારે સિપાહીઓના જીવ બચાવવા તરફ ધ્યાન આપવું તે દરેક રાજા અને સેનાપતિની ફરજ છે. આપણે પ્રયત્ન કરો. પછી યુદ્ધ તો છેજ."

"મારૂં એક કહેવું કબુલ કરશો ?" નવલને કંઇક વિચાર થઇ આવતાં પૂછ્યું.

"શું ?"

"તમારે બદલે હું તેની સાથે દ્વંદ યુદ્ધમાં ઉતરૂં તો ?"

"તે માનશેજ નહિ."

"કારણ ?"

"દ્વંદ યુદ્ધ સમાનની સાથેજ હોય."

"શું હું તેની બરાબર નથી ?" નવલે પુછ્યું.

કુમારે હસીને કહ્યું, "તમારા બળની તેને અને મને સંપૂર્ણ ખાત્રીછે; પણ તે રાજા છે અને તમે એક રંગીછો. તમારી સાથે દ્વંદ યુદ્ધમાં ઉતરવા તે સાફ ના પાડશે."

"ત્યારે તમે ક્યાં રાજા છો ?"

"હું રાજકુમાર છું. વળી તેનો પાકો રીપુ છું એટલે તે તરત મારી સાથે દ્વંદ યુદ્ધમાં ઉતરવાની હા પાડશે."

"ઠીક; ત્યારે તેને કહેણ મોકલીશું?"

"હા, પણ કોને મોકલવો?"

"હું પોતેજ ત્યાં જાઉં છું."

"સાવધ રહેજો."

"ફીકર નહિ. હું થોડીવારમાંજ પાછો આવું છું."

નવલે વિજળીની ઝડપે શત્રુ સૈન્ય તરફ ઘોડો દોડાવી મૂક્યો. તેના હાથમાં સંકેત વાવટો હોવાથી શત્રુઓએ તેને રાજાની પાસે જવાનો માર્ગ કરી આપ્યો. નવલ રાજાની પાસે આવ્યો અને તેણે રાજા હેમસિંહને લશ્કરી ઢબે સલામ કરી. રાજાની પાસેજ મોતીલાલ-બંકા નામક રંગી અશ્વારૂઢ થએલો હતો. તરતજ તેણે પોતાનો ઘોડો નવલની સામે લાવી રંગવિદ્યામાં સલામ કરી. નવલસિંહે એક ચાદર કાઢી ચાદરને ત્રણવાર હવામાં ઉછાળી, મોતીલાલે હસીને પૂછ્યું. "શું કામ છે?"

"કામ અગત્યનું છે." નવલે મજાકમાં કહ્યું.

"તમારે કોની સાથે કામ છે?" પુનઃ બંકાએ પુછયું.

"પ્રથમતો તમારી સાથે."

"શું કામ છે?"

"થોડીક વાતચીત કરવી છે."

"બોલો; હું સાંભળવા તૈયાર છું."

"હું તમને થોડાક પ્રશ્નો પૂછવા માગું છું."

"બેલાશક પૂછો."

"તમે સત્ય જવાબ આપશોને?"

"જરૂર."

"મારે એમ પૂછવાનું છે કે તમારા લશ્કરમાં મરદ વધારે છે કે ઓછા?"

મોતીલાલ આ પ્રશ્નથી આશ્ચર્ય પામ્યો. બ્હેમસિંહ તો ગુસ્સાથી રાતો પીળો થયો. તે કંઇક બોલવા જાય એ પહેલાંજ મોતીલાલે કંઇક વિચાર કરી કહ્યું: "અમારા લશ્કરમાં સઘળા મરદોજ છે."

"સઘળા મરદો બહાદુર છે કે નામર્દ?"

"તમારે આવું પૂછવાનું શું કારણ છે?"

"તમારે ત્યાં કોઇ બહાદુર નર છે કે સર્વ આમ ગરીબ સિપાહીઓના પ્રાણનો ભોગ આપી તમાશો જોનારાજ છે?"

"અમારે ત્યાં અસંખ્ય શૂરવીરો છે."

"મને તો એવું કંઇ જણાતું નથી."

"તમને શું જણાય છે."

"સઘળા ભાજી મૂળા જેવા."

રાજાની અને મોતીલાલની આંખ્યો લાલચોળ થઇ. રાજા પોકારી ઉઠયો; "અલ્યા તું કોણ મુઓ છે."

"વિજયકુમારનો સેવક."

"તારૂં નામ?"

"નવલસિંહ."

"પેલો રૂપીતો નહિ?"

"હા, એજ કે જે આપના દરબારમાં આવી આપને અને સરદારોને ચમત્કાર બતાવી ગયો હતો"

"તું ઘણો ઉદ્ધત છે."

"તેથી આપને શું?"

" તું મારી આગળ ઘણોજ બેઅદબ રીતે વર્ત્યો છે."

" એતો જેવાની સાથે તેવા થવુંજ પડે."

રાજાને મનમાં ઘણો ગુસ્સો ચઢયો. પણ શું કરે ? સફેત વાવટો લઇને આવનાર માણસ સુખરૂપે પાછો જવો જોઇએ એવો તે વખતે નિયમ હોવાથી રાજા નવલને કંઇ પણ કરી શક્યો નહિ. બાકી તેને ગુસ્સો તો એવો ચઢયો હતો કે જાણે તેજ વખતે નવલને પુરો કરી નાખે. તેણે આવેશમય અવાજે પૂછયું, " તું કેમ આવ્યો છે ?"

" આપને મળવા અને કંઇક જાણવા."

" શું જાણવા આવ્યો છે ?"

" જાણવાનું જાણી લીધું."

" શું ?"

" એજ કે આપના લશ્કરમાં કોઇ બહાદુર મર્દ નથી."

" એતો યુદ્ધ વખતે ખબર પડશે."

" એતો હું પણ સારી રીતે સમજું છું કે તમારી બહાદુરી સિદ્ધ કરવા તમે તમારા ઘણા સિપાહીઓને યુદ્ધમાં મરાવી નખાવશો.

"યુદ્ધમાં એમજ થાય."

" નહિ, બહાદુરોનું યુદ્ધ તો અવનવુંજ હોય."

" શી રીતે ?" રાજાએ ઉત્સુકતાથી પૂછયું.

" સાંભળો. જે વીરનર છે એતો દ્વંદ યુદ્ધ કરીનેજ જય પરાજ્ય પ્રાપ્ત કરે છે."

" તમારી એવી ઇચ્છા હોય તો એમ કરો. અમારી ના નથી."

" બસ એથીજ જલ્દી પાર આવશે, અને ગરીબ સૈનિકો જીવશે. અમારા નામવર કુમારશ્રીતો કહે છે કે હેમસિંહ રાજાને

તેના બાહુબળનો સંપૂર્ણ ભરોંસો છે, તો સર્વથી પ્રથમ એજ સામે આવે અને મારી સાથે દ્વંદ યુદ્ધમાં ઉતરે. તમારા બન્નેમાંથી જે જીતશે તે અમલગઢનો માલીક થશે. કહો રાજેન્દ્ર આપને ગળે આ બાબત ઉતરે છે ?"

રાજા જવાબ આપે તે પહેલાંજ બંકા બોલી ઉઠયો, "અમને કબુલ છે. અમારા મહારાજા બહાદુર છે. અર્જુન સમાન બાણુવળી અને ભીમ સમાન પરાક્રમશાળી છે. અમે તમારાથી ડરનાર નથી. અમારા મહારાજાનું બાહુબળ જોતાં તમે તોબાહ પોકારશો. તમારા કુમારને તો તે જોત જોતામાં ચાંચડની માફક મસળી નાખશે."

"હા, હું પણ જાણું છું કે તે ચોળનાર છે. મેં મારા કુમારને ત્રણુંએ કહ્યું પણ તે માનતાજ નથી. એતો હઠ લઇને બેઠા છે કે બસ બ્હેમસીંહ મહારાજની જોડે દ્વંદ યુદ્ધમાં મેદાનમાં ઉતરવું." નવલે હાંકે રાખ્યું.

"મારા મહારાજા તૈયાર છે." મોતીલાલે કહ્યું.

નવલે રાજાના મુખ સામે જોઇ પૂછ્યું, "કાં મહારાજ ! શું ઇચ્છા છે ?"

"એજ."

"ત્યારે હું જાઉં ?"

"ઉભો રહે; આ વખતે મારા મનમાં એક વિચાર થાય છે ?"

"શો ?"

"તારા કુમારનો, કે તે નાનો છે અને નાહકનો મારા હાથથી માર્યો જશે."

"ખરૂં છે; હું પણ સમજું છું; પણ તેમની હઠ આગળ લાચાર છું."

"મને તેની ઘણી દયા આવે છે."

"કદાચ એમ બને."

"તું તે હઠીલાને સમજાવ."

"મહારાજ! મેં સમજાવવામાં કંઇ પણ બાકી રાખ્યું નથી."

"ત્યારે જા અને તેને તૈયાર થઇ અહિં મયદાનમાં આવવાનું કહે."

નવલ સલામ ભરી અશ્વને ખેલાવતો–કુદાવતો ચાલતો થયે અને સર્વ હકીકત વિજયકુમારને જણાવી. કુમારને આનંદ થયે અને તત્કાળ મેદાન તરફ ચાલ્યો. બન્ને સૈનિકોની વચમાંના મેદાનમાં કુમાર આવીને ઉભો.

હેમસિંહ રાજા હજી આવ્યો નહોતો. તે પેલા ભાટની સલાહ લેતો હતો. ભાટે વિજય મળવાની સંપૂર્ણ ખાત્રી આપતાં હેમસિંહ અશ્વારૂઢ થઇ મેદાનમાં આવ્યો.

સૈનિકો બાજુપર ખસી આ તમાસો જોઇ રહ્યા. હેમસિંહ ઉપરથી બળનાં બણગાં ફુંકતો હતો પણ મનમાં ગભરાતો હતો. વિજયકુમારના મુખ તરફ નજર કરતાંજ તેનાં મોતીયાં મરી ગયાં. દ્વંદ યુદ્ધને માટે તેને પસ્તાવો થવા લાગ્યો. શું કરવું અને શું ન કરવું તેની તેને કંઇ સુઝ પડી નહિ. રાજાની આ સ્થિતિ અંકાએ જાણી, તે તરત રાજાની પાસે આવ્યો અને ધીમેથી બોલ્યો.

"મહારાજ! આ વખતે વિચાર કરવા તે નકામા છે."

"અંકા! હું બહાદુરીથી બોલ્યો અને અહિં આવ્યો તે ખરો; પણ મને બીક લાગે છે?"

"કોની?"

"વિજયકુમારની."

" અરે! એક નાના બાળકથી શા માટે ડરોછો ? જો આવી વાત કોઇના જાણવામાં આવશે તો તમારી કીંમત થશે."

" પણ મારી હિંમત ચાલતી નથી."

" હિંમત હારે હવે નહિ ચાલે, તમારે લઢવુંજ પડશે. મહારાજ ! શામાટે ડરોછો ? વિજય તો બાળક છે. તમારા આક્રમણથી તે જરૂર હારી જશે અને આપ વિજય પ્રાપ્ત કરી વિશ્વમોહિનીના અને રાજ્યના માલીક બનશો."

" શું ખરૂં ?"

" હા."

" ત્યારે હવે જોયા કર કે હું શું કરૂં છું." રાજાએ ઘોડો વિજયના અશ્વની સામે આણ્યો. બન્ને અશ્વો જોરથી હણહણ્યા. દ્વંદ યુદ્ધની તૈયારી થઇ. સઘળા સૈનિકો જોઇ રહ્યા.

પ્રકરણ ૨ જું.

રણુરંગ.

દ્વંદ યુદ્ધમાં વીરની ખરી કસોટી થાય,
પણ પાપી તેને વિષે, કપટકળાને ચ્હાય,

વ્હેમસિંહને સામે આવેલો જોતાંજ વિજયકુમારની આંખ્યો લાલચોળ બની. શરીર શૌર્યથી કંપવા લાગ્યું. હાથ ઉંચા નીચા થવા લાગ્યા. જમણો હાથ કમ્મરે લટકતી તરવાર તરફ વારંવાર વળવા લાગ્યો. રાજા વ્હેમસિંહની આંતરીક સ્થિતિ કુમારથી જુદીજ હતી. તે જો કે ઉપરની

હિંમતથી સામે આવ્યો હતો; પણ અંદરથી તેના ભયનો પાર ન્હોતો. વિજયકુમારનું રૌદ્ર સ્વરૂપ નિહાળી તેનાં હાંજાં ગગડી ગયાં. તેણે વિજયને માટે અનેક દેવ-દેવીઓની બાધા રાખી. કુમાર પોતાની મનોદશા જાણી જાય નહિ તેથી વ્હેમસિંહે જબરો ખુંખારો કરી હાથમાંનો ભાલો હલાવ્યો. તરતજ કુમારે ઘોડાને એડી મારી કુદાવ્યો. કુમારનો ચાલાક અશ્વ વ્હેમસિંહના ઘોડાની છેક નજીક આવી ઉભો. કુમારે વિકટ સ્વરે વ્હેમસિંહને ઉદ્દેશી કહ્યું, " કેમ શું વાર છે ? "

" હું તૈયાર છું, ફક્ત તારીજ વારેવાર છે; પણ એક વિચાર થઇ આવે છે ? "

" શું ? "

" તારી દયા આવે છે. "

" શા માટે ? "

" તું બાળક છે તેથી. "

" સિંહનું સંતાન બાળક હોય છે પણ હાથીનાં કુંભસ્થળ ફાડી ખાવાની શક્તિ ધરાવે છે. નામર્દ રાજા ! ખચીત સમજજે કે આ યુદ્ધમાંથી તું જીવતો જનાર નથી. "

" કોણ હું નામર્દ ? " વ્હેમસિંહે ઉશ્કેરાઇને પૂછ્યું.

" હા, જે નામર્દ હોય છે તેજ પોતે પોતાની શૂરવીરતાનાં વખાણ કરે છે. "

" છોકરા ! અપમાન કરતાં વિચારજે. "

" ચોર-દગાબાજને વળી અપમાન કેવું ? "

" કોણ છે ચોર અને દગાબાજ ? "

" તું "

"મેં શું ચોર્યું છે ?"

"તું જાણે છે છતાં શાને પૂછે છે ? શું તેં રાજકન્યા અને તેની સખીનું હરણ નથી કર્યું ?"

"તેમાં ચોરી શાની ? એતો શૂરવીરોનું કામ છે."

"શૂરવીરો તો ખુલ્લી લડાઇ કરી વિજય મેળવે છે. શું યુદ્ધથી વિજય મેળવી વિશ્વમોહિની મેળવી શકાત નહિ કે ?"

"એતો અમારી મરજીની વાત છે."

"તારી મરજી નું પરીણામ હમણાંજ જણાશે."

"હું તને એક માંકણની માફક મસળી નાખીશ."

"જે બોલે છે તેનાથી કાંઇ થતું નથી."

"મારા અવાજથી ભલભલા ધ્રુજી ઉઠે છે."

"તારા જેવા નામર્દોજ ધ્રુજે. બાકી ડાહ્યાતો સારી રીતે સમજે છે કે મૂર્ખાઓનો અવાજ મોટો હોય છે. મૂર્ખાઓથી બીજું કંઇ બની શકતું નથી; પણ તેઓ મોટા-મોટા અવાજ કરી મિથ્યા બહાદુરી બતાવે છે."

"હેમસિંહ ! હું તારી મૂર્ખાઇને માટે હસુંછું અને હજી પણ કહુંછું કે જો જીવવું હોય તો વિશ્વમોહિની અને તેની સખીને મારી પાસે રજુ કર."

"આ જીવ છે ત્યાં સુધી તું વિશ્વમોહિની અને તેની સખીનું સુખ જોનાર નથી."

"ખરેખર તારો દિનમાનજ રૂઠેલો છે."

"એતો સમયે જણાશે."

"ચાલ ત્યારે તૈયાર થા."

"હું તો તૈયારજ છું."

" ઉપાડ હથીઆર. "

" હોંશીયાર. " વિજયના વચનોથી અકળાએલા વ્હેમસિંહે એકદમ ઘોડો કુદાવી હલ્લો કર્યો.

વિજયકુમાર અસાવધ ન્હોતો. તેણે પ્રથમ તો પોતાનો બચાવ કરવા માંડયો. વ્હેમસિંહના દરેક ઘા તેણે ચૂકાવ્યા. આમ ઘણી વાર ચાલ્યું. વ્હેમસિંહ થાકયો. શરીર ફુલેલું હોવાથી શ્વાસ પણ ચઢયો. આ તકનો લાભ લઇ કુમારે ઓચીંતો ઘોડો તલપાવી વ્હેમસિંહના હાથપર જોરથી ઝટકો માર્યો. વ્હેમસિંહના સુભાગ્યે તે ઝટકો તલવારને લાગ્યો. તેના હાથમાંથી તલવાર છૂટીને જમીનપર પડી. વિજયના લસ્કરમાંથી શાબાશ, વાહ, વાહના અવાજ થઇ રહ્યા. વ્હેમસિંહ ગભરાયો. તેણે આસપાસ જોયું. તરત મોતીલાલ બંકાએ નજીક આવી રાજાના હાથમાં બીજી તલ્વાર આપી. એટલામાં તો વિજયે પોતાની લાંબી તલ્વારના આઘાતથી વ્હેમસિંહના બીજા હાથમાં રહેલા ભાલાને પણ જમીનપર નખાવી દીધો. વ્હેમસિંહના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેનો આ ગુસ્સો ખાલી હતો. કમજોર અને ગુસ્સા ન્હોત, એ ઘાટ હતો. સામ સામે તલ્વારની પટાબાજી ચાલુ થઇ. આ લઢાઇ ઘણીવાર ચાલી. આમાં પણ વ્હેમસિંહ પાછો હઠવા લાગ્યો. જોત જોતામાં વિજયકુમારે રાજાના ઘોડાને જખમી કર્યો. અંતે વ્હેમસિંહ પણ ઘોડેથી ગબડયો, પણ તરત ઉભો થઇ યુદ્ધ કરવા લાગ્યો. તેના શરીરે ઘણા જખમ થયા. તેનું સર્વાંગ લોહી લુહાણ થયું. વસ્ત્રો લોહીથી લાલ રંગાયાં. કુમાર આવેશથી લઢતો હતો. લગભગ બે કલાક આ યુદ્ધ ચાલ્યું. આખરે વ્હેમસિંહ થાકયો. ગભરાયો. તેણે થોડેક દૂર ઉભેલા મોતીલાલ બંકા સામે જોઇ કંઇક સંકેત કર્યો. તત્કાળ મોતીલાલબંકાએ રણશીંગુ બજાવી લીધો

વાવટો ઉંચો કરી હલાવ્યો. નવલ ચેતી ગયો. તેને દુષ્મનના દગાની ખબર પડી. તેણે તરતજ પોતાના સૈનિકોને પણ સાવધ કરી દીધા. શત્રુ સૈનિકોએ આક્રમણ કર્યું. રાજા વ્હેમસિંહ પોતાના સૈન્યમાં પેશી ગયો. શત્રુ સૈનિકોએ કુમારને ઘેરી લીધો. કુમારની ફોજે આવું જોતાંજ શત્રુઓ પર પ્રબળ ધસારો કરી ઘેરામાંથી કુમારને છોડાવ્યો. યુદ્ધ શરૂ થયું. તલ્વાર—ભાલા—ખંજર વગેરે આયુધો ઉછળવા લાગ્યાં. લઢાઇ ખૂબ જામી. મારો કાપોના પોકારો ચારે તરફ સંભળાઇ રહ્યા. સૈનિકોના આક્રમણથી ધરણી ધ્રુજવા લાગી. અવાજથી આકાશ ખળભળી રહ્યું. ધૂળ ઉડવાથી દિવસ ઝાંખો જણાવા લાગ્યો. તીરથી વાદળ ઢંકાયું. લોહીની નદી વ્હેવા લાગી. વ્હેમસિંહ અને તેના સરદારો વિજયકુમારનું કાશળ કાઢવાને ઇચ્છતા હતા. તેઓ વારંવાર મોટા અવાજથી બોલતા હતા કે, વિજયને મારી નાંખો. તેના કાપીને ટુકડે ટુકડા કરો. પરંતુ તેમનું બોલવું તેમના મુખમાં રહ્યું. વિજય કુમાર, નવલસિંહ અને અન્ય સરદારો ગાંડા હાથીની માફક શત્રુ દળમાં ઘુમતા હતા. તેમણે શત્રુઓનું સથરાણ વાળી નાખ્યું. વિજય કુમારના બહાદુર સૈનિકો અપૂર્વ પરાક્રમથી લઢી પૂર્વજોનું પાણી બતાવતા હતા. બીચારા શત્રુઓ જો કે મરણીયા થઇને લઢતા હતા; પણ તેમને વારંવાર પાછું હઠવું પડતું હતું. સાંજ પડતાં તો વ્હેમસિંહનાં ઘણાં માણસોનો સંહાર વળી ગયો. સૈન્ય પાછું હઠવા લાગ્યું. વ્હેમસિંહનું મુખ ઉતરી ગયું. તેણે એક સિપાહીને મોકલી બંકાને પાસે બોલાવ્યો; અને પૂછ્યું; “ સૈનિકો કેમ પાછા હઠે છે ? ”

“ મહારાજ ! દુષ્મને આપણા સૈન્યનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો છે. આગલી હરોળ તૂટવાથી સૈનિકો પાછા હઠે છે. શત્રુઓનો માર હવે તેમનાથી સ્હેવાતો નથી. ” બંકાએ જણાવ્યું.

" ત્યારે શું આપણે હારીશું ?" હેમસિંહે ભયસૂચક અવ
જથી પૂછ્યું.

" અત્યારે તો એમજ જણાય છે. વિધાતાના લેખ એવાજ હશે.

" શું ધૂળ એવા હશે ? આપણી પાસે લશ્કર છે. વળી તમા
જેવા બહાદુર રંગીઓ પણ છે; તો શામાટે આપણે હારવું જોઇએ ?

" મહારાજ ! વિચાર કરતાં કારણ કંઇક જુદુંજ જણાય છે.
મોતીલાલે વળી નવી ગપ ઠોકી.

" તે વળી શું ?"

" મારા ધારવા પ્રમાણે વિજયકુમારે કોઇક જોગણી સાધે
હોવી જોઇએ."

" ખરેખર એમજ હોવું જોઇએ. હું પણ તમારા મતને મળ
આવું છું; પણ હવે એનો ઉપાય ?"

" આપણે અત્યારે યુદ્ધ બંધ રખાવો."

" પછી ?"

" રાતની વખતે જોઇ લેઇશું."

" અત્યારે કંઇ ના થયું; રાત્રે શું વળશે ?"

" મારો રંગ વિદ્યાનો ચમત્કાર રાત્રે બતાવીશ."

" અત્યારે બતાવોને ?"

" ના, તે ચમત્કાર રાત્રેજ થાય એમ છે."

" આજનું વેર વળાશેને ?"

" જરૂર. આજનો બદલો બરાબર લઇશું."

" ત્યારે ચઢાવો સુલેહનો વાવટો."

શત્રુ તરફથી સુલેહનો વાવટો ચઢાવવામાં આવ્યો. વિજયકુમાર
લશ્કરને પણ આરામઆરામની જરૂર હોવાથી યુદ્ધ બંધ થયું. બ

લસ્કરો પોતપોતાની છાવણીમાં પાછાં ફર્યા. લશ્કરીયોએ કમર ખોલી. વિજકુમાર તંબુમાં આવી ઢોલીઆમાં પડયો. સેનાપતી સુજનસિંહને પણ કેટલાક જખમ વાગ્યા હતા. ઘાયલોની સારવાર અને જખમપર મલમપટા કરવાનું કાર્ય ચાલ્યું.

રાત્રી પડી ચૂકી હતી. કાળા અંધકારે કાળો ઓળો જગતપર ઢાંકી દીધો. વિજયકુમારની છાવણીમાં સઘળા વિરામ લેતા હતા. ત્યાં સઘળે શાન્તિ વ્યાપી રહી હતી.

બીજી બાજુએ રાજા હેમસિંહ તેના તંબુમાં ચિંતાગ્રસ્ત મુખે બેસી રહ્યો હતો. પાસે એક સેવક હુક્કો લઇને ઉભો હતો; પણ હુક્કો પીવાનું ભાન અને મન આ વખતે રાજાને ન્હોતું. થોડીવારે રાજાના તંબુમાં મોતીલાલ બંકા, દિવાન, સેનાપતિ અને બીજા સરદારો આવ્યા. સઘળાઓએ રાજાની સામે સ્થાન લીધું. પરસ્પર મસલત કરવા માંડી. મહારાજાએ મોતીલાલના મુખ સામે જોઇ પૂછ્યું. "

"કાં બંકા! હવે શું કરવું ?"

"આપની આજ્ઞા હોય તે જણાવો ?"

"ગમે એમ કરી જીત મેળવવી."

"આજે આપણને ઘણું નુકશાન થયું છે." સેનાપતિએ કહ્યું.

"તેનું એક કારણ હતું." મહારાજાએ કહ્યું.

"શું ?" મોતીલાલ સિવાય સર્વે જાણવાને ઉત્સુક બન્યા.

"વિજયકુમારે જોગણી સાધેલી છે."

"બરાબર; એમજ હે વું જોઇએ. જો એમ ના હોત તો આપણો પરાજય કદી પણ થાત નહિ. આપણું લશ્કર તાલીમ વાળું અને કેળવાએલું છે. લશ્કરને કેળવતાં મને ઘણી મહેનત પડી છે. આવું

ફેળવાએલું અને દુષ્મનોથી સંખ્યામાં વધારે બહાદુર લશ્કર શા માટે હાર ખાય? પણ હવેજ કારણ કળાયું."

"મહારાજ! ત્યારે હવે એ જોગણીને આપણે વશ કરવાનો ઉપાય યોજવો જોઇએ." સેનાપતિએ પૂછયું.

"તે કાર્ય કરવાનું મોતીલાલ બંકાએ કબુલ્યું છે."

"કહો બંકા શું કરવા ધાર્યું છે?"

"જુઓ સાંભળો; યુદ્ધ બંધ થતાંજ હું સર્વનાથી છૂટો પડી એક એકાન્ત સ્થળે ગયો અને ત્યાં જઇ મેં તે જોગણીનું ધ્યાન ધર્યું. જોગણી હજરાહજુર થઈ. મેં તેને બળીદાન દીધું. તે સંતોષ પામી અને જતાં જતાં કહેતી ગઈ કે; રાત્રે લડાઇ કરજો. હું તમને જીતાવીશ. આટલું કહીને અદ્રશ્ય થઇ અને હું અહિં આવ્યો. વળી આ સમય આપણને અનુકુળ છે. દિવસના યુદ્ધમાં આપણે કદી પણ ફાવીશું નહિ. વિજયકુમારનું સૈન્ય જો કે આપણા કરતાં ઓછું છે; પણ તે ઘણાજ ઉત્સાહથી લડે છે અને આપણને હંફાવે છે. વિજયકુમાર પણ એક લડવૈયો છે. આથી તેને દિવસના યુદ્ધમાં સામી છાતીએ જીતવો તે ઘણું કઠણ કામ છે. માટે આપણે તો અત્યારેજ કામ સાધવું. આખા દિવસના યુદ્ધથી થાકેલા સિપાહીઓ શાન્ત-ઘોર નિદ્રામાં સૂતા હશે; બસ આ વખતેજ આપણે આક્રમણ કરી શત્રુઓને સૂતાજ કાપી નાંખવા. આથી આપણને થોડી મહેનતમાંજ ફતેહ મળશે." મોતીલાલ બંકાએ સલાહ આપી.

તેની આ સલાહ દરેકને પસંદ પડી. વ્હેમસિંહનું ચિંતામગ્ન મુખ કંઇક પ્રફુલ્લ બન્યું. શરાબની સિરોહી આવી. સઘળાએ સૂરાનું સેવન કર્યું. મધ્યરાત્રિ સુધી મદીરા પાનનું કાર્ય ચાલ્યું. બાદ સેનાપતિ-

એ સૈનીકોને એકત્ર કરી કેટલીક ટુકડીઓ બનાવી અને તેઓને કેમ વર્તવું તેની સૂચના આપી.

સઘળાએ તૈયાર થઇ પ્રયાણ કર્યું. ઘોર અંધારી રાત્રિ હતી. નિશાચરો નીચકર્મ કરવા કુમારની છાવણી તરફ જવા લાગ્યા. કુમારની છાવણીમાં શાન્તિ અને નિઃસ્તબ્ધતા વ્યાપેલી હતી. થોડાક પેહેરેગીરો સિવાય કોઇ જાગતું ન્હોતું. બીચારા પહેરેગીરો પણ રાત્રિ વીતેલી હોવાથી ઝોકાં મારતા હતા.

દુષ્ટ કાર્ય કરવાને નીકળેલા દુષ્મનો વિજયકુમારની છાવણી નજીક આવ્યા. મોખરે વ્હેમસીંહ–મોતીલાલ અને બીજા બે સરદારો ચાલતા હતા. વ્હેમસિંહે ટૂટી પડવાનો હુકમ આપ્યો. શત્રુઓ સૂતેલા નિદ્રાવશ સેનિકો પર ટૂટી પડયા. કતલ ચાલવા લાગી. અસાવધ સૈનિકો જાગી ઉઠયા. ચારે તરફ શોરબકોર થઇ રહ્યો. શસ્ત્રહીન સિપાહીઓ ગભરાટથી આમતેમ દોડવા લાગ્યા; પણ શત્રુઓ ચારે તરફ ફરી વળ્યા હતા. નિર્દોષ, હથીઆર વીનાના સિપાહીઓની ઘાતકી રીતે કતલ ચાલવા લાગી. રાક્ષસી સ્વભાવના શત્રુઓના હૃદયમાં લગીરે દયા ઉત્પન્ન થઇ નહિ. એતો ઘાસની માફક વિજયકુમારના સૈનિકોને કાપવા લાગ્યા. અંધકારમયી રાત્રિ હોવાથી દુષ્મન કોણ અને દોસ્ત કોણ તે સમજાતું ન્હોતું. કુમારના સૈનિકોમાં કેટલાક તો પરસ્પરનેજ મારવા લાગ્યા. રાત્રિએ કાળો કેર વર્તાઇ રહ્યો. વિજય કુમાર આવું જાણુતાંજ તત્કાળ તંબુની બ્હાર નીકળ્યો. નવલસિંહનો મેળાપ થયો. કુમારનું મુખ ઉતરી ગયું હતું. તેણે શોકમય અવાજે નવલને કહ્યું, "દુષ્મનનો દગો સમજાયોને ?"

"હા, પણ આપણે ગંભીર ભૂલ કરી તેથી આ પરીણામ આવ્યું."

" શું ? "

" આપણે યુદ્ધ બંધ રાખવું જોઇતું ન્હોતું. "

" એતો બન્યું એ બન્યું; પણ હવે શું કરવું. અંધકારમાં કંઇ દેખાતું પણ નથી. "

" ગભરાવાની જરૂર નથી; હું આ પળેજ પ્રકાશ કરૂં છું. "

" શી રીતે ? "

" તમે જોયા કરો; મારી રંગવિદ્યા આ વખતેજ જણાશે. "

નવલસિંહ એક મશાલ લઇ આવ્યો. ચકમકથી દેવતા સળગાવી મશાલ પ્રકટાવી અને પછી તેની પર કંઇક ભૂકી છાંટી કે જેથી ચારે તરફ રંગ બે રંગી જ્વાળાઓ પ્રકટી નીકળી. જબરો પ્રકાશ પથરાયો. જાણે સૂર્ય ભગવાન પ્રકટયા હોય તેવું અજવાળું થયું. વ્હેમસિંહ અને તેના સૈનિકો આશ્ચર્ય પામ્યાં. વ્હેમસિંહ લગભગ પાંચસો માણસો લઇને આવ્યો હતો, ચાલાક નવલે તરત જાણી લીધું કે તેની પાસે માણસો થોડાં છે. બસ હવે તેને ચમત્કાર બતાવવો જોઇએ. એટલા માણસોની શી વિસાત. નવલસિંહ અને કુમારના અંગરક્ષકોએ જબરો ધસારો કર્યો. પ્રકાશ થવાથી વિજયકુમારના બીજા સૈનિકો પણ શસ્ત્ર સજી તૈયાર થયા. સઘળાં પ્રબળ પરાક્રમથી શત્રુઓ પર તૂટી પડ્યા અને ભયંકર કામનો બદલો આપવા લાગ્યા. શત્રુઓ ગભરાયાં. શત્રુઓનાં શીર ટપોટપ જમીન પર પડવા લાગ્યાં. કારમી ચીસો નાખતા શત્રુઓ નાસવા લાગ્યા; પણ વિજયકુમારના લશ્કરીયોએ તેમને જીવતા જવા દીધા નહિ. લડાઇ સવાર સુધી ચાલી. સૂર્યોદય થતાંજ નવલના રંગી પ્રભાવના ચમત્કારનો અંત આવ્યો. વ્હેમસિંહનાં લગભગ તમામ માણસો પૂરાં થઇ ગયાં. વિજયસિંહને પણ ઘણું નુકસાન થયું. કુમારના લગભગ એક હજાર માણસ મરાયાં હતાં.

વ્હેમસિંહ અને તેના સરદારો નાશી છૂટયા; અને છાવણીમાં ભરાયા. ત્યાંનું લશ્કર તૈયાર હતું. વિજયકુમારના લશ્કરે આવી વ્હેમસિંહની છાવણી પર હલ્લો કર્યો. બન્ને લશ્કરો સ્હામ સ્હામે ગુંથાયાં. કુમાર અને તેના શત્રુઓ રાત્રિનું વ્હેર વાળવાને દુષ્મન દળમાં જોરથી ઘુમતા હતા. શરીરનું ભાન કોઇને હતું નહિ. સૈનિકોનાં માથાં હડફ્ટે ચઢવા લાગ્યાં. રૂધીરનો કીચડ થયો. ચીસોથી રણભૂમી ગાજી રહી. મારો કાપોના પોકાર અને શસ્ત્રોના ખખડાટથી દીશાઓ કંપાયમાન થવા લાગી. કુમાર વ્હેમસીંહને ખોળવા લાગ્યો. પણ વ્હેમસિંહ જડયો નહિ. એતો તેના સૈન્યની છેક પાછળ જઈ છૂપાયો હતો. દુષ્મનના સૈનિકો મરણીયા થયા. તુમુલ યુદ્ધ મચી રહ્યું. બપોર થતાં ઘણા માણસોના જીવ ગયા. મુડદાંનો ઢગલો થયો. એવામાં એક અજબ કૌતક થયું. પૂર્વ અને ઉત્તર તરફથી કેટલુંક ઘોડેસ્વારનું સૈન્ય આવતું જણાયું. લશ્કરના મોખરે એક યુવાન ઘોડેસ્વાર હાથમાં લાલ રંગની ધ્વજા સાથે આવતો હતો. યુવાન મજબુત બાંધાનો જણાતો હતો. તેનું મુખ જણાતું ન્હોતું. તે આખા શરીરે બખ્તરથી ઢંકાએલો હતો. લોખંડી બખ્તર ધારણ કરવાથી તે વીર યોદ્ધો ઘણો ભયાનક ભાસતો હતો. તેનો ઘોડો પણ બળવાન્ હતો. હાથમાં પકડેલા વાવટાથી તે પોતાના લશ્કરને સૂચના આપતો હતો. વ્હેમસિંહ અને કુમારના લશ્કરો આશ્ચર્યથી આ દેખાવ જોતા–જોતા યુદ્ધ કરે જતા હતા. કુમાર અને વ્હેમસિંહ પણ આશ્ચર્ય પામ્યા.

નજીક આવતાંજ નવી ઘોડેસ્વારની પલટણે મહારાજા વ્હેમસિંહના લશ્કર ઉપર પાછળથી એકદમ ધસારો કર્યો. કુમારની ફોજ તો લડીજ રહી હતી, તેમાં વળી અણધારી મદદ મળી. આથી એવડો જુસ્સો ચઢયો. વ્હેમસિંહ મહારાજનું લશ્કર બે બાજુના ધસારા

સ્હામે ટક્કર ન ઝીલી શક્યું. છેવટે લશ્કર નાઠું. વિજયસિંહ લશ્કર સાથે પાછળ પડયો. હેમસિંહના સૈન્યને બે ગાઉ દૂર સુધી નસાડયું

હેમસિંહ અને તેનાસરદારો પણ જીવ બચાવવા નાશી છૂટયા

વિજયકુમારનો વિજય ડંકો વાગ્યો. શત્રુની છાવણી લુંટવામાં આવી. બાદ વિજયકુમાર મુકામપર આવ્યા. બખ્તર ધારણ કરનાર ઘોડેસ્વારનું મદદે આવેલું લશ્કર પાછું અદૃશ્ય થયેલું જણાયું. કુમાર આશ્ચર્યમાં ડુબ્યો. અણીના વખતે મદદ કરનાર આ કોણ ? ક્યાંથી આવ્યા? ક્યાં ચાલ્યા ગયા? તે વાતની કાંઈ સમજ ન પડી. એક જરા પણ ઉપકાર કર્યો હોય તો માણસોને કહી બતાવ્યા શિવાય રહેતા નથી અને આ લશ્કરે આવી યોગ્ય સમયે આટલો ઉપકાર કર્યા છતાં તે મળ્યા વગરજ પાછું અદૃશ્ય થયું. તે સંબધી કુમારે ઘણો વિચાર કર્યો પણ કાંઈ નજ સમજાયું. નવલસિંહ પણ તે સંબંધી ઘણાજ તર્ક વિતર્કો કરવા લાગ્યો પણ તે કાંઇ ભેદ ખુલ્લો ન કરી શક્યો.

વિજયકુમારની વિજય પતાકા ઉડવા લાગી. ખડગસિંહ મહારાજના વિજયધ્વનિના પુકારો ગર્જવા લાગ્યા.

હેમસિંહની સજ્જડ હાર થઈ, તેનો માલ ખજાનો સર્વ કુમારના હાથમાં આવ્યો. હેમસિંહ ઉભી પુછડીએ જીવ લઇ નાશી છુટયો.

આ પ્રમાણે યુદ્ધમાં તો વિજય મળ્યો, પણ વિશ્વમોહિનીના વિરહને લીધે કુમારના હૃદયમાં તો હોળી બળતીજ રહી. પ્રતાપસિંહ પત્તો લગાડવા ગયો હતો તેના પરિણામની રાહ જોવાની રહી.

પ્રકરણ ૩ જું.

આશા અને નિરાશા.

ગરજુને અક્કલ નહિં, કરે ઓડનું ચોડ,
સહજ સ્વાર્થને સાધવા, કરતા દોડમ્ દોડ,

વ્હેમસિંહ હાર્યો. તેની ઘણી ખરાબી થઇ. સૈનિકોનો નાશ થયો. વ્હેમસિંહ દસ-પંદર સ્વારોની સાથે મહામુશ્કેલીએ નાશી છૂટયો. વિજયકુમારે તેને પકડવા તેની પાછળ ઘણા માણસો દોડાવ્યા; પણ તે હાથમાં આવ્યો નહિ. વ્હેમસિંહ અમલગઢમાં આવ્યો. હવે જ તેને નિરાંત વળી. પણ તેના નશીબમાં નિરાંત અગર શાન્તિના લેખ લખાએલા ન્હોતા: જે દુષ્ટ-અન્યાયી છે તેને જીવન પર્યંત શાન્તિ મળતી નથી. તેનું આખું જીવન અશાન્તિમાં જ પૂરૂ થાય છે. વ્હેમસિંહ રાજમહેલ આગળ આવ્યો. ત્યાં આવતાંજ તેને કાળજું ભેદી નાખે એવા રૂદન ધ્વની સંભળાયા. મહેલના રક્ષકો અને દાશીયો રડારોળ કરી રહ્યાં હતાં. રાજાના પેટમાં ધ્રાસકો પડયો. તેનું સર્વાંગ ધ્રુજવા લાગ્યું. શરીરે પસીનો છૂટયો. તેણે રડવાનું કારણ પૂછયું; પણ કોઇએ જવાબ આપ્યો નહિ. આ વળી શું આફ્ત હશે ? આ બધાં કેમ રડતાં હશે ? શત્રુઓ તો અહિં નહિ આવ્યા હોય? આમ તર્ક વિતર્ક કરતો વ્હેમસિંહ ઘણીવાર સુધી જડવત્ બની ત્યાં ઉભો રહ્યો. બાદ તેણે મહેલના જમાદારને પાસે બોલાવ્યો. જમાદાર પણ હૃદય ફાટ રડતો હતો. તેના ગળે ડૂમો ભરાવાથી તે બોલી શકતો નહોતો. રાજાએ તેને મહામુશ્કેલીએ રડતો અટકાવી પૂછયું. "તમે બધાં શા માટે રડો છો ?"

જમાદારે આંખ્યો લુછતાં કહ્યું, "મહારાજ ! કંઇ કહેવાનીજ વાત નથી."

"શું થયું છે ?" રાજાએ પૂછ્યું.

"આ જીભ ઉપડતી નથી."

"પણ બોલ ?" રાજાએ અકળાઇને પૂછ્યું.

"ગજબ થયો છે, જુલ્મ થયો છે." જમાદારે કહી નાખ્યું.

"પણ શું બન્યું છે તે ઝટ ભસી મરને ?" રાજાએ અતી વ્યાકુળતાથી પૂછ્યું.

"મહારાણી........"

વચમાંજ રાજા બોલ્યો, "મહારાણીને શું થયું છે ?"

"તેમનું......જમાદાર વધુ બોલી શક્યો નહિ.

રાજાએ વધુ ગભરાઇને પૂછ્યું, "શું ખૂન થયું છે ?"

"ના."

"ત્યારે ?"

"તેઓ શ્રી ગૂમ થયાં છે."

"શું કહે છે ?"

"હું ખરૂંજ કહું છું."

"તારી વાતમાં મને સમજ પડતી નથી. સ્પષ્ટ જણાવ કે શું બન્યું છે ?"

"મહારાણીનો પત્તો નથી."

"ક્યારનો ?"

"તે ગઇ કાલની સાંજ સુધી મહેલમાં હતાં."

"પછી ?"

"સવારનાં ગૂમ થયાં."

"ક્યાં ગયાં ?"

"શું ખબર પડે ? ઘણી શોધ ખોળ કરી પણ પત્તો લાગતો નથી."

"કોઇ અજાણ્યું માણુસ આવ્યું હતું."

"ના."

"કાલે કોઈ મહેલમાં આવ્યું હતું ?"

"હા."

"કોણ ?"

"કોઈ એક બ્રાહ્મણ હતો."

"તે કેમ આવ્યો હતો ?"

"યાચનાર્થે."

"પછી બહાર કયારે નીકળ્યો હતો ?"

"તરતજ."

"રાણીએ તેને કંઇ આપ્યું હતું ?"

"થોડુંક અનાજ અને થોડા પૈસા આપ્યા હતા."

"અફસોસ ! આ શું થયું." આમ બોલતો રાજા મહેલમાં પ્રવેશ્યો, અંદર પણ રડારોળ થઇ રહી હતી. મહારાણીના ગૂમ થયાના સમાચાર સાંભળી રાજાના હૃદયમાં સખ્ત આઘાત થયો. આ વળી નવું સંકટ શું આવ્યું. આમ મનમાં બબડતો રાજા દિવાનખાનામાં આવ્યો. ત્યાં બે દાશીયો બેઠી બેઠી રૂદન કરતી હતી. ચારે તરફથી રૂદનના અવાજ સિવાય અન્ય શ્રવણે પડતું ન્હોતું. રાજાની સ્થિતિ વિચિત્ર બની રહી. લશ્કરનો નાશ થયો. છાવણી લુંટાઇ. મહા પરાણે જીવ બચાવ્યો. કોઈ રંગી પણ સાથે મળે નહિ. આ દશામાં વળી આ નવું સંકટ. રાજાને માથે આભ તૂટી પડવા

સમાન થયું. રાજાએ અનેક વિચાર કર્યા; પણ તેને કંઈ સુઝ પડી નહિ. રાજા કપડાં બદલી શયનગૃહમાં ગયો. રાણીના પલંગમાં પડી રાજા છાતી ફાટ રડવા લાગ્યો. તેણે ઘણીવાર રૂદન કરી હૃદય હલકું કર્યું. બાદ તે ઉઠયો અને જોડેના ઓરડામાં જવા લાગ્યો; પણ એટલામાં જ તેને પલંગના તકીયા નીચે કંઇ કાગળ દબાવેલો જણાયો. તરતજ રાજાએ તકીયા નીચેથી કાગળ ખેંચી લીધો. તેમાં આ પ્રમાણે લખેલું હતું. "મારૂં મન આ વખતે કોણ જાણે કેમ અતી વ્યાકુળ રહે છે. વળી આ સાથે મારૂં હઠીલું મન તમે કેદ કરેલી વિશ્વમોહિનીને મળવા ઘણુંજ આતુર બન્યું છે; અને તેથી હું તેને મળવા જાઉં છું. તે ક્યાં છે તેનો પત્તો મને મળ્યો છે. રસ્તાની માહિતી પણ મને સારી રીતે મળી ચૂકી છે. હું જાઉં છું." કાગળમાં આટલુંજ લખેલું હતું. રાજાના મનમાં અનેક તર્ક-વિતર્ક થઇ રહ્યા. આ શું? આ ચિઠ્ઠી કોની? કોણે લખી હશે?" રાજાએ કાગળમાંના અક્ષરો જોઇ માથું હલાવી બોલવા માંડયું. "આ ચિઠ્ઠી રાણીએ લખેલી નથી. અક્ષર રાણીના નહિ પણ બીજાના છે. ત્યારે આ લખ્યુ કોણે? વળી આ કાગળ અહિં મૂકનાર કોણ? તેની શી મતલબ હશે? તે કોણ હશે? શું કોઇ શત્રુ તો નહિ હોય? કદાચ આવું રાણીએ લખાવ્યું હોય તો વિશ્વમોહિની અમુક સ્થાને છે તે ખબર તેને શી રીતે પડે? ખરેખર આ કંઇ ભયંકર ભેદ છે. ભારે ગોટાળો થએલો સમજાય છે. મારે માથે દુઃખનાં ઝાડ ઉગ્યાં. સત્યાનાશ જજો સાળા દુર્જનનું કે તેના પ્રતાપે આ બધું બન્યું. પણ તેમાં તેનો શો દોષ? મનહર વિશ્વમોહિનીને મેળવવાને માટેજ આ બધું થયું છે. ફીકર નહિ. સઘળું સહન કરીશ. સઘળું સહન કરતાં પણ જો તે દિલદાર મારી નેત્રમણી બનશે તો બસ, પણ તે હઠીલી

છે. સ્હેજમાં માનશે નહિ. આ વખતે હું ઘોર સંકટ ચક્રમાં સપડાયો છું. પણ હવે કરવું શું ? કોઇ ચાલાક રંગી પણ પાસે નથી કે જેથી તેને તપાસ કરવા મોકલાય. વળી જો બીજાને મોકલું તો વિશ્વમોહિની અમુક સ્થળે કેદમાં છે તે વાત જણાઇ જાય અને ત્યાંનો સઘળો ભેદ ભાંગી જાય. ત્યારે મારે હવે કરવું શું ?" રાજાએ ઘણીવાર સૂધી વિચાર કર્યા. કંઇ પણ સમજ પડી નહિ. આખરે થાકી કંટાળી નિર્ણય કર્યો કે, વિશ્વમોહિની જ્યાં છે ત્યાં મારે પોતે જઇ આવવું." આમ નિશ્ચય કરી રાજાએ તે દિવસ અને રાત્રિ પૂરી કરી. બીજો દિવસ થયો. તે દિવસ પણ રાજાએ ભુખ્યા પડી રહી શોકમાં પૂરો કર્યો. કોઇની સાથે વાત પણ કરી નહિ. સાંજ પડતાં એક સિપાહી રાજાની પાસે આવ્યો, રાજાએ તેને જોતાંજ પૂછ્યું, "કેમ આવ્યો ?"

"બહાર જમાદાર આવી ઉભા છે ?"

"કેમ આવ્યા છે ?"

"આપને મળવા ?"

"જા પુછ કે તેને શું કામ છે ?"

"તેઓ અગત્યના કામ માટે મળવા માગે છે ?"

"ઠીક; જા; તેને આવવા દે."

સિપાહી ગયો અને પછી જમાદાર આવ્યો. તેણે રાજાને કુરનીસ બજાવી. રાજાએ પૂછ્યું, "કેમ આવવું થયું ?"

"આપને સમાચાર આપવા ?"

"શાના ?"

"રાણીજીના."

"પત્તો લાગ્યો ?"

"ના."

"ત્યારે શાના સમાચાર આપવા આવ્યો છે ?"

"હું આખી રાત શોધમાં રખડયો છું."

"શું ખોળી આવ્યો ?"

"નિરાશા."

"ત્યારે જાવ હવે; મારે કંઇ સાંભળવું નથી. ગમે તે ઉપાયે રાણીને ખોળી લાવો."

જમાદાર શોકાતુર વદને બહાર નીકળ્યો. સાયંકાળ થયો. રાજાએ સિપાહી પાસે ઘોડો મંગાવ્યો. તેની પર સ્વારી કરી. રાજા કયાં જાય છે એ જાણવાની કોઇએ દરકાર કરી નહિ. રાજાએ ઘોડાને દોડાવી મૂક્યો અને નગરની બહાર નીકળી પૂર્વ દિશાનો રસ્તો લીધો.

અંધકારમયી રાત્રિએ રાજા વ્હેમસિંહ પૂર્વ દિશાના માર્ગે પ્રયાણ કરી રહ્યો. તે રાજ મહેલમાંથી બહાર નીકળ્યો તે પછી એક બુરખાવાળી વ્યક્તિ પણ રાજમહેલના કિલ્લામાંથી બહાર નીકળી અને રાજાની પાછળ ગઇ. રાજા આગળ ને આગળ ગતી કરી રહ્યો હતો. તેની પાછળ પેલી આકૃતિ ચાલી જતી હતી. રાજાને સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો કે પાછળ કોઈ આવે છે. રાણીના અને વિશ્વમોહિનીના વિચારમાં રાજા આગળ ગમન કરી રહ્યો હતો. આગળ જતાં એક સૂકાઇ ગએલું નાળું આવ્યું. રાજાનો ઘોડો આગળ વધવા લાગ્યો. રાજા જેમ જેમ આગળ વધતો ગયો; તેમ એ નાળું સાંકડું અને ઉંડું થતું જણાયું. તેની બે તરફ મોટી કરાડો જણાવા લાગી. આસપાસ ભયાનક ઘીચ અરણ્ય આવેલું હતું. હિંસક જાનવરોની દોડાદોડી અને છાતી તોડી નાખે એવા અવાજો પણ સંભળાતા હતા. વધુ આગળ વધતાં ઉંચી કરાડો વિશેષ ઉંચી અને મળી ગએલી અને

જાણે કોઇ અંધારી ગુફામાં ચાલતા હોઇએ એવું સ્થાન અનેલું જણાયું.

આવા વિકટ અને ભયકારક નાળામાં રાજા વ્હેમસિંહ આગળ અને પાછળ પેલી આકૃતિ એમ નિર્ભયતાથી ચાલ્યા જતાં હતાં. તારાઓનો ઝાંખો પ્રકાશ પણ આ સ્થળે પ્રવેશ કરી શકતો ન્હોતો. આથી ઘોડો ઘણોજ ધીમે ગતી કરતો હતો. પાછળ ચાલી આવનાર આકૃતિ પણ રાજાથી દૂર નહિ પણ ઘણી પાસે પાછળ પાછળ ચાલતી હતી. એવામાં એકાએક કંઇક અજવાળા જેવું જણાયું. પાછળ ચાલનાર આકૃતિ ચમકી અને વિચારવા લાગી, " આ અજવાળું શાનું ? કદાચ અહિંજ અટકવાનું હશે ? "

આકૃતિનું અનુમાન સત્ય હતું. અજવાળાની લગભગ જતાં એક નાની ખો જેવું હતું; અને વધુ આશ્ચર્ય ઉપજાવે એવું તો એ હતું કે ત્યાં બન્ને બાજુએ ખુલ્લી તરવારે જોરાવર અને કદાવર ભાસતા સિપાહીઓ પહેરો ભરી રહ્યા હતા. પહેરેગીર સિપાઇઓની સંખ્યા આશરે વીસેકની જણાતી હતી. અજવાળાના લીધે અંદર સાફ જણાતું હતું. આકૃતિ વિસ્મયતાથી એ તરફ જોઇ રહી; પણ એવામાંજ તેની વિસ્મયતામાં વૃદ્ધિ થઇ. સિપાહીઓથી થોડેક દૂર એક મોટો સમચોરસ પત્થર પડેલો હતો. તે પત્થર પર આ વખતે બે રૂપવતી રમણીયો લમણે કર ટેકવીને બેઠેલી જણાઇ. આ દૃશ્ય જોતાંજ આકૃતિના મુખમાંથી આનંદનો એક ધીમો અવાજ નીકળી ગયો. તેણે ધ્યાન પૂર્વક એ તરફ જોયું. તેણે તરતજ એ બે રૂપસુંદરીયોને ઓળખી. તે અન્ય કોઇ નહિ પણ મણીકાન્ત અને વિશ્વમોહિની છે એમ બરાબર તેના મનમાં સમજાયું.

સિપાહીઓ રાજાને ઓળખી ઉભા થયા. કાળી રાત્રે રાજાને

એકાએક આવેલો જાણી કંઈક આશ્ચર્યમય પણ બન્યા. સઘળા એકદમ ઉભા થયા. તેમાંના એકે આગળ વધી અશ્વની લગામ પકડી. વ્હેમસિંહ ઘોડેથી નીચે ઉતર્યો. સિપાહીઓએ બીજી બે મશાલો પ્રકટાવી. પૂર્ણ પ્રકાશ પથરાયો. અજવાળામાં હવે સ્પષ્ટ વિશ્વમોહિની અને મણીકાન્તા જોવામાં આવ્યાં. વિશ્વમોહિનીનું મુખ નિસ્તેજ બની ગયું હતું. તેના મુખ પર વિકાશ છવાયેલી હતી. માથાના વાળ વિખરાએલા ખુલ્લા હતા. માથાપર કંઈક વાગેલું હોય એમ જણાતું. તે વાગેલા સ્થાને માટી ચોટેલી જણાઇ. આ વખતે તે ચિંતામગ્ન હતી. મણીકાન્તા પણ તેની સાથેજ પત્થર પર બેડેલી હતી. તેનો એક હાથ વિશ્વમોહિનીના માથા પર હતો. તેની દશા પણ તેની સખીના સમાન જ હોય એમ જણાતું હતું. તેમની નજીકમાં સામે જ ખાવાની ચીજો પડેલી હતી, પણ તેમાંથી જરા પણ કોઇએ સ્પર્શ કર્યો નથી એમ સ્પષ્ટ જણાઈ આવતું હતું. માત્ર નિરાશાનાઉમેદી સિવાય અન્ય કાંઇ બન્નેના વદન કમળ પરથી સ્પષ્ટ થતું ન્હોતું. આવું કરૂણ દશ્ય અવલોકતાંજ આકૃતિની આંખ્યોમાં અશ્રુ ઉભરાયાં. મહારાજાએ ત્યાં જઇ આમ તેમ જોયું. વિશ્વમોહિની અને મણીકાન્તા જે સ્થાને બેઠેલાં હતાં તેની આસપાસ પણ ખાસ તપાસ કરી પણ પોતાનો હેતુ કાંઇ પાર ન પડયો. કારણ કે એતો પોતાની રાણીની તપાસને અર્થેજ આવેલા હતા. બીછાનામાંથી મળી આવેલી ચિટ્ઠીએ સારી આશા આપી હતી; પણ તે આશા નિરાશામાં પરિણમી. રાજાનું મુખ ઉદાશ થઇ ગયું. તેમણે વિશ્વમોહિની અને મણીકાન્તાના મુખ તરફ નજર કરી. પણ રાજકન્યાએ તથા તેની સખીએ રાજાના તરફ લગીર પણ દ્રષ્ટિ કરી નહિ. બન્નેએ રાજા તરફ બેદરકારી બતાવી. આથી વ્હેમસિંહને કંઇક ગુસ્સો ચઢયો; તેણે

ગુસ્સાના અવાજે રાજકન્યાને પૂછ્યું, "વિશ્વમોહિની ! તું ઘણી હઠીલી છે. હું આ વખતે તને અને તારી સખીને પૂછવા આવ્યો છું કે તમારો શું વિચાર છે ? તમારો વિચાર અહિં કેદમાં પૂરાઈ રહેવાનો છે કે મારી સાથે રહી મોજમઝા માણવાનો છે ?" વિશ્વમોહિનીએ કંઇકિ પણ જવાબ આપ્યો નહિ; પણ મણીકાન્તા તરત જ બોલી ઉઠી, "જો અમારો વિચાર મોજ માણવાનો હોત; તો ક્યારનાંએ તારી ઇચ્છાને આધિન થયાં હોત. રાજા ! તું હજી અમારા હૃદયથી તદ્દનજ અજ્ઞાત છે. અમે તારા જેવા રાજાને પરણવા કરતાં મ્હોતને વધુ પસંદ કરીએ છીએ."

"શા માટે ? શું હું તમારે લાયક નથી ?" રાજાએ વચમાંજ પૂછ્યું.

"બિલ્કુલ નહિ." મણીકાન્તાએ ઉમેર્યું.

"એક સત્તાધીશ રાજાનું અપમાન થાય છે ?"

"હું તને રાજા સમજતીજ નથી."

"ત્યારે ?"

"મૂર્ખનો શિરોમણી."

"છોકરી ! ચુપથા; નહિ તો પરીણામ ગંભીર આવશે."

"પરીણામની પરવાહ નથી."

"આ એકાન્ત કેદમાં જીવન ગુજારવું પડશે."

"ફીકર નહિ, આ એકાન્તમાં જગતની જંજાળ છોડી પ્રભુનું ધ્યાન સારી રીતે ધરાશે."

"છોકરીયો ! યાદ રાખજો કે તમારી હઠથી તમે ઘણીજ હયરાન થશો."

"તે વિચારવાની અને જાણવાની તારે લગીર પણ તસ્દી લેવીજ નહિ."

"એમ ? ઠીક છે ? હું પણ ખરો કે તમારી હઠ મૂકાવું અને મારી પ્રાણેશ્વરીયો બનાવું."

"મૂર્ખ વિચાર કરીને બોલજે." મણીકાન્તાએ ઉભી થઈ તેની નજીક ધશી જતાં કહ્યું.

રાજા ખડખડાટ હશી પડયો અને બોલ્યો, "નહિ તો શું કરીશ ?"

"જો; આ કટાર." મણીકાન્તાએ કટાર બતાવી.

રાજા ગભરાયો અને પાછળ ખસતાં બોલ્યો; "આ ઉદ્ધતાઈ અને હઠીલાઇજ તને અને તારી સખીને દુઃખી કરશે."

"જા, જા; મુઆ ખવીશ; તારાથી થાય એ કરી લેજે."

રાજા કંઇ પણ નહિ બોલતાં સિપાહીયો પાસે આવ્યો. અને દરેકનાં મુખનું નિરીક્ષણ કરી તેમના ઉપરીને થોડેક દૂર લઇ જઈ પૂછવા લાગ્યો, "અસ્યા ! આ છોકરીયો તમારી સાથે કંઈ વાત ચીત કરે છે કે ?"

"નાજી."

"આખો વખત શું કરે છે ?"

"ફરે છે, બેસે છે અને એક બીજાની સાથે વાતો કરે છે."

"શું વાતો કરે છે ?"

"તે અમે સાંભળી શકતા નથી. બન્નેની વાતો ઘણી ધીમે હોય છે."

"ઠીક, તમે બરાબર ચોકી કરો છો ને ?"

"હાજી."

"આ તરફ કોઇ આવ્યું નથીને ?"

"ના."

"સંભાળ રાખજો."

રાજા પુનઃ ઘોડાપર સ્વાર થયો અને પાછો વળ્યો. તેની આશા નિરાશામાં બદલાઇ. રાજાને એકદમ પાછો જતો જાણી સિપાહીઓ પણ આશ્ચર્ય પામ્યા. રાજાને પાછો ફરતો જાણી પેલી આકૃતિએ ક્યાંઈ આડું અવળું સંતાવા ઘણોએ પ્રયત્ન કર્યો, પણ તેવી જગા જણાઇ નહિ. નાળું સીધું ઉંચું અને ચઢવાના લાગ વિનાનું હતું. આથી રાજાથી પહેલાં જ બહાર નીકળી જવાનું તેણે ઉચીત માન્યું તત્કાળ તે આકૃતિ વીજળી વેગે બહાર નીકળી ગઇ અને રાજાના જાણવામાં-જોવામાં આવે નહિ એવી એક જગાએ છૂપાઇ રહી. રાજા નાળામાંથી બહાર નીકળી નગર તરફ વળ્યો. આકૃતિએ આ વખતે રાજાનો પીછો લીધો નહિ.

વાંચકો! આ અદ્દભુત આકૃતિ કોણ હશે? તે રાજાની પાછળ શામાટે આવી હશે? ગમે તેમ હો; પણ કંઇક ભેદ જેવું છે. આ ભેદ જાણવો જરૂરનો છે. ત્યારે ચાલો આગળના પ્રકરણ પર નજર ફેરવો કે જેથી તે આકૃતિનો ભેદ સહજમાં જણાઇ આવશે.

પ્રકરણ ૪ થું.

પ્રતાપસિંહ.

એ આકૃતિ અન્ય કોઈની નહિ પણ વિશ્વમોહિની અને મણીકાન્તાની શોધમાં નીકળેલા પ્રતાપી પ્રતાપનીજ હતી. વિજયકુમારની રજા લેઇને નીકળતાં જ પ્રતાપે વિશ્વમોહિની અને મણીકાન્તા ક્યાં હશે તે સંબંધી વિચાર

કર્યો. તેને સ્વાભાવિક જ એમ લાગ્યું કે લશ્કર સાથે તો દુશ્મન તેમને રાખે જ નહીં! આથી પ્રથમ અમલગઢ જઇ તપાસ કરવાનો નિશ્ચય કર્યો અને તે તરફ વળ્યો. ત્યાં પહોંચતાં વેશ બદલી નિર્ભયતાથી તે ચારે બાજુ નગરમાં ફર્યો. પણ કાંઇ પણ ધારણા ફળિભૂત ન થઇ. કોઈ પણ ઠેકાણેથી વિશ્વમોહિનીની ભાળ ન મળી. છેવટે બ્રાહ્મણ વેશથી રાણીને મળ્યો. પણ કંઈ જાણી શક્યો નહિ. એમ કરતાં રાત્રિ પડી. પ્રતાપે વેશ બદલી હવે રાજગઢ (કિલ્લા) માં પ્રવેશ કર્યો. અહીં તહીં તપાસ કરવા લાગ્યો. ફરતાં ફરતાં લાગ જોઇ એક શ્યામ વસ્ત્રથી પોતાનું બદન છુપાવી ધોરી મહેલ ઉપર ચઢી ગયો.

મધ્ય રાત્રિનો પ્રસંગ હતો. મહેલમાં શાંતિ વ્યાપી રહેલ હોવા છતાં દીવાઓનો પ્રકાશ ઝળહળતો હતો. પ્રતાપસિંહ ચારે બાજુ ફરી તપાસ કરવા લાગ્યો. ફરતો ફરતો એક મ્હોટા દિવાનખાનામાં આવ્યો. આ ઓરડો આખા મહેલમાં વિશેષ સુરમ્ય તેમ જ ઉમદા કારીગરીના નમુના રૂપ હોઈ સર્વ પ્રકારની નૂતનતાથી શણગારેલો અને નાના પ્રકારની તસવીરોથી શોભતો, તકતા હાંડી ઝુમર વગેરેથી ભરપૂર હતો. મીણબત્તીના દીવા ઝળહળી રહ્યા હતા. એક ઉંચા અમૂલ્ય પલંગ ઉપર એક નવ યૌવના પોઢેલી હતી. પલંગની ચારે બાજુ નીચે પથારીઓ પાથરી ઘણી અન્ય સુંદરીઓ સુતેલી હતી. નિર્ભયતાથી પ્રતાપે આ દિવાનખાનામાં પ્રવેશ કર્યો. એક પછી એક પ્રકાશ ઓલવવા માંડયો. માત્ર થોડો થોડો પ્રકાશ રાખ્યો. પ્રતાપ પલંગ સુધી આગળ વધ્યો. હેમસિંહ રાજાની મહારાણીને પલંગ ઉપર પોઢેલી તેણે ઓળખી. કંઇક ક્ષણ પર્યન્ત પ્રતાપે વિચાર કર્યો. એક કાગળના કકડા ઉપર આપણે પલંગ નીચેથી હેમસિંહ મહારાજને મળેલી જે ચીઠી વાંચી તે લખી. બાદ રાણીના મ્હોં આગળ બેહો-

શીની પડી ધરી તેને ભાન વગરની કરી. બાદ ચીઠ્ઠિ તકીઆ નીચે દેખાય તેમ ગોઠવી. આ પછી મહારાણીને ઉપાડી તેણે બીજા ખંડમાં લેઇ જઈ એક ગાંસડીમાં બાંધી લઇ નદી કીનારા ઉપર પડતી પાછલી બારીનાં બારણું ઉઘાડી તે રસ્તે સહી સલામત બહાર નીકળી એક નિર્જન જગાએ મૂકી પાછો આવી ફરી નગર ચર્ચા જોવા લાગ્યો. બિજે દિવસે રાણી ગુમ થયાની હકીકત ચર્ચાતી જાણી. હેમસિંહ મહારાજને પાછા નગરમાં આવતા જોયા અને સાંજના જ્યારે એકલા ઘોડેસ્વાર થઇ તે નીકળ્યા ત્યારે તેમની પછવાડે તે થઇ ગયો.

મહારાણીની શોધમાં નીકળેલા હેમસિંહ મહારાજા તો વીલે મ્હોંયે પાછા વળ્યા; પણ પ્રતાપની ધારણા તો ફળિભૂત થઇ. તે વિશ્વમોહિની અને મણીકાન્તાની શોધમાં નીકળ્યો હતો અને તે તેમનો પત્તો મેળવવામાં ફતેહમંદ નીવડયો. હવે માત્ર બાકી એજ રહ્યું કે પ્રતાપસિંહ એકલો અને વિશ્વમોહિની અને મણીકાન્તાને સાચવનાર વીસ માણસો હતા. લડવાથી કાંઇ વળે તેમ નહોતું. શું કરવું તેનો વીચાર કરવા લાગ્યો. મહારાજા બની છોડાવવા જવાનું પણ યોગ્ય ના લાગ્યું, કારણ તે તો હમણાં જ પાછા ફર્યા હતા. બીજી કાંઇ યોજના કરતાં જો પ્રતિપક્ષના જાણવામાં આવે તો વળી કોઈ એવી ગુપ્ત જગામાં સંતાડી દે કે ફરી પત્તો જ ન ખાય, કાંઇ તેને ન સૂજતાં આખરે તેણે કુમાર પાસે જઇ કેટલાંક માણસો લેઇ આવી છુટકારા માટે પ્રયત્ન કરવાનું ધાર્યું. આથી તે સીધો નવીનદુર્ગ તરફ વળ્યો અને બીજા દિવસનો પહોર બે પ્હોર દિવસ ચઢતાં કુમાર પાસે આવી પહોંચ્યો. કુમાર તેને જોતાં જ વળગી પડયો.

પ્રતાપને જોતા જ સર્વને આનંદ થયો.

વિજયની ખુશાલીમાં આનંદનો વધુ ઉમેરો થયો.

આ વખતે કુમારની પાસે નવલસિંહ અને સુજનસિંહ સેનાપતિ શિવાય અન્ય કોઈ નહોતું.

"વિજયકુમારે આનંદિતવદને પૂછ્યું, "કાં ભાઈ! મહેનત સફળ થઈ કે?"

"કંઈક સફળતા પ્રાપ્ત કરી છે." પ્રતાપે કહ્યું.

"બન્ને ક્યાં છે?" કુમારે ઉત્સુકતાથી પૂછ્યું.

"એક ગયબી ગુફામાં."

"તમે તે સ્થળ જોયું?"

"હા, અને રાજકન્યા તથા તેની સખીને પણ જોયાં."

"શું સાચું કહો છો?" કુમારે અધીરા થઇ પૂછ્યું:

"હા."

"સઘળી બીના જણાવો કે જેથી મને કંઈક શાન્તિ મળે."

પ્રતાપે બનેલી તમામ બીના કુમારને કહી સંભળાવી; અને પછી કહ્યું, "યુદ્ધમાં વિજય મળ્યો તે હકીકત પણ મેં ત્યાં જાણી. હેમસિંહ હાલ હવાલ થઇને ત્યાં આવ્યો, તેને જોઇ હું ખુબ હસ્યો અને પછી જાણવાનું જાણી અહિં તમારી પાસે આવ્યો."

"હવે શું વિચાર છે?" કુમારે પૂછ્યું.

"ત્યાં જવું અને તેમને છોડાવી લાવવાં."

"ત્યારે તેમને લઇને જ આવવું હતું ને?"

"મારા એકલાથી તેમ બની શકવું અશક્ય હતું."

"આ વખતે સૈનિકોને સાથે લઇ જાવ."

"ના."

"ત્યારે?"

"મારે એકલા નવલની જ જરૂર છે."

"સેવક તૈયાર છે." નવલે ટોળથી ઉભા થઈ કહ્યું.

પ્રતાપ હશી પડયો. કુમારે પૂછ્યું, "હું સાથે આવું તો ?"

"તમારી ત્યાં કંઇ જરૂર નથી."

"મને એક વખત તો તારી સાથે આવવા દે ?"

"અહિં કોણ રહેશે ?"

"અત્રે હવે શું કામ છે ?"

"દુષ્મન કદાચ પાછો આવશે તો ?"

"તેમ બનવું અસંભવીત છે. દુષ્મનની ખાનાખરાબી થઇ ચૂકી છે. એટલે તેની તરફનો બીલકુલ ભય નથી."

"સાથે આવવાથી સંકટમાં સપડાયા તો ?" "

"સર્વ સંકટ સહન કરવાને તૈયાર છું. તું ગમે એમ કહીશ પણ હું આ વખતે તારી સાથે આવ્યા વિના રહેનાર નથી."

"ચાલો તૈયાર થાવ."

"અત્યારેજ ?"

"હા."

વિજયકુમારે સેનાપતિ સુજનસિંહને બંદોબસ્ત જાળવવાની ભલામણ કરી, અને પછી સાંજ પડતાં ત્રિપુટી રવાના થઇ. રસ્તે ચાલતાં કુમારે કહ્યું; "યુદ્ધ વખતે એક અલૌકિક બીના બની હતી તેની ખબર છે કે ?"

"શું ?"

"ખરા અવસરે અમને મદદ મળી હતી."

"મદદ કરનાર કોણ હતું ?"

"તે કંઇ સમજાયું નહિ; પણ મુખવટો ધારણ કરેલો એક યુવાન તેના માણુસો સાથે અમારો મદદગાર થયો હતો."

પ્રતાપ આ સાંભળી થોડીકવાર વિચારમાં રહી બોલ્યો; " તમે તેની તપાસ કરી નહિ ?"

" અમને વિજય પ્રાપ્ત થતાંજ તે ચાલ્યો ગયો; ઘણી તપાસ કરી પણ કંઇ પત્તો ન મળ્યો."

" ઠીક, આગળ ઉપર જોઇ લેવાશે." કહી પ્રતાપે મિત્રોની સાથે પ્રયાણ કરવા માંડયું.

સાંજની પૂર્ણાહુતી થવા આવી હતી. આ વખતે એકાએક એક માણસ તેમની તરફ આવતો જણાયો. પ્રતાપે તરતજ તેને ઓળખી મિત્રોને સાવધ કરી દીધા. તે આવનાર અન્ય કોઇ નહિ પણ મોતીલાલ બંકા હતો.

તેને પોતાની તરફ આવતો જાણી સઘળા આશ્ચર્ય પામ્યા. થોડીવારમાં મોતીલાલ તેઓની નજીક આવી ઉભો અને કુમારને સલામ ભરી બોલ્યો. "કુમારશ્રી ! કુશળ તો છોને ?"

પ્રતાપ તિવ્ર દ્રષ્ટે તેની તરફ જોઇ રહ્યો હતો. કુમારે કહ્યું, "હા, પણ તમે અહિં ક્યાંથી ?"

" લઢાઇમાં જખમી થવાથી મને મારા માણસો ઉપાડી ગયા હતા; તે મારા ઠેકાણેથી આવું છું."

" કઇ તરફ જવા વિચાર છે ?"

" મારા મહારાજા પાસે."

" તમારા મહારાજાએ હાર ખાધી છે તે જાણોછો ને ?"

" હા, તમારૂં નશીબ તેજ છે." મોતીલાલે હશીને કહ્યું.

મોતીલાલ કંઇ બોલ્યો નહિ. પુનઃ કુમારે પૂછ્યું, " હું તમને કંઇક કેહેવા માગું છું."

" સેવક આપની દરેક વાત સાંભળવાને તૈયાર છે."

"હું તમને એમ કહેવા માગું છું કે તમે એક ચાલાક રંગી છો. વળી ધર્મી અને સદાચરણી હો એમ પણ સમજાય છે, તો શામાટે તમે એક અન્યાયી દુષ્ટ, પરસ્ત્રી લંપટ પ્રજાપીડક રાજાની સેવામાં રહ્યા છો ?"

મોતીલાલ જવાબ આપે તે પહેલાં નવલે કહેવા માંડયું, "તમારા જેવા સત્યવાદી રંગી વીરને તે પીશાચપતિની સેવામાં રોકાવું તે યોગ્ય નથી. વિચાર કરી જુઓ કે તમે કેવા રાજાની સેવા કરો છો? શું તે દુષ્ટ ડરપોક બાયલો અને દગાબાજ નથી ? મોતીલાલ! હવે આમ દ્રષ્ટિ કરો અને આ ન્યાયમૂર્તિ કુમારને નિહાળો. બન્નેની તુલના કરો અને પછી યોગ્ય લાગે તેની સેવા સ્વીકારો."

મોતીલાલ આંખ્યો પર હાથ ફેરવી બોલ્યો; "આપનું કહેવું સત્ય છે. પ્રભુએ મને સારાસાર સમજવાની બુદ્ધિ આપેલી છે. સદાચરણીએ ધર્મીની સેવા સ્વીકારવીજ જોઇએ. મને હરદમ આવાજ વિચાર થયા કરે છે. હું મારા અન્યાયી રાજાની સેવામાંથી સદાને માટે છૂટો થવા ધારૂં છું પણ હાલ કંઇ કરી શકતો નથી. તેને માટે હજી કેટલોક સમય જોઇશે. જો હું હાલ તેની સેવાનો ત્યાગ કરૂં તો હું બેવફા ગણાઉં અને તમારો સાથી બનું તોપણ તમે મારી પર પૂર્ણ વિશ્વાસ રાખો નહિ."

"અમે તમારી પર સંપૂર્ણ વિશ્વાસ રાખશું." નવલે જણાવ્યું.

"આ શબ્દો તમારો આત્મા નથી બોલતો; પણ તમારૂં મનજ બોલે છે. કેમ ખરૂં કે નહિ ?"

નવલ રંગી હતો. મોતીલાલે પોતાનું મન પારખ્યું જાણી કંઇ બોલ્યો નહિ. પણ તરત કુમારે કહ્યું, "બંધુ ! તમારે કોની સેવામાં રહેવું તે નક્કી કરવાનું કામ તમારૂં છે. અમે તમને વિશેષ આગ્રહ

કરી શકતા નથી; પણ એટલું જણાવીએ છીએ કે જ્યારે તમને તમારા રાજાનું વર્તન અન્યાયી જણાય ત્યારે એક પળવારનો પણ વિલંબ કર્યા વિના તે દુષ્ટાત્માની નોકરી છોડી દેજો; કે જેથી પરમાત્મા તમારી પર પ્રસન્ન થશે અને તમારૂં જીવન પણ સફળ બનશે. તે પછી જો તમારી ઇચ્છા અમારી સાથે રહેવાની હશે તો સુખેથી આવજો, અમે તમને અમારા મિત્ર બનાવીશું. મોતીલાલ! યાદ રાખજો કે કોઇ પણ અત્યાચારી પ્રજાપીડક અન્યાયી રાજા અને તેના સાગ્રીતો સદાકાળ ટક્યા નથી. તેમને તેમના પાપમય કર્મોથી પસ્તાઈ મરવું પડ્યું છે. આખરે પાપીઓનો વિધ્વંસ થાય છે અને ન્યાયનો જય થાય છે.

"હું સઘળું સમજ્યું છું; અને હવે રજા લઉં છું." મોતીલાલે કહ્યું.

"હા, પધારો." નવલે કહ્યું.

મોતીલાલ નમન કરી ચાલતો થયો. પ્રતાપ તેની પાછળ જોઈ રહ્યો. તેનું મુખ આ વખતે રાતુ ચોળ બન્યું હતું. આવું જોઈ કુમારે કહ્યું, "પ્રતાપ! શું વિચાર કરે છે? તારૂં મુખ ગુસ્સાવાળું કેમ જણાય છે?"

"પેલા બદમાસના મળવાથી." પ્રતાપે જવાબ આપ્યો.

"તેથી શું?"

"તેનું મળવું ભેદમય છે."

"આપણે સાવધ રહીશું."

"પણ શુકનમાં તે સામે મળ્યો તે ઠીક થયું નહિ."

"ત્યારે હવે શું કરવું? થયું ન થયું થનાર નથી." કુમારે કહ્યું.

"દુષ્ટાત્મા નક્કી દગો કરશે."

"મારા ધારવા મુજબ તે જરૂર આપણી પાછળ પડશે." નવલે કહ્યું.

"આપણે માર્ગ બદલવો પડશે."

"એટલે ?"

"રાહદારી માર્ગ છોડી જંગલનો રસ્તો લેવો પડશે."

"મોતીલાલ આવો દુષ્ટાત્મા હશે એવું તેના બોલવા પરથી કંઇ સમજાયું નહિ." કુમારે કહ્યું.

"કપટી માણસોના શબ્દો હમેશાં મીઠા હોય છે."

"ખરેખર ! દુનીયાંમાં અજબ પ્રકારના માણસો મળી આવે છે."

પ્રકરણ ૫ મું.

ભયંકર ઘટના.

આમ વાતો કરતા ત્રણે જણા રાહદારી માગ મૂકી જંગલના માર્ગે જવા લાગ્યા. તેઓ વારંવાર પાછળ જોતા હતા કે કોઇએ પીછો તો પકડયો નથીને ? આખી રાત્રિ ચાલવામાંજ પસાર થઇ. અંતે સવાર થયું. જગત પ્રકાશમય બન્યું. અરણ્ય સુરમ્ય જણાવા લાગ્યું. વનચર પંખીયોના મધુરા અવાજ સંભળાવા લાગ્યા. રંગબેરંગી જંગલી પુષ્પોના દેખાવ આંખ્યોને આનંદ આપવા લાગ્યા. ત્રિપુટી એક ધીચ ઝાડી આગળ આવી. ત્યાં એક તળાવ આવેલું હતું. ચોમાસું તરતમાં ગએલું હોવાથી તળાવ ભરાએલું હતું. ત્રણેએ ત્યાં મુકામ કરી પ્રાતઃ કર્મ કર્યું. નિત્ય કર્મથી પરવારી પુનઃ આગળ પ્રયાણ કર્યું. મધ્યાન્હ થતાં તેઓ ઘણે દૂર નીકળી આવ્યા. પ્રતાપે અનુમાનથી જાણી લીધું કે વિશ્વમોહિની અને તેની સખી જે સ્થળે છે તે સ્થળ અહિંથી હવે માત્ર બેજ ગાઉ દૂર હોવું જોઇએ. પ્રતાપ

જંગલનો ભોમીયો હતો. તેણે આ વાત મિત્રોને જણાવી. ત્રણે જણાએ વિચાર કરી દિવસ આ જગાએજ પૂરો કરવાનો નિશ્ચય કર્યો, કારણકે એ તરફ દિવસે જવું તે તેમને માટે સલામત ન્હોતું. જો દિવસે જાય અને કદાચ કોઇ જાણી જાય તો પરીણામ વિપરીત આવે. માટે રાત્રે જવું ઉચિત સમજી ત્રણેએ ત્યાંજ એક મોટા વૃક્ષ નીચે મુકામ કર્યો. આખો દિવસ વાતો કરવામાં વ્યતિત કર્યો. સૂર્યાસ્તનો સમય થતાં તેઓ તૈયાર થયા; અને આગળ ચાલ્યા. અંધારૂં થતાં તેઓ પેલા નાળા આગળ આવી પહોંચ્યા. પુનઃ તેમણે એકવાર ચારે તરફ નજર ફેરવી જોઇ લીધું કે આટલામા કોઇ છૂપાયું અગર કોઇ પાછળ આવતું તો નથીને ? સંપૂર્ણ ખાત્રી થતાં તેઓ નાળામાં પ્રવેશ્યા. નાળાની રચના જોઇ વિજયકુમાર ઘણાજ સખેદ આશ્ચર્ય થયા અને અજબ ભયંકર નાળું છે એમ મનમાં બરબડ્યા. આખરે તેઓ નાળાના છેડે આવી પહોંચ્યા; કે જ્યાં પ્રતાપને પ્રથમ અજવાળું જણાયું હતું. આશ્ચર્ય જેવું એ હતું કે આ વખતે ત્યાં ઘોર અંધારૂં હતું. પ્રતાપ ચમક્યો. તેને વ્હેમ પડ્યો. તેણે ઉતાવળે પગલે મિત્રો સાથે એ તરફ ચાલવા માંડયું. સઘળા ત્યાં પહોંચ્યા પણ ત્યાં કંઇ જણાયું નહિ. પ્રતાપે જે સ્થળે સિપાહીઓ અને રાજકન્યા વગેરેને જોયાં હતાં, ત્યાં આ વખતે કોઇ પણ માલમ પડયું નહિ. પ્રતાપ ગભરાયો. આસપાસ ફરવા લાગ્યો. એવામાં તેના પગે કોઇનું શરીર અથડાયું હોય એમ તેને લાગ્યું. પ્રતાપે તુરતજ રંગવિદ્યાના પ્રભાવે પ્રકાશ ઉત્પન્ન કર્યો. અજવાળું ફેલાયું. પણ તેમાં શું જણાયું ? આ શો ગજબ ? આ શો જુલ્મ ? આવું કરપીણ કામ કોણે કર્યું હશે ? ત્યાં અનેક માણસોનાં મુડદાં જમીન પર પડેલાં હતાં. આ સઘળા માણસોને પ્રતાપે ઓળખ્યા. એ સઘળા માણસો એજ હતા

કે જેઓ પ્રથમ આ સ્થળે પહેરો ભરી રહ્યા હતા. આ સઘળા સિપાહીઓ આ વખતે જખમી થઇ મરેલા હતા. વિશ્વમોહિની અને મણીકાન્તા આ સ્થળે ન્હોતાં. ઘણી તપાસ કરી પણ પત્તો લાગ્યો નહિ. અત્યંત શોધ ખોળને અંતે તેમનાં ઘરેણાં ભાગ્યાં તૂટયાં ત્યાં પડેલાં જણાયાં. ચારે બાજુ લોહી પડેલું હતું. કુમાર આવો હૃદય ભેદક દેખાવ વધુ વખત જોઇ શક્યો નહિ. તરત તે માથે હાથ મૂકી આંખ્યો બંધ કરી નીચે બેસી ગયો. વિશ્વમોહિની અને મણીકાન્તાના મરણની શંકા ઉત્પન્ન થઇ. તેની આંખ્યોમાંથી અસ્ખલીત અશ્રુ ધારા વહેવા લાગી. પ્રતાપે પૂછ્યું; "શામાટે રડો છો ?"

"રાજકન્યાનો મેળાપ હવે થાય એમ લાગતું નથી."

"પ્રભુ સૌ સારા વાનાં કરશે. હિંમત હારવાનું કારણ નથી."

"આ વિલક્ષણ–ભયંકર દ્રશ્ય જોતાંજ મારી હિંમત હરાઇ ગઇ છે. મારી તો દ્રઢ માન્યતા છે કે તેઓનાં ખૂન થઈ ગયાં છે?"

"કોનાં ?"

"રાજકન્યા અને તેની સખીનાં."

"હું માનતો નથી."

"કેમ વારૂ ?"

"જો તેઓનાં ખૂન થયાં હોય તો આ મરેલા સિપાહીઓનાં મુડદાંની સાથે તેમનાં પણ મુડદાં અત્રે પડયાં હોત." પ્રતાપે દ્રઢતાથી કહ્યું.

"ત્યારે કદાચ બંકાની આ ચાલાકીતો નહિ હોય?" નવલે વધુ જણાવ્યું.

"ના, એમ પણ લાગતું નથી. વળી કદાપી તેનો પ્રપંચ આપણે માનીએ તો આ સિપાહીઓને મારનાર કોણ ? તે સવાલ ઉભોજ રહે છે. જે બન્યું તે ખરૂં, હવે આ સ્થળે વધારે રોકાવું

યોગ્ય નથી. આગળ ઉપર જોઈ લેવાશે. " પ્રતાપે જવાની તૈયારી કરવા માંડી. આવા અદ્‌ભુત બનાવથી નવલસિંહ આ વખતે ઉંડા વિચારમાં પડયો હતો.

કુમાર વિજયસિંહની મનોદશા આ વખતે વિચિત્ર થઇ પડી હતી. તે પોતાનું ભાન ભૂલી ગયો હતો. તેના મનની અવસ્થા દિવાના માફક બની રહી હતી. તેના મને નક્કી માની લીધું કે વિશ્વમોહિની અને મણીકાન્તાનાં ખૂન થઈ ગયાં છે, તે બેબાકળાની માફક આમતેમ જોતો હતો. તેની આંખ્યોમાંથી અશ્રુ નીકળતાં હતાં. પ્રતાપે તેના સામે જોઇ કહ્યું " કુમાર ! કલ્પાંત શામાટે કરો છો ? "

વિજયકુમારે કંઇ પણ પ્રત્યુત્તર નહિ આપતાં સજળ નયને પ્રતાપના સામે દ્રષ્ટિ કરી.

પુનઃ પ્રતાપે પૂછયું, " આપને શું થાય છે ? "

" પ્રતાપ! મને શું થાય છે એ હું કંઇ કહી શકતો નથી. મારા હૃદયમાં ગભરામણ થયા કરે છે. ચારે તરફ ઘોર અંધકાર નજરે પડે છે. "

" હિંમત રાખો; નિરાશ ન બનો." નવલે વિચારમાંથી જાગી કહ્યું.

" આ ભયાનક દૃસ્ય અવલોકતાં મારી હિંમત હરાઇ ગઇ છે. નિરાશાનો પાર નથી. "

" આવા ભય ભરેલા સ્થાનમાં આમ કરવું ઉચીત નથી."

" ત્યારે શું કરવું ? મને સમજ પડતી નથી. "

" ચાલો આપણે અહિંથી જતા રહીએ. " પ્રતાપે કહ્યું.

" ક્યાં ? "

" બહાર. "

" પછી ? " કુમારે આંખ્યો વિકાશી પૂછયું.

" નગરમાં જઇશું. "

" મારે નગરમાં આવવું નથી. "

" ત્યારે "

" અત્રે જ રહીશ. "

" અહિં રહી શું કરશો ? "

" ખૂનીગો આવશે તો હું પણ તેમને કહીશ કે જે હથીઆરથી તમે મારી વિશ્વમોહિનીને મારી નાખી છે તે હથીઆરથી મારૂં ખૂન કરો."

પ્રતાપ ચમક્યો. તે સમજી ગયો કે કુમારની દશા ઉન્મત્ત બની છે. તેણે શાન્તવદને કહ્યું: " કુમાર ! તમે શામાટે મરવાને ઇચ્છો છો? "

" જીવ્યામાં શું સાર છે ? " કુમારે સામો પ્રશ્ન કર્યો.

" ઘણો. "

" નહિ, વિશ્વમોહિની વિના મારૂં જીવન વ્યર્થ છે. "

" વિશ્વમોહિની તમને મળશે. "

" શું તે મને મળશે ? " કુમારે ગંભીર મુખે પૂછ્યું.

" હા. "

" ક્યાંથી મળશે ? શું તે સ્વર્ગમાંથી પાછી આવશે ? "

" પણ કોણ કહે છે કે તે મરી ગઇ છે. "

" હું કહું છું, તમે કહો છો; જગત કહે છે. "

" હું તો કહેતો નથી. "

" ત્યારે બતાવો કે તે ક્યાં છે ? "

" થોડા દિવસમાં બતાવીશ. "

" શું ધૂળ બતાવશો ? મરેલું કોઇ દિવસ મળેલું સાંભળ્યું છે ? "

" હું સાચે જ કહું છું કે વિશ્વમોહિની મરી નથી ગઈ. "

"શું તેનું ખૂન નથી થયું?"

"ના."

"તમે મને જુઠું સમજાવો છો."

"ના, હું તમને સત્ય જ કહું છું. જો તેનું ખૂન થયું હોય તો તેનું શબ અહિંજ પડયું હોય?"

"દાગીના અને લોહી જોવાથી હજી પણ તમારી ખાત્રી થતી નથી? શત્રુઓ ખૂન કર્યા પછી મુડદાને ઉપાડી ગયા હશે અને તેને ગમે ત્યાં ફેંકી દીધું હશે?" કુમારે કહ્યું.

કુમાર! તમારી ભૂલ થાય છે? તમે દુઃખ શોકથી અત્યારે ભાન ભૂલ્યા હો એમ સમજાય છે. આ સઘળો પ્રપંચ શત્રુઓએ આપણુને ઠગાવવાને માટે કર્યો છે. લોહીનાં ખાબોચીયાં આ મરણ પામેલા સિપાહીઓનાં છે. દાગીના આવી રીતે ફેંકવાનું કારણ એજ કે આપણે તેમને મરેલાં સમજી શોધ ના કરીએ."

કુમાર વિચારમાં પડયો. કંઇક ધ્યાનમાં ઉતર્યું. તે બોલ્યો; "પ્રતાપ! હું ઘણો હતાશ-નિરાશ બન્યો છું. હું તને મારા સોગન આપીને પૂછું છું કે બોલ મારી વિશ્વમોહિની જીવે છે?"

"હું તમારા સોગન ખાઇને કહું છું કે વિશ્વમોહિની અને તેની સખી બન્ને જીવે છે."

"મને ક્યારે મળશે?" કુમારે પૂછ્યું.

"હું ખાત્રીથી કહું છું કે થોડા દિવસમાં સૌ સારૂં થશે."

કુમારે નિઃશ્વાસ નાખ્યો.

પુનઃ પ્રતાપે કહ્યું; "ચાલો આપણે બહાર નીકળી જઈએ."

"ચાલો." કુમાર ઉભો થયો.

ત્રિપુટી નાળાની બહાર નીકળી અને એક માર્ગ તરફ ચાલી નવો રસ્તો જાણી કુમારે પૂછ્યું; "આપણે આમ ક્યાં જઇએ છીએ?"

" એક અદ્દભુત જગાએ. " પ્રતાપે કહ્યું.

" ત્યાં શું કરવા ? "

" કામ છે ? "

" શું ? "

" રાણીને મળવું છે. "

" કઇ રાણી ? "

" રાજા વ્હેમસિંહની રાણી. "

" તે અહિં ક્યાંથી ? "

" મેં પોતેજ તેને ત્યાં રાખી છે. "

" શું કહો છો ? "

" હું સાચું કહું છું. વ્હેમસિંહે રાજકન્યાને ગૂમ કર્યાં; તો મેં તેની રાણીને ગૂમ કરી. જો તે વિશ્વમોહિની અને તેની સખીને લાવી આપશે તો હું પણ તેની રાણી તેને સ્વાધિન કરીશ."

કુમાર કંઇ બોલ્યો નહિ.

ત્રણે જણા એક અદ્દભુત જગાએ આવ્યા. આ સ્થળે ચારે તરફ પ્હાડો અને ગાઢી ઝાડીની ઘનઘોર ઘટાઓ આવેલી હતી. પ્હાડની પોલાણમાં એક ગુફા આવેલી હતી, આ ગુફા ઉપર એક પત્થર ઢાંકેલો હતો. પત્થર પર સીંદુરનું ત્રીશુળ ચીતરેલું હતું. એ ત્રીશુળને હાથ લગાવતાં તે મોટો પત્થર કંઇ પણ અવાજ કર્યા વિના બાજુ પર ખસી ગયો. ગુફામાં જવાની જગા થઇ. ત્રણે ગુફામાં પ્રવેશ્યા અને આગળ ચાલ્યા. ગુફા પ્રથમતો લાંબી અને સાંકડી નેળ જેવી લાગી. છેક આગળ જતાં મેદાન આવ્યું. એ મેદાનમાં કેટલાક પત્થરના ઓરડાઓ આવેલા હતા. આમાંના એક ઓરડામાં રાણીને રાખી હતી.

પ્રતાપે તે ઓરડા નજીક જઇ ઓરડાનું બારણું ઉઘાડયું. દ્વાર ખુલ્લું થતાં પ્રતાપે અંદર પ્રવેશ કર્યો. પણ આ શું ? પ્રતાપ નિરાશવદને તરતજ બહાર નીકળ્યો અને શોકપૂર્ણ અવાજે બોલ્યો; " રાણી નથી. "

" હેં ? " નવલે આશ્ચર્યતા દર્શાવી.

" શું રાણી અંદર નથી ? " કુમારે પૂછ્યું.

" ના. "

" દુષ્મનો તેને લઇ ગયા હશે ? "

" ગમે એમ હોય; પણ બનાવ ભેદમય છે. "

ત્રિપુટી ત્યાં મેદાનમાં બેઠી. ઘણીવાર સુધી વાતો કરી. વાતોને અંતે નવલને કંઇક યાદ આવતાં કહ્યું; " ગુરૂજી ! મને અત્યારે એક યુક્તિ સુઝી આવી છે. "

" શું ? " પ્રતાપે આશ્ચર્ય પામી પૂછ્યું.

" યુક્તિ સફળ થએ ખબર પડશે. " નવલે કહ્યું.

" પણ કરવું છે શું ? "

" મારે જવું છે. "

" ક્યાં ? "

" ભેદનો પત્તો લગાવવા. "

" શું અત્યારે જ ? "

" હા. "

" ત્યારે અમે પણ અહિંથી જઇએ. "

" ના, તમે અને કુમાર અત્રેજ રોકાવ, થોડીકવાર આરામ ક્યો, હું પ્રાતઃકાળ થતા પહેલાં તો પાછો આવીશ. "

" જેવી તારી મરજી. "

નવલ તરત જ ત્યાંથી રવાના થયો અને જોતજોતામાં ગૂમ થયો. તે ક્યાં ગયો અને કઇ તરફ ગયો તેની પણ અંધારી રાત્રે ખબર પડી નહિ.

પ્રકરણ ૬ ઠું.

કુમાર સપડાયો.

પ્રતાપસિંહ અને કુમાર ત્યાંજ બેઠા રહ્યા. નવલસિંહ ત્યાંથી અદૃશ્ય થઈ જઇ અમલગઢ નજીક લગભગ આવી પહોંચ્યો. એક પરદેશી પંડિતનો વેશ ધારણ કર્યો. અમલગઢના દરવાજે આવી જે સીપાઇ ત્યાં પહેરો ભરી રહ્યો હતો તેની પાસે જઇ એક રૂપિયો તેના હાથમાં મૂકયો અને કહ્યું;—" આ રૂપિયો ગમે તો લ્યો, પણ મહેરબાની કરીને મને કહો કે આ શીશીમાં અત્તર છે તે શાનું છે ? હું પરદેશી છું. કાલે સાંજે એક અત્તર વેચનારની દુકાને ગયો અને ત્યાં ટપાટપી થતાં તેણે મને કહ્યું કે આ અત્તર શાનું છે ? તે જો પારખો તો હું પાંચ રૂપિયા આપું. આજે સ્હવારમાં મારે અત્તરનું નામ જણાવી તેની પાસેથી પાંચ પડાવવા છે. પરમેશ્વરનો ઉપકાર કે તમારા જેવા મળી ગયા. તમારે રાજ દરબારમાં નોકરી કરવી તેથી હજારો અત્તર જોયેલાં એટલે આપને તેની પારખ. માટે આ અત્તર કઇ ચીજનું છે તે મને કહો એટલે હું અહીંથી જઉં અને પાંચ રૂપિયા ખડા કરી લઉં."

સ્હવારમાંજ આ પ્રમાણે રૂપિયો મળવાથી સિપાઇ ખુશ ખુશ થઇ ગયો. તે મનમાંજ વિચારવા લાગ્યોઃ—" આ પરદેશી કોઈ ખરે-

ખર ભોળો અને બેવકુફ છે. મને મફતનો એક ખુદ્દો આપી જાય છે. હું મરજીમાં આવશે તે અત્તરનું નામ દેઇશ એટલે તે જશે તેને પાંચ રૂપિયા નહીં મળે તો ભોગ તેના. તે ઓછોજ ફરી રૂપિયો પાછો લેવા આવવાનો છે અને કદાપિ આવ્યો તો બંદા ઓછાજ તેને દાદ આપે એવા છે તો." સીપાઇએ વિચાર કરતાં રૂપિયો ગજવામાં મુકી દઈ કહ્યું:--" લાવ્ય ભાઇ ! લાવ્ય તને નામ બતાવું. એમાં તે શી મોટી વાત છે, હશે ભલા તને ગરીબ પરદેશીને પાંચ રૂપિયા મળશે."

સિપાઇએ શીશીનો બુચ ઉઘાડયો અને અત્તર સુંઘ્યું. હવે બાકી શું ? સુંઘતાંજ તે રાત દિવસનું ભાન ભૂલ્યો. નવલસિંહે એક ક્ષણ પણ રાહ ન જોતાં તેને ઉપાડયો અને સ્હવાર થતાં તો જ્યાં પ્રતાપસિંહ અને કુમાર હતા. ત્યાં આવી પહોંચ્યો બેશુદ્ધ પહેરાવાળાને બતાવીને નવલે કહ્યું:-"આ અમલગઢનો કિલ્લાપરનો પહેરાવાળો છે. તેને પુછીને સર્વ હકીકત મેળવવી જોઇએ. જો કાંઇ સાર ન નીકળે તો પછી બીજી યુક્તિ અજમાવવી."

સિપાઇને શુદ્ધિમાં આણ્યો. સિપાઇ આ બલામાં ક્યાંથી ફસાયો એમ વિચાર કરતોજ હતો એટલામાં નવલે કડક સ્વરથી પૂછ્યું:-"બોલ અલ્યા ! તારી મહારાણી કયાં છે ? ! બોલ બોલ ઝટ બોલ."

સિપાઇના હાથ પગ બાંધેલા હતા તોપણ તેણે તોરમાંજ કહ્યું.

" તારે શું કામ છે ?"

" કામ છે ?"

" તું કોણ છે ?" સિપાહીએ વધુ મીજાજથી પૂછ્યું.

" અમે ગમે તે છીએ. જવાબ આપ ?"

" તમે મહારાણી સંબંધી પુછનાર કોણ છો ! તમારે શું કામ

છે, તમારે શી મતલબ છે ?" સિપાહીએ વધુ પૂછ્યું.

પ્રતાપસિંહે ઉઠી જોરથી એક લાત મારી કહ્યું. "કેમ સીધો સીધો જવાબ આપે છે કે કામ અને મતલબ કરવા જાય છે ?"

પાકુ પ્રહાર થતાં સીપાઇ નરમ થઈ ગયો. હાથ જોડી તે કહેવા લાગ્યો:—" કેટલાક દિવસથી મહારાણી ગુમ થઈ ગયાં છે. હજી તેમનો પત્તો નથી. આ શિવાય હું કાંઈ જાણતો નથી."

"કાંઇ પણ ફળપ્રદ હકીકત આ સિપાઇ પાસે મળવા સંભવ ન લાગવાથી તેને ઝાડ સાથે બાંધી ત્રણે તે ન સાંભળે તેમ સહેજ દૂર જઇ વાતો કરવા લાગ્યાઃ—

"હવે પત્તો મેળવતાં દહાડા લાગશે. માટે આપ લશ્કરમાં પાછા પધારો. હું શોધમાં જાઉં છું." પ્રતાપે કુમારને સંબોધતાં જણાવ્યું.

"હું લશ્કરમાં પત્તો મેળવ્યા વિના નહીં જાઉં." કુમારે હઠીલો ઉત્તર વાળ્યો.

"પણ તેમ ન થતાં તો ભારે ઉપાધિ આવી પડે. હેમસિંહને ખબર પડતાં તે તુરત લડાઇ શરૂ કરે. ખડ્ગસિંહ મહારાજ આથી ગભરાય. વળી આપના પિતા પણ આ હકીકત સાંભળી બહુ દીલગીર થાય." પ્રતાપે સમજાવ્યું.

"ગમે તેમ થાય. જો વિશ્વમોહિનીનો પત્તો ના લાગે તો પછી મારે દુનિયાની શું પરવા છે ?" કુમારે હઠ પકડી.

પ્રતાપે તેને ઘણોજ સમજાવ્યો કે આમ ધીરજ ના છોડવી. આથી તો અમે પણ નારાજ થઇ જતાં કાંઇ કરી શકીશું નહી, વગેરે કહેતાં કુમારે છેવટે જણાવ્યું:—" જાઓ કાલનો દિવસ હું તમારી સાથે રહીશ. ત્યાં સુધી પણ પત્તો નહીં લાગે તો હું લશ્ક-

રમાં જઇશ. લશ્કર લેઇ અમલગઢ ઉપર ચઢીશ અને ત્યાં લડાઇ શરૂ કરીશ. તમે કુમારીની શોધમાં રહેજો."

પ્રતાપે આ વાતનો મરજી વિરૂદ્ધ પણ સ્વીકાર કર્યો.

કુમાર અને નવલસિંહને ત્યાંજ જંગલમાં રહેવા સૂચન કરી પ્રતાપે પેલા પકડેલા પહેરાવાળાનો વેશ લીધો અને અમલગઢ જવા નીકળ્યો. ઉતાવળે પગલે ચાલતો પ્રતાપ થોડીજ વારમાં અમલગઢના દરવાજે આવી પહોંચ્યો. બીજા કંઇક સીપાઇઓ અત્યારે દરવાજે હતા. તેમાંના એકે પુછ્યું:-

"અરે રૂઘનાથસિંહ ! પહેરો છોડી ક્યાં ગયા હતા ? અહીં ગડબડ થઇ ગઇ. મોતીલાલ બંકા પહેરો તપાસવા આવ્યા હતા. તે તમને ના જોઈ ઘણાજ ગુસ્સે થઇ ગયા. અમારા ઉપર પણ તમારા લીધે ક્રોધ કર્યો. તમારો પત્તો મેળવવાજ ગયા છે પણ હજુ સુધી પાછા નથી આવ્યા."

"મારી તબીયત એકાએક બગડી આવી હાજત જણાઇ તેથી ખરચુ જવા મેદાનમાં ગયો. ત્યાં જરા વાર થઇ. હજી પણ પેટમાં ગડબડાટ થયે જાય છે. ભાઇ શું કરીએ, શરીર પછવાડે સંસાર. કોઈ ખુશી થાય કે ગુસ્સે થાય પણ કાંઈ હાજત રોકાય ? અરેરે પાછો ગડબડાટ થવા માંડયો. હમણાંજ હાજતે જઇ ફરી પાછો આવું છું." કહી નકલી રૂઘનાથસિંહ ત્યાંથી ચાલી નીકળ્યો.

મોતીલાલબંકા આવ્યા હતા અને પહેરાવાળાની શોધમાં ગયા છે એ હકીકત પ્રતાપે જાણી. ત્યાં વધારે વાર રોકાવાથી બંકા પાછો આવી પહોંચતાં પકડાઈ જવાય. આથી તુરત તે ત્યાંથી ખસ્યો અને એક ભીખારીનો વેશ લેઇ સડકની એક બાજુ બેસી ગયો. અડધો એક કલાક આ સ્થિતિમાં બેસતાં બંકાને પાછો ફરતો જોયો. પાછળ

અહમદ એક ગાંસડી બાંધેલી લઇ ચાલતો હતો. રૂવનાથસિંહ પહેરાવાળો પણ સાથે હતો. પહેરાવાળો ઝાડ સાથે બાંધેલો હતો અને કુમાર તથા નવલસિંહ ત્યાંજ હોવા છતાં પહેરાવાળાને આમ બંકાની સાથે આવતો જોઇને પ્રતાપસિંહ ભડકયો. કાંઇક નવાજુની થઇ એમ અનુમાન કર્યું. અહમદની પીઠ ઉપરની ગાંસડીમાં કાંતો નવલસિંહ અગર કુમાર હોવા જોઇએ એમ તેણે વિચાર્યું. કારણ ત્યાં લડાઇ થયા શિવાય આ પહેરાવાળો છુટી ન શકે એ નક્કીજ હતું. તોપણ પ્રતાપે આ ક્ષણે કાંઈ પણ વિશેષ ન કરતાં મૌન ધારણ કરી જોવામાંજ સંતોષ માન્યો.

બંકા તથા અહમદ ત્યાંથી જતાં તુરત પ્રતાપ ઉઠી જ્યાં નવલસિંહ અને કુમારને મુકીને આવેલો તે સ્થાને આવ્યો. પ્રતાપે અહીં એકલા નવલને જોયો.

"ગુરૂજી! કુમાર દુશ્મનના હાથમાં સપડાયા." પ્રતાપને જોતાંજ નવલ શોકમિશ્રિત કર્કશ સ્વરથી બોલ્યો.

"ખરેખર આજકાલ દશા અવળી બેઠી લાગે છે. જ્યાં ત્યાં ઉંધાંજ પડે છે.' કહેતાં પ્રતાપે નવલને કેમ બન્યું તે હકીકત પૂછી. નવલસિંહે જણાવ્યું:—

"તમે અમલગઢ તરફ વળ્યા અને અમે તો એક પત્થર ઉપર વાતો કરતાજ બેઠેલા રહ્યા. એટલામાં એક ન્હાનો પત્થર કોઈનો ફેંકેલો કુમારના પગ આગળ આવીને પડયો. અમે બન્ને આશ્ચર્ય પામ્યા. જે બાજુથી પત્થર આવ્યો તે તરફ જોવા લાગ્યા. વળી પાછો એક પત્થર આવ્યો પણ કોઈને વાગ્યો નહીં. મેં બુમ પાડી કે—કોણ છે જે આમ સંતાઇને પત્થર મારે છે. સ્હામે કેમ નથી આવતો. તેનો જવાબ આવ્યો કે સિંહની બોલી બોલનારા પણ ખરી રીતે તો ગધેડાઓને તો દુરથીજ મરાય. આ ઉત્તર

સાંભળીતાં કુમાર ગુસ્સે થઇ ગયા. તરવારની મુઠ પર હાથ મુકતા ઉઠયા પણ મેં તેમને રોક્યા. હું જે બાજુથી પત્થર અને અવાજ આવ્યાં તે તરફ દોડયો. એક પત્થર ફેંકતો માણસ જોવામાં આવ્યો એટલે હું જરા વધારે દોડી આગળ વધ્યો. ઝાડની ઘટાને લીધે તે કોણ હતો તે ઓળખાયું નહીં ! વળી તેણે એક પત્થર મારા તરફ ફેંક્યો. ગુસ્સામાં અને આવેશમાં હું આગળ વધ્યો. આગળ પેલો માણસ અને પાછળ હું, તેણે ભમરડી ચકરડીમાં મને ફેરવ્યો. અને પછી વન વૃક્ષ ઘટામાં તે અદૃશ્ય થઇ ગયો.

પત્તો નાજ લાગ્યો. થાકી કંટાળી હું કુમાર પાસે આવ્યો. કુમારને ના દેખ્યા. પેલા ઝાડ સાથે બાંધેલા સીપાઇને તપાસતાં તે પણ ત્યાં નહોતો, મારો જીવ ઉડી ગયો. ત્યાંજ બેસી વીચારવા લાગ્યો કે—ક્યાં શોધું ? ક્યાં જાઉં ? શોધતાં શોધતાં દુર જાઉં અને પ્રતાપસિંહ આવે ને અમને ન જુએ તો તેમની શી દશા થાય." આ વિચાર કરતો આટલામાં જ શોધ કરતો હું બેઠો છું એટલામાં તમે આવ્યા.

પ્રતાપે સર્વ હકીકત સાંભળી એક દીર્ઘ નિશ્વાસ નાંખ્યો. વિશ્વમોહિની અને મણીકાન્તા તો આફતમાં ફસાયાંજ હતાં. તેમનો પત્તો લાગ્યો નહોતો એટલામાં વળી કુમાર દુશ્મનના હાથમાં સપડાયાથી એક નવી ઉપાધિ વધી.

પ્રતાપસિંહે અને નવલસિંહે બેસી કંઇક વાતચિત કરી બન્નેએ ત્યાંથી પ્રયાણ કર્યું.

પ્રકરણ ૭ મું.

ચમત્કારી ખંડેર.

માનવ મનમાં મ્હાય, સુખ સંસારે સાધવા;
લખ્યું લલાટે થાય, અણધારી આફત નડે.

મધ્યાન્હ સમયે એક મંદ મંદ ગતિથી વહન કરતા નિર્ઝર કિનારે સુન્દર સાફ છાટ ઉપર બે ઉદાસિન ચહેરાયુક્ત સુંદરીઓ બેઠી છે. બન્નેની સાડીઓ ફાટેલી મેલી છે. મુખ મ્લાન છે. શ્યામતા ઢળી ગઇ છે. શિરના વાળ ખુલ્લા છે. પગ ઉપર માટી ચઢી ગયેલી છે. ચહેરા બન્નેના ખુબસુરત હોવા છતાં ઉદાસિન અને નિસ્તેજ થઇ ગયેલ ભાસે છે. ચારે બાજુ નિર્જન પ્રદેશમય ભયાનક જંગલ છે. જંગલી જાનવરોનો ભયપ્રદ અવાજ, તેમાં વળી સુસવાટા ભેર વાતો પવન, તેનાથી થતો વૃક્ષ પલ્લવોનો ઘણઘણાટ આ જંગલને વિશેષ ભયંકર બનાવે છે.

નિર્ઝરની સ્હામી બાજુ એક હિંસક દીપડો પાણી પીવા ઉતર્યો. બન્ને સુંદરીઓએ તેને જોયો. ઇશ્વરેચ્છાથી દીપડાના જોવામાં તે સુંદરીઓ ના આવી. કારણ વચ્ચે એક મ્હોટું વૃક્ષ આડે આવેલું હતું.

તો પણ આ સુંદરીઓને તે ઘાતક પશુનો સ્વાભાવિક ડર લાગ્યો. બે પૈકી એક વિશેષ નાજુક બદન વાળી હતી તે ધીમેથી બોલીઃ—" બ્હેન ! જોજે તે આ પાર ના આવે."

" ના બહેન ! તે આ પાર નહીં આવે અને કદાપિ આવવાનો ઇરાદો પણ કરશે તો આ તીરથી તેને પાર કરતાં શી વાર છે ? નાળામાંના સીપાઇઓને મારી તીર તો આપણે લીધાં છે. વળી

આપણે બન્ને તેને કેમ વાપરવાં તે જાણીએ છીએ. તો પછી બ્હીવું શું કામ? લ્યો તૈયાર થાઓ. એક તીર તમે ચઢાવો. એક હું ચઢાવું છું."

બન્નેએ તીર ચઢાવ્યાં પણ તેનો ઉપયોગ કરવો ન પડયો, દીપડો પાણી પી ઉપલાણો ચાલ્યો ગયો અને થોડીજ વારમાં અદૃશ્ય થયો.

બન્ને સખીઓ હવે નિર્ભયતાથી વાતો કરવા લાગી.

"કેમ મણીકાન્તા! કંઇ સમજાય છે કે આપણે કયાં છીએ? આ કયું જંગલ અને નવીનદુર્ગનો રસ્તો કયાં હશે ? ! "

" કુમારી બા ! કાંઇ મને ખબર પડતી નથી. નાશી છુટવાની ધુનમાં આપણે કયો માર્ગ લીધો તેનું ભાનજ નથી રહ્યું. નવીનદુર્ગ કઇ બાજુ ? અમલગઢ કયાં રહ્યું ? વિજયગઢનો રસ્તો કયાં ? વગેરે કાંઇ ખબર નથી. તમારી સાથે મહેલમાંજ રહેવાથી મેં તો માત્ર નવીનદુર્ગ અને વિજયગઢનો રસ્તો જોયો છે. આ બાજુ કોઇવાર આવેલી નથી. હા. અમલગઢથી સીધો નવીનદુર્ગનો રસ્તો મને ખબર હતો; પણ તે રસ્તે દુશ્મનનું લશ્કર પડેલું એટલે તે બાજુ ન જતાં જંગલમાંજ આપણે આગળ વધ્યાં છીએ. હવે તો જેમ પ્રભુની મરજી હશે તેમ થશે. તેજ કંઇનો કંઇ રસ્તો બતાવશે. મારી પાસે થોડાંક ફળ છે તે ખાઇ પાણી પી લો. જે બનવાનું હશે તે બનશે."

" એ સંઘરેલાં ફળને કોઇ બીજા વખત માટે રહેવા દો. કોણ જાણે શું એ પ્રારબ્ધમાં લખ્યું હશે. આ જંગલ ઘણુંજ વિકટ અને મ્હોટું જણાય છે. ફળો પણ ઉગેલાં લાગે છે. જંગલી ફળો સારાં તો નહીં લાગે પણ સમય બારીક છે તેથી તેજ ખાઇ ચલાવીશું."

" જેવી તમારી મરજી."

મણીકાન્તા અને વિશ્વમોહિનીકુમારી બન્ને ત્યાંથી ઉઠયાં. નિર્ઝરને કિનારે આગળ વધતાં હતાં. મધ્યાન્હ પછી એ ત્રણનો અમલ થયો હતો તે વખતે બન્ને એક પુરાણા જેવા જણાતા એક ખંડેર મકાન આગળ આવી પહોંચ્યાં. ખંડેર જોતાં જાણે કોઈ રાજાએ બંધાવેલું પરંતુ જીર્ણ થઇ ગયેલું જણાયું.

" કુમારીબા ! આ ખંડેરના દરવાજા આગળ તમે જરી વિશ્રાંતિ લ્યો. હું આટલામાંથી કાંઇ સારાં પાકાં ફળ તોડી લાવું અને પછી અહીં બેસી નિરાંતે ખાઇએ. પછી આ મકાન કેવું છે તે જોઇએ. જ્યાં સુધી નવીનદુર્ગના માર્ગનો પત્તો ન મળે ત્યાં સુધી આ ખંડેરમાં રહેવું આપણને ઠીક પડશે. અહીં નિર્ભયતાથી દિવસો ગુજારાશે. એવામાં કોઇ વટેમાર્ગુ જતો આવતો જણાશે અને નવીનદુર્ગનો માર્ગ બતાવશે તો જઇશું." મણીકાન્તાએ જણાવ્યું.

કુમારીને આ વાત પસંદ આવી. મણીકાન્તા ફળ લેવા ગઇ. વિશ્વમોહિની ત્યાં એકલીજ બેઠી.

મણીકાન્તાએ ફળ લેઇ પાછી આવે તે દરમિયાનમાં વિશ્વ-મોહિનીને ત્યાં એકલી બેસી રહેવાને બદલે આ ખંડેર જોવાનો વિચાર થયો. તે ઉઠી અને ખંડેરમાં પેઠી. ખંડેર ઘણુંજ જુનું લાગતું હતું, છતાં તેનો દરવાજો ઘણોજ મજબુત હતો. તેને પ્રથમ લોઢાનાં કે લાકડાનાં કમાડ તો હશેજ એમ દરવાજો જોતાંજ કુમારીને જણાયું.

રાજકુમારી નિર્ભયતાથી આગળ વધી. એક ઘણુંજ ભવ્ય ચોરસ મકાન લાગ્યું. વચલી ઇમારત તુટેલી હોવા છતાં તેની ચારે બાજુના સ્તંભ ઘણાજ મજબુત હતા. આગળ વધતાં તે એક ઓરડામાં આવી. ઓરડાની છત તુટી ગયેલી હતી. અહીં તહીં

ઈંટ અને પત્થરોના ટુકડા પડયા હતા ધીમે ધીમે ગોઠવીને પગ મુકી કુમારી આગળ ચાલી. એક મ્હોટું મેદાન જણાવા લાગ્યું. રાજકન્યા તે નિહાળવા લાગી તેને જણાયું કે તે સ્થાને પ્રથમ વિશાળ બાગ હશે. આરસ પહાણની બનેલી ક્યારીઓ ઠેકાણે ઠેકાણે નજરે પડતી હતી. પાણીના છંટકાવ અર્થે કરેલી ન્હાની ન્હાની મોરીઓ જુદા જુદા ફુઆરાઓ જીર્ણ થયેલા જણાયા.

મેદાનમાં વચ્ચો વચ્ચ પત્થરનું બનાવેલું એક મ્હોટુ ગરૂડપક્ષી બનાવી બેસાડેલું કુમારીએ જોયું. કુમારી જોવા નજીક ગઇ, તેને જોઇ તેને બનાવનારની કારીગીરીનાં વખાણ કરવા લાગી.

ગરૂડપક્ષી સફેદ આરસ પહાણનું બનાવેલું હતું. કમર બરોબર ઉંચા તથા એક મ્હોટા કાળા પત્થરના ચોતરા ઉપર તેને બેસાડેલું હતું. તેના પગ જણાતા નહોતા. જાણે પગ પેટમાં પેસાડી દઇ, પેટ જમીનને અડાડીને તે બેઠું હોય તેમ દેખાતું હતું. તેનું પેટ લગભગ પંદર હાથના ઘેરાવાવાળું હતું. તેની ચાંચ પણ તેજ પ્રમાણમાં લાંબી તથા એવી કારીગરીથી બનાવી હતી કે કુમારી તેનાં વારંવાર વખાણ કરવા લાગી.

જરા વધારે પાસે જઇ ગરૂડને જોવાનું મન થયું. તે નજીક ગઇ. ગરૂડે પોતાનું ચાંચ રૂપ મ્હોં ઉઘાડયું. વિશ્વમોહિની ગભરાઇ. આ શું ચમત્કાર એમ બોલતી તે સ્હેજ ભય પણ પામી. પક્ષીની સ્હામે હતી તે બાજુપર ખસી ગઇ. પક્ષીએ હવે પોતાની પાંખો પહોળી કરવા માંડી.

ભૂત પ્રેત વગેરે કોઇ ચીજ છેજ નહીં, જાદુ મંત્ર વગેરે સહુ ખેલ છે. સર્વ રંગવિદ્યાના પ્રપંચથી બને છે. એમ રાજકુમારી માનતી હોવાથી તે બહુ ના બ્હીની. આજ જગાએ કોઇ બીજી

નાજુક સ્ત્રી હોત તો તત્કાળ મરણને શરણ થાત. રાજકુમારી ગરૂડ પક્ષીને પાંખ પ્રસારતાં જોઈ તેની પાછલી બાજુ ગઇ. પાછલી બાજુ રહેલા પત્થર ઉપર જેવો કુમારીએ પગ મૂકયો કે ગરૂડ હાલી ઉઠયું. એકદમ ઘુમ્યું, પાછું ફર્યું અને પોતાની પહોળી કરેલી ચાંચમાં રાજકુમારીને લેઇ ચાંચ બીડી દઇ પાછું ઘુમી હતું તેમ થઇ ગયું. પાંખો હતી તેમ સંકોરી લીધી. રાજકુમારી અદ્દશ્ય થઇ ગઇ. જાણે કાંઇ બન્યું નથી એવો દેખાવ થઇ રહ્યો.

* * * * * * * *

મણીકાન્તા ફળની ઝોળી ભરી લઇ ખંડેરને દરવાજે આવી પહોંચી. રાજકન્યાને તેણે ત્યાં ન જોઇ. આમતેમ ચારે બાજુ દૃષ્ટિ ફેરવી. ખંડેરમાંજ રાજકન્યા ગઇ હશે. એમ અનુમાન કરીને ખંડેરમાં જવા તૈયાર થઇ.

રાજકન્યા તો નિર્ભયતાથી ખંડેરમાં ગઇ હતી. પણ મણીકાન્તા તો ધીમી ધીમી ચારે તરફ પોતાની નજર ફેરવતી એકએક ચીજ માટે તપાસ કરતી કરતી આગળ વધી.

પ્રવેશતાંજ બે બાજુએ ઓરડા જોયા. તુટેલી છત અને પડેલી ઇંટ અને પત્થરો જોયાં, ભીંતની તસ્વીરો તપાસી. તમામ તસ્વીરો જાણે તાજી અને તુરતની ચિતરેલી લાગતી હતી. અજાયબીની વાત એ હતી કે એક પણ તસ્વીર આખી નહોતી. કોઇને માથું નહીં તો કોઇને પગ નહીં. કોઇનો હાથ અડધો કપાયલો તો કોઇનું અડધું ધડજ નહીં. દરેક તસવીર ભયંકર જણાતી હતી.

સર્વ જોતી જોતી મણીકાન્તા ગરૂડવાળા મેદાનમાં પહોંચી.

બીજું જોવાનું છોડી મણીકાન્તા પ્રથમ તે ગરૂડને જોવા સપાટા બંધ ચાલી. ગરૂડે મ્હોં ઉઘાડયું. મણીકાન્તા ચકિત થઇ

અને ઝટ પાછી હઠી. પક્ષીએ મ્હોં બંધ કર્યું. હવે શું કરવું તેનો તે વિચાર કરવા લાગી.

"ખરેખર રંગવિદ્યાનો પૂર્ણ ચમત્કાર અહીં છે. આ ભેદનો પત્તો મેળવવોજ જોઇએ. વળી પ્રથમ તો રાજકુમારીની શોધ કરવી જોઇએ. આ ખંડેર કોઇ ચમત્કારપૂર્ણ છે. વખતે એમ ના બન્યું હોય કે રાજકુમારી અહીંજ ફસાઈ ગઇ હોય!" આમ વિચારતી મણીકાન્તા બીજી બાજુ ફરવા લાગી.

પ્રકરણ ૮ મું.

મણીકાન્તા ફસાઈ.

ચારે બાજુ મકાનોની હાર આવી રહેલી હતી. કોઇ ઓરડાઓ જુના ભાગ્યા તુટયા તો કોઇ સારી સ્થિતિમાં હતા. એક બાજુથી જોવાનું શરૂ કર્યું. પ્રથમ તે એક ઓરડામાં પેઠી. આ ઓરડાની લંબાઇ પહોળાઇ લગભગ સો ગજની હતી. તેની છત વચમાં વચમાં તુટેલી હતી. વચ્ચો વચ્ચ એક માટીનો અને એક ચુનાનો ઢગલો પડયો હતો. અહીં તહીં હાડકાં પડેલાં હતાં. ચારે બાજુ જાળાં બકુઆં બાઝેલાં હતાં. માટીના ઢગલાંમાંથી ન્હાના ન્હાના પીપળના છોડ ઉગી નીકળ્યા હતા. એ ઓરડામાં એક બાજુ બીજી ન્હાની ઓરડી હતી. તે ઓરડીમાં જતાં ત્યાં એક કુવો જણાયો અંદર અંધારૂં લાગ્યું.

આ ઓરડી જાણે વાળી ઝુડી કોઇએ સાફ રાખી હોય એમ મણીકાન્તાને જણાયું. કુવો પણ સાફ કરેલો હોય એમ તેને લાગ્યું.

પુરાણા કુવામાં ઝાડોનાં મૂળ વગેરે બાઝયાં હોય પણ તેવું અહીં નહોતું. એટલામાં નહીં સમજાય તેવો કંઇ અવાજકુવામાંથી આવતો સંભળાયો. આથી કુવામાં શું હશે તે જોવાનો તેને વિચાર થયો.

પત્તો મેળવવા પોતાની ઝોળીમાંથી મણીકાન્તાએ કપુર કાઢયું. તેના કેટલાક કડકા કર્યા. તેને સળગાવીને તેણે કુવામાં ફેંક્યા. બળતા કપુરના કડકાએ કુવામાં પુરતો પ્રકાશ કર્યો. મણીકાન્તાએ જોયું તો કુવો અંદરથી ઘણોજ મ્હોટો, સ્વચ્છ અને પાણી વગરનો હતો. પાણીની જગોએ એક બીછાનું પાથરેલું હતું. તેની ઉપર એક બુઢ્ઢો આદમી બેઠેલો હતો. બુઢ્ઢાની લાંબી લટકતી દાઢી દેખાઇ. ગર્દન નીચી હતી તેથી ચહેરો ન જણાયો. સ્હામે એક બાજઠ હતો. તેના ઉપર રંગ વિરંગી ફુલો પડયાં હતાં.

મણીકાન્તા આ જોઇ ભયથી કંપી. ફરી મનને સાવધ કરી કુવા ઉપર બેસી વિચાર કરવા લાગી. અક્કલે કામ ન કર્યું. એટલામાં કપૂરના કડકા બળી રહ્યા અને કુવામાં ફરીથી અંધારૂં થયું.

આ કુવાવાળી ઓરડીમાંથી એક બીજા ઓરડામાં જવાનો રસ્તો હતો. મણીકાન્તા આ રસ્તેથી બીજા ઓરડામાં પ્રવેશી. આ ઓરડો વિશેષ વિચિત્ર અને ભયંકર હતો. હાડકાં અને ગંદકીનો તો પારજ નહોતો. ગધેડાનું હોય કે ટટ્ટુનું પણ એક હાડપિંજર વચમાંજ પડયું હતું. તેની બાજુએ થઇને મણીકાન્તા ઓરડાના મધ્ય ભાગમાં આવી. એક આરસ પહાણનો બે માથાપુર ઉંચો ચોતરો બનાવેલો જણાયો. ચોતરા ઉપર ચઢવા સુંદર નીસરણી પત્થરનાં નવ પગથી-આંની બનાવેલી હતી. ચોતરો ઉંચો હતો એટલે ખુલ્લુ તો ન જણાયું તોપણ એક મનુષ્ય આકૃતિ હાથમાં જાણે પુસ્તક ધારણ કરી વાંચતી બેઠેલી હોય એમ માલમ પડયુ. ચોતરા ઉપર ચઢવું તેનો વિચાર થયો. ચઢતાં વળી કંઇ ફસાવું તો નહીં પડે એમ સ્વાભાવિક

સ્ફુર્ણું થયું. તો પણ તેણે હિમ્મતથી પગથીઆ ઉપર પગ મુકી શું થાય છે તે જોવાનું સાહસ કર્યું. જેવો મણીકાન્તાએ પગ પહેલા પગથીઆ ઉપર મુક્યો કે તુરતજ એક અવાજ થયો. જાણે પેટીનું ઢાંકણું ઉઘડે તેમ પગથીઆનો પત્થર ઉંચો થયો. મણીકાન્તાના પગને જોરમાં નીચે ફેંક્યો. આંચકાથી તે એકદમ જમીનપર પડી, પણ સદ્‌ભાગ્યે ઇજા ન થઇ. સંભાળીને ઉભી થઈ. સીડીનું પગથીઉં હતું તેમ પાછું થઇ ગયું.

જીર્ણ જેવું જણાતું આ ખંડેર અજબ ચમત્કારથી પૂર્ણ અને કોઇ મહા રંગીની કારિગરી અને ચાલાકીના પરિણામે તૈયાર થયેલું હોય એમ મણીકાન્તાને લાગ્યું. આ મકાનમાં સહેલ કરવાનું કામ ધારવા પ્રમાણે સુલભ નહોતું. જરા પણ સંભાળમાં ચૂક થતાંજ જીવ જોખમમાં આવી પડે તેવું હોવા છતાં–" હવે મને શું ભય છે? પ્રાણથી પણ અધિક વ્હાલી વિશ્વમોહિની જો આ મકાનમાં ક્યાંઇ પ્રસાઈ છે અને તેનો પત્તો મેળવવો છે તો પછી પ્રાણ જાય તો ભલે પણ કુમારી શિવાય આ મકાનમાંથી બહાર ન નીકળવું." એમ બબડતી મણીકાન્તાએ સીડીનાં તમામ પગથીઆં પત્થર મૂકી મૂકીને અજમાવ્યાં. પત્થરને દરેક પગથીએ અવાજ સાથે ઉછાલ્યો. ચબુતરામાં શું ચમત્કાર છે તે જોવાની આથી મણીકાન્તાને વિશેષ જીજ્ઞાસા ઉત્પન્ન થઇ. પગથીઆંથી ચબુતરા ઉપર ચઢવાને બદલે તેણે ત્યાં પડેલા ઇંટો અને પત્થરા ચોતરા નજીક લાવી ગોઠવ્યા અને તેના ઉપર ચઢીને ચોતરાના માણસને તપાસવા લાગી.

લગભગ ત્રણ વર્ષની ઉમરની બાળકની આકૃતિ–એ હાથમાં એક પુસ્તક લઇ વાંચતી બેઠેલી જણાઇ. ઝીણી તપાસ કરતાં આ આકૃતિ કૃત્રિમ લાગી. એક ન્હાની કાંકરી લઇ મણીકાન્તાએ તે મનુષ્યાકૃતિના મ્હોં ઉપર મુકી. આકૃતિએ અજબ કામ કર્યું. હાથને ઉંચો કરી

કાંકરી ખસેડી પાછો હતો તેમ ઠેકાણે થઇ ગયો. ફરી એક કાંકરો પગ ઉપર મૂકયો. પગ હાલ્યો અને કાંકરો નીચે પડયો. મણીકાન્તા નીડર અને ચાલાક હોવા છતાં ભયગ્રસ્ત થઈ અને ત્યાં વધારે વાર ના થોભતાં બીજા ઓરડામાં જઇ ત્યાં જોવા લાગી. આ ઓરડાની વચ્ચોવચ્ચ ભોંયરૂં અને તેમાં નીચે ઉતરવાનાં પગથીયાં બનેલાં જોયાં. ભોંયરાનાં દ્વાર હતાં પણ તે આ વખતે ખુલ્લાં હતાં.

ભોંયરામાં ઉતરવું કે કેમ તેનો વિચાર થયો. નીચે ઉતરતાં જો બારણાં બંધ થઇ જાય તો પછી અંદર જીવન પુરૂ કરવાનો પ્રસંગ આવે તેથી પ્રથમ બારણાંને અજમાવવાનો તેણે વિચાર કર્યો. કાંઇ ચીજ અંદર ફેંકી બારણાં બંધ થાય છે કે કેમ તે જોવાનું તેણે ધાર્યું. પણ વળી વિચાર થયો કે તેમ કરવાથી જો બારણાં બંધ થઈ જશે તો પછી અંદર જઇ શું છે તે જોવાનો પ્રસંગ નહીં મળે. અંદર જવાય અને બારણાં બંધ ના થાય એવી યુક્તિ શોધવા લાગી. પ્રથમ બારણાં તોડી નાંખવાનો વિચાર કર્યો પણ તેમાં તે ફાવે તેમ ન લાગ્યું. બારણાં મજબૂત અને લોઢાનાં હતાં.

મણીકાન્તાની કમરે એક મજબુત લાંબો કમરપટો હતો. તેને બેવડો કરી કમાડ સાથે બાંધ્યો અને તેનો બીજો છેડો સ્હામે એક ખીંટી સાથે બાંધ્યો. પછી એક પત્થરને પગથીઆં ઉપર ગબડાવ્યો. પત્થર ગબડતાંજ એક અવાજ થઇ જાણે સુસવાટા ભેર પવન વાતો હોય તેમ હવા નીકળવા લાગી. બારણું એક બંધ થઇ ગયું. બીજું બારણું મજબુત બંધાયલું તેથી ખેંચાવા તો લાગ્યું પણ બંધ થઈ ન શક્યું. મણીકાન્તા હવે અંદર શું છે તે તપાસવા બેધડક નીચે ઉતરી.

નીચે ઉતરતાં એક લાંબી--પ્હોળી ઓરડીમાં ઉતરવાનું

હોય એમ જણાયું. ઓરડીમાં ઉતરતાં પહેલાં સીડીના ભોંય તળીઆના પગથીઆ આગળ બારણા જેવું ચોકઠું હતું. મણીકાન્તાએ તપાસ કરી તો ચોકઠું ચારે બાજું પત્થરનું બનાવેલું હતું ;અને તેને બારણાં છેજ નહીં એવી ખાત્રી થઇ. ઓરડીમાં તે નિર્ભયતાથી ઉતરી. પણ જેવી ઓરડીમાં ઉતરી કે તુરતજ પત્થરના ચોકઠાની ઉપરની બાજુનો પત્થર એક અવાજની સાથે નીચે ઉતરી પડયો. ચોકઠાની જગ્યાએ જાણે ભીંત હોય એમ થઇ ગયું. ઓરડામાં અંધારૂં ઘોર હતું પાછા જવાનો માર્ગ બંધ થયો અને મણીકાન્તા અંધારામાંજ ફાંફાં મારવા લાગી.

થઇ રહ્યું. વિશ્વમોહિનીને ગરૂડપક્ષીએ પોતાની ચાંચમાં સપડાવી તો મણીકાન્તાને આ અંધકારપૂર્ણ ભોંયરાએ સપડાવી.

બન્ને આ ચમત્કાર પૂર્ણ ખંડેરમાંજ જૂદી જૂદી રીતે સપડાયાં.

પ્રકરણ ૯ મું.

રંગી રોળાયા.

નહીં નીતિનું નામ, ગુણીનો જ્યાં આદર નહીં;
રહેવું ગણે હરામ, સુજ્ઞ જનો તે સ્થાનમાં.

અમલગઢના કિલ્લાની અંદર મહારાજા વ્હેમસિંહના ઇન્દ્રમહેલમાં એક ઘણીજ મજબુત તુરંગરૂપ ઓરડી આવેલી હતી. તેનાં કમાડ લોઢાનાં હતાં. આ ઓરડીમાં હાથે પગે બેડી નાંખેલો, ઉદાસ ચહેરાથી કુમાર વિજયસિંહ બેઠો હતો. પહે-

રાદાર તરીકે ઓરડીની બહાર, હાથમાં ચળકતા છરા સાથે કમરબંધી કેટલીક સ્ત્રીઓ જ પહેરો ભરી રહી હતી.

કુમાર મનમાં જ બબડતો હતોઃ-"અરેરે રાજકન્યાનો પત્તો લાગ્યો તોપણુ તે નકામોજ ગયો. પ્રથમ તો એમજ લાગેલું કે વ્હેમસિંહ તેને ઉડાવી લેઇ ગયેલો; પણ હવે શું ધરાય !! અરેરે મોહિની ! વિશ્વમોહિની ! તું ક્યાં છે ? ! તારી જુદાઇ મારાથી સહન થઇ શકતી નથી. જેટલું દુઃખ તારી જુદાઇ મને આપે છે, તેટલું દુઃખ આ હાથપગની બેડી અને આ કેદ નથી આપતાં. જો મને માત્ર તારી ભાળ મળે-અરે માત્ર મારા સાંભળવામાં આવે કે તું જીવતી છે, તું સહીસલામત છે, તું તારા માતપિતા પાસે પહોંચી ગઇ છે; તો બસ, પછી આ તુરંગમાં ભુખ્યા તરસ્યા મરવામાં હું આનંદ પામીશ; પરંતુ જ્યાં સુધી તારો પત્તો મને નથી લાગ્યો ત્યાં સુધી આ જીવન મને દુઃસહ લાગે છે. અરેરે તારી શું દશા હશે. હું તને ક્યાં શોધું ! ! હે હાથકડીઓ અને બેડીઓ ! તમે મને દાઝયાઉપર ડામરૂપ છો. ઘા ઉપર નિમક રૂપ છો. અરે જો હું આ વખતે જંગલમાં વને વન વિશ્વમોહિનીની શોધમાં ભટકતો હોત, પગમાં કાંટા ભોંકાતા હોત, શ્રોણિતધારા ચાલતી હોત, ભૂખ તરસના ભાનવિના તે રાજકન્યાની શોધમાં વિચરતો હોત, તો તેવે વખતે હે પ્રભુ ! હે ઇશ્વર ! હું હિમ્મતવાળો તેમજ સત્ય-શુદ્ધ પ્રેમી છું કે નહીં તે સમજાત; પણ તેં તો મને પ્રથમથીજ હાથે પગે બેડી નાંખી. જેને જીવન આપી આટલું સુખ આપ્યું તેને આમ ભર દરિયામાં ઢોળીપાડવાનું શું કારણ ? ત્રાહિ ! ત્રાહિ !"

વિજયસિંહની આંખમાંથી આંસુની ધારા અખંડિત વહેતી હતી. લાંબા લાંબા નિસાસા તે નાંખી રહ્યો હતો. મધ્યરાત્રિ ક્યાર-

નીએ વીતી ગઇ હતી. એવામાં સ્હામેજ આવેલા દિવાનખાના તરફ કુમારની આંખ્યો ખેંચાઇ. આ દિવાનખાનામાં પ્રથમ આછુ અજવાળું હતું, પણ જાણે ત્યાં કાંઈ નાચ રંગ થવાનો હોય અગર કોઇ મીજલસ મળવાની હોય તેમ તૈયારીઓ થતી જણાઇ. થોડીજ ક્ષણમાં સૂર્યસમાન પ્રકાશથી આ દિવાનખાનું ઝળહળવા લાગ્યું દિવાનખાનામાં વચ્ચો વચ્ચ એક ઘણીજ કિમતી જરિયાનની ગાદી બીછાવેલી હતી. ત્યાં દાસીઓ જાણે કોઇના આગમનની રાહ જોતી હોય તેમ બારણા તરફ નજર કરતી ઉભેલી કુમારને જણાઈ.

શોકસાગરમાં લીન થયેલા વિજયકુમારનું ધ્યાન આવા અતિ સંકટના પ્રસંગે પણ ખેંચાયા વિના ન રહ્યું. આ સ્થાને કોઇ પણ પુરૂષનો છાયો પણ જણાતો નહોતો, તેવા સ્થાનમાં પોતાને કેદ કરવાનું શું કારણ ? તેનો વિચાર તે કરતોજ રહ્યો.

વિચારમાં વખત ઘણો વિત્યો, પણ કુમાર કંઈ કારણ શોધી શક્યો નહિ. તે માથું નીચું કરી ઘણી વાર બેસી રહ્યો.

એવામાં અચાનક કંઇક ખડખડાટ થયો. કુમાર ચમક્યો તેણે એ તરફ જોયું તો તેને એક અજબ કૌતક જણાયું, કે જે જોતાંજ કુમારનું લોહી ઉકળી આવ્યું. તે દેખાવ એ હતો કે વ્હેમસિંહ મહારાજ એક ઇન્દ્રરાય સરખા વૈભવી ઠાઠમાં ત્યાં આવતા જણાયા. કુમાર આ જોતાંજ મહા આશ્ચર્યમાં ડુબ્યો, તેની સ્થિતિ ચિત્રવિચિત્ર બની અને એકીટસે તે જોવા લાગ્યો.

વળી વધારે આશ્ચર્ય ઉપજાવે એવું તો એ હતું કે વિશ્વમોહિની અને મણીકાન્તા પણ સાથે સાથે એક બીજાના હાથ ઝાલી ધીમે ધીમે ચાલતાં દિવાનખાનામાં પેસી, મહારાજાની જમણી બાજુ વિશ્વમોહિની અને ડાબી બાજુ મણીકાન્તા એક વચ્ચોવચ બીછાવેલી ગાદી ઉપર બેસી ગયાં.

વિશ્વમોહિની ખરેખર આજે અત્યંત મોહક જણાતી હતી. કુમાર અને તેની મૈત્રિ બાલપણથી હોવા છતાં પૂર્વે આજના જેટલી સ્વરૂપવાન અને હાવભાવયુક્ત કુમારને તે નહોતી લાગી.

આ દેખાવ જોતાંજ કુમારની આંખ્યોમાં ખૂન ઉભરાયું. આ એકાએક શું થઇ ગયું તેનો તે વિચાર કરવા લાગ્યો. તેનું માથું ફરવા લાગ્યું. શરીર વ્યાકુળતાથી અને શૌર્યથી ધ્રુજવા લાગ્યું.

વિશ્વમોહિની પ્રસન્ન મુખમુદ્રાથી સર્વ હાવભાવ યુક્ત પોતાના દુશ્મન વ્હેમસિંહને રીઝવે છે. એ શું ?! શું મારી પ્રીતિ એકદમ જતી રહી ? શું તેણે સાથે માબાપને વિસાર્યાં ! નીતિ રીતિ પણ ખોઇ ? અને વળી આ સર્વ મારાજ સ્હામે ? શું એને એમ ખબર હશે કે મને સ્હામેજ કોટડીમાં કેદી તરીકે પુર્યો છે ? હા ! તે જરૂર જાણતીજ હશે. તે મારા તરફ તીરછી નજરે જોતી મારૂં હાસ્ય કરતી મ્હોં મરોડતી જણાય છે. અરે વળી સાથે પેલી મણીકાન્તાને પણ શું થઈ ગયું ? પ્રતાપને પ્રાણ અર્પણ કરવા તૈયાર થએલી તે વ્હેમસિંહની પ્રિયા થઇ બેઠી છે. જ્યારે પ્રતાપને વ્હેમસિંહના પાસેથી છોડાવી લેઇ ગઇ ત્યારે તે પ્રીતિમાં ન પડી તો આજે આમ પ્રીતિપાત્ર થઇ તેની સેવ્યરૂપ રાજકન્યાની બરોબરી કરી બેઠી છે એ શું ?! ખરેખર ખરૂંજ છે કે સ્ત્રીઓનું કંઇજ ઠેકાણું નહીં, તે વિશ્વાસપાત્ર હોઇ શકેજ નહીં ? તેમનો વિશ્વાસ કરવામાં મોટી ભુલ છે. અરે શું મારૂં પ્રારબ્ધ કે મારે આવા વિશ્વાસઘાતી પ્રીતિપાત્રસાથે પ્રીતી બાંધવાનો પ્રસંગ આવેલો ! અરે આ ઉત્તમ કુળવાન રાજકન્યાએ આ અણછાજતું શું કર્યું ?! હવે મારૂં જીવન વૃથા છે. ત્યારે શું મારે આ દુષ્ટ વિશ્વમોહિની અને મણીકાન્તાને આ વ્હેમસિંહના સુખ માટે જીવતાં રાખવાં ?

ના. તે કદિ નહીં બને. વીરપુરૂષે સ્ત્રી ઉપર હાથ ઉઠાવવે નહીં એવી શાસ્ત્રની મર્યાદા છે. પણ હવે હું વીર નથી. આથી મારે મારી વીરતા બતાવવી નથી. મારે હવે દુનિયાંને મ્હોં બતાવવુંજ નથી, તેથી શાસ્ત્રમર્યાદામાં રહેવાનું શું કારણ ?! બસ એજ કે આ બન્ને કૃત્યાઓનું કાશળ કાઢી મારે પણ મારા પ્રાણનું બલિદાન દેવું એજ. પ્રતાપ પણ તેમજ કરશે. બસ. અહીંજ પૂર્ણાહુતિ ! ”

મહારાજા વ્હેમસિંહે આ ક્ષણે વિશ્વમોહિનીના ગળામાં હાથ નાખ્યો. કુમારથી સહન ન કરી શકાયું. ક્ષત્રિય વીરની હૃદય સરિતાનું પરાક્રમપૂર ઉભરાયું. એકજ ઝટકામાં બેડી તોડી નાંખી. કમાડને લાત મારતાંજ ઘણાંજ મજબુત લોહદ્વાર પણ અવાજ કરત હેઠે પડયાં. એક ક્ષણમાં તે વ્હેમસિંહના સ્હામે જઈ પહોંચ્યો. પાસે ત્યાંજ પડેલી તલવાર તેણે ઉઠાવી ખેંચીને એવો ઝટકો માર્યો કે વિશ્વમોહિનીનું મસ્તક ઉડાડી દીધું. મહારાજા વ્હેમસિંહ ઉઠવા જાય છે, એવામાં મણીકાન્તાના પણ બે કકડા કર્યા. વ્હેમસિંહપર ઘા ન કર્યો.

વ્હેમસિંહ મહારાજા માંડ માંડ ઉભા થઈ શક્યા. કુમારના આ અજબ પરાક્રમ અને સાહસને જોતાં દિગ્મૂઢ બન્યા. એક શબ્દ પણ બોલી ન શક્યા. આભા બની જઈ કુમારના મ્હોં સ્હામુંજ જોઈ રહ્યા.

ખુનથી ખરડાયલી નાગી તલવાર સાથે કુમાર વિજયસિંહ બીજુ કંઈ પણ સાહસ કરે તે પહેલાં તો દિવાનખાનાનાં બારણુ ફટાફટ ઉઘડી ગયાં અને તેમાંથી બે પ્રચંડકાય પુરૂષાકૃતિઓ અંદર દોડી આવી. તેમાંની એક વ્યક્તિએ બુલંદ અવાજે કુમારને ઉદ્દેશી કહ્યું, “ શાહબાશ ! ધન્ય છે. ”

આ પછી બન્ને આકૃતિઓ રાજા વ્હેમસિંહની સામે જોઇ રહી. બન્નેનાં મુખ કાળા કપડાથી ઢાંકેલાં હોવાથી આ બે આકૃતિઓ કોણ છે તે જાણી શકાતું નહોતું. બિચારા વ્હેમસિંહનાતો હાંજાંજ ગગડી ગયાં. તે ભયથી વિહ્વળ બની આકૃતિયોના મુખ સામે જોઇ રહ્યો. થોડીક વાર એવીજ અવસ્થામાં તેને ઉભો રહેવા દઇ એક આકૃતિએ કહ્યું, "રાજા ! શું વિચાર ચાલે છે? આમ સ્તબ્ધ થઇને કેમ ઉભો છે ?"

રાજાએ કંઇ ઉત્તર આપ્યો નહિ.

પુનઃ બીજી આકૃતિએ પૂછ્યું, "રાજેન્દ્ર ! બોલોને ? કેમ બોલતા નથી ? તમારી સુંદરીઓ ક્યાં ગઇ ?"

હજી પણ રાજા બોલ્યો નહિ. આથી એક આકૃતિએ બીજીને પૂછ્યું; "આતો કંઇ પણ જવાબ આપતો નથી?"

"મને લાગે છે કે તેની જીભ જકડાઇ ગઇ હશે ?"

"તેને થોડોક મેથી પાક જમાડું ?"

"એમજ કરવું પડશે."

આકૃતિએ પુનઃ રાજાને પૂછ્યું; "બોલવું છે કે દુધપાક પૂરી જમવી છે ?"

રાજાએ એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યો નહિ."

તરતજ આકૃતિએ કેડમાંથી ચળકતી કટાર કાઢી કહ્યું; "રાજા! બોલ, નહિ તો આ પળેજ મુડદું થઇ જમીન પર પડીશ."

હવે રાજાને બોલ્યા વિના છૂટકો ન્હોતો. તે ગળગળે સાદે બોલ્યો; "મને મારશો નહિ."

"તારા જેવા દુષ્ટને જીવતો રાખવો તે યોગ્ય નથી."

"મને શા માટે મારવાને ઇચ્છો છો ?"

"તું ઘણો પાપી છે."

"આ દુનિયામાં કોઇ પાપીજ નથી."

"તું પોતે કહે છે ને ?"

"હું કહું છું અને શાસ્ત્ર પણ કહે છે." રાજાએ ગપ હોકી.

"પરાઇ સ્ત્રીયો પર દુષ્ટ નજર; પ્રજાપર જુલ્મ–અન્યાય કરવો તે શું પાપ નહિ ?"

"ના."

"આવું ક્યાંથી શીખ્યો ?"

"શાસ્ત્રમાંથી."

"કયા શાસ્ત્રમાંથી ?"

"વેદાંતમાંથી. હું બ્રહ્મજ્ઞાની છું. બ્રહ્મજ્ઞાનીને પાપ પુણ્ય હોયજ નહિ. એ તો કેવળ ભગવાન સ્વરૂપ છે."

"ત્યારે તો તું ભગવાન નહિ વારૂ ?" બન્ને આકૃતિયોએ ખડખડાટ હસીને પૂછ્યું.

"હા."

"ઠીક ત્યારે; જો તું ભગવાન હોય તો અમારાથી શા માટે ડરે છે ?"

"હું ક્યાં ડરૂં છું ?"

"તારૂં શરીર ધ્રુજે છે એથીજ સમજાય છે કે તું ભય પામે છે."

"નહિ; આ નાશવંત શરીર અશક્ત થવાથીજ ધ્રુજે છે."

"મારો બેટો ! આતો જબરો વાચાળ છે." બીજી આકૃતિએ કહ્યું.

"હું હમણાં જ તેને ચતુર્ભુજ બનાવું છું." આમ બોલી

પ્રથમ આકૃત્તિએ પુનઃ રાજાને પૂછ્યું; "કેમ શું વિચાર છે ?"

"શાનો ?" રાજાએ હિંમતથી જવાબ આપ્યો.

"તારે મરવું છે કે જીવવું છે ?"

"જીવવાની મરજી તો દરેકને હોય."

"ત્યારે બતાવ કે રાજકન્યા અને તેની સખી ક્યાં છે ?"

"મને ખબર નથી."

"એમ તો ઠીક; હવે તારી શું દશા થાય છે એ જોયા કરજે." આટલું કહી તે આકૃતિએ એક છલંગ મારી વ્હેમસિંહને ગરદનમાંથી પકડ્યો અને જમીનપર પટક્યો. વ્હેમસિંહ ગરીબ ઘેટા જેવો બની જમીન પર પડ્યો રહ્યો. બન્ને આકૃતિયોએ તેને કંઇક સુંઘાડી બે શુદ્ધ બનાવ્યો અને પછી એક મોટી ચાદરમાં તેને ગાંસડીની માફક બાંધ્યો. અત્યાર સુધી રાજકુમાર આ મામલો શાન્તિથી અવલોકતો હતો તેની તરફ જોઇ એક આકૃત્તિએ પૂછ્યું કુમાર ! ચાલો."

"ક્યાં ?" કુમારે પૂછ્યું.

"બહાર."

"તમે કોણ છો ?"

"તે તમે અત્યારે જાણી શકશો નહિ."

"ત્યારે ?"

"બહાર નીકળી અમારો ભેદ જણાવશું."

"ઠીક, ચાલો." કુમાર તૈયાર થયો.

બીજી આકૃત્તિએ પૂછ્યું; "આટલામાં કોઇ બીજાં માણસો છે કે ?"

"ના."

બન્ને આકૃતિઓએ ચાલવા માંડ્યું. એક આકૃતિએ રાજા

વ્હેમસિંહની ગાંસડી માથે ઉડાવી હતી. બન્નેની પાછળ કુમાર ચાલ્યો. કેટલાક ઓરડા વટાવી તેઓ મહેલની નીચે આવ્યા. રાત અંધારી હતી. સિપાઇયો ઉંઘતા હતા. ત્રણે જણાએ નગરમાંથી નીકળી જંગલનો રસ્તો લીધો. લગભગ એક કલાક મુસાફરી કરી તેઓ એક ધીચ જંગલમાં આવી પહોંચ્યા. ત્યાં એક જગ્યા પસંદ કરી રાજાની ગાંસડી નીચે મૂકી અને ત્યાં બેઠા. એક જણે પોતાની ચાદર પાથરી કુમારને તેની પર બેસવાનું સૂચવ્યું; પણ કુમારે તેની સૂચના સાંભળી હોય એમ જણાયું નહિ. કુમાર સ્તબ્ધ બની ઉભો જ રહ્યો.

પુનઃ પ્રશ્ન થયો, " કુમાર ? "

પણ કોણ બોલે ?

ફરીથી પૂછવામાં આવ્યું; " કુમાર શ્રી ? "

આ વખતે પણ તેમજ કુમાર જડવત્ બની ઉભો રહ્યો. તેની નજર જમીન તરફ લાગી રહી હતી.

કુમારની આવી દશા જોતાં બન્ને જણા ગભરાયા. તેમના મનમાં વિવિધ શંકાઓ ઉદ્ભવી, સાથે કુમારની જીંદગી પણ જોખમમાં જણાઇ. સ્થિતિ વિચિત્ર બની રહી. બન્નેએ પ્રકાશ કરી જોયું તો જણાયું કે, કુમારના મુખ પરથી તેજી ઉડી ગઇ છે. શરીરની શુદ્ધી જણાતી ન્હોતી. આંખ્યો પલકારો માર્યા વિના જમીન તરફ લાગે લીજ હતી.

પ્રિય પાઠકો ! તમે આ બન્ને આકૃતિયોને ઓળખી હશે ? એ બન્ને પ્રતાપ અને નવલ હતા.

કુમારની આવી અવસ્થા જોતાંજ પ્રતાપ ગભરાયો અને બોલ્યો;

" નવલ ! આ શું થયું ? "

" મને કંઇ સમજ પડતી નથી. " નવલે જણાવ્યું.

"રંગીઓની રંગ વિદ્યા તો નહિ હોય ?" પ્રતાપે શંકા કરી પૂછયું.

"ના."

"ત્યારે શું હશે ?"

"મને લાગે છે કે રાજકન્યા ના વિરહથીજ તેમની આ દશા થઇ હશે ?"

"એમ પણ બને."

"ત્યારે હવે શું કરવું ?"

"હું પણ તેજ વિચારમાં છું."

"ઉપાયની તરત જરૂર છે."

"પણ કરવું શું ? નજીકમાં કોઇ ગામ પણ નથી કે જેથી ત્યાં પહોંચી જઈએ."

"આનું શું કરવું છે ?" નવલે રાજાને બતાવી પૂછ્યું;

"આને કેદ કરીશું."

"ક્યાં ?"

"નગરમાં."

"રંગીઓ છોડાવી જશે."

"ત્યારે ?"

"પેલા ખંડેરમાં પૂરો."

"તે જગા પણ રંગીઓ જાણી શક્યા છે."

"ત્યારે પેલા કિલ્લામાં."

"હા, બરાબર; એમ જ કરીશું."

"ત્યારે આપણે હવે ચાલો."

"પણ કુમારને કેવી રીતે લઇ જઈશું ? તે બોલતા નથી; તો ચાલશે શી રીતે ?"

"ખરેખર ! આપણી દશા અત્યારે કફોડી થઇ પડી છે."

"મને કુમારની ઘણીજ ચિંતા થાય છે."

આ પછી પ્રતાપે હાથ પકડી કુમારને નીચે બેસાડવા પ્રયત્ન કર્યો. એટ મડદાની માફક ધબ દઇને કુમાર જમીનપર પડયા. માથામાં વાગ્યું, લોહી નીકળવા લાગ્યું. આંખ્યો પૂર્વવતજ ખુલ્લી હતી. નાડી ધીમે પડી ગઈ. શ્વાસ ધીમે ધીમે ચાલવા લાગ્યો.

પ્રતાપને કુમારના જીવનની આશા હવે ન રહી. શાંતિ ધરવાનો ઘણોએ પ્રયત્ન કર્યો પણ રોવાઇ જવાયું.

નવલસિંહ પણ છાતીફાટ રડવા લાગ્યો. પ્રતાપ રડતાં રડતાં ગદ્દગદ્દ કંઠે બોલતો હતોઃ—

"હરિ હરિ ! કુમાર શું ખરેજ તમે આ દુનિયાનો ત્યાગ કર્યો ?! શું માતાપિતાનો સ્નેહ, નવીનદુર્ગની અભિલાષા, યુદ્ધનો યશ, આ મિત્રની મિત્રતા, સર્વને છોડયાં ?! અરેરે એવી કેવી પળમાં પ્રિતિનો પાસ તે રાજકન્યા સાથે બાંધ્યો કે તેનુ પરિણામ આવું આવ્યું ? અરેરે શું આટલુંજ તમારૂં ટુંક જીવન ??"

"ના. કુમારનું જીવન ટુંક નથી, ઘણું લાંબુ છે. તે મરી ગયેલ નથી, પણ જીવે છે. કુમારને મારનાર કોઇ ઉત્પન્ન થયોજ નથી. રાજકુમારીના પ્રેમનો પાસ કુમુહુર્તમાં નહીં પણ અતિ ઉત્તમ ચોઘડીઆમાં બંધાયો છે. પરિણામ ઘણુંજ આનંદજનક આવશે. કુમાર અને રાજકન્યા પરણશે. કુમાર અમલગઢની ગાદીના પણ માલિક થશે. બીજા પણ અનેક દેશો કુમાર જીતશે. તમારે રોવાનું કાંઈજ કારણ નથી." એકાએક એક ગેબી અવાજ થયો.

પ્રતાપસિંહ અને નવલસિંહ રડતા એકાએક બંધ થઇ ગયા અને આમતેમ આશ્ચર્યથી જોવા લાગ્યા.

આ બોલનાર કોણ? શબને સજીવન કરનાર આ અવાજ ક્યાંથી આવ્યો? કુમારને જીવન અર્પનાર, તેનું શુભ વાંચનાર, તેનો વિજય પ્રેરાવનાર આ મંગળ અવાજ આપનાર કોણ?"

પ્રતાપસિંહ અને નવલસિંહે ફરીથી કુમારના સ્હામે જોયું, પૂર્વવતજ તે બેભાન પડેલા હતા.

" ત્યારે આ અવાજ કરનાર કોણ?" કહેતા બન્ને આમ તેમ જોવા લાગ્યા. પણ કાંઈજ પત્તો ન લાગ્યો.

" આમ જુઓ આમ!" પુનઃ અવાજ થયો.

પ્રતાપ અને નવલ આસપાસ જોવા લાગ્યા. અંતે એક વૃક્ષ તરફ તેમની નજર ગઈ. અજબ દૃશ્ય જણાયું. બુરખાથી સર્વાંગે ઢંકાએલી એક વ્યકિત ઝાડ પરથી ધીમે ધીમે નીચે ઉતરતી જણાઇ.

પ્રકરણ ૧૦ મું.

દોસ્ત કે દુશ્મન?

નવલ અને પ્રતાપ આશ્ચર્યતાથી વૃક્ષ તરફ જોઇ રહ્યા. તેમના મનમાં અનેક શંકાઓ થઇ. થોડીવારે વૃક્ષ પરથી નીચે ઉતરનાર વ્યક્તિ બન્નેની પાસે આવીને ઉભી રહી. પ્રતાપે અને નવલે તેને ઓળખવાને ઘણાએ પ્રયત્ન કર્યા; પણ તેનું મુખ ઢંકાએલું હોવાથી આવનારને ઓળખી શક્યા નહિ.

આવનાર વ્યક્તિએ ધીમેથી પૂછ્યું; "તમે બન્ને અહિં ક્યાંથી?"

"શું તમે અમને ઓળખો છો?" પ્રતાપે પૂછ્યું.

"હું સર્વ જાણું છું."

પ્રતાપ અને નવલના આશ્ચર્યમાં વૃદ્ધિ થઇ.

નવલે પૂછ્યું; "અમને આશ્વાસન આપનાર તમેજ છોકે ?"

હા."

"તમે હમણાં ભાખેલું ભવિષ્ય ખરૂં થશે ?" પ્રતાપે પૂછ્યું.

"જરૂર."

"ખાત્રી શી ?"

"સમય આવે એની મેળેજ ખાત્રી થશે."

"તમે કોણ છો ?"

"તે તમારે જાણવાથી શું લાભ ?"

"અમારે જાણવું જોઇએ કે તમે કોણ છો ? વળી તમે દુઃખમાં આશ્વાસન આપ્યું છે તેથી તમને ઓળખી અમારે ઉપકાર પણ માનવો જોઇએ."

"ઉપકારની જરૂર નથી. ન્યાયી માણસના મદદગાર થવું એ પ્રત્યેકની ફરજ છે."

"અત્યારે આવું કોણ સમજે છે ?"

"સમય આવે સઘળા સમજશે. કુદરતના ગબળી ફટકાથી દુષ્ટો આપો આપ સમજશે."

"આપનો પરિચય કરાવશો ?"

"મારા પરિચયથી તમે કદાચ ગભરાશો તો ?"

"શા માટે ?"

"કદાચ એમજ બને."

"પણ પરિચય વિના આમ કહેવું-ધારવું ઉચિત નથી."

"માનો કે હું તમારો શત્રુ નીકળ્યો તો ?"

"તેથી તો અમે મહા ખુશી થઈશું."

"કારણ ?"

"અમારા શત્રુમાં દયા અને સત્ય છે તેથી."

"એમ ? તો જુઓ અને ઓળખો."

તે વ્યક્તિએ બુરખો અલગ કર્યો. નવલ અને પ્રતાપ ચમક્યા. બન્નેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેઓ એક સાથેજ બોલી ઉઠયા. "કોણ સોમેશ્વર જોશી ?"

"હા, હું પોતેજ."

"તમે અહિં ક્યાંથી ?"

"ઇશ્વર ઇચ્છાનુસાર અહિં આવ્યો છું."

"કારણ ?"

"તે પછીથી જાણશો."

"કુમારની દશા જોઇને ?"

"હા, પણ દિલગીર થવાની જરૂર નથી."

"વખત જાય છે એમ કુમારની તબીયત બગડે છે."

"કંઇ ફિકર કરશો નહિ. મેં જે ભવિષ્ય કથન કર્યું છે તે અક્ષરે અક્ષર સત્ય થશે."

"અમે કેવી રીતે માની શકીએ ? તમે અમારા શત્રુ પક્ષના છો; એટલે સ્વાભાવિકજ શંકા ઉદ્ભવે ?" નવલે કહ્યું.

"આપનુ ધારવું સત્ય છે; પણ તમે અત્યારે ખાત્રીથી માનજો કે હું સત્યજ કહું છું. મહારાજા ખેમસિંહનો હું પક્ષકાર હોવા છતાં આમ કેમ બોલું છું તેની શંકા તમને સ્વાભાવિક થાયજ પણ તે શંકાને આ વખતે હૃદયમાં સ્થાન આપશો નહિ. મારૂં તમારી પાસે શા કારણથી આવવું થયું છે તેનું કારણ તમે થોડા સમયમાં-

જ જાણશો, અને પછી તરતજ તમારી ખાત્રી થશે કે આ સોમેશ્વર જોશી તમારો દુશ્મન મટી દોસ્ત બન્યો છે. ”

પ્રતાપ અને નવલ જોશીનું આવું બોલવું સાંભળી વધુ આશ્ચર્ય પામ્યા. તેઓ વિચારવા લાગ્યા કે જોશી અસત્યતો નહિ બોલતો હોય ?”

તેમના મનની શંકા જોશીએ તરત જાણી અને કહ્યું, “ તમારી શંકાનો નાશ હું હમણાં જ કરૂં છું. પણ પ્રથમ કુમારને સંભાળો.”

“ કુમારનું શું કરવું ? ”

“ હું હમણાંજ તેમને અસલ સ્થિતિમાં લાવું છું. ”

“ શી રીતે ? ”

“ જોયા કરો. ”

સોમેશ્વર જોશીએ પ્રતાપસિંહ અને નવલસિંહને બાજુ પર ખસવાનું કહી બુરખાના ગજવામાંથી એક ત્રણ ખુણી પાંદડાની બુટ્ટી બહાર કાઢી. તેને આસમાની રંગનું ફુલ આગળ નીકળેલું હતું. તેનું ડાળું સફેદ રંગનું હતું. તે બુટ્ટીને જોશીએ થોડીવાર હાથમાં મસળી અને પછી જડવત્ બનેલા કુમારની નજીક જઇ તેના રસનાં બે ટીંપાં આંખ્યોમાં અને કાનમાં નાખ્યા. હથેલીમાં ચોંટલો રસ કુમારના તાળવે ઘસ્યો. વળી કુમારને જ્યાં માથે વાગ્યું હતું ત્યાં કપડાનો પાટો પણ બાંધી દીધો, આ બધું કર્યા પછી જોશીજી પ્રતાપ અને નવલની નજીક જઇ ઉભો. ત્રિપુટી શું અસર થાય છે એ જોઇ રહી.

થોડીવારેજ રંગ બદલાયો. જોશીજીના પ્રયોગની અસર થઇ. કુમારની ખુલ્લી રહેલી આંખ્યો બંધ થઇ. જડવત્ હાથપગ હાલવા લાગ્યા. ત્રણ છીંકો ઉપરા સાપરી આવી અને તે સાથેજ જાણે રાજકુમાર ભર ઉંઘમાંથી જાગતો ન હોય તેમ આળસ મરડી બેઠો થયો. પોતાની સામે પ્રતાપ-નવલ અને જોશીને જોતાંજ તેણે પુછ્યું; “ આપણે અહિં ક્યાંથી ? ”

પ્રતાપે કહ્યું. "આપણે ઘણીવારથી અહિંજ છીએ."

"મને બંધનમૂક્ત કરવા તમેજ આવ્યા હતાને?"

"હા."

"મને તો અત્યાર સુધી કંઈ પણ ખબર પડીજ નહિ."

"તમે બેશુદ્ધ બન્યા હતા."

"ખરેખર! એમજ. અફસોસ! હવે શું થશે?"

"આ જોશીજીની કૃપાથી સૌ સારૂં થશે?"

"આ જોશી અહિં ક્યાંથી?"

"તે આપણા સુભાગ્યેજ આવી મળ્યા છે. જો તેઓની મદદ આ વખતે અમને ન મળી હોત તો તમારૂં જીવન જોખમાયું હોત."

"ત્યારે શું આ જોશીજીની કૃપાથીજ મને આરામ થયો છે?"

"હા."

"હું જોશી મહારાજનો ઉપકારી છું." કુમારે પ્રણામ કર્યા.

જોશીએ આશિષ આપી.

પુનઃ કુમારે પૂછ્યું, "મહારાજ! આ સઘળા સંકટોનો પાર ક્યારે આવશે?"

"ઘણાજ ટુંક વખતમાં."

"હું સુખી થઇશ?"

"જરૂર."

"કેટલા સમયમાં મળશે?"

"તે ચોક્કસ કહી શકાય નહિ. પણ થોડા દિવસમાં સુખ મળવાનો યોગ છે."

"મારૂં ભાવી સુખમય છે કે દુઃખમય?"

"તે આગળ ઉપર જણાવીશ."

"આપનું આગમન આ સ્થળે ક્યાંથી?"

"ભાગ્યમાં લખ્યું હોય તે થાય. નશીબમાં આ સ્થળે આવવાનું લખ્યું હશે; તેથી આવવું થયું."

"શું કંઇ નવા જુની થઈ છે ?" કુમારે પૂછ્યું.

"ના; એવું તો કંઇ બન્યું નથી."

"ત્યારે અમને મદદ કરવાનું કારણ ? અમે તો તમારા દુષ્મનો ગણાઇએ ?"

"દુઃખ સમયે દુષ્મનને મદદ કરવી એ દાના દુષ્મનની ફરજ છે."

"મહારાજ ! મને તમારા બોલવામાં સમજ પડતી નથી. ખરો ખુલાસો કરો તો અમારી પર કૃપા થએલી ગણાશે." કુમારે કહ્યું.

સોમેશ્વરે કહેવા માંડયું, "કુમાર ! ઇશ્વરની મરજીજ એવી છે કે મારે તમારા મિત્ર બનવું અને તમને દરેક મદદ કરવી. મારા આત્માને ખાત્રી થઇ ચૂકી છે કે રાજા વ્હેમસિંહ લંપટ અને દુરાચારી છે. દુષ્ટ માણસની સેવા સજ્જનને હરામ હોવી જોઇએ. જે રાજા દુષ્ટ અન્યાયી હોય તેની સેવાનો તત્કાળ ત્યાગ કરવો એ દરેક સેવક અને મિત્રોનો ધર્મ છે. એવાઓની સેવા કરનાર પાપી ગણાય છે. આવા દુષ્ટ રાજાની સેવામાં મારે શામાટે તેના પાપના ભાગીદાર બનવું ? શા માટે અન્યાયી રાજાની સેવા કરી અમૂલ્ય માનવ જીવનને એળે ગુમાવવું ? તે દુષ્ટ રાજાને મનુષ્ય અને તેના ગુણની પરિક્ષા નથી. ગુણીનો આદર તેને આવડતો નથી. રાજા ઘણોજ સ્વાર્થી છે. નોકરોની કદર તેનામાં છે જ નહિ. જો કોઇનાથી તેનો બીગાડ થયો તો તે તરત પોતાની આંખ બદલે છે. પછી હજાર પૂર્વના તે ગુણીના ગુણ ભૂલી જાય છે. વળી મને તો તે ઘણોજ અધર્મી જણાયો છે. કોઇ પણ સજ્જન તેની સાથે રહેવાનું પસંદજ કરે નહિ. તેના રાજ્યમાં ન્યાય નથી. ટકે શેર ભાજી ટકે શેર ખાજાં એવો ઘાટ છે. આથી મારો જીવ તેનાથી ઉડયો છે. મને આપની

સંગતમાં કંઇ પણ દોષ રૂપ નહિ જણાવાથી મેં આપનો પ્રેમ સંપાદન કરવા ઘણા દિવસથી ઇચ્છા કરેલી. પણ પ્રસંગ પ્રાપ્ત નહી થવાથી મારાથી આપની આ ક્ષણ પર્યંત કાંઇ પણ સેવા બજાવવાનું બનેલું નહિ. એક રંગી પ્રતિપક્ષિના રંગી તરફ સતત્ શકમંદી નજરથી જુએ છે. આથી મારૂં શુદ્ધ હૃદય છે એમ બતાવ્યા પૂર્વે આપને મળવાનું મને યોગ્ય પણ નહિ ભાસેલું. પ્રભુ કૃપાએ આજે અચાનક પ્રસંગ મળી ગયો. કુમાર ! જ્યોતીષની ગણત્રી કરતાં આજનો દિવસ આપને ઘણોજ ભારે હતો." આટલું બોલી જોશી શાન્ત રહ્યો.

"શું આજે કાંઇ આપ્ત હતી ?" કુમારે પુછ્યું.

"હા, આજે તમારી મોટી ઘાત ગઈ."

"ખરેખર ! એમજ હતું." પ્રતાપ અને નવલ સાથેજ બોલી ઉઠયા.

"પ્રભુનો ઉપકાર માનો કે કુમારને સારૂં થઇ ગયું." જોશીએ ઉમેર્યું.

"પ્રભુની સાથે અમારે તમારો પણ ઉપકાર માનવો જોઈએ."

"અમારો તો એક વખત માન્યો." જોશીએ હસ્તાવદને કહ્યું.

"આ ઉપકારનો બદલો વાળવા અમે અસમર્થ છીએ."

"ઉપકારની આવશ્યતાજ નથી."

"મહારાજ ! કહો હવે આપની શી ઇચ્છા છે ?"

"આપના મિત્ર બનવાની."

"તમારા જેવા સુજ્ઞ પુરૂષને અમે મિત્ર બનાવવા માટે આનંદ માનીએ છીએ."

"અને હું પણ એક દુષ્ટ રાજાને ત્યાગી તમારા જેવા નેકી. અને ન્યાયી કુમારનો મિત્ર બનવામાં ભાગ્યવાન થયો સમજી આનંદિત થાઉં છું."

"મહારાજ ! પ્રભુની લીલાજ ન્યારી છે." નવલે કહ્યું.

"હા, તેની ઇચ્છાનુસારજ સૌ બન્યા કરે છે."

"ત્યારે આપણે હવે નગર તરફ ચાલશું ?" કુમારે પૂછ્યું

"હા, પણ........" જોશીજી વધુ બોલતા અટક્યા.

કુમારે પૂછ્યું; "પણ કહીને કેમ અટકી ગયા ?"

"હું કંઇક કહેવા ઇચ્છતો હતો."

"શું ?"

"ભૂલી ગયો."

"યાદ કરો."

જોશીજી વિચારમાં પડી થોડીવારે બોલ્યા, "હાં, યાદ આ
તમે સઘળો પ્રપંચ નિહાળ્યો ને ?"

"શાનો ?" કુમારે પૂછ્યું.

"શું તમે હજી પણ જાણી શક્યા નથી ?"

"ના."

"અલ્યા નવલ તું ?" જોશીએ નવલને પૂછ્યું.

"હું પણ કંઇ જાણી શક્યો નથી."

"ત્યારે તું રંગી શાનો ?"

"રંગી પણ કદાચ ભૂલે."

"ખરો રંગી કદી ન ભુલે."

"અરે મહારાજ ! કેમ ભુલો છો ? ભણ્યો ભૂલે અને ત
ડૂબે એ કહેવત યાદ છે ને ?" નવલે જણાવ્યું.

"મહારાજ ! પ્રપંચનો ખુલાસો કરો." પ્રતાપે કહ્યું.

"હેમસિંહે પ્રપંચ જાળ પાથરી હતી." જોશી આટલું
શાંત રહ્યો.

જોષીજીના છેવટના વાક્યથી ત્રણે ચોંક્યા. ત્રણે જોષીજ
વિશેષ નજીક ગયા. પ્રતાપે પૂછ્યું:—

"જોષીજી કૃપા કરી જણાવો કે આજે વ્હેમસિંહ રાજાએ શું પ્રપંચ અને ચાલાકી કરી હતી ?"

"વ્હેમસિંહ મહારાજનો એવો નિયમ છે કે જ્યારે કાંઇ ભારે પ્રપંચ કરવો હોય તો મને પ્રથમ પુછે. હું હા કહું કે ના કહું તોપણ કરે તો વખતે મનનું ધાર્યું. આથી તે ગોદા પણ ખાય. કોઇ વાર મોતીલાલબંકા પણ આવી રીતથી કંટાળ્યો છે કે જ્યારે કરવું મનનું ધાર્યું ત્યારે અમને પુછવાનું શું કામ?" જોષીજીએ જણાવી વધાર્યું:—

"આજે રાત્રે કરેલા પ્રપંચ માટે પણ મેં ચોખ્ખી ના: કહી હતી છતાં મારૂ કહ્યું ના માન્યું અને બીચારા જગંનાથ પંડિત અને ચંદુલાલ ચટ્ટુ ના પ્રાણ નાહકમાં ગયા. હવે તે કેવી રીતે! તે ખુલાસો જ્યાં સુધી મને આપનો સાથી ન બનાવો ત્યાં સુધી હું નહી કહી શકુ."

"જોષીજી! હું આપને મારા સંગી બનાવવા ઘણોજ ખુશી છું. પણ આપે આપનું વિમળ હૃદય હોવાની પ્રતિજ્ઞા લેવી જોઇએ." પ્રતાપના સ્હામું જોઇ કુમારે કહ્યું.

પ્રતાપનો શક દૂર કરવા માટે જનોઇ હાથમાં લેઇ જોષીએ પ્રતિજ્ઞા લીધી. પ્રતાપ જોષીને પગે પડયો અને પોતાના તરીકે ગણવાની અન્યોઅન્ય પ્રતિજ્ઞા લીધી.

વિજયકુમારે પોતાના ગળાની એક મૂલ્યવાન માળા જોષીના ગળામાં નાંખી.

જોષીજીએ આશીર્વાદમુદ્રાથી તેનો સ્વીકાર કરી હકીકત કહેવી શરૂ કરી.

"જ્યારે તમે લશ્કરમાંથી રાજકુમારીની ખોળમાં નીકળ્યા ત્યારે બંકાએ તમને રસ્તામાં જોયા હતા. તમે જઈ પહોંચો તે

પૂર્વેજ કુમારીને જ્યાં હતાં ત્યાંથી બીજે સ્થાને લેઈ જવા બંકા તે નાળામાં ગયેલા પણ તેમના ત્યાં પહોંચતા પૂર્વેજ રાજકુમારી ત્યાંથી અદૃશ્ય થઈ ગયાં હતાં. આથી વીલા મ્હોંએ પાછા ફરી બંકા અને પુરાણી તમારી શોધમાં નીકળ્યા. પથરો નાગરેશ્વરેજ ફેંક્યો હતો.

નવલસિંહ પત્થર ફેંકનારને પકડવા ગયા એટલે બંકા પ્રતાપસિંહના વેશમાં કુમારની પાસે જઇ પહોંચી તેમને કોઈ રીતે બેહોશ બનાવી કેદ કરી લઇ ગયા. બાદ કુમારની પ્રીતિ રાજકુમારીપરથી ઉતરી જાય અને તપાસ જ ન કરે અને પરિણામે વ્હેમસિંહ સામે યુદ્ધમાં ન ઉતરે એ હેતુથી અમારામાંથી સર્વથી ઓછી ઉમ્મરના ચંદુલાલ અને જગન્નાથ બન્ને વિશ્વમોહિની અને મણીકાન્તા બન્યા. આથી તમે કુમાર ગુસ્સે થયા. પછી શું થયું તે હકીકત તો તમે જાણો છો."

જોષીજીની વાત સાંભળી કુમારને નસેનસ હર્ષ વ્યાપ્યો.

"વાહ કેવો ગજબ કર્યો હતો! કેવો ભારે પ્રપંચ! હવે જણાયું કે રાજકુમારી જીવતી છે. અરેરે પણ તે ક્યાં છે? તેનો પત્તો ક્યાં મળશે?! કાંઈ ફિકર નહિ, ઇશ્વરઇચ્છા તો તે પણ જણાશે." વિજયકુમાર હર્ષભેર બોલ્યા. હવે શું કરવું તે સંબંધી વિચાર ચાલ્યો.

મહારાજા વ્હેમસિંહને પહેલાં રંગી લોકને કેદ કરવામાં આવ્યા હતા તે ગુપ્ત સ્થાનમાંજ પુરવાનું યોગ્ય જણાયું. તેના એક તાળાનો ભેદ પ્રતિપક્ષના રંગીએ જાણેલો હોવાથી દુપટ તાળું, જેની કળ માત્ર પ્રતાપનેજ જ્ઞાત હતી તે રાખવાની સુચના પણ થઇ.

વ્હેમસિંહ મહારાજા કેદમાં છે ત્યાં સુધી લઢાઈ થવાનો સંભવ નથી તોપણ રાજકુમારે નવીનદુર્ગ પાછા જવું અને સરહદ ઉપર ફોજ રાખી સાવધાન રહેવું એવો બીજો નિશ્ચય થયો.

નવલસિંહે રાજકુમાર સાથે રહેવાનું ઠર્યું.

પ્રતાપસિંહ અને જોષીજીએ રાજકુમારીની શોધમાં જવાનું નક્કી કર્યું.

અનેક વાર્તાઓ કરી સર્વ ઉઠયા અને ચાલ્યા.

પ્રકરણ ૧૧ મું.

સ્ત્રી-સોદાગરી કાફલો.

તેર તુટે તત્કાળ, ઉધમથી નવ સાંધતાં;
નહિ કદી કો કાળ, ભાગ્ય વિના કોડી રળે.

"હવે ક્યાં શોધું ? ક્યાં જાઉં ! જંગલે જંગલ, પહાડ પહાડ, શહેરે શહેર, શોધી વળી પણ પત્તો નજ લાગ્યો. આ શરીર જે ઘણુંજ સશક્ત હતું તે પણ હવે અશક્ત બની ગયું છે. તોપણ આશા ફળી નહીં. પણ ત્યારે હવે કરવું શું? પાછી ફરૂં ? ! ના. તેમ કેમ બને ? ! પત્તો મેળવ્યા શિવાય પાછી ન ફરવાની તો પ્રતિજ્ઞા મેં પ્રથમથીજ લીધી છે. તો ત્યારે જવું ક્યાં ? ! બસ, એજ કે અવશેષ જીવન આમ ને આમ ભ્રમણ કરીને ગાળવું, કાંતો જે કાર્યે હું નીકળી છું તે પૂર્ણ સિદ્ધ કરી પાછું ફરવું કે કાંતો દેહનો ત્યાગ કરવો."

આ પ્રમાણે વનમાં એક વૃક્ષ નીચે એક યુવતિ બેઠી બેઠી નિશ્ચયાત્મક ઉદગારો કાઢતી હતી. યુવતિ પૂર્વે ઘણીજ સુંદર હોવા છતાં અત્યારે તે કેવળ નિસ્તેજ લાગતી હતી. શરીર સૂકું પડી ગયું

હતું. એક કાષ્ટની સુકી પૂતળી માફકજ આ યુવતિ બની રહેલી જણાતી હતી.

જે વૃક્ષ નીચે યુવતી બેઠી હતી; ત્યાંથી થોડેક દૂર પણ દૃષ્ટિ મર્યાદાની અંદર ચાર સિપાહીઓ ફરતા હતા. આ સિપાહીઓ શસ્ત્રથી સજ્જ હતા. તેમનાં કાળાં વસ્ત્રોથી દેખાવમાં ભયાનક ભાસતા હતા. દૂર બેઠેલી યુવતીએ સિપાહીઓને જોયા, પણ તે તેના વિચારમાં લીન હોવાથી સિપાહીઓ તરફ નિસ્પૃહ હતી. સિપાહીઓ આમ તેમ ટેલતા હતા. એવામાંજ તેમની નજર દુર બેઠેલી યુવતી પર પડી તેઓ ચમકયા અને તેમાંના એકે બીજા પ્રતિ કહ્યું; " અલ્યા ! આમ તો જુઓ; પેલી તો પણે જઇ બેઠી."

"તે કઇ વખતે ત્યાં જઇ બેઠી હશે ?"

" આપણે વાતોમાં હોઇશું તે વખતે કદાચ નીકળી ગઈ હશે ?"

" એમજ."

' સાલી ! બડી પહોંચેલી માયા છે."

" મને તો તે ગાંડી લાગે છે."

"અરે નારે ના. એતો આપણને વેચીને ચણા ખાય એવી છે."

" સરદારે તેને ક્યાંથી સપડાવી હશે ?"

સિપાહીએ પ્રશ્ન પૂછનારના કાનમાં ધીરેથી વાત કરી, કે જેથી તે સિપાહી આશ્ચર્ય પામ્યો.

એક સિપાહી કે જે સઘળાના ઉપરી જેવો જણાતો હતો, તે યુવતીની તરફ એકાગ્ર નજરે ઘણીવાર સુધી જોઈ રહ્યો. બાકીના ત્રણ સિપાહીઓ પરસ્પરમાં તેની મશ્કરી કરવા લાગ્યા. ત્રણમાંનો એક તે જોઇ રહેલો સિપાહી સાંભળે નહિ એમ પોતાના સાથીઓ પ્રત્યે કહેવા લાગ્યો, " કેમ કંઇ સમજાય છે કે ?"

"શું ?"

"આમ જુઓને ?" જોઇ રહેલા સિપાહી તરફ આંગળી કરી કહ્યું.

"પણ શું ?"

"આપણા આ બહાદુરસંગ ભાઇની ભવાઈ."

"એટલે ?"

"સુંદરીને જોવામાં ગુલતાન બન્યા છે."

"હા, અસ્યા એમજ જણાય છે."

"મને લાગે છે કે ભાઈ તેની પર આશક પડયા હશે."

"ખરેખર એમજ."

"પણ આપણે તેને ચેતાવવો જોઇએ."

"શા માટે ?"

"તેનું કારણ છે."

"શું ?"

"તે સુંદરી તો......" સિપાહીએ બાકીના શબ્દો ઘણા ધીમેથી ઉચ્ચાર્યા.

"એમ કે ?" સાંભળનારે આશ્ચર્યતા દર્શાવી પૂછ્યું;

"હા."

"ત્યારે તો આપણે તેને ચેતાવવો જોઇએ."

"જરૂર."

એક સિપાહીએ તે જોઈ રહેલા સિપાહીના ખભા પર હાથ મુકી કહ્યું, "કાં બહાદરસંગભાઇ ! શું વિચાર કરી રહ્યા છો ?"

"કાંઇરે નહિ." બહાદરે ચમકીને તેની તરફ નિહાળી કહ્યું.

"કાંઇ નહિ કેમ ? કહોને ?"

"પણ શું ?"

"મનમાં શું વિચાર ચાલી રહ્યા છે ?"

"કંઇ પણ નહિ."

"એમ છૂટી જવાશે નહિ. અમે ક્યારનાએ તમારી હિલચાલ જોઈ રહ્યા છીએ."

"શું જોયું ?" બહાદુરે કંઇક ગુસ્સાથી પૂછ્યું.

"એજ કે તમે એકી નજરે પેલી સુંદરીને જોઈ રહ્યા છો. કેમ ખરૂંને ?"

બહાદર હશી પડયો. તે કંઇ બોલ્યો નહિ.

પુનઃ સિપાહીએ પૂછ્યું; "મારા મહેરબાન ! સંભાળજો."

"એમાં શું સંભાળવાનું છે ?"

"તે બલાથી ઘણું સાવચેત રહેવાનું છે."

"કેમ વારૂ ?"

"આમ પાસે આવો ખાનગી વાત કહું."

બહાદર નજીક ગયો. તેના કાનમાં કંઇક કહેવામાં આવ્યું.

બહાદર ચમકીને બોલ્યો; "શું આ ખરી વાત છે ?"

"હા."

"હું માનતો નથી."

"તમારા પગના સોગન ખાઇને કહું છું."

"ત્યારે તો ખરી વાત. પણ દોસ્ત ? સુંદરી સુંદરતાનો નમુનો છે. જો એવી બાયડી મને મળે તો હું રાજી રાજી થઇ જાઉં."

સઘળા હશી પડયા અને તે સુંદરીની તરફ વારે ઘડીયે નજર કરવા લાગ્યા. તેઓ મનમાં હસતા અને પરસ્પરમાં વાતો કરતા હતા.

સુંદરી એ સઘળું જોતી હતી; પણ તેને કંઇ સમજાયું નહિ. છતાં સિપાહીઓની દૃષ્ટિ વારંવાર પોતાની તરફ ફરતી જોઇ તે સુંદરી એટલું તો જાણી શકી કે સિપાહીઓ તેનીજ વાતો કરી રહ્યા છે. યુવતી તેઓની તરફ આડી નજરે જોઇ રહી.

એવામાં તેણે તે સિપાહીઓમાંથી એકને બોલતો સાંભળ્યો. તે તેના સાથીઓને ઉદ્દેશી બોલ્યો કે, "સંભાળજો, તેની તરફ બરાબર ધ્યાન રાખજો. તે નાશી ન જાય."

"નાશીને ક્યાં જનાર છે?" બીજાએ પૂછયું.

"જનારતો ક્યાંઇ નથી; પણ આપણે સંભાળતો રાખવી."

"બરાબર છે; પણ હજુ તેઓ કેમ આવ્યા નહિ હોય?"

"કદાચ કોઇ બીજો માલ મેળવવા રોકાયા હોય."

"એમજ."

પુનઃ સઘળા ખડખડાટ હશી પડયા અને છૂટા છવાયા આમ-તેમ ફરવા લાગ્યા.

તેમની તરફ જોઇ રહેલી યુવતી વિચારવા લાગી કે; "અરેરે! મારી આ શી ગતી? હું ક્યાં છું? આ સિપાહીયો કોણ? મારી તરફ વારે ઘડીએ શું જોતા હશે? તેમના મનમાં શું હશે? શું તેમની દાનત દુષ્ટ તો નહિ હોય? એમ પણ હોય. ત્યારે મારે હવે કરવું શું? જો આવી અવસ્થામાં હું આ સ્થળે ઘણી વાર બેસી રહીશ તો તે દુષ્ટ સિપાહીઓની ભોગ થઇશ. માટે મારે હવે અહિંથી તરતમાંજ પસાર થવું. આમ વિચારી તે સુંદરી ઉભી થઇ. આ વખતે સિપાહીઓનું ધ્યાન બીજી તરફ હતું. આ તકનો લાભ લઇ યુવતીએ ધીમે ધીમે ચાલવા માંડયું. થોડેક દૂર જતાંજ તેણે દોટ મૂકી નાસવા માંડયું.

સહસા એક સિપાહીની નજર એ તરફ ગઇ. તે ચમકં અને બોલ્યો; " અલ્યા દોડો, દોડો."

" કેમ શું છે ? " બધાએ તેની નજીક દોડી આવી પૂછ્યું.

"આમ પણે જુઓ; પેલી નાઠી."

સઘળાએ એ તરફ જોયું. યુવતી નાશી જતી જણાઇ.

સઘળાએ દોટ મૂકી. બહાદર સૌની આગળ દોડયો અ થોડીવારમાંજ તે યુવતીની નજીક આવી પહોંચ્યો.

યુવતીએ તેને નજીક આવેલો જોયો. મનમાં ગભરાઈ. ભયર ધ્રુજવા લાગી. નાશી જવું સલામત જણાયું નહિ. તે હિંમતથી ઉભ રહી. બહાદરે તેની આગળ ફરીવળી પૂછ્યું. " સુંદરી ! આટલી બધ તસ્દી શા માટે લીધી ? "

યુવતીએ કંઇ પણ જવાબ આપ્યો નહિ.

પુનઃ બહાદરે પૂછ્યું, "બોલોને ? નાશીને ક્યાં જવાનો ઇરાં હતો ?"

સુંદરી જવાબ આપે તે પહેલાંજ બીજાઓ ત્યાં આવ્યા અ તેને ઘેરીને ઉભા રહ્યા. એક બોલ્યો; "જબરી તો ખરી."

" પણ તેની જબરાઇ આપણી આગળ કામની શી ? "

" તેણે આપણને બહુ દોડાવ્યા. "

" તેનું ફળ તેને બરાબર મળશે, શં......સિપાહી આગ બોલે એ પહેલાંજ બહાદુર કોપથી બોલ્યો; "ચુપ રહો."

સિપાહીઓ બોલતા બંધ રહ્યા.

પુનઃ બહાદરે સુંદરીને પૂછ્યું; " તમે આમ ક્યાં જતાં હતાં ?

તેના વારંવાર પૂછવાથી યુવતી કંટાળી અને બોલી, " : સઘળું પૂછવાની તમારે શી જરૂર છે ? "

" હું તમારો શુભેચ્છક છું." બહાદરે કહ્યું.

" મારૂં શુભેચ્છક અહિં કોઇજ નથી." યુવતીએ જણાવ્યું.

" તમારા મનમાં અવિશ્વાસ છે ?"

" હા, વિશ્વાસઘાતી મનુષ્યોની જગતમાં ઘણી વૃદ્ધિ થઇ રહી છે."

" તમે કોણ છો ?"

" હું ગમે તે હું, તમારે શું કામ છે ?" યુવતીએ પૂછ્યું.

" મારે તમારી સાથે અગત્યની વાત કરવી છે."

" કહો."

બહાદરે સિપાહીઓને થોડેક દૂર ઉભા રાખી યુવતી પ્રત્યે કહ્યું, " મને તમારી ઘણીજ દયા આવે છે."

" જે ન્યાયી અને ધર્મી હોય છે તેના હૃદયમાં સદાકાળ દયાનો વાસ હોય છે ભલાભાઈ ! મને એતો જણાવો કે તમે કોણ છો અને મને અટકાવવાનું શું કારણ છે ?"

" બાઇ ! હું એક જમાદાર છું."

" તમારૂં નામ ?"

" બહાદરસીંગ. જાતે રજપૂત. ઉમ્મર વરસ ત્રીસની." બહાદરે બડાઈ હાંકી.

" તમારા શેઠનું નામ ?"

" તે હું કહી શકીશ નહિ."

" કારણ ?...

" મારી એવીજ મરજી છે."

" ઠીક હવે મને રોકી રાખવાનું કારણ જણાવો ?"

" કારણમાં એજ કે તમે અમારા શેઠનાં તાબેદાર છો."

" એટલે ?"

"ગમે તે માનો."

"તેમના કહેવાથી મને રોકી રાખી છે નહિ વારૂ ?"

"હા."

"તમારો શેઠ શું ધંધો કરે છે ?"

"ગુલામો ખરીદવાનો અને વેચવાનો."

"ત્યારે તો મને પણ ક્યાંક વેચી નાખશે નહિ વારૂ ? "

"એતો એની મરજીની વાત."

"લ્યો ત્યારે રામ રામ." યુવતીએ કહ્યું.

"કેમ વારૂ ?"

"હું હવે રજા લઇશ."

"ક્યાં ?"

"મારે ફાવે ત્યાં. આખું મેદાન પડયું છે."

સિપાહી આશ્ચર્ય પામીને મનમાં બોલ્યો; " ઓત્ તારીની આણે તો વંજો માપવા માંડયો; પણ હું તેને ક્યાં એમ જવા દ એવો છું." આમ વિચારી સિપાહીએ કહ્યું, "સુંદરી ! તમારા જઇ શકાશે નહિ."

"કેમ ?"

"મારા શેઠનો હુકમ છે."

"હું તારા શેઠને માનતી નથી. તારા શેઠને ઓળખતી નથી

"તે તમે ગમે એમ કહો; પણ હું જવા દેનાર નથી."

"હું બળાત્કારે જઇશ."

"હું બળાત્કારે અટકાવીશ."

"ભલા માણસ ! તું દયાળુ છે; તો કંઇક તો ભલું કર."

'હું તમારા માટે મારા શેઠને વિનંતી કરીશ."

"શી ?"

"તો આ બાઇને સારી નોકરી પર ચઢાવો."

"મારે નોકરી કરવી નથી."

"શા માટે ?"

"મારી મરજી."

"ત્યારે કોઇનું ઘર માંડજો."

"મારે એમ પણ નથી કરવું. હુંતો જઇશ. મુઓ તમારો શેઠ." આમ બોલી તે યુવતીએ ત્યાંથી ચાલવા માંડયું.

"બાઈ! સાહસ કરવાનું પરીણામ ખરાબ આવે છે ?" પુનઃ જમાદારે તેને આગળ વધતી અટકાવી.

"પરીણામની મને પરવાહ નથી."

"શું તમે જીવથી કંટાળ્યાં છો ?"

"હા, જગતમાં કંઇ સાર નથી. ચાલો; દૂર ઉભા રહો અને મને જવાદો."

"ઉતાવળ કરો નહિ. ધીરાં પડો."

"શા માટે ?"

"તમારા સારાને માટે."

"હું કંઇ પણ માનનાર નથી."

"મારો શેઠ ઘણો સારો માણસ છે."

"ટારર સરદાર સારો હોયજ નહિ."

"તમે તેને જોતાંજ ખુશ ખુશ થઇ જશો."

"મારે ખુશી થવું નથી."

"તે ઘણો રૂપવાન છે."

"તેના રૂપમાં આગ લાગો. મારે તેના રૂપને શું કરવું છે ?"

" હું તમારા માટે પ્રયત્ન કરીશ."

" શાનો ?"

" તમને સુખી કરવાનો."

" શું મને છોડી મૂકાવવાનો."

" ના."

" ત્યારે ?"

" તમને તેની પત્ની બનાવવાનો."

" ખામોશ. આગળ બોલીશ નહિ. આ અબળાને તું જેવી તેવી માનીશ નહિ."

" સિપાહી હશી પડયો અને બોલ્યો, " તું શું કરીશ ?"

" અપશબ્દ બોલનારની જીભજ ખેંચી નાખીશ."

" એમ કે ?"

" હા."

" અરે ! તું એક અબળા છે. તું શું કરવાને શક્તિવાન છે !"

" મૂર્ખ ! મને અબળા માનીશ નહિ. હું જો કે અત્યારે અસ્હાય અવસ્થામાં છું; એકલી છું; પણ તારા જેવા દશ દૈત્યોને પુરી પડવા સમર્થ છું. સમજ્યો ?" યુવતીએ મોટા અવાજે કહ્યું.

" અરે વાહરે ! હું પણ જોઉં છું કે તું શું કરે છે અને અને કેવી રીતે જાય છે."

" જો; આ ચાલી."

યુવતી નિર્ભયતાથી આગળ વધી. તેની હિંમતથી સઘળા આશ્ચર્ય પામ્યા. જમાદાર પુનઃ તેની નજીક દોડી ગયો અને તે યુવતીનો હાથ પકડયો. રમણી છેડાઇ. તેનું મુખ ગુસ્સાથી રાતુંચોળ બન્યું. તેણે કર્કશ અવાજે કહ્યું, " મારો હાથ મૂકી દે."

“ એ નહિ બને. ” જમાદારે ઉદ્ધતાઇથી કહ્યું.

“ પરીણામ ગંભીર આવશે. ”

“ પરવાહ નહિ. ”

“ એમ તો લે. ” આમ બોલતાંજ તે યુવતીએ સાડીમાં છૂપાવેલું ખંજર બહાર ખેંચી કાઢયું અને સિપાઇપર ઉગામ્યું. જમાદાર ભયભીત બન્યો અને તે અબળાનો હાથ મૂકી દૂર ખસી ઉભો.

અબળાનું પ્રબળ સાહસ નિહાળી બીજા સિપાઇઓ પણ આશ્ચર્ય પામ્યા અને એક બીજા સામે નિહાળી રહ્યા.

આ તકનો લાભ લઇ રમણી મૂઠીઓ વાળી નાઠી. સિપાહીઓ સ્તબ્ધ બની તેની પાછળ જોઇ રહ્યા. અબળા જોતજોતામાં અદૃશ્ય થઇ.

અબળા નાશી છૂટી. અરણ્ય તરફ દોડી. મનમાં છૂટકારાનો દમ ખેંચ્યો. દુશ્મનના ભયથી મુક્ત થવાનો નિશ્ચય થયો. પણ તેના નશીબમાં નાશી છૂટવાનું હતું નહિ. પ્રારબ્ધના લેખ જુદાજ હોય છે. માણસ ધારે છે કંઇ અને નશીબ યોજે છે કંઈ. મોટા પુરૂષોને પણ પ્રારબ્ધને આધિન થવું પડયું છે. પ્રારબ્ધની આડે પાંદડું. અંદર શું લખાયું છે તે જાણવાને કોઇ પણ શકતીવાન થયો નથી. કહેવત છે કે નશીબ બે ડગલાં આગળનું આગળ. બિચારી અબળાના નશીબમાં દુઃખનાજ લેખ લખાએલા હતા. નશીબે તેને નાસવા ન દીધી. સિપાહીઓથી દૂર તો આવી, પણ ભયના લીધે વારંવાર પાછળ દૃષ્ટિ કરતાં માર્ગ વચ્ચે પડેલા એક પત્થરની તેને સખ્ત ઠોકર વાગી. પવનથી સુકોમળ વૃક્ષ જેમ એકાએક તૂટી પડે તે પ્રમાણે રમણી બીચારી જમીનપર પટકાઇ પડી. ઠોકર એવી તો સખ્ત વાગી હતી કે તે બિચારીનાથી એકદમ ઉઠી શકાયું નહિ. વાગેલા સ્થળેથી લોહી પણ નીકળવા લાગ્યું. યુવતીની આંખ્યોએ તમ્મર આવ્યા. તેણે

હાથવતી આંખ્યો બંધ કરી. થોડીવારે તમ્મર વળ્યા. કળ પણ વળી અને તેણે પાછળ જોયું. તે ચમકી અને ઉઠીને નાસવાનો પ્રયત્ન કરવા લાગી; પણ તે તેના પ્રયત્નમાં નિષ્ફળ નીવડી. તેનાથી ઉભા થઈ શકાયું નહિ. પાછળ બે સિપાહીઓ દોડયા આવતા હતા; અને સામેથી માણસોનો મોટો કાફલો આવતો હતો. કાફલો આવતો જાણી યુવતીના મનમાં હિંમત આવી. તેણે વિચાર્યું કે કાફલાના માણસોની મદદ માગીશ અને બચીશ. પણ તરતજ તેની ધારણા ધુળ મળી, યુવતીની નજર કાફલાની આગળ ઘોડેસ્વાર થએલા એક માણસ પર પડી, કે જેને ઓળખતાંજ યુવતીના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ અને પીંપળાના પાંદડાની માફક ધ્રુજતી આવનાર કાફલાને અવલોકી રહી. આવનાર કાફલો લગભગ બસેં માણસોનો બનેલો હતો. સઘળા માણસો હથીઆર બંધ હતા. સૌની આગળ એક ઘોડેસ્વાર હતો. આ ઘોડેસ્વાર વયે વૃદ્ધ હતો. દાઢી લાંબી હતી. દાઢીના વાળ સફેત પુણી જેવા જણાતા હતા. મૂછો ભરાવાદાર હતી. તે પણ સફેત બની ગઈ હતી. મુખપરની ચામડી નરમ પડવાથી કરચલીયો પડેલી હતી. આંખ્યો ઉંડી ઉતરી હતી; પણ આંખ્યોમાં ક્રૂરતા સ્પષ્ટ જણાતી હતી. કિમતી અશ્વપર સ્વાર થએલો તે બુઢ્ઢો ભયંકર લાગતો હતો. તેના શરીરનો વર્ણ શ્યામ હતો. નાક ચપટું અને હોઠ જાડા હતા. તેનો દેખાવ બહુધા આફ્રિકાના હબશી જેવો હતો. બુઢ્ઢાની ઉમ્મર એંશી ઉપરાંત હોય એમ અનુમાનથી જણાતું હતું. મરણને લાયક થએલો બુઢ્ઢો હજી મરવાને લાયક જણાતો ન્હોતો. શરીરે પુષ્ટ અને કદાવર હતો. નબળા-પોચાં કાળજાંનાં મનુષ્યો તો તેને જોતાંજ ભયભીત બને એવો દેખાવ એ કાળીઆ બુઢ્ઢાનો હતો. બુઢ્ઢાએ તેના શરીરને કીમતી વસ્ત્રોથી શોભાવ્યું હતું. ઢાલ તલવાર

ઉપરાંત કમ્મરમાં કટાર જંબીયો ખોસેલાં હતાં. આ બુઢ્ઢાના ઘોડાની સાથે એક બીજા ઘોડાપર એક યુવાન સ્વાર થએલો હતો. આ યુવાન તે બુઢ્ઢાનો પુત્ર થતો હતો. યુવાનની ઉમ્મર આશરે વિશેક વર્ષની જણાતી હતી. તેણે પણ કીંમતી પોશાક પરીધાન કર્યો હતો. છોકરાના શરીરનો રંગ પણ તેના પિતાના જેવોજ હતો. કિંમતી કપડાં તેમને જરીક પણ શોભતાં ન્હોતાં. પિતા-પુત્રના ઘોડા જોડા-જોડ ચાલતા હતા. બન્ને ખુશ મીજાજથી પરસ્પરમાં વાતો કરતા હતા.

બાપ દિકરાની પાછળ ઘણા ઘોડેસ્વાર હતા. ઘોડેસ્વારોની પાછળ પાયદળ હતું. તેની પાછળ સર સામાન લાદેલાં ઉંટ હતાં. વચ્ચે વચ્ચે પડદાવાળી કેટલીક ડોળીયો પણ હતી. એ ડોળીઓની ચારે બાજુ ઘણા પાયદળ સિપાહીઓ બન્દુક સજેલા ચાલતા હતા અને વારંવાર ડોળીઓ તરફ નજર રાખતા હતા. સઘળો દેખાવ રાજશાહી હતો.

આ સઘળા માણસો એક મોટા મેદાન આગળ આવ્યા. ત્યાં જ પેલી અબળા બેશુદ્ધ થઇ પડેલી હતી. બુઢ્ઢો અબળાને જોતાંજ આશ્ચર્ય પામ્યો અને પછી મનમાં ખૂબ હસ્યો. એટલામાં પાછળથી આવનાર સિપાહીઓ પણ નજીક આવ્યા અને બુઢ્ઢાને સલામ કરી ઘુંટણે પડયા. બુઢ્ઢાએ પોતાના માણસોને ત્યાંજ પડાવ નાખવાની આજ્ઞા કરી. અનેક માણસો કામે વળગી ગયાં. જોતજોતામાં તે મેદાન તંબુ-રાવટીઓથી શોભવા લાગ્યું. દેખાવ એકાદ ગામ જેવો થઇ રહ્યો.

પ્રકરણ ૧૨ મું.

ગુલામોનો વેપારી.

બુડ્ઢો હજી પેલી અબળાની આગળજ હતો. આ વખતે તે નીચે બેઠો હતો. તેનો પુત્ર તેની પાસે ન્હોતો. બુઢ્ઢાની આસપાસ ખુલ્લી તરવારો વાળા સિપાહીઓ ઉભા હતા. બુઢ્ઢાની સામે પેલી અસહાય અબળા બેશુદ્ધાવસ્થામાં પડેલી હતી. પેલા બે સિપાહીઓ હજી પણ ઘુંટણે પડેલા હતા. બુઢ્ઢો મનમાં હસતો હતો; અને વારંવાર દાઢીપર હાથ ફેરવી રમણીને નિહાળતો હતો. આવી રીતે કેટલોક વખત વિત્યો. પછી પેલા બુઢ્ઢાએ તેની ખૂની આંખ્યો મટમટાવતાં પેલા ઘુંટણે બેઠેલા સિપાહીઓ તરફ નજર ફરી પૂછ્યું, " બરાબર બેસો. "

આજ્ઞાનો અમલ તરતજ થયો. ઘુંટણે પડેલા સિપાહીયો બુઢ્ઢાની સામે અદબથી બેઠા. બુઢ્ઢાએ પૂછ્યું, " તમે ક્યાંથી આવ્યા ? "

"છાવણીમાંથી." એક સિપાહીએ અતી નમ્રતાથી જવાબ આપ્યો.

" છાવણી ત્યાંજ છે કે બદલી છે ? "

" ત્યાંજ છે. "

" શું સમાચાર છે ? "

" બધું બરાબર છે. "

" કોઈ આવ્યું હતું ? "

" ના. "

" કોઈ સરદારી માણુસ જણાયું હતું ? "

" ના. "

"તમે બરાબર સાવધ હતાને ?"

"હા."

"આ તરફ કેમ આવ્યા ?"

"કારણ મોજુદ છે." સિપાહીઓએ અબળા તરફ હાથ લંબાવી કહ્યું.

"એટલે ?"

"આ બલાના લીધેજ અમારે અહિં આવવું પડયું છે."

"શું કંઈ કામ હતું ?" બુઢ્ઢાએ માર્મીક હશીને પૂછ્યું.

"ના."

"ત્યારે ?"

"આ ત્યાંથી નાશી આવી છે ?"

"હાં ઠીક; અને તેથી જ તમે તેને પકડવા આવ્યા નહિ વારૂ ?"

"હા."

"ઘણી જબરી છોકરી છે."

"હા નામદાર; અમને પણ તેણે ઘણા હયરાન કર્યા છે."

"બીજું કાંઈ કર્યું છે ?"

"બીજું શું કરે ?"

"કદાચ તમને માર્યા પણ હોય ?"

"અન્નદાતા ! તે પણ તેણે બાકી રાખ્યું નથી."

"ત્યારે ઝટ ભરી મરતા કેમ નથી ?" બુઢ્ઢાએ કંઈક કોપથી પૂછ્યું.

સિપાહીઓ વૃદ્ધની આંખ્ય નીહાળી ધ્રુજી ઉઠયા.

પુનઃ બુઢ્ઢો બોલ્યો; "કહો આણે શું કર્યું છે ?"

"આપણા બે સિપાહીઓને જખમી કર્યા છે."

"ઠીક; તે બે સિપાહીઓ જીવે છે કે મરી ગયા છે ?"

"જીવે છે."

"તે સારૂં થયું નહિ."

સિપાહીઓ સ્તબ્ધ બન્યા અને બોલ્યા, "નામવર ! તેઓને જખમ સ્હેજ છે એટલે ચિંતા જેવું નથી."

"તેઓને ઉંડા જખમની જરૂર હતી. તેઓને જીવવાની પણ જરૂર ન્હોતી. એક વૈરીના હાથનો માર ખાનાર માણસ મારા મનથી જીવતો છતાં મુએલા સમાન છે. તમારા સખ્ત ચોકી પહેરામાંથી આ બાઇ નાઠી અને વળી બે જણને જખમી કર્યા; આ સાંભળી હું આશ્ચર્ય પામું છું અને તમારી બેદરકારીને માટે તમને ધિક્કારૂં છું." બુઢ્ઢાએ બુલંદ અવાજે કહ્યું.

સિપાહીઓનાં મોતીયાં મરી ગયાં. તેઓને સ્વપ્ને પણ આશા ન્હોતી કે સરદાર તરફથી આવા શબ્દો શ્રવણ કરવા પડશે. બન્ને સિપાહીઓ એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યા વિના ભયભીત નજરે બુઢ્ઢાના વિકાળ વદનને અવલોકી રહ્યા.

થોડીવારે બુઢ્ઢો પુનઃ ઘોઘારી અવાજે બોલ્યો; "તમે શું જોઇ રહ્યા છો ?"

"આપની આજ્ઞા ?" સિપાહીઓએ હાથ જોડી કહ્યું.

"આજ્ઞામાં એજ કે હું તમારાં કાળાં મુખ જોવાને ઇચ્છિતો નથી."

"કૃપાળુ ! અમારો અપરાધ ?"

"નાદાનો ! શું પૂછો છો ? પૂછતાં શરમાતા નથી ? તમારો ગૂન્હો ભારે છે."

"અમે સમજી શકતા નથી."

"તમારે જાણવું છે ?"

"હા અન્નદાતા."

"બેદરકારી એજ તમારો ગૂન્હો. તમે શામાટે બરાબર નજર ન રાખી કે જેથી આ બાઈ ત્યાંથી નાશી છૂટી? મારા માનવા મૂજબ એમજ બનેલું હોવું જોઇએ કે તમારામાંથી કોઇની નજર આનીપર બગડી હોવી જોઇએ અને એથી જ આ બાઇ તમારા સખ્ત બંદોબસ્તમાંથી નાશી છૂટી."

સિપાહીઓના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. બહાદરસંગ આ સ્ત્રી તરફ આકર્ષાયો હતો તે તરત જ તેમને યાદ આવ્યું; પણ પોતાના જાતભાઇને નુકશાન નહિ પહોંચાડવાની ઇચ્છાથી તેઓ કંઇ પણ નહિ બોલતાં બુઢ્ઢાનું બોલવું સાંભળી રહ્યા.

પુનઃ બુઢ્ઢાએ કર્કશ સ્વરે પૂછ્યું; "કેમ મારી માન્યતા ખરી છેને?"

"ના નામવર."

"તમે જુઠ્ઠા છો."

"અમે સોગન ખાઇ જણાવીએ છીએ કે અમે આ બાઇ તરફ ખરાબ નજરે જોયું જ નથી."

"ત્યારે કહો કે આ બાઇ તમારી બ્હેન–છોકરી જેવી છે."

તરત જ તે બન્ને સિપાહીઓએ કહ્યું કે; "આ બાઈ અમારી બ્હેન–છોકરી સમાન છે."

"ઠીક, જાવ; તમારો ગૂન્હો માફ કરવામાં આવે છે; અને હવેથી બેદરકાર નહિ રહેવાની તાકીદ કરવામાં આવે છે."

સિપાહીઓ તરત જ ત્યાંથી ચાલતા થયા. તેમના ગયા પછી બુઢ્ઢાએ પોતાની આસપાસ ઉભેલા સિપાહીઓ પ્રત્યે કહ્યું; "આને સાવધ કરી સ્ત્રીઓ ભેગી લઈ જાવ."

બુઢ્ઢો ત્યાંથી ચાલતો થયો અને મેદાન વચ્ચે મૂકેલી કેટલીક

ડોળીયો પાસે આવી ઉભો. ત્યાં પહેરા ભરતા સિપાહીઓ બુઢ્ઢાને જોતાં જ સાવધ થઇ ઉભા અને જેમ વાઘને જોઇ બકરાં ધ્રુજે એ મુજબ બુઢ્ઢાના આગમનથી સર્વના મનમાં ભયનો સંચાર થઇ રહ્યો.

બુઢ્ઢાએ ડોળીયોની ગણત્રી કરી અને પછી સિપાહીઓને કહ્યું; "ડોળીયો ખોલી નાખો અને બધીયોને બહાર કાઢી મોટા તંબુમાં લઇ જઈ ખાવા પીવાની વ્યવસ્થા કરો."

સિપાહીઓ ડોળીયોની નજીક દોડી ગયા અને ડોળીયોની આસપાસ વિંટેલાં કપડાં કાઢી નાખ્યા. ડોળીયોમાંથી અનેક સ્ત્રીયો બહાર નીકળી. સઘળી ખુબસૂરત હતી; પણ ભય ત્રાસથી તેમનાં મુખ પર નિસ્તેજતા અને ફિકાશ છવાએલી હતી. દરેક સ્ત્રીયોને પ્રથમ લાઇન બંધ ઉભી કરી. બુઢ્ઢાએ સામે ઉભા રહી દરેકની ગણત્રી કરી અને પછી લઇ જવાની આજ્ઞા કરી.

સિપાહીઓ આગળ ચાલ્યા. સ્ત્રીયો પાછળ ચાલી અને તેમની પાછળ થોડાક સિપાહીયો ચાલ્યા. એક મોટા તંબુમાં સ્ત્રીયોને લઇ જવામાં આવી.

બુઢ્ઢો પણ ઉતાવળે પગલે તેના માટે ઉભા કરવામાં આવેલા તંબુમાં આવી એક મોટા ઢોલીયા પર આડો પડયો.

પેલી તરફ બે સિપાહીયો પેલી બેશુદ્ધ બાળાની સારવાર કરવા લાગ્યા. એક સિપાહી પાણી લઈ આવ્યો. બીજો એક માથા પર પાણી છાંટવા લાગ્યો. લગભગ પા કલાકે બાળાને ભાન આવ્યું. તેણે આંખ્યો ઉઘાડી. સામે યમરાજ જેવા ભયાનક ભાસતા સિપાહીઓ નજરે પડયા. રમણીએ આંખ્યો બંધ કરી દીધી; પણ પુનઃ પાછી ઉઘાડી. સિપાહીઓ હસવા લાગ્યા. યુવતી બેઠી થઇ. તેણે કોમળ અવાજે પૂછયું, "તમે કોણ છો?"

"તમારા માલીકના નોકરો."

"મારો માલીક કોણ?" અબળાએ રોશથી પૂછ્યું.

"તમને પકડી લાવનાર."

"શું પેલો કાફર બુઢ્ઢો?"

"હા."

"તે ક્યાં છે?"

"અહિં નજીકમાં જ; જુઓ; પેલા તંબુમાં."

"અફસોસ." અબળાએ તંબુ તરફ જોઇ નિઃશ્વાસ નાખ્યો.

સિપાહીએ કહ્યું; "તમે શા માટે ગભરાવ છો?"

"હું શા માટે ગભરાઉં છું; તે ફક્ત મારૂં મનજ જાણે છે."

"ગભરાવાની કંઈ જરૂર નથી."

રમણી કંઇ બોલી નહિ.

બીજો સિપાહી બોલ્યો, "સ્ત્રીએ ગભરાવાની જરૂર નથી."

પુનઃ રમણીએ તેના સામે તાકીને જોતાં પૂછ્યું, "કેમ વારૂં?"

"તમે સ્ત્રી છો અને વળી ખુબસુરત છો."

"તેથી શું ડરવું-ગભરાવું નહિ?"

"બિલકુલ નહિ. તમે ધારો તો ઘણાં સુખી થઇ શકો એમ છો."

"શી રીતે?"

"સરદારનો અગર કુમારનો પ્રેમ સંપાદન કરીને."

"ચૂપ રહો. હવે એક પણ શબ્દ બોલશો નહિ."

"તારો મીજાજ તો જબરો છે?"

"તેમાં તમારે શું?"

"થોડા વખતમાંજ તારો મીજાજ ઉતારવામાં આવશે."

"તે વખતે જોઇ લેવાશે."

"માર પડશે એટલે ખબર પડશે."

અબળા બોલી નહિ.

સિપાહીએ કહ્યું; "હવે ચાલશો ?"

"ક્યાં ?"

"તંબુમાં."

"કોના ? શું બુઢ્ઢાના ?"

"ના, અત્યારે ત્યાં જવાનું નથી."

"ત્યારે ?"

"અત્યારે તો તમારે બીજી સ્ત્રીયોની સાથે જ રહેવાનું છે."

"પછી ?"

"પછીની વાત સરદાર જાણે."

યુવતી થોડીવાર વિચારમાં રહી અને પછી એકદમ ઉભી થઇ બોલી; "ચાલો."

આ વખતે યુવતી ભયભીત જણાતી ન્હોતી. તેના મુખ પર હિંમત અને નિર્ભયતા જણાતાં હતાં. તે આગળ ચાલી. સિપાહીઓ આશ્ચર્ય પામ્યા. થોડીવારમાં તે યુવતીને લઇ સિપાહીઓ એક રાવટીમાં આવ્યા, અનેક સ્ત્રીયો આ રાવટીમાં હતી. સઘળીનાં મુખ ઉદાશ હતાં. કેટલીકની આંખ્યોમાંથી આંસું વ્હેતાં હતાં.

ખાવા-પીવાની ધમાલ ચાલુ હતી.

આવેલી યુવતી પણ અંદર ભળી ગઇ. સિપાહીયો ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૩ મું.

વાતચીત.

રાત્રિ પડી. કૃષ્ણ પક્ષ હતી. અંધકારે આધિપત્ય જમાવ્યું. નિશાચરોનું સામ્રાજ્ય શરૂ થયું. અંધ દશા ભોગવતાં પક્ષીઓને આંખ્યો પ્રાપ્ત થતાં આનંદ થયો. નીચ નિંદ્ય કર્મ કરી જીવન ગુજારનારા પણ આનંદ પામ્યા. શાન્તિ વ્યાપતિ ગઇ. તારાઓ ઝબકવા લાગ્યા, મેદાનમાં પડેલી છાવણીમાં દીપકો પ્રકટાવવામાં આવ્યા, એક મોટા તંબુમાં સ્ત્રીયો કેદની દશામાં બેઠેલી હતી. સર્વના મુખ પર શોક-દુઃખની વિષાદ છાયાઓ છવાએલી હતી. દીવાનું નાનું કોડીયું મંદ પ્રકાશે પ્રકાશી રહ્યું હતું. દીવાનું ઝાંખું અજવાળું દુઃખી અબળાઓને દુઃખમાં દિલાસો આપતું હોય એમ તેના અતી ઝાંખા અજવાળાથી અનુમાન થતું હતું.

એવામાં બે દાશીયો ત્યાં આવી. આ દાશીયો પહેરેગીરનું કામ કરતી હોવાથી શસ્ત્રોથી વિભુષીત થએલી હતી. તેમાંની એકના હાથમાં ફાનસ હતું. ફાનસની આગળ ચાલનારી પહેરગીર દાશીએ સર્વને સંબોધીને પૂછ્યું; "તમારે ખાવાની મરજી છે કે ?"

"હા." કેટલીક સ્ત્રીયોએ જવાબ આપ્યો.

"તૈયાર રસોઇ ખાશો કે હાથે બનાવીને ?" પુનઃ તે પહેરેગીર દાશીએ પૂછ્યું.

જવાબ આપનાર અબળાઓએ તૈયાર રસોઇ ખાવાની મરજી જણાવી.

બે બાઇયો ત્યાં નજીકમાં બેઠી હતી. તેમણે કંઈ જવાબ

આપ્યો ન્હોતો, આથી પેલી સ્ત્રીએ તે બન્નેને પૂછ્યું, "તમારી શી મરજી છે?"

"શાની?" બન્ને બાઇઓએ પૂછ્યું.

"ખાવાની."

"અમારે ખાવું નથી."

"કેમ?"

"અમારી મરજી."

"આમ ભૂખે ક્યાં સુધી મરશો?"

"તે જાણવાની તારે જરૂર નથી."

પહેરેગીર સ્ત્રી હસી અને બોલી, "તમે ગમે એટલી લાંઘણો કરશો પણ અહિંથી તમારો છૂટકો થનાર નથી."

"અમારે છૂટવું નથી."

"ત્યારે શું કરવું છે?"

"કાંઇ નહિ."

"ત્યારે ખાવાની શા માટે ના પાડો છો?"

"અમારી મરજી."

"વારૂ જોઇએ છીએ કે તમે ક્યાં સુધી ભૂખ્યાં રહો છો?" આમ બોલતી તે બન્ને પહેરેગીર સ્ત્રીઓ ત્યાંથી ચાલતી થઇ.

વાંચકો! તમે આ બન્નેને ઓળખી હશે? ખાવાનું ના પાડનાર, બન્ને અબળાઓમાંથી એક તો જે આજે સપડાએલી સુંદરી હતી અને બીજી એક ઘણી જ નાજુક અને ખુબસુરત રમણી હતી. આ નાજુક લલનાની આંખ્યોમાંથી આ સમયે અસ્ખલિત અશ્રુ ધારા વહેતી હતી. તેના મુખ કમળમાંથી વારંવાર ઉષ્ણ નિઃશ્વાસ નીકળતા હતા. સપડાએલી સુંદરી તેને આશ્વાસન આપતી હતી પણ તે સુંદરી શાન્ત થતી ન્હોતી.

એટલામાં ખાવાનું આવ્યું. આ બન્ને બાળાઓ સિવાય તમામ સ્ત્રીયોએ ખાવાનું ખાઇ લીધું. ખાવા પીવામાં ઘણો વખત વિત્યો, બાદ સ્ત્રીયો નિદ્રાધિન થઇ. પહેરેગીરો પહેરો ભરવા લાગ્યા, મધ્યરાત્રિ થઇ. સર્વત્ર શાન્તિ પથરાઇ રહી. જ્યારે સર્વ સ્ત્રીયો નિદ્રાની છાયામાં પડી ત્યારે પેલી બે યુવતીયો હજી જાગૃતાવસ્થામાં બેસી રહી હતી. પેલી નાજુક અબળા હજી પણ રડતી હતી, પણ આપણી પેલી અબળા રડતી ન્હોતી. તેના મુખ પર કંઈક હિંમત અને નિશ્ચય જણાતાં હતાં. આ સુંદરીએ રડતી રમણીને પૂછ્યું, "બ્હેન! આવી રીતે ક્યાં સૂધી રડયા કરશો ?"

રમણી અશ્રુપૂર્ણ નેત્રે બોલી, "બ્હેન! મારા નશીબમાં સદાકાળ રડવાનું જ લખાએલું છે."

"ગમે તે લખાયું હોય; પણ રડવાથી શું વળશે ?"

"ત્યારે હું શું કરૂં ?"

"તમે કોણ છો ?"

"એક અભાગિની."

"બ્હેન! આવું શા માટે બોલો છો ? ભગવાન આપણને જરૂર દુઃખ મુક્ત કરશે. ધિરજ ધરો."

"શી રીતે ધીરજ ધરૂં ? હું નિરાશા સિવાય કંઇપણ જોઇ શકતી નથી."

"હું પણ તમારા સમાન જ દુઃખી છું. બ્હેન! મને તમારી ઓળખાણ તો કરાવો ?"

"હું એક રાજાની રાણી છું."

"શું કહો છો ?" યુવતીએ આશ્ચર્યતા દર્શાવી પૂછ્યું.

"હું સાચું કહું છું."

"આપના સ્વામીનું નામ?" યુવતીએ તે રાણીના મુખ તરફ જોઇ રહી પૂછ્યું.

"હેમસિંહ."

યુવતી ચમકી અને બોલી; "શું તમે રાણી સત્યમતિ?"

"હા."

"તમે આ દુષ્ટોના ફંદામાં કેવી રીતે સપડાયાં?"

"બ્હેન! મારા કરમની કથની ઘણી કરૂણ છે. મહારાજા લડાઇમાં પધાર્યા. હું તેમના વિયોગથી ઝુરતી હતી અને તેમના જ વિચારમાં એક દિવસ મહેલમાં સૂતી હતી. તેવામાં મને કોઇક બેશુદ્ધ કરીને ઉપાડી ગયું. જ્યારે જાગૃત થઇ ત્યારે મને માલમ પડયું કે હું એક કિલ્લામાં કેદ પૂરાએલી છું.

"પછી?"

"એ ઉજ્જડ કિલ્લામાં હું કેટલાક દિવસ કેદ થઈ. એવામાં ત્યાં કોઇ બુરખાવાળા આવ્યા અને મને તેમની સાથે લઇ ગયા. એક જંગલમાં અમે આવ્યાં. એક વૃક્ષ નીચે બેઠાં. મને લઇ આવનાર બુરખાવાળા બેજણ હતા. તેમાંનો એક જંગલમાં કંઇક લેવા ચાલ્યો ગયો. બીજો આડો થયો અને થોડીવારમાં ઉંઘી ગયો. આ તકનો લાભ લઇ હું ત્યાંથી નાશી છૂટી. એક બે દિવસ જંગલમાં અથડાઇ ઘણી દુઃખી થઇ. એવામાં એક માણસ મળ્યો. તે માણસ દેખાવમાં ઉપરથી ઘણો સારો જણાતો હતો; પણ પછીથી મને ખબર પડી કે તે માણસ જ મને અહિં ફસાવનાર હતો. તે માણસને મેં રસ્તો પૂછ્યો. તેણે મને ઘણું આશ્વાસન આપી મને દેહ નગરમાં પહોંચાડવાનું વચન આપ્યું. મેં તેને આશિષ આપી અને પછી તેની સાથે ચાલી. ત્રણ દિવસની મુસાફરી કર્યા બાદ અમે એક નાના

...માં આવ્યાં. આ ગામમાં જ આ કાફર ગુલામના વેપારીનો ...મ હતો. પેલો માણસ મને તેની પાસે લઇ ગયો અને મને તે ...દારને સોંપી ત્યાંથી ચાલતો થયો. પછીથી મને ખબર પડી કે હું ...મ બની છું. બસ ત્યારથી મેં ખાવું પીવું ત્યાગી રડવું શરૂ કર્યું ... બ્હેન! મારા કરમની કથની આ પ્રમાણે છે." રાણીએ ટુંકમાં ... હકીકત જણાવી.

સાંભળનાર યુવતી પણ દુઃખી થઈ અને રાણીને શાન્તવન ...પવા લાગી.

રાણીએ તેને પૂછ્યું, "બ્હેન! હવે તમારી હકીકત જણાવો?"

"મારી વાતમાં કંઇ જાણવા જેવું નથી."

"તમે કોણ છો?"

"હું પણ તમારી માફક દૈવયોગે સપડાઇ છું. રાણીજી! તમે ...રકન્યા વિશ્વમોહિનીને ઓળખતાં હશો?"

"હા, શું તે તમેજ?" રાણીએ ઉત્સુકતાથી પૂછ્યું.

"ના."

"ત્યારે?"

"હું તો તેમની સખી છું."

"તમારૂં નામ?"

"વસંતમાલતી."

"એમ કે? વારૂં તમે શી રીતે સપડાયાં?"

"તમે જાણતાંજ હશો કે વિશ્વમોહિની અને તેમની સખી ...ીકાન્તા ઘણા વખતથી ગૂમ થયાં છે.

હું તે બન્નેની શોધમાં નીકળી હતી, આ ગામથી બીજે ગામ ...ન ફરતી ફરતી એક જંગલમાં આવી ચઢી. એ જંગલમાં આ

લોકોનો મુકામ હતો. હું કોઈ રાજાનો મુકામ સમજી ત્યાં ગઇ અને એક માણસને મળી મેં તે રાત્રિ ત્યાં ગાળવા દેવાની વિનંતી કરી. તે માણસે મને ઘણાજ સારા અને માયાળુ શબ્દોમાં હા પાડી. હું તે રાત્રિ ત્યાં રહી. મધ્યરાત્રિ થઇ પણ ઉંઘ આવી નહિ. મેં ગુંડા સરદાર અને તેના એક સાથીદારની વાત સાંભળી અને પછી હું ફસાઇ છું એવી તરતજ ખાત્રી થઈ. મોટું પરોઢીયું થયું. ગુંડા સરદારે થોડાંક માણસો ત્યાં રાખી કંઇક કારણસર ત્યાંથી મૂકામ ઉડાવ્યો. હું અને થોડાક સિપાહીઓ ત્યાં રહ્યાં. મેં નાશી છૂટવાનો નિશ્ચય કર્યો. પરીણામે નાશી છૂટી; પણ દુર્ભાગ્યે ફરીથી સપડાઇ." વસંતમાલતીએ તેની કથની જણાવી.

આવી રીતે બન્નેમાં વાતો ચાલી રહી હતી. એવામાં જ બહારથી અવાજ આવ્યો, "કોણ છે ? અરે કોઇ નાહું; નીકળી ગયું."

ગરબડ મચી રહી. દોડા દોડી ચાલી. સિપાહીયોએ તપાસ કરી પણ કંઇ માલુમ પડયું નહિ. પુનઃ શાન્તી પ્રવર્તાઇ.

રાણી સત્યમતી ભયથી ધ્રુજવા લાગી, પણ વસંતમાલતી ભયભીત ન થઇ.

રાણીએ મંદ અવાજે પૂછયું; "બ્હેન! આપણું શું થશે?"

"સૌ સારૂં થશે." વસંતમાલતીએ કહ્યું.

"અહિંથી શી રીતે છૂટાશે?"

"પ્રભુ છોડાવશે."

"મારી ધીરજ ખૂટતી જાય છે."

"હિંમત રાખો."

"અરેરે! આ શી દશા." પુનઃ રાણીએ રડી દીધું.

વસંતમાલતીએ રાણીને પુષ્કળ હિંમત આપી શાન્ત કરી.

વાતોને વાતોમાં રાત્રી વીતી ગઇ, સ્હવાર થયું. પેલી બન્ને દાસીઓ હાથમાં ખુલ્લી તલવારો રાખીને આવી અને સર્વને કહ્યું:– "ચાલો, રાવઠીની બહાર નીકળી ખુલ્લા મેદાનમાં આવો."

તમામ સ્ત્રીઓ બહાર મેદાનમાં ગઇ. મહારાણી અને વસંતમાલતી રાવઠીમાં જ રહ્યા. તેમની સ્પૃહા દાસીઓએ ના કરી. થોડીવારે પાછી સર્વ સ્ત્રીઓ રાવઠીમાં પાછી આવી.

એકાદ કલાક વીત્યા બાદ કાફલાનો સરદાર—પેલો વૃદ્ધ, એક બુઢ્ઢી સાથે આ રાવઠીમાં આવ્યો.

"આટલીજ છે કે બીજી છે ?" બુઢ્ઢીએ પ્રશ્ન કર્યો.

"હમણાં તો આટલીજ છે. પણ હવે તમારી કૃપા થઇ છે તો વધશે." વૃધ્ધે બુઢ્ઢીને ઉત્તર આપ્યો.

"અરે જુઓ તો ખરા ! કેવી કેવીઓને ફસાવી લાવું છું તે. હવે બતાવો કે કેવી લાવવાથી કેટલું ઇનામ ! !"

સર્વના તરફ આંગળી કરી વૃધ્ધે કહ્યું:–"જુઓ આ બધી એક વર્ગની છે. તેમાંની લાવો તો માથાદીઠ પચીસ રૂપિયા. (વસંતમાલતી તરફ આંગળી કરી કહ્યું:–) આના જેવી લાવો તો રૂપિયા પચાસ અને (મહારાણી તરફ આંગળી બતાવી કહ્યું:–) આના જેવી પૂરી ખુબસુરત લાવો તો પુરા રૂપિયા સો. સમજ્યાં ?"

"હા બરોબર સમજી. પણ વારૂ આ બધી તમે કેવી રીતે મેળવી ?" બુઢ્ઢીએ પૂછયું.

"આ, જે સર્વથી સુંદર છે તે તો માર્ગમાંથીજ આપણો માણસ ફસાવી લાવ્યો. અને આ તો કાલે અહીંજ પકડાઇ. તેણે બે તો મારા માણસ માર્યા. ઘણીજ દુષ્ટ છે." વૃધ્ધે હકીકત જણાવી.

"જુઓને એને જોતાંજ જણાય છે કે તે કેવી ચાલાક છે.

ખરે આવી ત્રણ બીજી આવે તો શેઠ આખો કાફલો ને કાફલો સ્વર્ગમાં ચાલ્યો જાય." બુઢ્ઢીએ શેઠને બનાવ્યા.

"હાસ્તો એમાં શું શક ! આ બીજી બધીઓને તો એમજ પકડી છે. એકતો કાશીની છે. તેના પડોશમાં જ મારો છોકરો ઉતર્યો હતો, તેના ઉપર મોહિત બની તેથી તે કાઢી લાવ્યો છે. આ ચાર સ્ત્રીઓ રૂપીઆની લાલચે આવી છે અને બાકીનીઓને તો તેમની મા બેન પાસેથી વેચાતી લીધેલી. હવે આવો, તંબુમાં વધારે વાતચીત કરીશું. મારાથી હવે ઉમ્મર થઈ તેથી બહુ ઉભા રહી શકાતું નથી." વૃદ્ધ સરદારે કહ્યું.

બન્ને બહાર નીકળ્યાં. તેમના ગયા પછી દરેક સ્ત્રીઓએ પુષ્કળ ગાળોનો વરસાદ વરસાવ્યો. મુઓ જુઓને હજી બીજીઓને ફસાવાના વિચારમાં ગુંથાયો છે. વળી પેલી બુઢ્ઢી પાછી એને ક્યાંથી મળી ? શેતાન કહે છે કે, જુઓ હું કેવી કેવીઓને ફસાવી લાવું છું તે ! અરે પ્રભુ ! તું કેમ આવાઓને જીવવા દે છે ? ડાકણી કોણ જાણે કેટલાંએ ઘર ભગવશે કે ઉજડ કરશે. "

"વસંતમાલતીએ ધ્યાનપૂર્વક આ બુઢ્ઢીને જોયા કરી અને પછી લગભગ અડધો કલાક તેના સંબંધીજ વિચાર કર્યો. મહારાણી તો રડવાની જ ધુનમાં હતાં. " અરેરે મહારાજાની લડાઇમાં શું દશા હશે ? તે કેવા હશે ? મને યાદ કરતા હશે કે કેમ ? અરેરે તે સુખી હશે કે દુઃખી ? હાય ! હું ક્યાં ફસી ? " એમ બોલતાં તે રડતાં હતાં.

વસંતમાલતીએ ધીમેથી સમજાવવા માંડયું.

"મહારાણી ! શાંત થાઓ. ધીરજ ધરો. ગભરાશો નહીં. મને પૂરી આશા બંધાઈ છે કે આપણો જલદીથી છુટકારો થશે.

અરેરે હું શું કરૂં? અત્યારે કંઇ ઉપાય નથી. વખત આવે આ લોકોને પણ કંઇક ચમત્કાર બતાવીશ."

રોતાં કકળતાં જેમ તેમ દિવસ ગુજાર્યો. સાંજના વખતે ફરી વૃદ્ધ સરદાર બુદ્ધી ડાકણ સાથે રાવઠીમાં આવ્યો. આ વખતે તેની સાથે એક રૂપાળી સ્ત્રી પણ હતી.

"લ્યો મેળવી લ્યો? આ પહેલા નંબરની ખરી કે નહીં?" બુદ્ધીએ કહ્યું.

"ના પહેલા નંબરની તો નહીં તોપણ બીજા નંબરની તો છેજ, તમારા રૂપિયા પચાસ પાક્યા એમાં કાંઈ શક નહી." વૃદ્ધે જણાવ્યું.

"ખેર! પચાસ તો પચાસ, વળી કાલે બીજા." બુદ્ધીએ સંતોષ વાળ્યો. બન્ને રાવઠી બહાર ધીમે ધીમે વાતો કરતાં કરતાં ગયાં.

પેલી નવી સ્ત્રીને પણ સર્વ સાથે રાવઠીમાંજ રાખી. નવી આવેલ સ્ત્રી આ કેદખાનામાં ફસાવાથી નારાજ થવાને બદલે જાણે ઘણીજ ખુશી હોય તેવી લાગતી હતી. તેને માટે તુરત ખાવાનું આવ્યું. તેના હાથે પગે બેડી નહોતી. તુરત તે ખાવા મંડી. તેણે નિરાંતે પેટ ભરી ખાધું. બીજી સ્ત્રીઓને નિસ્તેજ અને રડતી જોઇ તે હસવા અને ઉડાવા લાગી.

"ખરેખર આ કોઇ મહાભારત બલા લાગે છે. કેદમાં ફસાવાથી દિલગીર થવાને બદલે હસે છે. જરૂર કાંઈ ભેદ જણાય છે." વસંતમાલતી મનમાંજ બબડી, અને શાન્તવદને સર્વ પ્રકાર અવલોકી રહી.

પ્રકરણ ૧૪ મું.

રાવટીમાં રહસ્ય.

આજની રાત્રિ પણ ગઇ રાત્રિ માફક જેમ તેમ વીતી. પ્રાતઃકાળ થયો. પ્રકાશ પથરાયો. નિદ્રાધિન જગત ચૈતન્યમય બન્યું. ગઈ કાલની માફક આજે પણ તમામ સ્રીયોને રાવટીની બહાર ખુલ્લા મયદાનમાં બહાર કાઢવામાં આવી. આજે પણ મહારાણી સત્યમતી અને વસંતમાલતી બહાર ન નીકળતાં રાવટીમાંજ રહ્યાં.

સર્વ અબળાઓના બહાર નીકળી ગયા પછી વસંતમાલતીએ ધીમેથી મહારાણી પ્રત્યે કહ્યું, "દેવી ?"

"કેમ બ્હેન ?" રાણીએ દીનવદને વસંતમાલતી તરફ નજર કરી પુછ્યું.

"તમે મારૂં કહેવું માનશો ?"

"બ્હેન ! તું આ શું બોલે છે ? હું તારૂં કહેવું શા માટે ન માનું ? આ નરકાગારમાં તારા શિવાય મારૂં હિતચિંતક કોણ છે ? હું તારા આશ્વાસનથીજ અદ્યાપિ જીવન ટકાવી શકી છું. કહે બહેન ! તારે શું કહેવું છે ?"

"આપ પૂર્ણ ખોરાક ખાતાં નથી તેથી મને ઘણું લાગી આવે છે."

"વસંત ! આ સ્થળે પેટપૂર ખોરાક કેવી રીતે ખાઇ શકું ? દુષ્ટોનો ખોરાક મને ઝેર જેવો લાગે છે. તેથી અને મહારાજાનાં દર્શનની અભિલાષામાં આ જીવન સંરક્ષણાર્થે બીજે ત્રીજે દિવસે

એ કોળીયા ભરવો એવોજ મેં નિશ્ચય કર્યો છે.” રાણીએ જવાબ આપ્યો.

એકાએક વસંતમાલતી વધુ બોલતાં અટકી. બે સિપાહીઓ ત્યાં આવ્યા અને બોલ્યા; “ ચાલો ઉભાં થાવ.”

“ કેમ વારૂ ?”

“ તમારે બહાર આવવાનું છે ?”

“ શા માટે ?”

“ તેની અમને ખબર નથી.”

“ તમે કોના હુકમથી અમને બહાર લઈ જવા આવ્યા છો ?” વસંતમાલતીએ પૂછ્યું.

“ સરદારની.”

“ અમારૂં શું કામ છે ? જાવ તમારામાંથી એક જણ પૂછી આવો.”

એક સિપાહી ચાલ્યો ગયો અને થોડીવારે પાછો આવી બોલ્યો, “ તમને ખુલ્લી હવામાં થોડીવાર રાખવાં છે.”

“ કારણ ?”

“ તબીયત ના બગડે તેથી.”

“ એમ ? ચાલો.” વસંતમાલતી ઉભી થઇ. તેણે મહારાણીના હાથ ધીમેથી દબાવી ચાલવાની સમસ્યા કરી. મહારાણી પણ ઉઠયાં. બન્ને સિપાહીઓ તેમને લઈ ખુલ્લા મયદાનમાં આવ્યા. ત્યાં એક મોટું ઝાડ આવેલું હતું. તે વૃક્ષ નીચે તમામ સ્ત્રીયો બેઠેલી હતી. વસંતમાલતી અને રાણી સત્યવતી એક સારી જગા પસંદ કરી ત્યાં બેઠાં, થોડેક દૂર પણ આસપાસ સિપાહીઓ ખુલ્લા હથીઆરે પહેરો ભરી રહ્યા હતા, વસંતમાલતી તેની ચપળ આંખ્યો ચારે

તરફ ફેરવતી હતી. એવામાંજ પેલી બુઠ્ઠી ડાકણ એ તરફ આવતી નજરે પડી. વસંતે તેની નજર તે બુઠ્ઠી તરફ ફેરવી. આ વખતે એ બુઠ્ઠીની સાથે એક નવજુવાન રમ્ય રમણી હતી. વસંતે મહારાણી પ્રત્યે કહ્યું.

" માતાજી ? "

" કેમ ? "

" પેલી આવી. "

" કોણ ? "

" પેલી બુઠ્ઠી બલા. "

મહારાણીએ બુઠ્ઠી તરફ જોઇ કહ્યું; " આજે તે બલા કોઇ બીચારીને સપડાવી લાવી જણાય છે ? "

" હા, એમજ છે. કેવી સુંદર છે. "

" ભગવાન આ પાપ કેમ સહન કરી રહ્યો હશે ? " મહારાણીએ ઉદ્‌ગાર કાઢ્યા.

" પાપનો ઘડો પૂરો ભરાશે એટલે તરત ફુટશે. " વસંતે કહ્યું.

" ત્યારે શું હજી અધુરો હશે ? "

" એમજ હોવું જોઇએ. "

" રામ—રામ—રામ. " રાણીએ નિઃશ્વાસ સાથે રામનામના ઉદ્‌ગાર કાઢ્યા.

પેલી બુઠ્ઠી નજીક આવી અને પેલી નવજુવાન રમણીને વસંતમાલતી અને રાણીની નજીક બેસાડી ત્યાંથી ચાલતી થઇ.

વસંતમાલતી તે નવીન રમણી તરફ એકાગ્ર નજરે જોઇ રહી. એટલામાં તેને કંઇક યાદ આવતાં તે ચોંકી અને સહસા તેના મુખમાંથી બોલાઈ જવાયું કે; " અરે આ હું શું જોઉં છું ? "

નવીન નવયૌવના પણ વસંતના શબ્દોથી ચોંકી અને તેણે તરતજ વસંત તરફ જોયું. થોડીક ક્ષણ જોતાંજ તે રમણી પણ આશ્ચર્ય પામી હોય એમ જણાયું.

વસંતમાલતી ધીમે ધીમે ખસતી તેની છેક નજીક જઇ બોલી; "તમે..."

વસંત વધુ બોલે એ પહેલાંજ તે રમણીએ ધીમેથી કહ્યું, "ચૂપ."

વસંતમાલતી ચૂપ થઇ ગઇ. આ પછી તે બન્નેના મુખમાંથી એક પણ અક્ષર ફરી ન નીકળ્યો. દિવસ ચઢવા લાગ્યો. સમય સમયનું કામ કરવા લાગ્યો. બપોર થયા. પુનઃ સાંજ પડી. ખાવાનું તૈયાર થયું અને સર્વ સ્ત્રીઓની આગળ પીરસવામાં આવ્યું. વસંતમાલતી અને રાણી શિવાય સર્વ સ્ત્રીયોએ ખાઇ લીધું. એવામાં બુઢ્ઢી ફરીથી આવી. આ વખતે તેની સાથે એક બીજી બાઇ પણ હતી. તેને પણ બુઢ્ઢીએ પેલી નવી ફસાવી આણેલીની સાથે બેસાડી.

આ બે સુંદરીયોએ કંઇ પણ આનાકાની કર્યા સિવાય પેટ ભરીને ખાધું. આ બે સ્ત્રીઓ કંઈક વિચિત્ર પ્રકારની હોય એમ જણાતું હતું. એક તો ઉછ્રૃંખલ જેવી જણાતી હતી અને બીજી ઘણી ચાલક અને મહાકારસ્થાની હોય એમ તેના મુખ પરથી અનુમાન થતું હતું.

રાત્રિ પડી. દીવા પ્રકટાવવામાં આવ્યા. પહેરો બરાબર મજબુત બન્યો. રાવટીની ચારે તરફ સિપાહીઓ ફરવા લાગ્યા. સર્વ સ્ત્રીયો સુતી. રાવટીમાં ઝીણો દીવો સળગતો હતો. થોડી વારમાં તમામ સ્ત્રીયો નિદ્રાવશ થઇ. ફક્ત રાણી સત્યવતી વસંતમાલતી અને બુઢ્ઢીએ ફસાવી આણેલી બે સુંદરીયો મળી ચાર શિવાય અન્ય સર્વ નિરાંતે ઉંઘતી હતી.

વસંતમાલતી અને રાણી ઘણીવાર બેસી રહ્યાં. પેલી નવી આવેલી બે રૂપસુંદરીયો પણ કંઇક વિચારમાં બેસી રહી હતી; અને પળે-પળે ચારે તરફ નજર ફેરવતી હતી. વસંતમાલતી એકજ નજરે તે બન્નેની તરફ જોઇ રહી હતી. તેમના વારંવાર જોવાથી વસંતમાલતી ને કંઇક વ્હેમ પડયો. તેણે મનમાંજ કંઇ નિશ્ચય કર્યો. વસંતમાલતીના હાથે બેડી જડેલી હતી. વસંત ઘણી તોફાની છે એવી સર્વની માન્યતા હોવાથી અને વળી તે નાશી ગયેલી હોવાથી તેને બેડી નાખવામાં આવેલી હતી. વસંતમાલતીએ ધીમેથી મહારાણીને કહ્યું, "હું હવે યુક્તિ અજમાવું છું."

"શાની?" મહારાણીએ સઆશ્ચર્ય વદને પૂછ્યું.

"અહિંથી નાશી છૂટવાની."

"શી રીતે?"

"જુઓ; પેલી નવી આવેલી બે બાઇઓ તરફ જુઓ."

મહારાણી તે તરફ જોઈ રહી બોલ્યાં; "ત્યાં શું છે?"

"કંઇ સમજ પડે છે?" પુન વસંતે પૂછ્યું.

"ના."

"તે બાઇયો......"

"બાકીના શબ્દો વસંતે ઘણાજ ધીમા અવાજે ઉચ્ચાર્યા.

મહારાણી વિસ્મય વદને બન્ને રમણીઓ તરફ જોઈ રહ્યાં.

"લ્યો હવે હું તે બન્નેની પાસે જાઉં છું."

"સંભાળજે."

"ફિકર નહિ."

વસંતમાલતી ધીમે ધીમે ખસતી તે બન્નેની પાસે જઇ બેઠી.

તે બન્ને રમણીઓ ચમકી અને તેમાંની એકે સહજ વક્ર નેત્ર તેની સામે જોઇ પૂછ્યું; "કેમરે ! તું વળી અહિં કેમ આવી ?"

"તમને શાન્તવન આપવા." વસંતે કહ્યું.

"શાનું ?"

"તમે પકડાયાં અને અહિં પૂરાયાં તેથી મારે તમને શાન્તવન આપવું જોઇએ."

"અમારે તારા શાન્તવનની જરૂર નથી."

"કેમ ?"

"એમ ?"

"ત્યારે તો તમે અહિં આવવાથી ઘણાંજ ખુશી છો નહિ વારૂ ?"

"તે તારે જાણવાની કંઇ પણ જરૂર નથી."

"મારે જાણવાની ખાસ જરૂર છે."

"તું કોણ છે ?" રમણીએ ગુસ્સો કરી પૂછ્યું.

"હું ગમે તે છું, પણ તમને સારી રીતે ઓળખું છું."

"શું તું અમને ઓળખે છે ?"

"એકવાર કહ્યું કે હું તમને સારી રીતે ઓળખું છું. છતાં બીજી વાર શા માટે પૂછો છો ?"

"મને લાગે છે કે તું કોઇક ગાંડી છે ?"

"નક્કી એમજ." વસંતે નિર્ભયતાથી કહ્યું.

"ચાલ જતી રહે."

"ક્યાં ?"

"તારા ઠેકાણે ?

"શા માટે જતી રહું ?"

"અમારે ઉંઘવું છે."

"ઉંઘવાની તમને કોણ ના પાડે છે?"

"તું જાય તોજ અમે ઉંઘીએ છે."

"હું તો જઇશ; તમારે ઉંઘવું હોય તો ઉંઘોને."

"તું પ્રથમ જા."

"નહિ, મારી ઇચ્છા પ્રમાણેજ થશે."

"તારી શી ઇચ્છા છે?"

"આ મારા હાથે જડેલી બેડી તોડી નાખો." વસંતે કહ્યું.

"શા માટે?"

"મારે અહિંથી નાશી છુટવું છે."

"અરે વાહરે! તું તો કોઈ અજબ અબળા જણાય છે." અત્યાર સુધી શાન્ત બેસી રહેલી બીજી રમણી બોલી. વસંત કૃત્રિમ ક્રોધ કરી બોલી; "તમારે આ બેડી તોડવી છે કે નહિ?"

"ના."

"ત્યારે હવે જોયા કરો તમારી દશા."

"તું શું કરીશ."

"એક ભયંકર ચીશ પાડીશ."

"તેથી શું?"

"અહિં માણસો દોડી આવશે."

"પછી?"

"હું તમારી ઓળખાણ કરાવીશ. તમારો ભેદ ભાગી નાખીશ."

બન્ને અબળાઓ વિસ્મીત થઇ થોડીકવાર સુધી એક બીજાની તરફ જોઇ રહી, પરસ્પરમાં કંઇક સંજ્ઞા દર્શક ઇસારા પણ થયા. વસંતમાલતીએ તે બરાબર જોયા અને પછી પૂછ્યું; "કેમ શું વિચાર કરો છો?"

"તને છોડવાનો, પણ પ્રથમ અમને જણાવકે તું અમને ક્યાંથી ઓળખી શકી?"

"તે બધું તમને પછીથી જણાવીશ."

"ત્યારે એતો જણાવકે તું કોણ છે?"

"શું તમને આંખ્યો નથી?" વસંતે વિચિત્ર પ્રશ્ન કર્યો.

"છે."

"ત્યારે કેમ પૂછો છો કે હું કોણ છું?"

"હું તારી ઓળખાણ માગું છું."

"આપણે પરસ્પર આવી રીતે ક્યાં મળ્યાં છીએ કે જેથી તમે મને ઓળખી શકો?"

પૂછનાર રમણી કંટાળી. તેના મનમાં ખાત્રી થઇકે આ બાઇ વિચિત્ર છે અને દુઃખથી દિવાના જેવી બની ગઇ છે. પણ તે અમને ઓળખે ક્યાંથી? આમાં પણ કંઇક ભેદ છે. આમ વિચારતી તે રમણીએ પુનઃ વસંતને પૂછ્યું; "બાઇ–બ્હેન! તારૂં નામતો જણાવ."

"મારૂં નામ? હા, હા." વસંત હશી પડી.

બન્ને રમણીઓ વિશેષ આશ્ચર્ય પામી.

અંતે વસંતે કહ્યું, "મારૂં નામ વસંતરાજ."

"વસંતરાજ સ્ત્રીનું નામ હોય નહિ."

"ત્યારે કોનું હોય?"

"પુરૂષનું."

"ત્યારે હું સ્ત્રીછું એતો તમે સમજો છો ને?"

"હા."

"ત્યારે મારી ઓળખાણ કેમ માગો છો?"

"અરે બાઇ? ઓળખાણનો અર્થ એજ કે તારૂં નામ, જાત, ઠેકાણું વગેરે."

"તેથી શું ફાયદો? એવી ઓળખાણ કોને આપવી જોઇએ તે સમજો છો કે?"

બન્ને બાઇઓ કંટાળી.

વસંતે મોટા અવાજે કહ્યું; " કેમ હવે ? "

" શું ? "

" આ બેડી તોડવી છે કે નહિ ? "

" ઉભી રહે. "

એક રમણી ઉભી થઇ અને વસંતની નજીક ગઇ. વસંત બરાબર તેની સામે હાથ લાંબા કરી ઉભી. બીજી બાઇ પણ ઉભી થઇ. બન્ને બાઇઓએ પોતાની કમ્મરેથી એક તિક્ષણ ધારવાળું હથીઆર કાઢ્યું, અને ધીમેથી વસંતમાલતીના હાથે જડેલી બેડી તોડી નાખી.

વસંતમાલતીના હાથ છૂટા થયા. તે ગાંડાની માફક આમતેમ ફરી હાથ ઉંચાનીચા કરવા લાગી. બન્ને બાઇઓ તેની તરફ જોઇ રહી.

વસંતે તેમની સામે જોઇ પૂછ્યું, " કેમ શું જુઓ છો ? "

" તારા દેદાર. "

" હું રૂપાળી છું ને ? "

" હા, અને તેથીજ તને પેલા બુઢ્ઢાનો છોકરો પરણવાનો છે. "

" પરણે તેની માને; અગર તેની બ્હેનને. "

" તને પરાણે પરણસે તો ? " બન્ને બાઇયોએ પૂછ્યું.

" આ જોયું છે ? " વસંતમાલતીએ સાડીમાંથી ખંજર બતાવી પૂછ્યું.

બન્ને બાઇઓ સ્તબ્ધ બની. વસંતના મુખપર આ વખતે વીરતા પ્રકાશી.

આ વખતે એકાએક ઝીણી પણ ધીમી સીસોટી વાગી; અને તરત બંધ થઇ. બન્ને બાઇયો એ તરફ ઉતાવળે પગે ગઇ. વસંત પણ એક બાજુ ગઇ. એવામાં મંદ પ્રકાશે બળતો દીપક પણ ઓલવાઇ ગયો. સર્વત્ર અંધકાર પ્રસરી રહ્યો.

પ્રકરણ ૧૫ મું.

હુમલો–નાશભાગ.

દીપક ગુલ થતાં રાવટીમાં અંધકાર પ્રસરી રહ્યો. વસંત અને પેલી નવી બે બાઇયો અંધકારમાં અદ્રશ્ય થઇ. રાણી સત્યમતી ગભરાઇ; અને વસંતને જોવા આમ તેમ ફાંફાં મારવા લાગી; પણ અંધકારમાં વસંતને ક્યાંથી જોઇ શકે ?

રાત્રિ સમસમાકાર અવાજે વ્યતિત થઇ રહી હતી. અંધકારનો કાળો પડદો સમસ્ત જગતપર પથરાયો હતો. જનસમાજ શાન્તિદાયિની નિદ્રાને ખોળે પડેલો હતો. જંગલમાં પણ અપૂર્વ શાન્તિ વ્યાપી રહી હતી. મોટાં ઝાડ–પ્હાડ આ વખતે ઘોર અંધકારમાં અદ્રશ્ય થએલાં હતાં. ગુલામોનો વેપાર કરનાર ગુલામ બુઢ્ઢા સરદારની છાવણીમાં પણ નિઃસ્તબ્ધતા વ્યાપી રહી હતી. બે ચાર પહેરેગીરો સિવાય અન્ય જનો ગાઢ નિદ્રાને આધિન થઇ પડેલાં હતાં. સમય સમયનું કામ કરવા લાગ્યો. મધ્ય રાત્રિ વીતી ચૂકી.

આ સમયે એક અજબ કૌતક થયું. કાળા બુરખાધારી માણસો અંધકારમાંથી એકાએક નીકળી આવ્યા. તેઓની સંખ્યા કેટલી છે તે અંધકારના કારણે જાણી શકાય એમ ન્હોતું, પણ અનુમાનથી તેઓની સંખ્યા વિશેષ હોય એમ માલમ પડતું હતું.

આ બુરખાધારીયો વિજળીની ઝડપે સ્રીયોવાળી રાવટીની આસપાસ ફરી વળ્યા. અને રાવટીને ઘેરી લીધી. બે પહેરેગીરો ત્યાં દોડી આવ્યા અને તેઓ કંઇ પૂછે એ પહેલાંજ તેઓ બુરખાધારીયોના હથીઆરોના ભોગ થઈ પડયા. જમીનપર પડતાંજ તેમણે કારમી

ચીસો નાખી, કે જેથી બીજા માણસો જાગી ઉઠયાં. કોલાહલ શ: થયો. ધુમરાણ મચી રહ્યું, મારામારી શરૂ થઇ. મારો–કાપો–પકડોન અવાજ સાથે બંદુકોના અવાજ પણ ઉપરા સાપરી સંભળાવા લાગ્યા

રાવઠીમાં સુતેલી તમામ સ્ત્રીયો ઝબકી જાગી ઉઠી. લુંટારૂ અગર ધાડ પાડુઓએ રાવઠી પર હુમલો કર્યો છે, બહાર લઢાઇ શરૂ થઇ છે, એવી ખબર પડતાંજ સર્વ સ્ત્રીયો ભયભીત બની ધ્રુજવા લાગી. બંદુકોના અવાજ અને માણસોના ધુમરાણથી આખું જંગલ ગાજી રહ્યું હતું. અંધકારના કારણે મિત્ર–શત્રુની ઓળખાણ પડતી ન્હોતી. જખમી થતા માણસોની ચીસો તંબુ–રાવઠીઓ તુટતાં થતા અવાજો અને હથીઆરોના ખડખડાટ શિવાય બીજું કાંઇ સંભળાયું ન્હોતું.

પકડાએલી સ્ત્રીયોની કરૂણ ચીસો વિશેષ સંભળાવા લાગી. ગરીબ નિર્દોષ અબળાઓ જીવ બચાવવા આમ તેમ દોડવા લાગી. પેલી બે નવી પકડાએલી સ્ત્રીયો અને વસંતમાલતી આ વખતે રાવઠીમાં ન્હોતી. બિચારી રાણી સત્યમતીના દુઃખનો આ વખતે પાર ન્હોતો. તે ગભરાઇને આમ તેમ દોડતાં હતાં. પણ કયાં જાય ? રાવઠી ચારે તરફથી ઘેરાએલી હતી અને બહાર જબરી મારામારી ચાલી રહી હતી. રાણી વસંતમાલતીના નામની બુમો પાડતાં હતાં; પણ વસંતમાલતી ત્યાં કયાંથી હોય કે જેથી તેમને જવાબ આપે ?

આ અરસ્સામાં એક સ્ત્રી મહારાણી પાસે દોડી આવી. તે સ્ત્રી અન્ય કોઇ નહિ પણ પેલી બે સ્ત્રીઓમાંની એક હતી. તેણે રાણી પાસે આવી કહ્યું; " ગભરાશો નહિ. "

રાણીએ ગભરાટથી તેના સામે જોઇ પૂછયું; " કોણ વસંત માલતી ? "

" ના. " ઉત્તર મળ્યો.

"ત્યારે તું કોણ ?"

"હું તે નથી."

"વસંત ક્યાં ગઇ ?" રાણીએ વ્યાકુળ વદને પૂછ્યું;

"તે છટકી ગઇ હોય એમ જણાય છે."

"અરેરે ! મારૂં શું થશે ?"

"સારૂં થશે. તમે શા માટે ગભરાવ છો ?"

"તમે કોણ છો ?"

"આપનો સેવક."

"શું કહો છો ? તમે તો સ્ત્રી છોને ?"

"મહારાણી ! આપની ભૂલ થાય છે. હું સ્ત્રી નથી; પણ સ્ત્રીના વેશમાં તમારો સેવક છું."

"તમારૂં નામ ?"

"તે પછીથી જણાવીશ."

"આ બધું શું બન્યું ?"

"આપને મૂક્ત કરવાને માટેજ આ મધ્ય રાત્રિએ હુમલો કર્યો છે."

"બીજી સ્ત્રીઓને બચાવશો ને ?"

"એ તો વખતે જોઇ લેવાશે, હાલતો તમને બચાવવાની જરૂરછે."

"ઠીક ત્યારે ચાલો." મહારાણી જવાને તૈયાર થયાં.

તરતજ તે સ્ત્રીવેશ ધારીએ કહ્યું, "સબુર કરો."

"કેમ ?"

"તમે અહિં થોડીકવાર ઉભાં રહો; હું તમારા માટે એક ડોળી લઈ આવું."

"હું એકલી ગભરાઉ છું."

"ન ગભરાશો. આ બીજો સેવક આપની પાસેજ છે." આમ

બોલતી બીજી સ્ત્રી તરત ત્યાં આવીને ઉભી રહી. તે પણ સ્ત્રી વેશ- ધારી પુરૂષ હતો. તેને રાણીની સંભાળ રાખવાનું સૂચવી પ્રથમનો સ્ત્રી વેશધારી તરત ત્યાંથી ચાલતો થયો.

બિચારી માહારાણીને આમાં કંઈ પણ સમજ પડી નહિં. સંકટમાં સપડાએલ માણુસ જેમ નિરંતર ભયને જુએ એ પ્રમાણે મ- હારાણી પણ આ નવી આફત સમજવા લાગ્યાં.

આ વખતે સ્ત્રીયોની રાવઠી આગળ શાન્તિ પથરાઈ હતી. પણ જ્યાં બુટ્ટા સરદારનો તંબુ હતો ત્યાં મારા મારી હજી શરૂ હતી.

થોડીવારમાં એક ડોળી આવી. બે મુખવટો ધારણ કરેલા માણુસોએ આ ડોળી ઉંચકી હતી. મહારાણી તેમાં બેઠાં. બાદ ડોળી ઉંચકનાર ડોળી ઉપાડી ત્યાંથી ઝપાટા બંધ ચાલ્યા ગયા.

મહારાણીની પાસે ઉભેલો સ્ત્રી વેશધારી હજી ત્યાંજ ઉભો હતો. ડોળી ગયા બાદ બીજો સ્ત્રી વેશધારી ત્યાં આવ્યો અને પ્રથમના સ્ત્રી વેશધારીને તાલી આપતાં બોલ્યો; " ફત્તેહ. "

" હા, કામ ખતમ; ચાલો." બીજાએ ઉત્તર વાળ્યો.

આ પછી તે બન્ને તરતજ ત્યાંથી નીકળી ચાલ્યા ગયા.

આખરે મોટું પરોઢ થયું. અંધકાર ધીમેધીમે નષ્ટ થવા લાગ્યો. પ્રભાતનો પ્રકાશ જગતને શોભાવવા લાગ્યો. વસંતમાલતી, મહારાણી સત્યમતી ચાલ્યાં ગયાં. અન્ય અબળાઓ નાશી ન શકી. તેઓતો ત્યાંજ ઉદાશીન બની એક બીજાનાં મ્હોં સામું જોતી રડતી- કકળતી બેસી રહી.

આ અરસામાંજ વળી બીજું એક કૌતક થયું. એક કિન- ખાપના પડદાવાળી ડોળી રાવઠી આગળ આવી. ડોળી સાથે ત્રણ માણુસો હતા. આ ત્રણ માણુસો અન્ય કોઈ નહિ પણ આપણા

પૂરાણા પરીચિત રંગીઓ નાગેશ્વર પુરાણી, શાસ્ત્રી બદ્રીનાથ અને મહેતા મગનલાલ હતા.

ડોળીને સવડીના દરવાજા આગળ મૂકી ત્રિપુટી રાવડીની અંદર પ્રવેશી. આ સઘળા મહારાણીને છોડાવવા આવ્યા હતા. ઘણી તપાસ કરી પણ મહારાણીનો પત્તો મળ્યો નહિ. આથી તેઓએ તમામ સ્ત્રીઓને બારીકાઇથી અવલોકી પૂછ્યું, " તમારામાંથી બે સુંદરીઓ જેવી જણાતી હતી તે ક્યાં છે ? "

સર્વ સ્ત્રીઓ ભયથી વિહ્વળ બનેલી હતી. આથી કોઇએ જવાબ આપ્યો નહિ. નાગેશ્વર પુરાણીએ સર્વ સ્ત્રીયોની દશા જોઇ કહ્યું, " બ્હેનો ! તમે ડરશો નહિ, ગભરાશો નહિ; અમે ધાડપાડુ કે લુંટારા નથી. તમને છોડાવવા માટેજ અમે આ બધી ધમાલ કરીછે. બ્હેનો ! હવે જણાવો કે તમારામાંની તે બે સ્ત્રીયો ક્યાં ગઇ ?"

બીચારી અનાથ અબળાઓના જીવમાં હવેજ કંઇક જીવ આવ્યો. સઘળી અબળાઓએ દયામણદીન વદને આવનાર ત્રિપુટી તરફ જોયું. નાગેશ્વર પુરાણીએ પુનઃ બે સ્ત્રીયોના સંબંધમાં પૂછ્યું. આખરે એક સ્ત્રીબોલી, " તમે કહો છો કે બે સ્ત્રીયો અહિંથી નાશી છૂટી છે; પણ એમ નથી. "

" ત્યારે ? " મગનલાલ મહેતાએ પૂછ્યું.

" બધી મળીને ચાર નાશી છૂટી છે. " તે સ્ત્રીએ જણાવ્યું.

" બરાબર સમજાવો કે શીરીતે બન્યું ? " બદ્રીનાથ શાસ્ત્રીએ પૂછ્યું.

" ભાઇ ! બે સ્ત્રીયો તો નવીજ હતી કે જેમને બુઢ્ઢી ફસાવી લાવી હતી. એ બેમાંથી એકતો એવું કહીને અહિંથી ગઇકે તમે બ્હીશો નહિ. અમે તમારા સેવકો છીએ અને તમને છોડાવવા આવ્યા છીએ.

માટે થોડીક વાર અહિં ઉભાં રહો, તમારા માટે ડોળી લઇ આવીએ. આમ કહી તે ત્યાંથી વિદાય થઇ. બીજી અહિં ઉભી રહી. છેવટે ડોળી આવી અને પછી તે બન્ને ડોળીની સાથે વિદાય થઇ. "

આવું સાંભળતાંજ ત્રણે જણના પેટમાં ફાળ પડી. તેમના હોંશકોશ ઉડી ગયા. એક બીજાના સામે જોઇ રહ્યા. થોડીવારે પુરાણીએ પૂછ્યું; " કેમ કંઇ સમજાયું. ? "

" હા, ચાલાકી થઈછે. " બીજાઓએ કહ્યું.

પુરાણી બોલ્યા, " એમજ. બાઇ ! તું બરાબર કહેછે. અમે બન્ને સ્ત્રીવેશમાં અહિં આવી મહારાણીને શાંન્તી આપી ડોળી લેવા આવ્યા. તમને મળ્યા અને ડોળી લઇને આપણે સાથેજ અહિં આવ્યા.

આ દરમીયાન એવું કોણ ડોળી લઇને આવ્યું કે જે મહારાણીને લઈ ગયું, ખરેખર અજબ બનાવ, અજબ ચાલાકી. વળી વસંતમાલતી સૌ પહેલાંથીજ નાશી ગઈ છે. કારણ કે લઢાઇ શરૂ થતાંજ મહારાણીએ તેના નામની બૂમો મારી હતી; તે વખતે તે ત્યાં હતીજ નહિ. પણ આપણા સંબંધમાં આ શું બન્યું તે કાંઇ સમજાતું નથી."

" ત્યારે હવે કરવું શું ? " મગનલાલે પૂછ્યું.

" અહિંથી બહાર નીકળવું. "

" પછી ? "

" સઘળે શોધખોળ કરવી. "

" પણ ક્યાં ? "

" આ છાવણીમાં. પ્રથમ આપણે ડોળીઓ તપાસીએ. "

" આ સ્રીયોનું શું કરવું છે ? "

" આ બધીઓને પણ બહાર કાઢો. "

"એ પણ બરાબર છે."

નાગેશ્વરે તમામ સ્ત્રીઓને બહાર નીકળવાની આજ્ઞા કરી.

આજ્ઞા થતાંજ તમામ સ્ત્રીઓ રાવડીની બહાર નીકળી. બહારની જમીન લોહી લુહાણ થએલી જણાતી હતી. કેટલાંક મુડદાં પણ પડયાં હતાં. કોમળ કામિનીઓ આવો દેખાવ જોતાંજ કંપી ઉઠી. આ ઉપરાંત વધુ એ હતું કે પેલો કાફર બુઢ્ઢો અને તેનો છોકરો આ વખતે મોટેથી રડતા હતા. તેમનાં કપડાં લોહીથી રંગાએલાં હતાં. તેમના હાથ પગ બેડીઓથી બંધાએલા હતા. બન્ને બાપ દિકરો રડતા-કકળતા એક વૃક્ષ નીચે નીચું માથું રાખી બેઠા હતા. અનેક સિપાહીઓ તેમની આસપાસ ઉભા રહી તપાસ રાખતા હતા. આ સિવાય બીજા પણ કેટલાક માણસો કેદ પકડાયા હતા. તે સર્વ કેદીયો બીજા ઝાડ નીચે બેઠા હતા. છાવણીના ડેરા તંબુ અને રાવઠીઓ ઉજ્જડ જણાતી હતી.

પુરાણી વગેરે તપાસ ચલાવી રહ્યા હતા. તેમણે ડોળીઓ તપાસી. તેની ગણત્રી કરી પુરાણી બોલ્યો; "આ ડોળીયો કાલે સત્તર ગણી હતી; અને આજે સોળ છે."

"હા, ગઈ કાલે સત્તર હતી." શાસ્ત્રીએ સાક્ષી પુરી.

"હા, મેં પણ સત્તરજ પ્રથમ ગણી હતી." મહેતાએ પણ કહ્યું.

"જે એક ડોળી ઓછી થઇ તેમાંજ મહારાણી ગયાં. પણ તેમને કોણ લઇ ગયું તે કાંઇ સ્પષ્ટ થયું નહિ." પુરાણી બોલ્યા.

"ત્યારે હવે શું કરવું ?"

"હું પણ તેજ વિચારમાં છું."

"પેલા બુઢ્ઢાને પૂછીશું ?"

" તે શું જાણે ? એતો લઢાઈ લઢવામાં રોકાયો હતો."

" કદાચ તે જાણતો પણ હોય."

" તેની વાત પછી; પણ તમે જાઓ અને દિવાનજીને અત્રે બોલાવી લાવો."

" તે ક્યાં હશે ?" મહેતાએ પૂછ્યું.

" લશ્કરની સાથેજ છાવણીમાં હશે." શાસ્ત્રીએ કહ્યું.

મગનલાલ ઉતાવળે પગે ત્યાંથી ચાલતો થયો. દિવાન સાહેબ ત્યાંથી થોડેક દૂર છાવણી નાખીને પડયા હતા. મગનલાલ તેમની પાસે આવ્યો. તેને જોતાંજ દિવાને પુછ્યું; " કેમ શું સમાચાર છે ?"

" સમાચાર સાધારણ છે."

" શું બન્યું ?"

" મહારાણી ગુમ થયાં છે."

" તમે જોયાં હતાં ?"

" હા, અમે તેમને મળીનેજ ડોળી લેવા ગયા હતા."

" પછી."

" અમે ડોળી લઇને આવ્યા તે પહેલાંજ તેમને કોઇ લઇ ગયું."

" આશ્ચર્ય ?"

" એમજ."

" તમે તમારૂં ઓળખાણ રાણીજીને કરાવ્યું હતું ?" દિવાને પૂછ્યું.

" ના; પણ અમે એટલું જણાવ્યું હતું કે અમે તમારા સેવકો છીએ."

" અજબ ચાલાકી થઇ છે."

" હવે શું કરવું."

" વારૂં પેલા બુઢ્ઢાનું શું થયું ?"

"તે હાલ આપણા પંજામાં છે."

"શું તે આપણા તાબે થયો છે ?"

"લઢાઇ કર્યા પછીજ કેદ પકડાયો છે."

"તેનાં માણસો ?"

"કેટલાક નાશી ગયા, કેટલાક ઘવાયા–મરાયા અને બાકીના કેદ પકડાયા."

"ચાલો એ પણ ઠીક થયું"

"પકડાએલી સ્રીયો ત્યાં છેને ?"

"હા, તેઓ હાલ તદ્દન મૂક્ત છે. આપ ત્યાં ચાલો."

દિવાન ઘોડે ચઢયો. મગનલાલ પણ બીજા ઘોડાપર સ્વાર થયો. બન્ને જણા થોડીવારે ત્યાં આવી પહોંચ્યા; અને ઘોડેથી ઉતરી પુરાણી અને શાસ્રીને મળ્યા. દિવાને ચારે તરફ નજર કરી સર્વ બનાવ અવલોક્યો. બાદ પુરાણીએ કહેવા માંડયું.

"જુઓ. આ ચાર દિવસની મહેનત ધુળ ધાણી થઇ ગઇ. સર્વ ઉપર પાણી ફરી વળ્યું. અમલગઢથી ત્રણ ગાઉ દુર જ્યારે આ સ્રીઓને ગુલામ બનાવનાર કાફર સરદારનો મુકામ હતો, ત્યારે વૃદ્ધ સરદારને બીજી સ્રીઓ આપવાની લાલચ આપી અમે રોક્યો. આપને ખબર આપી. આપ લશ્કર લઇ વખતસર આવી પહોંચ્યા. આટલું ખુન રેડાયું પણ મહારાણી અને વસંતમાલતી હાથ ના આવ્યાં. વસંતમાલતી તો જાણે બાજી ખેલી ચાલી ગઇ. એણે તો કહ્યું હતું કે આ બેડી તોડી નાંખો નહીં તો બુમ પાડીશ કે તમે પુરૂષ છો. તેથી બેડી તોડવી પડી. આથી લાગ જોઇ તે નાશી છુટી પણ મહારાણીને કોણ લઈ ગયું ?! તે સમજાતું નથી." પુરાણીએ દિવાન સાહેબને હકીકત નિવેદન કરી.

દિવાન સાહેબ હકીકત સાંભળી આશ્ચર્યમાં લીન થયા. તેમની બુદ્ધિએ કાંઇ વિશેષ પ્રકાશ ના પાડયો. બુઢ્ઢા અમલદારને માર મારી તેણે કાંઇ પ્રપંચ કરી મહારાણીને છુપાવ્યાં હોય તો તપાસ કરવાનો અભિપ્રાય દિવાન સાહેબે આપ્યો. પુરાણી અને શાસ્ત્રીએ જણાવ્યું કે તે બુઢ્ઢોજ કેદમાં છે તો મહારાણી સંતાડવાનો પ્રયત્ન શી રીતે કરે?

આખરે દિવાન સાહેબ, લશ્કર, બુઢ્ઢો સરદાર તથા કાફલા સાથે અમલગઢ તરફ વિદાય થયા. રંગીઓ વસંતમાલતી અને મહારાણીને ઉપાડી જનારની બુદ્ધિની પ્રશંસા કરતા જુદા રંગમાં ચઢયા.

ખોધ્યું ઉંદરે અને ભોગવ્યું ભોરંગે એવો ઘાટ બન્યો.

પ્રકરણ ૧૯ મું.

અદ્ભુત યોગ.

ડુંગર ખોદાયો હોંશમાં, ઉંદર થયો પ્રકાશ,
દળી વળાયું ફૂલડી, પૂર્ણ થઈ નવ આશ.

વિશ્વમોહિની અને મણિકાન્તાને શોધવા જવાનું પ્રતાપસિંહ અને જ્યોતિષીજીને સોંપી, કુમાર વિજયસિંહ અને રંગી નવલસિંહને પાછું ફરવું પડયું. કુમાર સરહદ સર કરી બાકીના લશ્કર સાથે નવીનદુર્ગ પાછા પધાર્યા.

રાજકુમારી અને મણીકાન્તા મહેલાંથી ઉપડી ગયાં ત્યારથી રાજા ખડ્ગસિંહ અને મહારાણી મોહનાની ચિંતાનો કાંઇ પાર નહોતો. અને તેમાં વળી અમલગઢના હેમસિંહે ચઢાઇ કરવાથી આ

ચિંતામાં વધારો થયો હતો. આખા શહેરમાં તમામ રૈયત પણ ઉદાસ બની હતી. સર્વત્ર શોક પ્રસરી રહ્યો હતો.

કુમારે વ્હેમસિંહ ઉપર વિજય મેળવ્યો, વ્હેમસિંહ યુદ્ધમાંથી નાશી છુટયો, અને રાજકુમાર, પ્રતાપસિંહ તથા નવલસિંહ સાથે રાજકુમારીની શોધમાં ગયાની ખબર અનુચરદ્વારા આવતાં કાંઇક આશા બંધાઇ હતી. રાજકુમાર નવલસિંહ તથા લશ્કર સાથે હવે પાછા નવીનદુર્ગમા પધારે છે એ વર્તમાને આ આશાને પુરતું પોષણ મળ્યું હતું કે રાજકન્યા તથા મણીકાન્તાનો પત્તો લાગ્યો હશે અને રાજકુમાર સાથે તે હવે આવી થોડાજ સમયમાં મળશે. પરંતુ આશા સર્વાંશે ફળિભુત ન થઇ. રાજકુમાર નવલસિંહ સાથે એકલાજ લશ્કર લઇ નવીનદુર્ગમાં પ્રવેશ્યા;-આથી પાછી રાજમહેલ, રાણીવાસ અને રાજા રાણીના હૃદયમાં પૂર્વવત્ ઉદાસી પ્રસરી.

રાજકુમારના મુખથી વ્હેમસિંહ મહારાજા પકડાયાના સમાચાર સાંભળી ખડગસિંહને ઠીક લાગ્યું. પરંતુ રાજકુમારીનો નાળામાં પત્તો લાગવા છતાં ત્યાંથી વળી અદૃશ્ય થયાના વર્તમાને મહારાજાને ઘણુજ દુઃખમાં દાબ્યા. પ્રતાપસિંહ અને જ્યોતિષીજી શોધમાં ગયા છે તે હકીકત પણ રાજકુમારે જણાવી. મંત્રિ મહોબતસિંહ આદિ સજ્જન વર્ગે શાંતિ આપી કે પ્રતાપસિંહ વિના કાર્ય સિદ્ધ કર્યે પાછા નહીં આવે અને કદાપિ કોઇ રાજકુમારીને પાતાળમાં લેઇ ગયું હશે તો ત્યાંથી પણ પત્તો મેળવી પાછાં લાવશે, તોપણ ખડ્ગસિંહ મહારાજાને શાંતિ ન વળી. મોહના મહારાણીનું તો પૂછવુંજ શું ? ! આહાર, નિદ્રા સર્વનો તે ત્યાગ કરી માત્ર રાજકુમારીનું પુનઃ પુનઃ સ્મરણ કરી આક્રંદ કર્યા કરવા શિવાય અન્ય કાંઈ પ્રવૃત્તિ કરતાં નહોતાં.

વિશ્વમોહિની વિના રાજકુમાર વિજયસિંહની પણ સ્થિતિ અસ્વસ્થજ હતી. નવીનદુર્ગ ના છુટકે આવવા પાછું ફરવું પડેલું, તો પણ તેમનો જીવ રાજકુમારીમાં જ હતો. રાત્રિ દિવસ તે વિશ્વમોહિનીનાજ વિચારો કરતા હતા. સ્વપનાં પણ તેવાંજ આવતાં હતાં. વિજયગઢ જઇ માતાપિતાને મળવાની પણ વૃત્તિનો વેગ વ્યાપ્ત ઉદાસિનતા આગળ મંદ પડતો. તે કાંઈ કરી શકતા નહીં.

દુઃખના દિવસો પણ એક પછી એક ચાલવા માંડયા. રાજકુમાર એક રાત્રિએ પોતાના દિવાનખાનામાં અર્ધ જાગ્રત સ્થિતિમાં પલંગ ઉપર પોઢેલા હતા. મધ્યરાત્રિ ક્યારનીએ વીતી ગઇ હતી. વિચાર વિશ્વમોહિનીનાજ આવ્યે જતા હતા. એવામાં " રાજકુમારી " શબ્દ વિજયકુમારને કાને પડયો. કુમારનું ધ્યાન આ શબ્દે ખેંચ્યું. જાણે રાજકુમારીની કોઇ વાર્તા કરતું હોય તેમ ભાસ્યું. રાજકુમારે તે તરફ ધ્યાન આપતાં નીચે પ્રમાણે વિશેષ સાંભળ્યું:—

" હું ખરૂં કહું છું. મારૂં પ્રથમ તો માનવું હતું કે કુમારનો કુમારી પર પ્રેમ સાચો, પણ હવે તો મને લાગે છે કે તે ઉપરનોજ. જો સાચો પ્રેમ હોય તો અહિં પડી ન રહેતાં જરૂર શોધમાંજ મચ્યા રહે. "

" કોણ છે ? ચોર ! જુઓ, તપાસો. " એક પહેરગીર બોલી ઉઠયો. થોડીવાર ચારે બાજુ શોધ ચાલી પરંતુ કોઇ પણ ચોરનો પત્તો ન લાગવાથી પુનઃ શાંતિ પ્રસરી.

રાજકુમારે વિશેષ કાંઇ ન સાંભળ્યું. પલંગમાંથી ઉઠી રાજકુમારે આ કોણ બોલ્યું વગેરે તપાસવા પ્રયત્ન કર્યો. પહેરગીરો અને દરબારી સિપાહીઓ વિવિધ વાતોના તડાકા મારી રહ્યા હતા એટલુંજ માત્ર રાજકુમારને સમજાયું. કુમારને ભેદ ખુલ્લો ન થયો. તેને

એમજ લાગ્યું કે આ દરબારીઓએજ વાત વાતમાં મારા માટે ઉપરના શબ્દો કહેલા.

કુમારની છાતીમાં શબ્દો વજ્ર પ્રહારની પેઠે લાગ્યા. “જો દરબારીના દિલમાં એવો વિચાર ઉદ્‌ભવ્યો છે કે વિજયકુમાર રાજકુમારીને સત્ય દિલથી નથી ચહાતો, તો તેવોજ વિચાર મહારાજાના દિલમાં કેમ થયો નહીં હોય ? ? અરે મહારાણીને પણ આવોજ વસવસો પેદા થયોજ હશે. હવે આ સ્થાનમાં વિશેષ રહેલું યોગ્ય નથી. હવે વિજયગઢ જવું તે પણ બરોબર નથી. ત્યાં જતાં પણ લોકો કહેવાનાજ કે કુમારનો પ્રેમ તો ઉપરનોજ.”

આવું સાંભળી કુમારના હૃદયના ઉદ્વેગમાં વધારો થયો. તેને આખી રાત્રિ ઉંઘ આવી નહિ. અનેક વિચારો અને તર્કવિતર્કો તેના હૃદયમાં સમુદ્રના તરંગોની માફક ઉછળવા લાગ્યા.

બાકીની રાત્રિ નિદ્રારહિત—અસ્વસ્થજ રાજકુમારે ગાળી. પ્રાતઃકાળ થયો. તેણે સિપાહીઓને એકત્ર કરી રાત્રિના બનાવ વિશે પૂછ્યું. પણ સિપાહીઓ શું જાણે કે જેથી કુમારના મનનું સમાધાન કરી શકે ? સિપાહીઓ કંઇ પણ જવાબ આપી શકતા નથી જાણી કુમાર દિલગીર થયો અને પછી રાજકુમાર સ્નાન પૂજા આદિ પ્રાતઃકર્મ અને નાસ્તો કરી સવેળા પરવારી, પોતાનો ઘોડો મંગાવી તેના ઉપર સવાર થઇ કિલ્લાની બહાર નીકળ્યો. કેટલાક સવારો સાથે થયા પણ રાજકુમારે તેમને રોકયા. માત્ર નવલસિંહે સાથ ન છોડયો. તેને સાથે ના આવવા રાજકુમારે ઘણુંએ કહ્યું પણ નવલે ના માન્યું. હવે તેને છોડીને આગળ વધી જવાનો રાજકુમારે ઘણાજ વેગથી અશ્વને દોડાવ્યો. નવલસિંહ સામાન્ય શક્તિવાળો મનુષ્ય નહોતો. તે એક ઘણોજ પ્રવીણ રંગી હતો. દોડવામાં તો તે ઘણું

ફરી તેજી અશ્વને પણ પાછળ મૂકી દે એવી શક્તિવાળો હતો. નવલસિંહે કુમારના અશ્વનો સંગ ન છોડયો. હવે તો વળી પહાડ જંગલની ખડબચડી જમીન આવી એટલે ઘોડાથી પણ ઘણા વેગથી-ન ચલાયું.

નવલસિંહને ઘણોજ થાકી ગયેલો જોઇ રાજકુમારને દયા આવી. તે આત્મગત બોલ્યો, "અહા! આ મારા પર કેટલી પ્રીતિ રાખે છે! તેના જીવમાં જીવ છે ત્યાં સુધી તે મારો સાથ નહિં છોડે. એને જાણી બુઝીને દુઃખ દેવું તે યોગ્ય નથી. વળી તેના સાથે રહેવાથી મને કાંઇ અડચણ પણ નથી." વગેરે મતલબના વિચારો કુમારને આવ્યા. રાજકુમારે ઘોડો અટકાવા નવલસિંહ સ્હામે જોઈ મ્હોં મલકાવ્યું.

"અરે જરા એ તો જણાવો કે શું ધાર્યું છે?" હાંફતાં હાંફતાં નવલસિંહે કહેવા માંડયું—"આપનો શો વિચાર છે? કોઇ ભ્રમ તો નથી થયો ને?"

"આ અશ્વને ચરવા અહીં છોડી દો અને પછી સાંભળો કે મેં શું ધાર્યું છે." વિજયકુમારે નીચે ઉતરી કહ્યું.

નવલસિંહે ઘોડાનો સામાન ઉતાર્યો. તેમાંથી એક ગાદી રાજકુમારને બેસવા પાથરી ઘોડાને ચરવા છુટો મૂકયો. રાજકુમારની પાસે બેસી જઇ ફરી પૂછયું:—બોલો હવે? શું વિચારીને આપ નવીનદુર્ગથી એકલા નીકળ્યા છો?"

"મારૂં મન વ્યાકુળ બની રહ્યું છે."

"શાથી?"

"રાજકુમારીના વિયોગથી"

"વ્યાકુળ બને શું વળવાનું છે?"

"ત્યારે શું કરૂં ?"

"ધિરજ ધરો."

"એ પણ નહિ બને. વળી આજ રાત્રિએ બનેલા પ્રસંગે મારી વ્યાકુળતામાં વિશેષ વૃદ્ધિ કરી છે."

"તે વળી શું ?" નવલે પૂછ્યું.

ઉત્તરમાં કુમારે રાત્રિની પુરેપુરી હકીકત જણાવી. વધારામાં કહ્યું કેઃ—"જ્યાં સુધી રાજકુમારીનો પત્તો ન લાગે ત્યાં સુધી હવે નવીનદુર્ગ કે વિજયગઢ નહીં જાઉં."

"આપનો વિચાર ભૂલ ભરેલો છે. અમારા લોક કરતાં આપ વિશેષ પત્તો મેળવી શકશો ? પ્રતાપસિંહ અને જોષીજી ગયા છે. વળી હુકમ હોય તો હું પણ શોધમાં જાઉં. આપ કાંતો પાછા નવીનદુર્ગ પધારો કે ત્યાં ન જવું હોય તો વિજયગઢ જાઓ. વિજયગઢ અહીંથી ઘણુંજ નજીક છે. આપ ઘર નજીકજ આવી પહોંચ્યા છો." નવલસિંહે રાજકુમારને સમજાવતાં કહ્યું.

"શું અહીંથી વિજયગઢ નજીક ? મારા ધારવા પ્રમાણે તો નવીનદુર્ગ કરતાં પણ તે વિશેષ દુર હોવું જોઇએ." રાજકુમારે વિચારમાં પડી કહ્યું.

"આપ ભૂલો છો. આપ ધુનમાં ને ધુનમાં એવા વેગથી અશ્વ દોડાવતા વધ્યે જતા હતા કે પૂર્વ પશ્ચિમનું પણ ભાન ન રહે. પરંતુ મને તો ચોક્કસ છે કે અહીંથી વિજયગઢ માત્ર બેજ ગાઉ દૂર છે."

જુઓ. આ વડનું મ્હોટું ઝાડ છે. મહારાજા વ્હેમસિંહને કેદમાં પુર્યા છે ત્યાં અહીંથી જવાય છે. આ અરસ્સામાં નવલની નજર દૂરથી ચાલી આવતા બે માણસો પર પડી. નવલ એકાગ્ર નજરે એ તરફ જોઇ રહ્યો. એ માણસો નજીક આવતાં ગયાં. નવલે તેમને ઓળ-

ખ્યા. તે બોલ્યો; "અરે ! અરે ! જુઓ સ્હામેથી પ્રતાપસિંહ અને જોષીજી આવતા જણાય છે. ડોળી ઉચકીને આ તરફ આવે છે. તે અત્યારે ક્યાંથી ! જરૂર કાંઇને પતો મેળવ્યો હશે." સ્હામેથી પ્રતાપને આવતો જોઈ હર્ષમાં આવી જઇ નવલસિંહે કહ્યું.

પ્રતાપસિંહ અને જોષીજી દૂરથી ડોળી લઈ આવતા જણાયા. રાજકુમારથી ન રહેવાયું. તે સ્હામા ચાલ્યા. નવલસિંહ પણ સાથેજ ઉઠયો. પ્રતાપસિંહ અને જોષીજીએ પણ બન્ને ને જોયા. તેઓ પણ ઝપાટાબંધ આગળ આવ્યા. ડોળી નીચે મૂકી. રાજકુમાર, પ્રતાપસિંહ, જોષીજી, અને નવલસિંહ સર્વ હર્ષથી મળ્યા.

"કેમ શું ખબર છે ?" કુમારે પૂછ્યું.

"આનંદના ખબર છે." પ્રતાપે કહ્યું.

"ક્યાંથી આવો છો ?" પુનઃ કુમારે પૂછ્યું.

"તે પછીથી જાણશો."

"કેમ કાંઈ પત્તો લાગ્યો ? આ ડોળીમાં કોણ છે ?" અધીરા બની જઈ રાજકુમારે પ્રશ્ન કર્યો.

"તે પહેલાં તમે અહિં ક્યાંથી તે તો કહો." પ્રતાપે સ્હામો પ્રશ્ન કર્યો.

"તે આ નવલસિંહને પૂછો." રાજકુમારે જણાવ્યું અને કહ્યું. "પણ મારા પ્રશ્નનો ઉત્તર તો આપો."

"જુઓ સાંભળો." પ્રતાપે કહેવા માંડયું. "આ મહારાજા હેમસિંહની મહારાણી સત્યમતિ છે. હાલ તે બેહોશ છે. એક સ્ત્રી જાતીને ગુલામ બનાવનાર સોદાગરી કાફલામાં તે સપડાઇ હતી. નવીનદુર્ગથી વસંતમાલતી પણ રાજકન્યાને શોધવા નીકળેલી તેજ કાફલામાં સપડાઇ હતી. રાજકુમારીની શોધમાં અમે કાફલો તપાસતાં

આ હકીકત જાણી. મહારાણીની શોધમાં અમલગઢના રંગીઓ પણ નીકળ્યા હતા. તે મહારાણીને છોડાવવા યત્ન કરી રહ્યા હતા તે પણ અમે જોયું. વસ્તુ સર્વ રાંધી તૈયાર થાય ત્યારે તૈયાર રસોઇ જમી જવી એવો વિચાર અમે કર્યો. અમલગઢના રંગીઓએ કાફલા ઉપર હુમલો કર્યો. વસંતમાલતી સર્વથી પ્રથમ છુટી નાશી આવી અને તે મળતાંજ અમે કાફલામાંથી એક ડોળી ઉપાડી મહારાણીને લેઇ વિદાય થઇ ગયા. મહારાણીને અમે પૂછ્યું કે, જો આપની ઇચ્છા હોય તો માનભેર આપને અમે અમલગઢ મૂકી આવીએ; અગર આપની મરજી હોય તો વ્હેમસિંહ મહારાજ જ્યાં કેદમાં છે ત્યાં લઇ જઇએ. મહારાણીનો વિચાર અમલગઢ પાછો જવાનો નહીં પણ મહારાજાની સાથે કેદનેજ તે સ્વર્ગ ગણી ત્યાં રહેવા ઇચ્છતાં હોવાથી તેમને વ્હેમસિંહ સાથેજ રાખવા અમે લેઈ જઇએ છીએ. અમે મહારાણીને જણાવ્યું કે જો વ્હેમસિંહ મહારાજા પાસે જવું હશે તો પ્રથમ બેહોશ બનવું પડશે. તે વાત તેમણે સ્વીકારી તેથી બેહોશ કર્યાં છે." પ્રતાપસિંહે હકીકત કહી.

"અરે! તમે તો ભારે કરી?" કુમારે પૂછ્યું.

"લઢાઈ લઢનાર લઢયા અને અમે વગર લડે ફાવ્યા."

"શાબાશ."

"એમાં શાબાશી ન ઘટે." પ્રતાપે કહ્યું.

"ઠીક; પણ રાજકન્યા ?" કુમારે કહ્યું.

"તે પણ મળશે."

"વારૂ ત્યારે વસંતમાલતી ક્યાં છે ?! તે પણ છુટી છે ને!? વળી પત્તો લાગ્યાનું તમો કહો છો તો તે ક્યાં છે ? કેવી રીતે તેનો પત્તો લાગ્યો તે જણાવોને ?" રાજકુમારે અધીરા બની પૂછ્યું.

"મહારાણીને કેદખાનામાં વ્હેમસિંહ પાસે મૂકવાનાં અને પાછું રાજકુમારીની શોધમાં અમારે જવાનું, તેથી અમે વસંતમાલતીને નવીનદુર્ગ જવાનું કહ્યું. તેણે જણાવ્યું કે રાજકુમારીનો પત્તો મેળવ્યા વિના નવીનદુર્ગ ન જવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. આમ કહી શોધ કરવા તે બીજી બાજુ તરફ ગઇ અને અમારે એની મરજી ઉપર તેને છોડવી પડી. અમે મહારાણીની ડોળી સાથે આવતા હતા એટલામાં, તેમની મહા સમર્થ વિદ્યાના આધારે જોષીજી મહારાજ જણાવે છે કે રાજકુમારીનો પત્તો કેદખાનામાંજ લાગશે." પ્રતાપે હકીકત પુરી કરી.

રાજકુમારીનો પત્તો કેદખાનામાં લાગશે. એવી ખબર સાંભળતાંજ રાજકુમારની નસોમાં પૂર વેગથી લોહી દોડવા લાગ્યું. જાણે ઉડીને જાઉં કે શું કરૂં એમ મનમાં થવા લાગ્યું. તેમણે જવાની ઉતાવળ કરી.

નવલસિંહે રાજકુમારનો ઘોડો તૈયાર કર્યો. રાજકુમાર સવાર થયા. પ્રતાપસિંહ અને નવલસિંહે ડોળી લીધી. જોષીજી સાથે ચારે જણા ખોજ તરફ ચાલવા લાગ્યા.

પ્રકરણ ૧૭ મું.

વિયોગી મેળાપ.

થોડીવારમાં દરવાજો દેખાયો. દરવાજો એવડા તાળાથી બંધ હતો. ઉઘાડવાની રીત માત્ર પ્રતાપસિંહ-જ જાણતા હતા. નવલસિંહ અને જોષીજીને તે રીત બતાવતાં કાંઇ

પણ અડચણ નહોતી. રાજકુમાર વખતે કોઇ પ્રતિરંગીથી ઠગાય તે ભયથી તેણે રાજકુમારને ઉદ્દેશી કહ્યું:—"જુઓ હવે તમારા દેખતાંજ મારે દરવાજો ઉઘાડવો પડે છે. સાવધ રહેજો. જોજો વળી કોઇ ભૂલાવામાં ફરી ફસાતા."

"તમે મારી પર શા માટે વ્હેમ રાખો છો ?"

"એક વખત ઠગાયા તેથી."

"વારે વારે ઠગાવાનું હશે કે ?"

"કદાચ બને."

"હુંતો હવે સાવધજ રહું છું."

"ત્યારે તો હું ઘણો ખુશી છું."

"ચાલો તાળાં ઉઘાડો."

પ્રતાપે તાળાં ઉઘાડવા માંડયાં. પ્રથમનું તાળું તો પૂર્વે જણાવ્યા પ્રમાણે સિંહના મ્હોંમાં હાથ ઘાલી તેની જીભ બહાર ખેંચી કાઢી ઉઘાડયું. હવે બીજું તાળુ ઉઘાડવા માંડયું.

દરવાજાની બન્ને બાજુએ બે આરસપહાણના પત્થરો જડેલા હતા. જમણી બાજુના પત્થર ઉપર પ્રતાપે જોરથી લાત મારતાં પત્થર ત્યાંથી ખસી અંદર પેસી જઇ જમીન ભેગો થઇ ગયો. એક ન્હાનો ચોરસ ચબુતરો જણાયો. એક ફણાધારી સાપ ગુંછળું માંડીને બેઠો હતો. સાપની ગરદન પકડી તેને જેમ પેચ ફેરવે છે તેમ પ્રતાપસિંહે ફેરવ્યો. એક અવાજ સાથે દરવાજો ઉઘડયો.

પછી ટોળી સાથે ચાર જણા દરવાજામાં પેઠા. અંદરથી દરવાજો બંધ કરી, અંદરજ ડાબી બાજુના એક ગોખલામાં હાથ ઘાલી પ્રતાપે કાંઇક કર્યું. શું કર્યું તે કોઇ સમજી ન શક્યા.

"આ ગોખલામાં શું છે ?!" જ્યોતિષીએ પૂછયું.

"તેમાં એક કુંચી છે. તે ફેરવવાથી મેં લાત મારી ખસેડેલો પત્થર ખાસો હતો તેમ ખસી જાય છે. ફક્ત બંધ કરવામાંજ આ ખપ આવે છે. ઉઘાડતાં તો મેં કર્યું તેમજ કરવું પડે છે." પ્રતાપે ભેદ ખુલ્લો કર્યો.

"મહારાણીને હવે સાવધ કરીશું ?" જોશીએ પૂછ્યું.

"હા."

હવે મહારાણીને શુદ્ધિમાં આણ્યાં, તેમણે રાજકુમારને ઓળખ્યા. ચાલો હવે તમને મહારાજા પાસે પહોંચાડીએ એમ તેમને કહેવામાં આવતાં તે સર્વની સાથે ચાલવા માંડયાં.

"પણ વિશ્વમોહિની ક્યાં છે ? !" રાજકુમારે જોશીને અંદર જતાંજ પુછ્યું.

"હું પ્રથમ કોઈ વાર આ જગાએ આવ્યો નથી કે તેથી આપને એકદમ બતાવી શકું. પ્રથમ વ્હેમસિંહ મહારાજાને તો શોધો. આમ અધિરા શું બનો છો? વિશ્વમોહિની પણ દેખાશેજ." જ્યોતિષીજીએ શાંતિથી ઉત્તર આપ્યો. કુમાર વધુ ન બોલી શક્યા.

વ્હેમસિંહ મહારાજાને શોધતા શોધતા સર્વ નિર્ઝર પાસે આવ્યા. આકાશની સાથે જાણે વાતો કરતા હોય તેમ મહારાજા વ્હેમસિંહ ઉંચું મ્હોં કરી નિર્ઝરની સ્હામે પાર એક પત્થરના ઉપર ઉભેલા સર્વને જણાયા.

મહારાજાને જોઇ મહારાણી મત્ત બની ગયાં. નિર્ઝરમાં કેટલું પાણી છે અને તેની પાર જવાશે કે કેમ તેનું પણ તેમને ભાન ન રહ્યું. એકદમ તે નિર્ઝરમાં પડયાં. તેમાં પાણી થોડુંજ હતું. તે સ્હામે પાર ગયાં. અને ત્યાં જઇને ધ્રૂસકે ને ધ્રુસકે રડતાં વ્હેમસિંહ મહારાજાના પગ આગળ પડયાં.

એકાએક રાણીને જોઇ મહારાજાએ તેમને ઉઠાડ્યાં અને છાતી સરસાં દાબ્યાં. રાજકુમાર, નવલસિંહ, જોષીજી વિગેરે નિર્ઝર ઉતરી એટલામાં આવી પહોંચ્યા.

" કેમ તમે અહીં કેવી રીતે આવ્યા ? તમે પણ આ લોકોથી ફસાયા છો કે શું ? " જોષીને જોતાં હેમસિંહ મહારાજાએ પૂછ્યું.

" ના, હું ફસાયો નથી પણ આ લોકોએ કૃપા કરી મને તેમના મંડળમાં મેળવ્યો છે. હું રાજકુમારનો પક્ષી છું. આપનો સંબંધ મેં છોડયો છે. " જોષીજીએ ઉત્તર આપ્યો.

કેદમાં પડેલા હોવા છતાં પણ જોષીજીના વાક્યથી હેમસિંહ મહારાજને ગુસ્સો આવ્યો. આંખ્યો લાલ લાલ થઈ ગઇ. તે ગુસ્સા ભરી નજરથી જોષી તરફ જોવા લાગ્યા.

" હવે આપના આ મિથ્યા ક્રોધથી શું લાભ ?"

" જોશી ! તેં હદ કરી છે ? " રાજાએ વધુ ગુસ્સાથી કહ્યું.

" મેં જે કર્યું છે તે સારૂંજ કર્યું છે. "

" મારા ઉપકાર તો વિચાર ? "

"ઉપકાર ખરા; પણ ન્યાય ક્યાં ? "

" શું હું અન્યાયી છું ? "

" તે આપ આપના હૃદયમાં વિચારી જુઓ. મેં જ્યારે ન્યાય નીતિનું ખૂન થતું જોયું ત્યારેજ આ પગલું ભર્યું. વળી જેને માન અપમાનનું ભાન છે તે તો જ્યાં પોતાની ઇજ્જત જળવાય ત્યાંજ રહી શકે. આપ મનમાંજ વિચારો, પછી કહો કે આપે મારા તરફ કેવું વર્તન રાખ્યું હતું ? આપને એમ પણ લાગ્યું હતું કે આખર તો હું બ્રાહ્મણ છું ? હવે લાલ આંખ્યો કરવાથી શું ફાયદો ? " જોષીજીએ ફટકો માર્યો.

વ્હેમસિંહ મહારાજા ઉત્તર ન દેઈ શક્યા. તેમણે માથું નીચું ઘાલ્યું. સર્વ ત્યાંજ ઉભા રહ્યા.

પ્રતાપસિંહ આ વખતે ખોજની બીજી બાજુ વિશ્વમોહિનીનો પત્તો મેળવવાની અભિલાષામાં ફરતો હતો. તેણે એકાએક અવાજ સાંભળ્યો. "પ્રતાપસિંહ."

પ્રતાપસિંહે અવાજ આવ્યો તે બાજુ તરફ મ્હોં ઉંચુ કર્યું. વિશ્વમોહિનીની મૂર્તિ દેખાઇ. તેને જોતાંજ તેની આંખ્યોમાંથી આંસુ નીકળવા લાગ્યાં. રાજકુમારીની સ્થિતિ ખરેખર દયાજનક હતી. માથાના વાળ ખુલ્લા હતા. મુખકમળ કરમાયલું હતું. શરીર ઉપર મૃતિકા લેપ ચઢી ગયો હતો. કપડાં ફાટી ગયાં હતાં. અશ્રુપ્રવાહ ચાલતો હતો. પહાડ ઉપર એક ન્હાની ગુફાની બહાર તે ઉભાં હતાં ત્યાંથી તેમણે પ્રતાપને જોઇ બોલાવ્યો.

પ્રતાપ પહાડની બાજુ દોડયો. પહાડપર ચઢીને કુમારી પાસે જવાનો તેણે વિચાર કર્યો પણ તેમ ન બન્યું. રસ્તો ન મળ્યો. ઘણો પ્રયત્ન કર્યો પણ ફોકટ. આખરે તેણે મોટા અવાજે પૂછ્યું:—
"રાજકુમારી ! તમે ત્યાં કેવી રીતે જઇ ફસ્યાં ?"

પ્રતાપસિંહનો સ્વર સ્પષ્ટ રાજકુમારીને કાને પડયો. રાજકુમારીએ શો ઉત્તર આપ્યો તે પ્રતાપને કાને ન પડી શક્યો:—
"પ્રારબ્ધ ! રાજકુમાર ક્યાં ?" એવા ભાગ્યા તૂટયા શબ્દો માત્ર પ્રતાપને કાને પડયા.

"અરેરે રાજકુમારી બરોબર વાત પણ કરી શકતાં નથી." એમ બોલતાં પ્રતાપે રાજકુમારીને આશ્વાસન આપવા જણાવ્યું:—

"રાજકુમાર અહીંજ છે. તમે ઉભાં રહો. આ ક્ષણેજ હું બોલાવું છું."

પ્રતાપે તુરતજ રાજકુમાર, જોષીજી વગેરે હતા તે તરફ ઉતાવળે પગલે જવા માંડયું.

"વધાઇ ! વધાઈ !" રાજકુમાર નજરે પડતાંજ પ્રતાપસિંહે ગર્જના કરી.

"ક્યાં છે ? ક્યાં છે ?" રાજકુમાર બોલી ઉઠયા.

"આમ આવો બતાવું." પ્રતાપે પોતાની તરફ સર્વને બોલાવ્યા.

"જુઓ આમ ઉંચે પહાડપર." પ્રતાપે વિશ્વમોહિનીના પહાડને બતાવ્યો.

રાજકુમારીએ કુમારને જોયા અને કુમારે રાજકુમારીને જોયાં.

એક બીજાને મળવા બન્ને આતુર થઈ રહ્યાં.

પહાડ ઉપર ચ્હડાશે કે કેમ તેનો વિચાર કર્યા વિના રાજકુમારે ઉપર ચ્હડવા માંડયું પણ શું વળે ?

"કેમ આમ ગાંડા બનો છો ? જો ઉપર જવાનો રસ્તો હોત તો ક્યારનો જઈ રાજકુમારીને હું નીચે ના લાવ્યો હોત ?" પ્રતાપે જણાવ્યું.

એકી ટસે બન્ને એક બીજાની સ્હામે જોવા લાગ્યાં. બન્નેની આંખ્યોમાંથી નદી વહેવા લાગી. પણ શું વળી શકે ? કેવો અજબ ગજબ ! જેને માટે ઘરબાર છોડયાં, જેને મળવાની આશામાં પોતાની જીવની આશા પહેલેથીજ છોડી હતી, જેને માટે હજારો માથાં કપાયાં, જે મહિનાના મહિના અદ્દશ્ય રહી આજે દેખાઈ. તેને મળવાનું તો જાણે બાજુ રહ્યું પણ તેની સાથે બરાબર સ્પષ્ટ વાતચિત પણ ન થાય ! અહા કેવો વિચિત્ર સમય ! ભાગ્યની કેવી વિચિત્ર દશા !? આ બન્નેની આ વખતે જે દશા હતી તેનો ખ્યાલ બીજાને કેવી રીતે આવે ? !

હવે જોષી મહારાજના શરણ શિવાય બીજો કોઇ ઉપાય નહોતો. સર્વેએ તેમના સ્હામે જોઇ "હવે શું કરવું ?" એમ પુછયું.

જોષીજીએ વેઢા ગણવા માંડયા. તે બોલ્યા:—" કોઇ ભારે પરાક્રમ વિના રાજકુમારીનું ઉપરથી નીચે આવવું દુર્ઘટ છે. જે માર્ગથી તે અંદર આવ્યાં છે તેજ માર્ગથી બહાર નીકળી શકશે. માટે હવે તો રાજકુમારીને પુછો કે કયા રસ્તે તમે ત્યાં ગયાં છો ? જો તે બતાવે તો પછી તે રસ્તે જઈ કાંઇ પ્રયત્ન થાય. આ ખંડેર ચમત્કારી છે. સામાન્ય નથી."

પ્રતાપે પોતાના પહાડી ઘાંટાથી રાજકુમારીને જણાવ્યું:-" હવે વિના ગભરાયે મહેરબાની કરી બતાવો કે તમે કયે રસ્તે ત્યાં ગયાં છો ? જો મ્હોંથી ન કહેવાય તો કોઇ પાંદડા ઉપર લખીને ફેંકો. "

વિશ્વમોહિની કેટલાંક પાંદડાં અને તેના ઉપર લખવાના સાધનરૂપ કોઇ સળી શોધવા ત્યાંથી ઉઠી આમ તેમ નીચે મ્હોંયે ફરવા લાગી. કોઇનો પગરવ જાણે સંભળાતાં રાજકુમારીએ મ્હોં ઉંચુ કર્યું, તો મણીકાન્તા આવતી જણાઇ. મણીકાન્તા અને રાજકુમારી પરસ્પર ભેટયાં.

" વાહ સખિ ! વખતસર આવી પહોંચી. જો નીચે રાજકુમાર, પ્રતાપસિંહ વિગેરે પણ છે. તેમનું બોલવું મારાથી સંભળાય છે. પણ મારા શબ્દો તે સાંભળી શકતા નથી. કયે રસ્તે હું આવી તે પ્રશ્ન મને પુછે છે. તેનો ઉત્તર કોઇ પાંદડાં ઉપર લખીને મોકલવા હું પાંદડાં એકઠાં કરતી હતી એટલામાં તું આવી પહોંચી."

મણીકાન્તાએ ચારે તરફ નજર દોડાવી. નીચે ઉતરવાનો કોઇ માર્ગ હોય તો તેની શોધ કરી. કાંઇ યુક્તિ ન સુઝી. આખરે તે બોલી:-"પાંદડાં ઉપર લખવાની કાંઇ જરૂર નથી. મ્હારો પાંદો તે

લોક સાંભળશે. પણ પહેલાં કહો કે તમને પેલા ગરૂડ પક્ષીએ પકડ્યાં હતાં કે કોઇ બીજા રસ્તે ફસાયાં ?"

"હા, તે પક્ષીએજ મને ચાંચમાં લેઇ લીધી હતી ? તને પણ તેણેજ સપડાવીને ?"

"ના, હું બીજા રસ્તે આવી છું. તે જણાવતાં પહેલાં આ ખંડેરનો પત્તો પેલા લોકોને આપવા દો કે જેથી આપણા છુટકારાની તે તજવીજ કરે. મને લાગે છે કે હવે કેટલાએ દિવસ આપણે અહીં ફસાઇ રહેવું પડશે. પણ લાચાર !" મણીકાન્તાએ જણાવ્યું.

કુમારી અને મણીકાન્તા પાછાં રાજકુમાર, પ્રતાપસિંહ, નવલસિંહ, જોષીજી વગેરે નીચે ઉભા હતા ત્યાં ઉપરની બાજુ આવી પહોચ્યાં.

"જે નાળામાં અમને વ્હેમસિંહે કેદ કર્યા હતાં ત્યાંથી દક્ષીણ બાજુ આઠ ગાઉ ઉપર એક પુરાણુ ખંડેર છે. આ ખંડેરમાં એક સુંદર પત્થરનું બનાવેલું ગરૂડ પક્ષીનું કરામતી પૂતળું છે. આ ગરૂડપક્ષી કુમારીને ગળી ગયું હતું. આ ચમત્કાર પૂર્ણ ખંડેર તોડીને અમને બચાવો. બીજો કોઇ રસ્તો બચવાનો નથી. હું ઘણી સંભાળથી આ ખંડેરમાં ગયેલી છતાં ફસાઇ. ત્યાં જાઓ તો બહુ સંભાળથી જજો. આ જગાએ અમારી ખાવાપીવાની કાંઈ ફિકર ન રાખશો. અહીં જૂદાં જૂદાં ફળ અસંખ્ય છે. પીવા પાણી પણ છે. તમે સર્વ સંભાળથી કામ કરશો. હું આશિષ આપું છું કે રાજકુમાર આ ખંડેર તોડશે. તમો સર્વ તેનો સાથ ન છોડશો." મણીકાન્તાએ બોલવું બંધ કર્યું.

વ્હાલા વાચક ! વ્હેમસિંહ મહારાજના પરાજયની અને વિજયકુમારના જયની, એટલુંજ નહીં પણ વ્હેમસિંહ અને તેની રાણી

સત્યમતિ કુમારના હાથમાં કેદ પકડાયાની હકીકત જાણી; તેમ રાજકુમાર અને મણીકાન્તા નવીનદુર્ગમાંથી ગુમ થયેલાં તેમનો પત્તો પણ મળ્યો. પત્તો મળ્યો પણ ક્યાં? પહાડ ઉપર! તેમને છોડાવવાં તે કામ કાંઇ એક દિવસનું નહોતું. માત્ર પત્તો મળવાથીજ ખડગસિંહ મહારાજ અને રાજકુમારીની માતા સંતોષ થાય તેમ નહોતું. એટલાથીજ રાજકુમાર અને કુમારીની તથા પ્રતાપસિંહ અને મણીકાન્તાની મનની ઇચ્છા સરી એમ ન ગણાય! જ્યાં સુધી વ્હેમસિંહના રંગીઓ વશ ન વર્તાવાય ત્યાં સુધી માત્ર વ્હેમસિંહ અને તેની રાણી કેદ પકડાવાથી અમલગઢ ઉપર વિજયકુમારનો વિજય થયો ન સ્વીકારાય, કે વળી મહારાજા અજીતસિંહ અને રાજકુમારનાં માતા વીરમતિ પણ આટલાથીજ માત્ર પોતાનું હૈયું ઠારી ન શકે. આથી વિશ્વમોહિની મણીકાન્તાને ચમત્કારી ખંડેર તોડી રાજકુમાર તેને પ્રાપ્ત કરવા કેટલો પ્રયત્ન સેવે છે અને તેમાં આખરે કેવી રીતે ફતેહ પામે છે, તે વિલોકવાનું કાર્ય આ ગ્રંથના અન્ય ખંડમાં રાખી આ તૃતીયખંડને અત્રેજ પૂર્ણ કરી સહેજ વિશ્રાંતી લેવા વાચકને વિનવું યોગ્ય ધાર્યું છે. અસ્તુ!

વિશ્વમોહિની.

વિશ્વમોહિની.

ભાગ ૪ થો.

પ્રકરણ ૧ લું.

પ્રયાણ-પ્રારંભ.

વીર યત્ન શુભ સાધતાં તજે ન ધીર લગીર,
કાયા ભલે પડી જતી, સહે વિપદ્ ગંભીર.

શ્રી વિશ્વમોહિની—આ નવલની નાયિકા અને તેની સખી મણીકાન્તા ચમત્કારપૂર્ણ ખંડેરમાં સપડાયાં છે. તેમને મુક્ત કરવાનો ઉપાય માત્ર એકજ અને એજ છે કે જે માર્ગદ્વારા રાજકુમારી વિશ્વમોહિની આ ખંડેરમાં પ્રવેશ્યાં તેજ માર્ગદ્વારા પ્રવેશ કરી ખંડેરને તોડવું. આ શિવાય અન્ય કોઇ યુક્તિ કે ઇલાજ નથી. આથી વિજયકુમાર, પ્રતાપસિંહ, નવલસિંહ અને જ્યોતિષીજી, અમલગઢના રાજા જોરમસિંહ અને તેની રાણી સત્યમતીને ત્યાંજ ખંડેરમાં કેદમાં છોડી દરવાજે એવડાં તાળાં વાસી બહાર નીકળ્યા. રાજકુમારની આજ્ઞાનુસાર નવલસિંહ ત્યાં બનેલી તમામ હકીકત અથ ઇતિ પિતામાતા રાજા અજીતસિંહ અને રાણી વીરમતિને જાહેર કરવા વિજયગઢ તરફ વળ્યો અને અન્ય સર્વેએ નવીનદુર્ગનો રસ્તો લીધો.

પ્રાતઃકાળમાંથીજ કુમાર વિજયસિંહ કોઇને પણ કાંઇ કહ્યા શિવાય નવીનદુર્ગમાંથી ચાલી નીકળેલા અને તે સમયસર પાછા ન વળેલા; તેથી મહારાજા ખડ્ગસિંહને ઘણુંજ આશ્ચર્ય અને ગમગિની થયાં. ચારે બાજુ તપાસ અર્થે કેટલાક જાસુસો મોકલ્યા; પરંતુ સંધ્યા સમય થતાં થતાં તો રાજકુમાર અને પ્રતાપસિંહ વગેરે આવી પહોંચી મહારાજાને મળ્યા એટલે હવે એ સંબંધી ચિંતાનું કારણ ન રહ્યું.

" કોઇને પણ કહ્યા વિના આ પ્રમાણે મરજી પડે ત્યાં ચાલ્યા જવાથી અમને ઘણોજ ક્લેશ થાય છે અને હેરાનગતી ભોગવવી પડે છે" એમ જણાવી ભવિષ્યમાં તેમ ન કરવા મહારાજાએ કુમારને જણાવ્યું. વિજયકુમારે તો મર્યાદાની ખાતર તેનો ઉત્તર ન આપ્યો, પણ પ્રતાપસિંહે જણાવ્યું કેઃ–' કૃપાનાથ ! પ્રસંગ એવોજ હતો કે સ્હવારમાં બહુજ વહેલાં જવા જેવું હતું. આ વખતે આપ આરામમાં હોવાથી આપને કહેવાનું ન બન્યું. અન્યદ્વારા જણાવવા જેવો પ્રસંગ નહોતો. ' ત્યાર બાદ પ્રતાપસિંહે યુદ્ધમાંથી અમલગઢ જવા સંબંધી, વ્હેમસિંહની રાણીને ઠગી ઉપાડી લીધાની, ખોજમાં રાજકન્યાની શોધ લાગ્યાની, વિજયકુમારના ત્યાં જવા વિષેની, પુનઃ કુમારી અદૃશ્ય થયા બાબતની, જ્યોતિષીની મુલાકાતની, કાફલાના દુષ્ટ સરદારને થયેલા શાસનની, આખરે રાજકન્યા અને મણીકાન્તા ચમત્કારપૂર્ણ ખંડેરમાં સપડાયલાં કેદખાનામાં જણાયાં તેની અને તેમના શ્રીમુખથીજ તે ખંડેરની હકીકત જાણી વિગરે તમામ હકીકત રાજાને નિવેદન કરી જણાવ્યું કે હવે ચમત્કારમય ખંડેરને તોડવા જવાનો અમારો ઇરાદો છે.

" ખડેર પર રાજ્યની હદમાં છે. જો કે તે રાજ્યનો રાજા હાલ કેદી છે તો પણ સંપૂર્ણ બંદોબસ્ત અને સામાનની વ્યવસ્થા કર્યા શિવાય ત્યાં જવું તે યોગ્ય નથી. માટે હું પણ તમારા સાથે ત્યાં આવું તો ઠીક પડશે." મહારાજાએ એક ચિત્તે અથઇતિ તમામ હકીકત સાંભળી કરેલા મહાભારત કામ સંબંધી આશ્ચર્ય દર્શાવતાં પોતાની ઇચ્છા જણાવી.

પ્રતાપસિંહે સવિનય જણાવ્યું કે આપે એટલો શ્રમ લેવાની જરૂર નથી. પરંતુ તે બહાને ચમત્કારપૂર્ણ ખડેર જોવાશે કહી મહારાણીએ પોતાની વિશેષ મરજી દર્શાવવાથી " જેવી મરજી" એમ કહી પ્રતાપસિંહે તેમાં વિરોધ ન લીધો.

મહારાજાનો હુકમ થતાંજ રાત્રિભરમાં સર્વ તૈયારી થઇ ગઇ. બીજે દિવસે પ્રાતઃકાળમાં દિવાન મહોબતસિંહને રાજ વ્યવસ્થા સોંપી મહારાજા ખડ્ગસિંહે, કુમાર વિજયસિંહ, પ્રતાપસિંહ તથા જ્યોતિષીજી સાથે એક દમામભર્યા લશ્કર સાથે ચમત્કારપૂર્ણ ખડેર તોડવા અમલગઢની સરહદ તરફ કુચ કરી. નવલસિંહ પણ સર્વ હકીકત કહી વિજયગઢથી આવી પહોંચ્યો અને જતી સવારીમાં ભળ્યો.

ચાર દિવસ રસ્તામાં લાગ્યા. પાંચમે દિવસે સવારી અમલગઢની સરહદમાં આવી પહોંચી. મહારાજા બ્હેમસિંહ તો કેદમાં હતા. મંત્રિને ખબર મળતાં તે ગભરાયો. સ્હામે થઇ લ્હડવાની તેનામાં શક્તિ ન હોવાથી એક સારી રકમના નજરાણા સાથે ખડ્ગસિંહ મહારાજાને સ્હામે લેવા આવ્યો. મહારાજાએ નજરાણાનો સ્વીકાર કરતાં જણાવ્યું કે:–"તમારે હાલ અમારા તરફથી કોઇપણ જાતના ઉપદ્રવની ચિંતા કરવાનું કારણ નથી. હાલ અમે અમલગઢ ઉપર વિજય વાવટો ચડાવી રાજ વ્યવસ્થા હાથમાં લેવા આવ્યા

નથી. જ્યારથી હેમસિંહ અમારા કેદી તરીકે પકડાયા છે ત્યારથી અમારો અમલગઢ ઉપર વિજય થયેલો જ છે; તોપણ હાલ અમારો અત્રે આવવાનો હેતુ બીજો છે, માટે જેમ હાલ વ્યવસ્થા ચાલે છે તેમજ રાજવ્યવસ્થા ચાલવા દો. ”

મંત્રિને પાછું જવું પડ્યું. તોપણ ખડ્ગસિંહ મહારાજા શા ઉદ્દેશથી આવ્યા છે તે વાર્તાની ખબર પડી ગઈ. આજ પર્યન્ત અગલગઢના રાજ્યની સરહદમાં એક અજાયબ ગુહ છે, એ વાતની કોઇને પણ ખબર નહોતી. હવે સર્વેને જણાયું કે ચમત્કારમય ગુહને કુમાર વિજયસિંહ તોડવા આવ્યા છે.

પ્રતાપસિંહ, નવલસિંહ, જ્યોતિષીજી અને અન્ય જાસુસોએ ચારે બાજુ તપાસ કરી અજાયબ ગુહનો પત્તો શોધી કાઢ્યો. જે જંગલમાં તે ચમત્કારપૂર્ણ મંદિર હતું તેજ જંગલમાં એક સારા મુકામી સ્થળે તમામ લશ્કરની છાવણી પડી

એક રાત્રિ વિશ્રાંતિ લઇ બીજે દીવસે સ્હારમાં સ્નાનાદિ ક્રિયાથી પરવારી મહારાજા ખડ્ગસિંહ, કુમાર વિજયસિંહ, પ્રતાપસિંહ અને જ્યોતિષીજી અજાયબ ગુહમાં જોવા પ્રવેશ્યા. ચારે બાજુ પ્રત્યેક ચીજને બારીકાઇથી જોતા જોતા તેઓ મધ્યમાં આવેલા કરામતી ગરૂડ પક્ષીની નજીક આવી પહોંચ્યા. મણીકાન્તાના કહેવાથી આ જ ગરૂડપક્ષી રાજકન્યાને ગળી ગયું હતું એ વાર્તા જણાયેલી હોવાથી પ્રતાપસિંહ કોઇને પણ તે પક્ષીની નજીક ન જવા દેતાં પોતે એકલો પાસે ગયો અને મણીકાન્તાએ જેમ પક્ષીને અંજમાવ્યું હતું તે પ્રમાણે અજમાવ્યું.

પક્ષીએ મ્હોં ફુલાવ્યું, પાંખો ફેલાવી અને પાછળની ચીજને પકડી ગળી લીધી. આ નીકળતાં સાથે શક્તિ બની તેને બનાવવા-

રની કારીગરીનાં વખાણ કરવા લાગ્યા. ત્યારબાદ ત્યાંથી જે કેદખાનામાં મણીકાન્તા સપડાઇ હતી તેની પાસે થઇ કુવા પાસે આવ્યા. કુવાને ખુબ જોયા બાદ ચબુતરા પાસે સર્વ આવી પહોંચ્યા.

ચબુતરા ઉપર પ્રથમ વર્ણવ્યા પ્રમાણે પત્થરનો મનુષ્ય હાથમાં એક પુસ્તક રાખી સુતેલો હતો. પ્રતાપસિંહે ચબુતરાની સીડીની પગથીએ થઇ ઉપર ચઢવા માંડયું. પહેલા પગથીઆ ઉપર પગ મુકતાંજ તેનો પત્થર પેટીના ઢાંકણની માફક ઉપડયો અને પ્રતાપસિંહ ધબ લઇને જમીન ઉપર ચતાપાટ પડયો. આ જોઇ કુમાર વિજયસિંહને તો હસવું આવ્યું પણ નવલસિંહ ગુસ્સામાં આવી ગયો. 'આ સુતેલા સેતાનનાંજ આ સર્વ કારસ્તાન છે. લાવ તેની જરા ખબર લઉં' એમ કહી કુદીને તેણે એક પત્થર જોરથી સુતેલા પૂતળાના માથા ઉપર માર્યો.

પત્થર વાગતાંજ "રહીશ ક્યાં ને જઇશ ક્યાં" જેવો ઘાટ બન્યો. એકાએક પત્થરનો સુતેલો મનુષ્ય બેઠો થઇ ગયો. તેના મ્હોમાં શ્વાસોશ્વાસ ચાલવા લાગ્યો. થોડી ક્ષણમાં ઉપરા ઉપરી મ્હોટા અવાજો થવા લાગ્યા. આખું મકાન જાણે ધરતીકંપ થયો હોય તેમ હાલી ઉઠયું.

સર્વ ગભરાયા. જ્યોતિષીજીએ જણાવ્યું કે અહીં હવે રોકાવું તે સલામતી ભરેલું નથી. એક ઓરડામાંથી બીજામાં થઇ જેમ બને તેમ જલદી બહાર જવા નાઠા. નાસતાં પણ તમામ ખંડેરની જમીન હાલતી હોવાથી કોઇનો પગ સીધો પડતો નહોતો. સદ્‌ભાગ્યે કોઇને પણ કાંઇ નુકશાન થાય તે પૂર્વે સર્વ ખંડેરની બહાર આવી પહોંચ્યા અને બહારથી છેટે ઉભા રહી ખંડેર તરફ જોવા લાગ્યા. તમામ મકાન લગભગ બે કલાક સુધી આ પ્રમાણે હાલતું જણાયા બાદ પૂર્વવત્ થઇ ગયું.

હવે શું કરવું અને આ ચમત્કાર પૂર્ણ અજાયબગૃહને કેવી રીતે તોડવું તે વિચારમાં આખો બાકીનો દિવસ અને રાત્રિ વ્યતીત થયાં.

જોષી મહારાજાએ આખી રાત્રિ પોતાના રમતના પાસા ઉછાળ્યા પણ માત્ર એટલોજ પત્તો મેળવી શક્યા કે આ અજાયબગૃહ તોડવાની યુક્તિ એક પત્થર ઉપર ખોદેલી છે અને તે પત્થર તે ખંડેરમાંજ છે.

પ્રકરણ ૨ જું.

અજાયબ ગ્રંથ.

અખંડ દિનને રાત શુભ પ્રયત્ન જન સેવતાં,
વિજય લહે સાક્ષાત્ અજબ રંગ આવી મળે.

ખંડેર તોડવાનું કામ કાંઇ એક દિવસનું નહોતું. કેટલા દિવસ લાગશે તેનું અનુમાન પણ થઇ શકે તેવું ન હોવાથી ખડ્ગસિંહ મહારાજાએ વધારે અત્ર રહેવું યોગ્ય નથી, એમ જાહેર કરી, પ્રતાપસિંહ વિગેરેએ તેમને પાછા પધારવા વિનંતી કરી. મહારાજાની મરજી તો પાછા જવાની નહોતી પણ માત્ર ખંડેર જોવું છે એટલા બહાનેજ તે આવેલા એટલે તેમને પાછું ફરવું પડયું.

મહારાજાને વિદાય કરી, સ્નાન પુજા અને નાસ્તો વગેરેથી પરવારી કુમાર વિગેરે પાછા ખંડેરમાં પ્રવેશી ચબુતરા પાસે જઇ પહોંચ્યા. પત્થરનો મનુષ્ય ગઇ કાલની માફક શાંતિથી સૂતેલો જણાયો.

ત્યાં ઈંટનો ઢગલો પડેલો જોતાં પ્રતાપ વિગેરેને જણાયું કે આ ઢગલો ઉપર ચઢીને જોવાને વખતે મણીકાન્તાએ એકઠો કર્યો હશે. પ્રતાપસિંહે તે ઢગલા ઉપર ચઢી પત્થરના સૂતેલા મનુષ્યને નિહાળતાં તેને પાસે રાખેલા પુસ્તકમા નીચે પ્રમાણે લખેલું વંચાયું:—

સર્પધારી ષડ્કોણ પ્રમાણુ
હાથ છ ભર દશ આંગળ જાણુ
સંગ્રહ દ્રવ્ય અજાયબ ખેલ
મળે મેળ તો રેલમ છેલ.

પ્રતાપસિંહે વાંચ્યું. સર્વેએ સાંભળ્યું. તેની મતલબ જ્યોતિષીજી શિવાય અન્ય કોઇના સમજવામાં ન આવી. આ લેખની આબેહુબ કાગળ ઉપર નકલ કરી તે હાથમાં લેઇ ધ્યાનપૂર્વક વાંચી વીચારી જ્યોતિષીજીએ જણાવ્યું કે,—" આ મકાનમાં ક્યાંક એક સર્પધારી ષડ્કોણ આકારનો ચોતરો વા ચબુતરો હોવો જોઇએ; તેની તપાસ પ્રથમ કરવાની જરૂર છે."

ચારે જણા આવો ચોતરો શોધવા લાગ્યા. આખરે જે કેદખાનામાં મણીકાન્તા સપડાઇ હતી તે કેદખાનાવાળા ઓરડામાં એક ચોતરો જણાયો. જ્યોતિષીએ કહ્યું:—" હવે આ ચોતરાને માપવો જોઇએ." પ્રતાપસિંહે માપતાં તે છ હાથ નવ આંગળ થયો. નવલસિંહે માપતાં તે છ હાથ સાત આંગળ થયો. જ્યોતિષીજીએ પોતે માપ્યો તો છ હાથ ને ૭ આંગળનો ચોતરો થયો. હવે કુમારે તે ચોતરો માપ્યો. બરાબર છ હાથ અને દશ આંગળ થતાંજ જોષીજીએ હર્ષના પોકાર કર્યા અને કહ્યું: " આ જ—આ જ ચોતરો—પુસ્તકમાં લખેલો ચોતરો આ જ. આ ચમત્કાર પૂર્ણ ગૃહને તોડવાની ચાવી અને તેમાં રહેલું સમગ્ર દ્રવ્ય આ ચોતરાને તોડતાં મળશે. વળી એ

પણ નક્કી છે કે આ અજાયબ ગૃહ કુમારશ્રીજ તોડશે. કારણ આપ પુસ્તકમાં લખ્યા પ્રમાણે તેમના હાથથીજ મળ્યું છે. હવે આ ચોતરો તોડવો જોઇએ. જુઓ તે સર્પધારી છે, વળી ષટ્કોણુ પણ છે; તેમ આપમાં પણ બરોબર ઉતર્યો છે. આ સર્વે મેળ મળ્યો છે માટે ફતેહ કરો. ”

કુમાર વિજયસિંહે ત્યાં પાસે એક ચુનાનું સખત ઢેપુ પડેલું હતું તે લીધું અને જોરથી ચોતરાને માર્યું. બેચાર વાર ઘા કરતાં ચોતરો હાલી ઉઠયો. એકવાર વધારે મારતાં તે હાથથી તોડવા લાયક કમજોર થઇ ગયું. રાજકુમારે પછી હાથથીજ તેને હચહચાવી ઉખાડી નાંખ્યો. ચોતરો જમીનથી જુદો થતાં તેમાંથી એક લોઢાની મજબૂત તાળા બંધ પેટી નીકળી. પેટીનું તાળું તોડતાં વળી તેમાંથી બીજી પેટી નીકળી. એમ એક પછી એક સાત પેટી નીકળી. છેક અંદરની સાતમી પેટીમાં એક પત્થર બંધ કરેલો હતો. આ પત્થરને કાઢી જોતાં તેના ઉપર નીચે પ્રમાણે પદબંધ લેખ કોતરેલો હતોઃ—

ઉતાવળા સો બહાવરા ધીરા સો ગંભીર,
ખોતાં ધીર ગુમાવશો આપ સકળ અહીં હીર;
વિજય અજીત કરે રણે વિજય હશે જો નામ,
સફલ યત્ન સઘળા થશે મળશે દ્રવ્ય તમામ;
ગરૂડ તણા મ્હોડા તરફ જડીઓ આરસપહાણ,
નહીં પત્થર, છે કીમીઓ, કરજો કચ્ચરઘાણ;
પય લાવીને પીસતાં તરત પીગળશે તેહ,
લેપ કરો ઉપટા તણો ગરૂડ પક્ષીને દેહ;
ગરૂડ થશે ગાયબ જહાં, ઘણા જણાશે તાર,
તાર તણા શા બાર છે કકડા કરો હજાર;

સ્હામે પેખી ઓરડી કરજો મહીં પ્રવેશ,
કુવા તરફ જોતાં ખરો અજબ જણાશે વેશ;
બુદ્ધાજી બેઠા હશે કરતા પુસ્તક સ્હેલ,
ગ્રંથ રખેને ઝડપતા, વણસી જાશે ખેલ,
જમણું અંગ દબાવતાં ખોલે બુદ્ધો મુખ,
ખાંડ ભર્યે મ્હોંડા વિષે સર્વ ભાગશે દુઃખ,
બુદ્ધો ગર્ક થતાં સુખે હાથે ધરો સુગ્રંથ,
ગ્રંથ વિષે જે વર્ણવ્યો અનુસરજો તે પંથ.

લેખ વંચાઇ રહ્યો. કેટલીકવાર સુધી તો આ અજાયબ ગૃહ બનાવનારની પ્રશંસા શિવાય અન્ય કાંઇ પણ વાત કોઇના મુખમાંથી ના નીકળી.

હવે લેખમાં વાંચ્યા પ્રમાણે અમલ કરવા તેઓ પાછા ગરૂડ પક્ષી આગળ આવ્યા. ગરૂડપક્ષીના મ્હોડાના સ્હામેજ એક સફેદ આરસપહાણનો પત્થર હતો. આ પત્થર ઉપર પગ રાખતાં ગરૂડપક્ષી પોતાનું મ્હોં ઉઘાડતું હતું. આ પત્થરને વિજયકુમારે ઉખાડયો. તે પત્થરની નીચે એક કમાનદાર બીજો પત્થર જડેલો હતો. છાવણીમાંથી નવલસિંહ દોડતો જઇ થોડીજવારમાં દુધ લઇ પાછો આવ્યો. આ દુધમાં પત્થરને પલાળતાં તે ઓગળ્યો અને થોડી વારમાં તેનો લેપ કરવા લાયક ઉપટો બન્યો. ઉપટાનો ગરૂડપક્ષીના તમામ અંગ ઉપર લેપ કર્યો. જોતાં જોતાંમાં ગરૂડપક્ષી ઓગળવા લાગ્યું. સાથે એક જાતની સૌરભ ચારે બાજુ પ્રસરી. ગરૂડપક્ષી અને જે બેઠકપર તેને બેસાડવામાં આવ્યું હતું તે બેઠક બન્ને ઓગળી જતાં નીચે એક કોટડી જેવું જણાયું. આ કોટડીમાં ઉતરવા પગથીઆં હોવા છતાં તેમાં ઉતરતાં નડે તેવા ઘણા તારો વચ્ચે આવી રહ્યા હતા. સર્વ તારને

તોડી નાખતાં રસ્તો ખુલ્લો થયો. ચારે જણા કોટડીમાં ઉતર્યા અને નીચે આગળ જતાં ઠેઠ કુવા સુધી પહોંચ્યા. આ કુવામાં બુઠ્ઠો આદમી હાથમાં એક પુસ્તક રાખી બેઠેલો હતો. સ્હામે એક પત્થરના બાજઠ ઉપર રંગી વિરંગી પુષ્પો પડેલાં જણાતાં હતાં.

લેખમાં કરેલા સૂચન પ્રમાણે કુમારે બુઠ્ઠાની જમણી બાજુ પકડી. પકડતાંજ બુઠ્ઠાએ મ્હોં ઉઘાડયું. ખાંડ દુધની સાથે આણેલી તૈયારજ હતી. મ્હોંમાં સાકર ભરતાંજ બુઠ્ઠો પણ ધીમે ધીમે ઓગળવા લાગ્યો. આશરે એક કલાકમાં બુઠ્ઠો ગેબ થઇ ગયો અને તેના હાથમાંનું પુસ્તક નીચે પડયું. કુમારે તે લેઇ લીધું. પુસ્તક સુશોભિત બાંધણીથી રેશમી દોરેથી બાંધેલું મનહર હતું. પુંઠું લાલ મખમલના કપડાનું હતું. પુંઠા ઉપર મ્હોટા અક્ષરે "અજાયબ ગ્રંથ" એમ સુવર્ણ અક્ષરો લખેલા હતા. પાનાં ભોજપત્રનાં હતાં. તેમાં લખાણ નાગરી ભાષામાં હતું. અજાયબ ગ્રંથે પોતાના નામ પ્રમાણે ચારેના મનમાં ઘણીજ અજાયબી ઉત્પન્ન કરી. પુસ્તકમાં શું લખાણ છે તે જાણવા સર્વે જણનાં મન અધીરાં બની ગયાં. કુમારે પુસ્તકનું પહેલું પાનું ઉઘાડયું અને તેણે નીચે પ્રમાણે વાંચવા માંડયું:—

અજાયબ ગ્રંથ.

પ્રાથમિક સૂચના.

આ સ્હામેના બાજઠ ઉપરનાં પુષ્પો લેઇ લ્યો. તમારા ચિત્રરંગીને તે કામ આવશે. તેમાં અનેક ગુણ છે. તેનું વર્ણન ગ્રંથમાં કર્યું છે. આ ગ્રંથને હાલ તુરત તો તંબુએ લેઇ જાઓ ત્યાં નિરાંતે વાંચજો. આજ કાંઇ વિશેષ કામ ન કરશો.

પુષ્પો ગણત્રીમાં છ હતાં. પ્રતાપસિંહે ઘણીજ ખુશીથી અને ચાલાકીથી તે ફુલ લેઇ લીધાં. આજે વિશેષ કામ કરશો નહીં એમ અજાયબ ગ્રંથમાં સ્પષ્ટ સૂચન થયેલું હોવાથી કુવામાંથી કોટડીમાં થઇ ધીમે ધીમે તેઓ ખંડેરની બહાર આવ્યા.

જ્યારે કુમાર વિગેરે તંબુએ પહોંચ્યા ત્યારે માત્ર થોડોજ દિવસ બાકી હતો. રાત્રે પુસ્તકને વાંચવું, એવો ઠરાવ થયો. પરંતુ પ્રતાપસિંહના મનમાં એમ થયું કે ક્યારે આ ગ્રંથ વંચાય કે ફુલોના ગુણ જણાય. આથી તેણે કુમારને વિનંતી કરી કે આ ફુલના ગુણ શા છે તે પ્રથમ વાંચો અને બાકીનું રાત્રે વાંચીશું. કુમારે હસતાં હસતાં કહ્યું:–"અજાયબગૃહ તુટશે દરમિયાન ફુલના ગુણ જાણવાનો ઘણો વખત છે." પ્રતાપસિંહે ફરીથી તે પ્રથમ વાંચવા વિનંતિ કરી. કુમારે લાચારીથી તે ગુણો તરત વાંચવા સ્વીકાર્યું.

ચાર શિવાય અન્ય કોઇ તંબુમાં નહોતું. પુસ્તકમાં પ્રાથમિક સૂચન પછીના બીજે પાને ફુલોના ગુણ નીચે પ્રમાણે લખેલા હતાઃ—

પુષ્પ પ્રશંસા.

૧ ગુલાબ—પાણીમાં ઘસી પીતાં સાત દિવસ સુધી કોઇપણ બેહોશી અસર ન કરે.

૨ મોતી—પાણીમાં જરાક ઘસી કોઇ કુવામાં નાંખતા તે કુવાનું પાણી બેહોશીની અસર કરે. કુવાનું પાણી પીતાં બેહોશ અડધા કલાકમાં થવાય.

બે ફુલનાં વર્ણન સાંભળતાંજ ત્રણે ચિત્રરંગીઓ ખુશી ખુશી થઇ ગયા. રાજકુમારે ગ્રંથ બંધ કર્યો અને કહ્યું:–"હવે બાકીનું પછી વાંચીશું."

પ્રતાપસિંહ અધીરો બની રહ્યો હતો. તેણે હાથ જોડી કુમા-

રને પગે પડી કહ્યું કે 'પરમેશ્વરને વાસ્તે આપ અમને અધીરા ન બનાવો. આ ગુણ જાણતાં તેનો સર્વ ઉપયોગ તમારાજ કામમાં આવશે માટે વાંચો.'

જરા આનાકાની કરી ફરી કુમારે વાંચવું શરૂ કર્યું.

૩ ચંપો—પાણીમાં ઘસી પીવાથી ચાર દિવસ સુધી ભુખ ન લાગે.

૪ ચંએલી—પાણીમાં ઘસી તે પાણીથી પગ ધોતાં લાગેલો થાક અને સુસ્તી જતાં રહે.

૫ દાઉદી—પાણીમાં ઘસી આંખોમાં અંજન કરતાં અંધારામાં પણ બરાબર દેખાય.

૬ કેતકી—તેલમાં ઘસી લગાવતાં શર્દી જાય. પાણીમાં ઘસી લગાવતાં ગરમી અને તાવની અસર જાય. કાથાના પાણીમાં ઘસી પીતાં સાત દીવસ સુધી કોઇ તરેહની કમતાકાત ન જણાય.

પ્રતાપસિંહે પુષ્પો તો પોતાની બહુરંગી ઝોળીમાંજ રાખ્યાં હતાં. નવલસિંહે અને જ્યોતિષીજીએ જોવા માગ્યાં પણ તે જોવા પણ તેમને ન આપ્યાં.

આ પુષ્પને પ્રાપ્ત કરવાથી જેટલો આનંદ પ્રતાપસિંહને આજે થયો હતો તેટલો પૂર્વે કોઇપણ દિવસ થયો નહોતો. પ્રથમથીજ તે બહુરંગી વિદ્યામાં એક્કો તો હતોજ; આજે આ પુષ્પોએ તેને અધિક ગુણ હોંશીઆર બનાવ્યો. હવે તેનો મુકાબલો કરનાર કોઈ ચિત્રરંગી ભાગ્યેજ રહ્યો. હા. માત્ર એકજ ચિજ હવે બાકી રહી. તે એકે કોઈ અજબ ગોળી કે અંજન ! જેના પ્રભાવે માણસની દૃષ્ટિથી અદૃશ્ય થઇ જવાય. જો ચમત્કારી ખંડેરમાંથી આટલું મળી જાય તો પછી આકાશ એ આંગળજ બાકી રહે. પણ

ઠીક થયું તે આ વસ્તુ ના મળી. કારણ જો અદૃશ્ય થવાની વિદ્યા જો તે શીખે તો પછી બહુરંગી વિદ્યા અજમાવવાનું જ શું કારણ. ધાર્યું કામ અદૃશ્ય રહીનેજ કરાય.

આખી રાત્રિ ચારે જણાની જાગતાં ગઇ. અજાયબ ગૃહની પ્રશંસા, પુષ્પ પ્રશંસા, અજાયબ ગ્રંથનું વાંચન અને સવારમાં અજાયબ ગૃહમાં જઇ શું શું કરવું તે સંબંધી વાતચીતમાંજ રાત વીતી ગઈ.

પ્રકરણ ૩ જું.

રંગમાં ભંગ.

માનવ યત્નો આદરે, હુન્નર સાથ હજાર;
હરહાથે પરિણામ છે, લખ્યું લલાટ થનાર.

ચમત્કાર પૂર્ણ ખંડેર—અજાયબ ગૃહ શું છે? તે જાણવાની સ્વાભાવિક ઇચ્છા ચારેમેર જીજ્ઞાસુઓને પ્રગટી હતી. સર્વ દીશાઓમાંથી જનમંડળમાંથી ટોળેટોળાં વિજયકુમારની છાવણી પડેલી હતી તે સ્થાનની આસપાસ આવેલાં આ-મતેમ હરતાં ફરતાં જણાતાં.

છાવણીવાળું જંગલ જે થોડા દિન પૂર્વે બીલકુલ વસ્તી વગરનું હતું તે હાલમાં જાણે એક ત્યાં નાનું નવું રળીઆમણું નગર ન વસ્યું હોય એમ શોભવા લાગ્યું હતું.

જો કે અજાયબ ગૃહમાં તો આવેલા જીજ્ઞાસુઓ ભયથી પ્રવેશ કરવાનું સાહસ ન કરતા તોપણ છાવણીની આસપાસ તો મનુષ્યોનો

જમાવ, જુનાં જતાં તો નવાં આવતાં, એમ મેળારૂપે ચાલુજ રહેતું. અમલગઢના મહારાજા વ્હેમસિંહ કેદમાં સપડાયા હતા. સ્હામે થઈ લડવાની મંત્રિ કે અન્યમાં હવે શક્તિ રહી નહોતી. આથી બહારથી જો કે નજરાણું ધરી અમલગઢ પ્રજાએ કુમારનું સ્વામિત્વ સ્વીકાર્યાનો દેખાવ બતાવવામાં આવ્યો હતો તો પણ અંદરખાનેથી હકીકત જુદીજ હતી. સ્વામી ભક્ત અને એક નિષ્ઠાથી કામ કરનાર અમલગઢના ચિત્રરંગીઓએ મહારાજા વ્હેમસિંહને કેદ મુક્ત કરવા અનેક યત્નો કર્યા પણ તેમનું કંઇ ન વળ્યું.

તોપણ ચિત્રરંગીઓ નિરાંત વાળી બેઠા નહોતા. કુમાર ખંડેર તોડવા યત્ન કરતા હતા. તેમાં અનેક વિઘ્નો નાંખી તેમને હેરાન કરવાનો નિશ્ચય કર્યો હતો. આ હેતુ પૂર્ણ કરવા અવનવીન ગુપ્ત વેશમાં તેઓ આ જંગલમાં આવી ગયા હતા. વળી મુખવટો ધારણ કરેલી પણ કેટલીક અપરિચિત આકૃતિઓ વારંવાર આસપાસ હરતી ફરતી જણાતી.

પ્રતાપ અને નવલસિંહ પણ સાવધપણે પોતાના કાર્યમાં નિમગ્ન રહેવા સાથે દશે દિશામાં ધ્યાન રાખી પુરતી બાતમી મેળવવા યત્ન સેવતા હતા.

પ્રાતઃકાળ થયો. જલદી સ્નાન પુજાથી પરવારી, સ્હેજ સ્હાજ નાસ્તો કરી કુમાર અને પ્રતાપ વગેરે પાછા અજાયબ ગૃહમાં જવા તૈયાર થયા.

અજાયબ ગ્રંથમાં લખ્યા પ્રમાણે હવે આગળ પગલું ભરવાનું તેથી તે ગ્રંથને સાથે લેઇજ જવાની જરૂર હોવાથી કુમારે પ્રતાપસિંહને જતાં જતાં કહ્યું:–" મારા પલંગના ઓશિકેથી ગ્રંથ લેતા આવો. "

પ્રતાપે પલંગ આગળ જઈ ઓશીકુ ઉંચું કરી જોયું પણ ગ્રંથ ન જણાયો. ચારેબાજુ જોતાં પણ ગ્રંથ નહોતો. તળાઇં, ઓશીકું ઉચકતાં પણ પત્તો ન મળ્યો. આથી પ્રતાપે કુમારને પૂછ્યું:–" કયાં છે ગ્રંથ ?! પલંગ પર તો નથી."

"નથી" શબ્દ સાંભળતાંજ કુમારના હોસ કોસ ઉડયા. દોડતા આવી પલંગને ખુબ તપાસ્યો પણ પુસ્તક હોય તો મળેને ?!

" હાય " કરી કુમાર એકદમ જમીન પર ઢળી પડયા. કુમારની સર્વ આશા એકદમ નાશ પામી. કુમારી મેળવવાની સર્વ ધારણા ધુળ મળી ગઇ. જે ગ્રંથમાં તેને પ્રાપ્ત કરવાની યુક્તિ લખી હતી, તે ગ્રંથ મળેલો એકાએક ગેબ થયો. હવે શું થાય ?! પ્રતાપસિંહ, નવલસિંહ અને જોષીજી પણ ગભરાઈ ગયા. થોડી વાર સુધી તો સર્વ મૌનજ રહ્યા. શું કરવું તે પણ કોઇને ના સૂઝયું.

હવે ગ્રંથની તપાસ શરૂ થઇ. પહેરાવાળા પર સખ્તી થવા લાગી. લશ્કરમાં જાણ થઈ ગઇ કે કુમારના તંબુમાંથી પુસ્તક ચોરાયું. ચારે તરફ ગ્રંથની શોધ થવા લાગી.

આ પ્રમાણે ધમાલ ચાલતી હતી એવામાં એક પહેરદારે આવી અરજ ગુજારી કે, ચમત્કાર ગૃહના દરવાજે જે પહેરો ઉભો કરવામાં આવ્યો છે તે પૈકી એક પહેરદાર આવી જાહેર કરે છે કે અજાયબ ગૃહમાં જાણે કોઇ માણસોના સોહાટ જેવું લાગે છે. અંદર કોઇને પણ જવા આજ્ઞા નથી તેથી બહારથી જેવી હકીકત જણાઇ તેવી જાહેર કરી મરજી રૂપ ફરમાનની તે રાહ જુએ છે.

આ સાંભળતાંજ પ્રતાપસિંહ પત્તો લગાડવા અજાયબ ગૃહમાં જવા તૈયાર થયો. શું હકીકત છે તે જોવા નવલસિંહ પણ સાથે જવા ઉભો થયો. જોષીજી પણ ચાલો હું આવું છું કહી સાથે થયા.

કુમાર પણ ઉઠી ઉભા થયા. આથી ચારે જણા અજાયબ ગૃહમાં જવા નીકળ્યા. રસ્તામાં સેનાપતી સુજનસિંહ મળ્યા તેમને પણ સાથે લીધા અને સર્વ ચમત્કારી ખંડેરમાં પેઠા. અંદર પેસતાંજ કોઇના રડવા કકળવાનો અવાજ કાને પડયો. આગળ વધતાં કોઇ માણસો છે એમ લાગ્યું. અવાજના અણુસારે ચારે આગળ વધી જે ચોતરા ઉપર પેલો પત્થરનો મનુષ્ય સૂતો હતો તે ઓરડામાં આવી પહોંચ્યા.

અહીં શું જણાયું ? ! પત્થરનો આદમી સૂતેલો નથી પણ બેઠેલો છે. બહુરંગી મોતીલાલ બંકાને તે પત્થરના માણસે બન્ને હાથે ખૂબ દબાવ્યો છે અને તેથી તે બૂમેબૂમ પાડી રહ્યો છે. તેને છોડાવાને નાગેશ્વર પુરાણી, બદ્રીનાથ શાસ્ત્રી, અને મગનલાલ મહેતા અનેક ઉપાયો કરી રહ્યા છે પણ તેમનું કાંઇ વળતું નથી.

અજાયબ ગ્રંથ ગુમ થવાથી રાજકુમારના મુખ ઉપર ઉદાસી છવાયલી હતી, બીજા પણ ઘણાજ દિલગીર હતા; તોપણ અત્યારે મોતીલાલબંકાને આવી રીતે આ દશામાં જોઇ સર્વને હસવું આવ્યા વગર ન રહ્યું. ચારે જણા હસી પડયા.

ચિત્રરંગીઓએ પાછું ફેરવી જોયું તો કુમાર વિજયસિંહને ત્રણ ચિત્રરંગી અને સેનાપતી સુજનસિંહ સાથે જોયા.

"ચાખો ચાખો ફળ, જેવી કરણી તેવીજ પાર ઉતરણી." પ્રતાપસિંહે એક લલકારો કરી જણાવ્યું. "જુઓ કુમારવિજય-સિંહને તમે નાહક સતાવ્યા તો અહીં ઉલટા તમેજ ફસાયા. પરમે-શ્વરને ત્યાં ન્યાયજ છે. જુઓ તમને અહીંજ સજા મળી ગઇ. કેમ પુરાણી!" નાગેશ્વર તરફ જોઇ પ્રતાપે વધાર્યું:—"તમે બોકો જાણી બુઢ્ઢાને શું કામ નાહક ફસાઓ છો? તમને તો કોઇએ નથી પકડયા

ને? તો પછી મોતીલાલનો પીછો કેમ છોડતા નથી? તેને એકલાનેજ પડતો રહેવાદો ને તમે ચાલ્યા જાઓ. જાઓ બહાર જઈ સહેલ કરો."

"અરે આમને આવી હાલતમાં છોડીને અમારાથી જવાય કે?! હવે તમારી મરજી પડે તેમ કરવા તમે સ્વતંત્ર છો અમે હાજર છીએ." પુરાણીએ ઉત્તર આપ્યો.

"બંકાજી! પ્રણામ, કેમ ખુશીમાં છો ને!! શી ખબર છે? શું અજાયબ ગૃહ તોડવા પધાર્યા હતા કે?! અરે ભાઇ! એકવાર તમારા રાજાને તો છોડાવો! ના, ના. વખતે એમ ધાર્યું હશે કે ચમત્કારી ખડેર તોડી આપણેજ તમામ ખજાનો લેઇએ અને અમલગઢના રાજા બનીએ કેમ?!" પ્રતાપસિંહે બંકા તરફ વળીને કહ્યું.

"બંકાજી!" નવલસિંહે પણ આગળ આવી કહેવા માંડયું. "આ અજબ ગૃહ તોડો તો જે કાંઇ મળે તેમાંથી અમને પણ થોડું થોડું આપજો. એકલા ના લઇ જતા."

"મોતીલાલજી! હવે તમારા ગૃહ કઠણ આવે છે." જ્યોતિષીએ જણાવ્યું અને વધાર્યું કે—"અને તે ગૃહ ત્યારેજ સારા થશે કે જ્યારે અજાયબ ગ્રંથ જે ગઈ રાતે તમે ચોર્યો છે તે અમને પાછો સોંપશો ત્યારે."

મોતીલાલબંકાએ સર્વનું સાંભળ્યું પણ દુઃખને માર્યે જમીન સામું જોયા કર્યું; એકને પણ ઉત્તર ના આપ્યો.

પુરાણી, શાસ્ત્રી અને મહેતા બંકા પાસેથી જરા આગળ આવી કુમાર તરફ વળી નમ્રતાથી કહેવા લાગ્યાઃ-"કૃપા કરી હવે પરમેશ્વરને ખાતર આ બંકાનો પ્રાણ બચાવો."

"હવે હું શું કરી શકું? આ ચમત્કારપૂર્ણ ખડેરની હકીકતથી હું જાણીતો નથી. જે ગ્રંથ મને મળ્યો હતો તે વાંચી હું ચમત્કારી

ખંડેર તોડત. તે ગ્રંથ તમે લોકોએ ચોરી લીધો. જો તે મારી પાસે હોત તો તે વાંચી તેમાંથી બંકાને છોડવાની રીત શોધી કાઢત. હા હવે જો તે પુસ્તક તમે મને પાછું આપો તો મોતીલાલ બંકાનો છુટ-કારો થઇ શકે! ?" કુમારે જણાવ્યું.

શું કરવું તેના ખુલાસા સારૂં આડકતરી નજરથી પુરાણીએ બંકા તરફ જોયું. બંકાએ પણ કાંઇ ઇસારો કર્યો. પરિણામે પુરાણીએ કુમારને જણાયું:–" અમે તે ગ્રંથ ચોર્યો નથી. નહીં તો આવી કંઢગી સ્થિતિમાં જરૂર આપને તે પાછો આપી બંકાનો છુટકારો મેળવત. હવે વિનંતી એટલીજ છે કે કાંતો આ અમારા બંકાને છુટા કરો અથવા અમને એટલી રજા આપો કે અમે બહાર જઇએ અને કાંઇ ખાવાનું લાવી બંકાને ખવરાવીએ. જ્યાં સુધી આપને ગ્રંથ ન મળે, જ્યાં સુધી આપ અજાયબ ગૃહ તોડી રહો અને જ્યાં સુધી બંકાને આમ ફસાઇ રહેવું પડે ત્યાં સુધી અમે આવીએ જઇએ તેમાં હરકત ન થાય તેમ ફરમાન કરો, એટ-લીજ અમારી પ્રાર્થના છે."

"હા, હા, એ તો જાણે ઠીક છે." નવલસિંહે આગળ વધી હસતાં હસતાં ચલાવ્યું:—તમે આવશો અને જશો અને બંકા આમ પડયા પાથર્યા રહેશે એટલે ખાવાનું પીવાનું તો લાવશો અને ખવરાવશો પાશો; પણ બંકાને ઝાડાની કે પીશાબની શંકા થશે તેનું કેમ કરશો ?! શું તેનો ઝાડો પીશાબ તમે લેઇ જશો કે તેનો નીચેજ ઢગલો થવા દેશો.

આનો ઉત્તર પુરાણીએ ના આપ્યો ?!

" જુઓ ભાઇ ! ચિત્રરંગીની કળા ચિત્રરંગી જ પારખી શકે છે." પ્રતાપસિંહે બોલવું શરૂ કર્યું:–" કુમારશ્રી કાંઇ હુકમ ફરમાવે

તે પહેલાં હુંજ જણાવું છું કે, તમને આવવા જવાની અને જેટલી અને તેટલી બંકાની ચાકરી કરવાની પરવાનગી છે. તમે લોકોએ અમને દુઃખ દેવામાં બાકી રાખી નથી. અમારૂં અજાયબ પુસ્તક ચોર્યું છે છતાં વાત ઇનકાર કરો છો. આ વખતે તમો સર્વ અમારા તાબામાં છો. જેને જેમ ઘટે તેમ અત્યારે કરી શકાય તેમ છે. જો તમે સીધી રીતે ગ્રંથ ના આપો તો દંડા મારીને પણ અત્યારે લેવાય તેમ છે, પણ જાઓ તમને છોડી દેવામાં આવે છે. સાથે તાકીદ આપું છું કે સાવધ રહેજો. ગ્રંથ સંભાળીને રાખજો. હું તે લીધા વીના નહીં રહું અને વળી તમને કેદ પકડયા કે સતાવ્યા વિના જ લેઇશ."

પ્રતાપસિંહની વાત સાંભળી બંકાની આંખ્યો લાલચોળ થઇ ગઇ. તે બોલી ઉઠયોઃ-"અત્યારે અમને ફસેલા જોઇને અમારી હાંસી કરો છો અને આપશેખી બતાવો છો, પણ મારા છુટયા બાદ કાંઇ બહાદુરી બતાવીને અમને જીતો ત્યારે ખરી વાત, શું તમેજ એક દુનિયામાં છો કે ? ! જાઓ હું પણ ભાર મૂકીને કહું છું કે, તમારૂં અજાયબ પુસ્તક અમે ચોર્યું છે, પણ અમને કેદ કર્યા વિના કે અમને સતાવ્યા વિના તે તમને નહીં મળે. અમને કેદ ન કરો ને મારા સાથીઓને અહીં આવવા જવા દો છતાં પુસ્તક પ્રાપ્ત કરો, એ વાત નહીં બને. જો એવું બને તો જે વખતે બને તેજ સમયથી અમે તમારા ગુલામ બનીશું અને મહારાજા વ્હેમસિંહની નોકરી છોડી કુમારનું શરણ ગ્રહીશું. હું સ્હામે કહું છું કે તમને પુસ્તક નહીં મળે અને હું મારો છુટકારો અહીંથી મેળવીશ."

"ત્યારે હું પણ પ્રતિજ્ઞા લઉછું કે, તમને કોઇને સતાવીશ નહીં, કે કેદ નહીં પકડું, છતાં ગ્રંથ મેળવીશ. જો ના મેળવી શકું

તો ફરી આ બહુરંગી વિદ્યાનું નામ નહીં લઉં. માથું અને મ્હોં મુંડાવી બીજે દેશ ચાલ્યો જઇશ. આજે ખરો ભેટાભેટીનો પ્રસંગ આવ્યો છે. આ પાર કે પેલે પાર." પ્રતાપસિંહે પ્રતિજ્ઞા લીધી.

બંકા અને પ્રતાપસિંહે સ્હામ સ્હામે પ્રતિજ્ઞા લીધી. કુમાર અને નવલસિંહ તથા જ્યોતિષી તેમજ અન્ય પ્રતિરંગીઓ તો મૌન્યજ ધારણ કરી રહ્યા હતા. પ્રતાપે તે વખતે નવલસિંહને તથા જ્યોતિષીજીને કાંઇક કાનમાં કહ્યું અને તે બન્ને અજાયબ ગૃહ મૂકીને ચાલ્યા ગયા. પ્રતાપે ફરી બંકાની પાસે જઇ જણાવ્યું:—
"હવે અમે જઇએ છીએ. પુરાણી, શાસ્ત્રી અને મહેતા છુટા છે. તેમને અહીં આવવા જવાની અને હરેક યુક્તિએ તમને છોડાવવાની સદર પરવાનગી છે."

પ્રતાપસિંહ, કુમાર તથા સેનાપતી અજાયબ ગૃહમાંથી નીકળી કુમારના તંબુમાં આવ્યા. ત્યાં જ્યોતિષીજી બેઠા હતા. પ્રતાપે પૂછ્યું:—
"કેમ નવલસિંહ ગયા ?!"

"હા, તે ગયા છે." જોષીએ ઉત્તર વાળ્યો.

"આપે કાંઇ જોયું કે નહીં ?!" પુનઃ પ્રતાપે જોષીને પ્રશ્ન કર્યો.

"હા; જોયું, પણ દુઃખના પહાડ ઉપર પહાડ ચ્હડતા જણાય છે." ઉત્તર મળ્યો.

"એટલે !?"

"રમલમાં જણાય છે કે પુસ્તક તે લોકો પાસેથી પણ ગયું છે. હજુ સુધી તે ક્યાંક એક ઠેકાણે મુકાયું નથી. હવે નવલસિંહ શું કરીને આવે છે તે જોઇએ. હું પણ ગયો હોત તો સારૂં." જોષીએ જણાવ્યું.

"તો જાઓ પધારો, શોધમાં મચો; હું પણ તેજ કામમાં અંડુ છું."

જોષીજી ગયા. તંબુમાં માત્ર કુમાર અને પ્રતાપસિંહ એકલાજ રહ્યા.

"ભાઇ પ્રતાપ! એ તો જણાવો કે તમે શું સમજીને આ પ્રતિજ્ઞા લીધી? શું વિચારીને તે લોકોને છોડી દીધા? આ શું કર્યું?! મને તો લાગે છે કે મગરૂરીમાં આવી જઈ તમે સઘળું વણસાડયું. નહીં તો સર્વ ફસાયા હતા." કુમારે પ્રતાપસિંહને ધીમેથી પણ મક્કમ અવાજે કહ્યું.

"મારો ઉદ્દેશ આપ સમજ્યા નહીં." પ્રતાપે ઉત્તરમાં શાંતિથી જણાવ્યું:—"પુસ્તક તો તે લોકો પાસેથી હું પડાવીશજ. પણ મારો વિચાર જેમ બને તેમ કરી તે સર્વને આપણા બનાવવાનો છે. કારણ કે આમ હમેશ તે લોકોની સાથે અફળાઅફળીમાં વખતે કોઇવાર ગોદા ખાવા પડે. આજે જે ચાલાકી અને હોંશીઆરી બતાવી તે બતાવ્યા શિવાય તે લોકો તાબેદારી ન સ્વીકારે. તેમનો પ્રાણ જાય તોપણ તે રાજાનો સંગ ન છોડે અને આપણા ના થાય." પ્રતાપસિંહે કુમારને નિખાલસપણે હકીકત જણાવી.

"પણ ધારો કે ઇશ્વરઇચ્છાએ એમજ બન્યું કે પુસ્તક તમને ના મળે અને બંકા છુટી જાય તો!?" કુમારે શંકાશિલ સ્વરે પૂછ્યું.

"તો પછી હું મારૂં કાળુ મ્હોં આપને ન બતાવું અને ક્યાંક ચાલ્યો જાઉં."

"જુઓ, ન કરે નારાયણ ને તેમ થાય તો તમે સુઆ અને મને પણ માર્યો એમજ થાયને?! હશે ખેર. હવે તે વિચાર જવાદો. વારૂ એતો કહો કે નવલસિંહ અને જ્યોતિષી ક્યાં ગયા છે?!"

" હાલ તે ક્યાં ગયા છે તે કહેવા યોગ્ય નથી. આપ હિમ્મત રાખો. સહુ સારાં વાનાં થશે. આપનો અને મારો સંગ નહીં છુટે. આપ કૃપા કરી અહીંજ રહી મને એ કલાકની રજા આપો. "

પ્રતાપસિંહ, નવલસિંહ અને જ્યોતિષી ત્રણે રંગીઓ પોત પોતાના કાર્યમાં ઉત્સાહભેર ઉલટયા. હવે શું થાય છે અને ઉંટડો કેમ બેસે છે તે જોવાનું રહ્યું.

પ્રકરણ ૪ થું.

વનદેવી.

ભેદ અટપટો ભાગ્યનો, સહજ નહીં સમજાય;
પથ્થર પાણી પર તરે, થવા કાળ તે થાય.

શ્રી સવિતાનારાયણ પશ્ચિમાદ્રિ તરફ પોતાનો પ્રયાણવેગ વધારી રહ્યા હતા. માત્ર એક પ્રહરનીજ મુસાફરી બાકી હતી. આ વખતે એ ધીર વીરભદ્રો વાતો કરતા કરતા રમ્ય ઉપવનમાં ધીમે ધીમે નિસ્પૃહ ડગલાં ભરતા નિર્ભયતાથી ચાલ્યા જતા હતા. ઉભય યુવકોના મુખ ઉપર ઉદાસીની છાયા છવાઇ રહી હતી. એક જે વિશેષ શોકગ્રસ્ત હતા તે નિશ્વાસના ઉદ્ગાર કાઢતા હતા, તો અન્ય તેમના અનુસંગી પોતે પણ ગમગીન હોવા છતાં સાવધ રહી સવિનય શાંતિ વચનોથી આશ્વાસન આપવા યત્ન કરતા હોય એમ જણાતા હતા.

એકાએક આ બન્નેનું ધ્યાન બીજી બાજુ તરફ દોરાયું. વાત વાતને ઠેકાણે રહી અને જીજ્ઞાસાએ છવાયલા શોકને ક્ષણ ભર દબા-

ા. એક વિશાળ ઘટા વાળા વટવૃક્ષ નીચે એક અશ્વ ધારી સ્ત્રી
દ એકઠું થયેલું જણાયું. તે કોણ હશે અને શા હેતુથી અત્રે તેનું
ાગમન થયું હશે તે જાણવાની સ્વાભાવિક ઇચ્છા સ્ફૂરી. અપરિ-
ત સ્ત્રી વૃન્દ તરફ એકાએક પુરૂષો પ્રયાણ વેગ વધારે તો વખતે
રેણામ રૂચતું ન આવે એમ ધારી તેઓ સન્મુખ દીશા તરફ
શેષ આગળ તો ન વધ્યા તો પણ પોતાની ચાલતી વાત બંધ
ી આ બન્ને જીજ્ઞાસુઓ એક બીજા વૃક્ષની ઓથે ગુપ્તપણે પોતાની
જ્ઞાસા તૃપ્ત કરવા ભરાયા.

એક એકથી ચડીઆતી, સર્વાંગે સંપૂર્ણ, રમ્ય, ચારૂનેત્રા,
ર્ગમાંથી જાણે હમણાં ઉતરી આવી હોય કે ઉપવનની બહારની
ર લેવા વનદેવીઓ જાણે મળી હોય તેવું વીસ મૂર્તિનું દીવ્ય અને
ણીવૃન્દ હતું. સર્વ સ્વર્ગ સુંદરીઓમાં એક સર્વથી અનેક ગુણ
જુક, મોહક અને નેત્રશોભક, કન્યા કાળનું જાણે અતીક્રમણ
તી જતી દીવ્યાંગના હતી. તેણે પરિધાન કરેલાં અમૂલ્ય સુવર્ણા-
ઃ અલંકારો, જવાહીરો અને વસ્ત્રો એમ સ્પષ્ટ દર્શાવતાં હતાં કે
દેવાંગના કોઇ સામાન્ય સુંદરી નહોતી પણ કોઈ રાજકન્યા કે દેવ-
ા હતી, અને અન્ય રમણીઓ તેની સહચરીઓ હતી. પ્રત્યેક
ણીએ પોતાના અશ્વની લગામ પોતાના હાથમાં રાખી હતી. માત્ર
કના હાથમાં બે અશ્વની લગામ હતી, કારણ સર્વની અધિષ્ઠાતા
ીના અશ્વની લગામ પણ તેનીજ પાસે હતી.

વૃક્ષની ઓથે ભરાઇ જીજ્ઞાસા તૃપ્ત કરવાની થયેલી પેલા વીર-
ની ધારણા ફળીભૂત થાય એમ પ્રથમ તો ન લાગ્યું. બે
ઃ પુરૂષો પ્રવેશ્યા છે એ વાર્તા તે સ્ત્રી વૃન્દના જાણવામાં આવી
ા કે અન્ય કોઇ કારણસર, પણ સદ્ય જ આ સર્વ સુંદરીઓ પોત

પોતાના અશ્વ ઉપર સવાર થઇ ગઇ અને તેમણે એક દિશામાં પ્રયાણ આરંભ્યું.

સદ્‌ભાગ્યે જે વૃક્ષ ઓથે સંતાયા હતા તેની છેક સમિપ થઇને આ રમણીવૃન્દને જવાનો રસ્તો હતો. આથી જતા વૃન્દને ધ્યાન પૂર્વક નિહાળવાનો સુયોગ તો અનાયાસેજ પ્રાપ્ત થયો.

અશ્વોની ગતિનો વેગ ઘણોજ મંદ હતો. જતાં જતાં પેલી સર્વની અધિષ્ઠાતા દેવીએ પોતાનું સામ્રાજ્ય આ સંતાયલા યુવકો પૈકી પેલા વિશેષ ઉદાસી ઉપર સ્થાપ્યું. થોડા કાળ પૂર્વે તે કેવલ શોક મહોદધિમાં ડૂબ્યા હતા તો પણ 'વાહ શું સુંદર સ્વરૂપ છે!' એમ ઉદ્દગાર કાઢયા શિવાય ન રહ્યા.

આ બે યુવકો કોણ હતા તે તો વાચકોના જાણવામાં ક્યારનુંએ આવ્યું હશે; તો પણ વિશેષ સ્પષ્ટીકરણ અર્થે જણાવવું યોગ્ય ગણ્યું છે, કે તે વીર પુરૂષો અન્ય 'કોઇ નહીં' પણ આ નવલના નાયક કુમાર શ્રીવિજયસિંહ પોતેજ હતા. અને સાથે સેનાપતિ સુજનસિંહ હતા.

પ્રતાપસિંહ, નવલસિંહ અને જ્યોતિષીજી જ્યારે પોતપોતાના કાર્યમાં યોજાઇ ચાલ્યા ગયા હતા, ત્યારે કુમારશ્રી એકલા પડેલા, અજાયબ ગ્રંથના ખોવાવાને લીધે અને પ્રતાપસિંહે કરેલી જીદના પરિણામે ઘણાજ બેચેન બન્યા હતા. ગમગીન સ્થિતિમાં વિશેષ રહેવાથી વખતે પ્રકૃતિમાં બગાડો થશે એમ સુજનસિંહને લાગવાથી મહા પરિશ્રમે સમજાવી રાજકુમારને બહાર ફરવા લઇ જવામાં તે ફાવ્યા હતા. આથી તે બે ઉપવનમાં ઉપર વર્ણવ્યા પ્રમાણે આવેલા હતા. પણ આ સ્ત્રીવૃન્દ કોણ? પેલી દેવકન્યા ક્યાંની રહીશ? અને શા હેતુથી આ ઉપવનને પાવન કરવા તે અત્રે પધારેલી? તે હકીકત સ્પષ્ટ ન

જણાય ત્યાં સુધી આપણે તો તેને વનદેવી સંજ્ઞાથીજ ઓળખીશું. હાલમાં તો આપણે તેને સ્વર્ગ સુંદરીજ ગણીશું.

ધીમે ધીમે એક પાછળ એક ચાલતી સર્વ અશ્વારોહી સુંદરીઓ છેક સમિપ આવી ગઇ. આગળ ચાલનાર વનદેવી પોતેજ હતાં. ચાલતાં ચાલતાં એકદમ તેમણે પોતાનો અશ્વ ઉભો રાખ્યો. વનદેવી અટકતાં સર્વ સહચરી-સુંદરીઓએ પણ પોતપોતાના અશ્વોની લગામ ખેંચી. સર્વ અટક્યાં.

જે સ્થાને વનદેવીએ પોતાનો અશ્વ ઉભો રાખ્યો તે જગા ઘણીજ નજીક હોવાથી રાજકુમાર વનદેવીને ધ્યાનપૂર્વક અવલોકવા ભાગ્યશાળી નીકળ્યા.

વનદેવીએ પોતાની પાછળ એક સહચરી તરફ નજર કરી. એક ક્ષણમાંજ તેણે પોતાનો અશ્વ આગળ આણી મૂકયો અને પોતાના હાથમાં જે પુસ્તક અને પ્રતિમા તેણે રાખ્યાં હતાં તે વનદેવી તરફ માનપૂર્વક ધર્યાં.

પુસ્તક અને પ્રતિમા પેખતાંજ વનદેવીનાં હસતાં વિલોલ નેત્રોમાં જાણે ઝળઝળિયાં આવી ગયાં. પોતાનો નાજુક હાથ લાંબો કરી પુસ્તક કે પ્રતિમા તે લે તે પૂર્વેજ મુખ ઉપર શોક વાદળી છવાઇ રહી. એક દીર્ઘ નિશ્વાસ નીકળી પડયો. સાથેજ ચક્ષુમાંથી અશ્રુબિંદુ ગર્યાં.

વનદેવી કોમળ કરને લંબાવી ન શક્યાં. પુસ્તક અને પ્રતિમા જેવીને તેવીજ સ્થિતિમાં રહેવા દેઇ વનદેવીએ પોતાના અશ્વની લગામ ખેંચી આગળ ચાલવા માંડયું. એકપણ શબ્દોચ્ચાર કર્યા વિના સહચરીઓ પાછળ પાછળ ચાલવા લાગી. જોત જોતામાં સર્વ દૃષ્ટિમર્યાદાની બહાર થઇ ગઇ.

વનદેવી, પુસ્તક અને પ્રતિમાએ રાજકુમારના હૃદય ઉપર ખરેખર જાદુઇ અસર કરી. તે પુનઃ એક પણ શબ્દ સેનાપતી સાથે બોલ્યા તે પૂર્વે તો ઘણું કરી વનદેવી અને સહચરીઓ ઘણે દૂર નીકળી ગયાં હતાં.

"આ કોણ ? તે તમે જાણો છો?!" આખરે રાજકુમારે સેનાપતીને પ્રશ્ન કર્યો.

"ના જી. હું નથી જાણતો. પણ કોઇ રાજકન્યા જણાય છે."

"અરે, પણ પેલું પુસ્તક અને પ્રતિમા તેની પાસે ક્યાંથી?!" પુનઃ પ્રશ્ન થયો.

પ્રશ્ન સમજી ન શકવાથી સેનાપતિ ઉત્તર આપી ન શક્યા.

"સુજનસિંહ ! તે પુસ્તક તમે જોયું? પ્રતિમાને ઓળખી ?!" સેનાપતિને રાજકુમારે શાંત દેખી પુનઃ પ્રશ્ન કર્યો.

"જી. હા, મેં પુસ્તક અને પ્રતિમા જોયાં તો ખરાં, પણ પુસ્તક કયું છે અને પ્રતિમા કોની છે તે તો મારાથી ન સમજાયું."

"ત્યારે તમે કશુંજ ન જોયું એમ કહોને. અરે એ તો એ જ એ જ ગ્રંથ-એ જ મારો "અજાયબ ગ્રંથ" છે. અજાયબ ગૃહમાંથી પ્રાપ્ત થયેલો-ચોરાયલો ગ્રંથ એ જ. જેની શોધમાં પ્રતાપ, નવલ અને જોપીજી ગયા છે તે ગ્રંથ એજ અને જેના માટે પ્રતાપ અને મોતીલાલ બંને વચ્ચે ઝપાઝપી થઇ છે તે ગ્રંથ તે પણ એજ."

"પણ ત્યારે તે ગ્રંથ આ રમણીના હાથે ક્યાંથી ચઢયો ?" રાજકુમાર આગળ બોલતા હતા તેમને વચ્ચે સેનાપતિએ પ્રશ્ન કર્યો.

"એ જ એ જ ગ્રંથ ! પણ આ દેવીના હાથે તે ક્યાંથી ચઢયો ! એ જ આશ્ચર્ય ! એ જ નવાઈ ! એ જ અજબ વાત !

વળી વિશેષ ચમત્કારની વાત એ છે કે, પેલી પ્રતિમા મારી-મારી પોતાનીજ પ્રતિમા તેની પાસે હતી. " કુમારે આગળ વધાર્યું.

" શું આપની પ્રતિમા ? !" આશ્ચર્યથી ચકિત બની સેનાપતિ બોલી ઉઠયા.

" હા. હા. મારી પોતાનીજ. મેં પુસ્તક, પ્રતિમા અને તે પ્રેમમૂર્તિ, સર્વને બરોબર જોયાં છે. પુસ્તકના ઉપર "અજાયબ ગ્રંથ" એવા સોનેરી લખેલા અક્ષરો મેં કાળજીપૂર્વક વાંચ્યા છે. પ્રતિમા મારીજ છે તે પણ મેં ચોક્કસપણે જોઇ ખાત્રી કરી છે. માત્ર આ દેવી કોણ ? તે અહીં ક્યાંથી ? તેના પાસે આ ગ્રંથ શી રીતે આવ્યો ? મારી પ્રતિમા તે કેમ અને ક્યાંથી લાવી છે ? તે કાંઇ નથી સમજાતું. ખરેખર સાક્ષાત્ સ્વર્ગની અપ્સરાજ કોઇ મહાન્ કાર્ય સિદ્ધ કરવા કે આ વનની વનદેવી મારા ઉપર અનુગ્રહ કે ઉપકાર કરવા જાણે વિશ્વમોહિનીના જેટલાજ વયની અને તેના જેવાજ કદની છે ! પણ તેના કરતાં ઘણીજ વધારે સુંદર અને ચઢિઆતી છે. પણ તે તો ગઇ. પુસ્તક અને પ્રતિમા પણ સાથેજ લેતી ગઇ. અરે ! ક્યાં જનાર છે. એક ક્ષણમાં હું પકડી પાડીશ અને સર્વ ખુલાસો મેળવીશ....... " ઉદ્‌ગારો કાઢતાં રાજકુમારે જે દીશા તરફ વનદેવી સહચરી સાથે વળી હતી તે દીશા તરફ પ્રયાણ કરવા માંડયું.

આ વખત કુમારને શાંત કરવાનો કે સમજાવવાનો નથી એમ વિચારી સેનાપતીએ પણ તેમનો પીછો લીધો.

વનદેવી એમ સહજમાં મળે તેમ નહોતું, કુમાર પૂર વેગમાં ધસમસ્યા ચાલ્યા જતા હતા; એવામાં "કુમાર, કુમાર, કુમાર !" એવા શબ્દો કુમાર અને સેનાપતીના કાને પડયા.

પાછુ વાળી જોતાં પ્રતાપસિંહને આવતો કુમારે જોયો. આગળ

વધવાનો વેગ બંધ પડયો. કુમાર તથા સેનાપતિ ત્યાંજ ઉભા રહ્યા.

પ્રતાપસિંહ આવી પહોંચ્યા. આમ કુમારના મુખચંદ્રનું શોક રાહુએ ગ્રહણ કર્યું હતું, તો પ્રતાપની સ્થિતિ પણ તેવીજ બની હતી. અજાયબગ્રંથની શોધમાં તે હિમ્મતભેર ગયેલો અને પોતાના પ્રયાસમાં નિષ્ફળ નીવડવાથી ગભરાયલા જેવો જણાતો હતો.

" કેમ આમ કેમ ?" સુજનસિંહે ધીમેથી પ્રતાપસિંહને પૂછ્યું.

" બસ એ જ. હવે આપણો સંબંધ અહીંજ પૂર્ણ થાય છે. વે જીંદગી પર્યન્તની જુદાઇ આજરોજ થાય છે. " પ્રતાપસિંહ વિશેષ બોલી ન શકયા. તેની આંખ્યોમાંથી અશ્રુપ્રવાહ ચાલવા લાગ્યો.

કુમાર અને પ્રતાપસિંહ બન્ને સ્હામ સ્હામી જોઇ રહ્યા. સુજનસિંહ સેનાપતીથી આ દેખ્યું ન ગયું. રાજકુમાર અને પ્રતાપસિંહ બન્નેનાં આંસુ તેણે પોતાના રૂમાલથી લૂછ્યાં અને શાંતિવચનો કહેવા માંડયાં.

" અરે આપ બે વીર ધીર હોવા છતાં અધીરા અને ના હિમ્મત શું બનોછો ? આમ છેક કાયર બનવાનું શું કારણ છે ? " પ્રતાપસિંહ તરફ જોઇ તેમણે વિશેષ ચલાવ્યું:—" કાંઇ કારણ તો બતાવો કે શાથી આપણો સંબંધ અહીં પૂરો થાય છે અને જન્મભર જુદા થવાનો પ્રસંગ કેમ આવ્યો છે ? "

" અજાયબગ્રંથ હાથ ના લાગ્યો. હવે તે હાથ લાગવા સંભવ નથી. આથી લીધેલી પ્રતિજ્ઞા પ્રમાણે હવે મારે વર્ત્યા શિવાય છુટકો નથી. " પ્રતાપસિંહે જણાવ્યું.

સેનાપતિ અને કુમાર પ્રતાપના ઉદ્દગારનો ઉત્તર દેવા જતા હતા એટલામાં નવલસિંહ અને જ્યોતિષીજી ત્યાં આવી પહોંચ્યા.

" પ્રતાપસિંહ, ગભરાશો નહિં ! મેં પ્રથમ કહ્યું હતું તેમજ

થયું છે. પુસ્તક તમને નથી મળ્યું તો તેમના પાસે પણ નથી. કોઇ ત્રીજાનાજ હાથમાં પુસ્તક ગયું છે. ” જ્યોતિષીજીએ લલકારો કરી કહ્યું.

પ્રતાપનો જીવ આ સમાચાર સાંભળતાં કાંઇક ઠેકાણે આવ્યો. તે સાવધ બનવા લાગ્યા.

“ કેમ મફતના તમે રોયા અને મને રોવરાવ્યો કે ? જેના પાસે ગ્રંથ છે તે મેં જોયો છે. તેની હકીકત હું તમને કહું તે પૂર્વે તો તમે રોવા લાગ્યા–” આમ કહી કુમારે ફરી જે દિશામાં વનદેવી ગયાં હતાં તે દિશા તરફ જોવા માંડયું.

પ્રતાપસિંહને તો તે દિશા ખાલી જણાઇ, આથી કુમારને ગભરાઇ તેમણે પ્રશ્ન કર્યો:—“ કોની પાસે તમે ગ્રંથ જોયો ? તે ક્યાં છે ? ”

“મને શું ખબર કે કોની પાસે જોયો? ક્યાં છે તે હું શી રીતે કહું? ચાલો ઉઠો. આ બાજુ તરફ ચાલો. વખતે જણાશે. ” કુમારે ઉઠી પાછું પૂર્વવત્ ચાલવા માંડયું.

આગળ આગળ વિજયસિંહ અને પાછળ પાછળ પ્રતાપસિંહ, નવલસિંહ, જ્યોતિષીજી અને સેનાપતિ સુજનસિંહ ધણે દૂર સુધી ગયા. કુમાર કોની શોધમાં જાય છે, ક્યાં જાય છે, પુસ્તક કોની પાસે છે, તેમ પુસ્તક જોવામાં આવ્યું તો તે પડાવી કેમ ના લીધું તે જાણવાનું પ્રતાપ, નવલ અને જોષીના મનમાં તો ઘણું એ હતું પણ રાજકુમાર એક ધૂનમાંજ લાંબા લાંબા શ્વાસ નિશ્વાસ નાખતા, પોતાની પાછળ કોઇ આવે છે કે નહીં તેની પણ સ્પૃહા રાખ્યા વિના પૂર વેગમાં સપાટાબંધ ચાલ્યા જતા હતા; એટલે તે કોઇ કુમારને કાંઇ પણ પુછી ન શક્યા. . . . .

ઘણે દૂર સુધી પીછો લેવા છતાં પણ રાજકુમારને પુનઃ વનદેવીનાં દર્શન ન થયાં. આથી આખરે કંટાળી એક વૃક્ષ નીચે દિગ્મૂઢ બની ઉભા રહ્યા.

પ્રતાપસિંહ, નવલસિંહ વગેરે પણ આવી પહોંચ્યા. થોડી વાર વિશ્રાંતિ લેવા દીધા બાદ ધીમે રહી પ્રતાપે કુમારને પૂછ્યું:—“ કુમાર !”

“ કેમ શું છે ? ” કુમારે વિકળવદને પૂછ્યું.

“ કૃપા કરી કાંઇ ખુલાસો તો કરો કે શું બીના બની છે.” પુનઃ પ્રતાપે પૂછ્યું.

“ ના અહીં નહીં. ચાલો પાછા તંબુએ. ત્યાં કહીશ. ” કુમારે ટુંકો ઉત્તર આપ્યો.

સર્વ પાછા વળ્યા અને માર્ગમાં એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યા શિવાય તંબુએ આવી પહોંચ્યા.

“ ચાલો પ્રથમ અજાયબ ગૃહમાં. ત્યાં બંકાની શી સ્થિતિ છે તે જોઇએ. ” રાજકુમારે તંબુમાં પ્રવેશ કરતા પૂર્વેજ જણાવ્યું અને ચમત્કારપૂર્ણ ખંડેરનો માર્ગ લીધો. ચારે સાથીઓ પણ સાથેજ ચાલ્યા. ખંડેરના દરવાજે પ્રવેશ કરતાંજ મોતીલાલબંકા, નાગેશ્વરપુરાણી વગેરે સ્હામેથી આવતા જણાયા.

“ અરે આતો છુટયો લાગે છે જો ! કેવીરીતે છુટયો હશે વારૂ !” રાજકુમારે આશ્ચર્ય—ઉદ્દગાર કાઢયો.

“ ખરેખર નવાઈ. ” પ્રતાપના મુખમાંથી શબ્દો નીકળ્યા.

“ આ બીના ભયકારક બની. ”

“ કંઇ ? ”

“ આ શયતાનના છૂટવાની. ”

“ હું આશ્ચર્ય પામું છું. ”

“ પણ પેલા પુસ્તક વિના તે છૂટે જ નહિ. ”

" આ ઘણી અજબ વાત છે."

" અરે પણ પુસ્તકતો તેમના હાથમાં નહીં આવ્યું હોય! તેમ થાય તો તો પુરી કમબખ્તી!" નવલસિંહથી બોલ્યા વિના ન રહેવાયું.

" અરે ના રે ના. એ વાતે તો નિશ્ચિંત રહો. ભય ધરવા જેવું નથી. થોડીવાર પૂર્વેજ બીજાના હાથમાં તે ગ્રંથ જોયો છે અને તે હાલ તુર્ત તો તેમના હાથમાં આવ્યો નથીજ. આગળની વાતતો હરિના હાથમાં."—સુજનસિંહ સેનાપતિએ શાંતિ વચનો કહ્યાં.

એટલામાં બંકા અને પુરાણી છેક પાસે આવી પહોંચ્યા. તેમણે રાજકુમારને યથાવિધિ નમન કર્યું.

" કેમ પ્રતાપસિંહ! હવે તો હાર્યાને!" પુરાણીએ પ્રતાપ સામે જોઈ લલકારો કરી કહ્યું.

" શાથી હાર્યા વારૂ?!" પ્રતાપે હસતા મુખે ઠંડે પેટે જવાબ આપ્યો.

" કારણ કે જુઓ આ બંકા છુટયા અને ગ્રંથ તમને ન મળ્યો તેથી." પુરાણીએ પણ છાતી ઠોક કહ્યું.

" કોણે કહ્યું કે ગ્રંથ અમને નથી મળ્યો? તે તો ક્યારનોએ અમારી પાસે આવી ગયો છે. માટે શેખી છોડી, મુંગા મુંગા પ્રતિજ્ઞા પાળો, વ્હેમસિંહને છોડી દઇ કુમારને શરણે આવો અને પતરાજી મુકી દો." પ્રતાપસિંહે કરડાકીમાં વધારામા જણાવ્યું:—

" તમે પોતાના મેળે છુટયા કે આમણે છોડાવ્યા પણ જીત તો અમારીજ થઇ છે."

" કોની જીત થઇ છે?" બંકાએ પૂછ્યું.

" અમારી?"

" હું માનતો નથી."

"તમે એમ ક્યાં સીધા માનો એવા છો ?"

"ત્યારે ?" મોતીલાલે ભવાં ચઢાવી પૂછ્યું.

"ચમત્કાર જોશો ત્યારેજ નમસ્કાર કરશો."

"આટલા બધા વિવેચનની જરૂર નથી હું તો સત્યજ કહું છું કે જો ગ્રંથ તમને મળ્યો હોય તો બતાવો એટલે શરત પાળી કુમારનું શરણું સ્વીકારવા અમે તૈયાર છીએ." બંકાએ જણાવ્યું.

"ત્યારે તમારી પાસે હોય તો તમેજ બતાવોને ? તમારી પાસે નથી તો અમારી પાસે તે આવી ગયોજ માનો. હવે તમને બતાવવાથી શું વિશેષ !" પ્રતાપસિંહે હસતાં હસતાંજ ઉત્તર વાળ્યો.

"હવે થયું ! અમારી શંકા અને ભય દૂર થયાં છે. તમારી બોલીથી એમ સ્પષ્ટ સમજાય છે કે ગ્રંથ તમારા પાસે નથી આવ્યો પણ કોઇ ત્રીજાના હાથમાંજ ચઢ્યો છે. હવે અમે નિર્ભય છીએ." બંકાએ નિઃશંકપણે જણાવ્યું.

"પણ ત્યારે હવે જીત્યું કોણ અને હાર્યું કોણ તે તો કહો." નવલસિંહે નખરાં કરતાં વચ્ચે પ્રશ્ન કર્યો.

"કોઇપણ હાર્યું નહીં અને કોઇપણ જીત્યું નહીં." બંકાએ જવાબ આપી દીધો.

"પણ તમે છુટયા કેવી રીતે ?" રાજકુમારે બંકાને પૂછ્યું.

"અમને પ્રભુએ છોડાવ્યા. કોઇના છોડવ્યા નથી છુટયા કે કોઇ યુક્તિથી પણ નથી છુટયા. આ પુરાણીએ પેલા પત્થરના પુતળાના માથા ઉપર એક મોટો પત્થરો લાવી મૂકયો એટલે તેણે પત્થરને પકડી લીધો અને હું છુટી ગયો. હજી પણ તે પત્થરને પુતળાએ પકડેલોજ છે." બંકાએ પોતાના છુટકારાની હકીકત જણાવી વિશેષમાં કહ્યું "રાજકુમાર સાહેબ ! અમારા મનમાં તો ઘણું એ છે

કે જાણે આપશ્રીના સંગી અમે થઇએ. પણ અમે નિમકહરામ નથી અમને વ્હેમસિંહ મહારાજાનો સંગ છોડવાનું કોઇપણ સબળ કારણ મળવુંજ જોઇએ અને ત્યાં સુધી એક નિષ્ઠાથી અમારે તેના હિતમાં અમારો જાન આપવોજ જોઇએ.” આવી સત્ય વાર્તા જાહેર કરી વિદાય થવાની રાજકુમાર પાસે તેણે આજ્ઞા માગી.

રાજકુમારે ખુશીથી રજા આપી. અમલગઢના ચિત્રરંગીઓ વિદાય થઇ ગયા.

હવે ખંડેરમાં જવાનું કારણ ન રહ્યું હોવાથી કુમાર વિગેરે સર્વ પાછા તંબુએ આવ્યા.

લગભગ એકાદ પ્રહર સર્વેએ આરામ લીધો. તંબુમાં ત્રણ ચિત્રરંગી, સેનાપતી અને કુમાર શિવાય અન્ય કોઈજ નહોતું. કોઇને પણ પ્રવેશ કરવા ન દેવાની આજ્ઞા પ્રથમથીજ પહેરગીરને આપવામાં આવી હતી.

“ આપે કોની પાસે ગ્રંથ જોયો ? અને જોયો તો તે લેઈ લેવા પ્રયત્ન કેમ ન કર્યો !” આખરે પ્રતાપે કુમારને પૂછ્યું.

“ તે કોણ તે તો હું ના કહી શકું. વિશ્વમોહિનીથી કદાપિ ચઢતી આપણે ના ગણીએ તોપણ તે કોઇ રીતે ઉતરે તો નહીંજ. કોણ જાણે કેમ પણ મારાથી તે ગ્રંથ તેની પાસેથી ન લેવાયો અરે તે લેવા હું યત્ન પણ ન કરી શક્યો.” રાજકુમાર આગળ ન બોલતાં જાણે વિચાર નિમગ્ન થતા હોય એમ જણાયા.

“અરે પણ વિશ્વમોહિની અને પુસ્તકને શું સંબંધ ?! કાંઇ જરી સ્પષ્ટ કહેશો કે સમજાય ?!” પ્રતાપસિંહે આશ્ચર્ય પામી પૂછ્યું.

રાજકુમારે કાંઇ પણ ઉત્તર ન આપ્યો. તેતો ક્યારનાએ વિચાર દરિયામાં ઉંડા ડુબી ડબકાં ખાઇ રહ્યા હતા.

"અરે કુમારની સ્થિતિ તો ચિત્ર વિચિત્ર બની છે. હવે શું કરવું તે નથી સમજાતું." સેનાપતિ તરફ જોઈ પ્રતાપે પાછું ચલાવ્યું:-"હશે ખેર, આપ કુમારની સાથે જ હતા તો આપ જ ખુલાસો કરો કે શી હકીકત કેવી રીતે બની. આતો વારેવારે લાંબા લાંબા નિસાસા નાંખે છે અને એક બલામાંથી છુટતા નથી તે પહેલાં તો બીજી બલા માથે વહોરી લે છે."

સેનાપતીએ સર્વ હકીકત અથ ઇતિ સંભળાવી. હકીકત સાંભળી પ્રતાપસિંહ, નવલસિંહ જ્યોતિષીજી સ્તબ્ધ બની ગયા.

"ખરેખર નવાઇ જેવી વાત ! તે કોણ હશે ! તેણે કુમારને પ્રથમ ક્યાં જેયા ? તેણે કુમારની છબી ક્યાંથી મેળવી ? વળી અજાયબ ગ્રંથ પણ તેની પાસેજ છે ! આ ભેદ ખરેખર અગમ છે. આ ભેદુ ભરમ ભાગવા પ્રથમ પ્રયત્ન કરવોજ જોઇએ." પ્રતાપથી બોલ્યા વિના ન રહેવાયું.

જોષીએ પોતાના રમલના પાસા આમતેમ ઉછાળવા માંડયા. બહુ મહેનતે માત્ર એટલોજ પત્તા તે મેળવી શકયા કે વનદેવી તે કોઇ રાજકન્યા છે. આથી વિશેષ તેમને કાંઈ ન જણાયું.

લગભગ આખી રાત્રિ ચિંતામાં પસાર થઇ. પ્રાતઃકાળ થતાંજ વનદેવીનો પત્તો મેળવવા સર્વેએ પ્રયત્ન કરવો એવો નિર્ણય કરી પોતપોતાના તંબુએ સર્વ આરામ કરવા ગયા.

રાજકુમારે તો બાકીની રાત્રિ અસ્વસ્થજ ગાળી.

પ્રકરણ ૫ મું.

પ્રેમી પત્ર.

ધરે પક્વ ફળ મધુરતા, નહીં કાચામાં સ્વાદ;
કાર્ય સમય વિણ ના સરે, વૃથા વધાર્યે વાદ.

પ્રતાપસિંહ, નવલસિંહ અને જ્યોતિષીજી મ્હોટા પરોઢમાં વ્હેલા ઉઠી, શૌચ સ્નાનાદિ નિત્ય નૈમિતિક કર્મથી પરવારી ક્યારનાએ વનદેવી અને અજાયબ ગ્રંથનો પત્તો મેળવવા નીકળી પડયા હતા. પ્રાતઃકાળ થઇ ગયા બાદ અત્યારે તો લગભગ એક પહોર દહાડો પણ ચઢી ગયો હતો. તડકાએ રાજકુમારના તંબુમાં પેસારો કરી દીધો હતો, છતાં વિજયસિંહ તો હજી પલંગ ઉપર લોટતાજ પડયા હતા.

વનદેવીના અસ્ખલિત ધ્યાનમાં આખી રાત્રિ તેનોજ જાપ જપતાં તે જાગતાજ રહ્યા હતા, મોહમૂર્તિ ચક્ષુ આગળ ખડી ને ખડીજ રહી હતી. સુંદર સુરત, મોહક વદન, નાજુક બદન, હંસ સરખી ચાલ, વિલોલ નેત્રો, અને તેમાંથી સ્રવતાં અશ્રુ બિન્દુનું સ્મરણ પુનઃ પુનઃ થયા કરતું હતું. વારંવાર વચ્ચે વચ્ચે ઉંડા શ્વાસ નિશ્વાસ પણ કુમાર નાંખતા હતા.

અખંડરાત્રિ આ પ્રમાણે બેચેનીમાં ગઇ હતી. અત્યારે કંઇક નિદ્રાદેવીએ કુમાર ઉપર આખરે સામ્રાજ્ય મેળવ્યું હતું. મ્હોં ઉપર ચાદર નાખી તે અર્ધનિદ્રિત સ્થિતિમાં પડેલા હતા. એવામાં ધીમે ધીમે " ખુદાવિંદ !" "ખુદાવિંદ ! " એમ વદતા પહેરવાનના શબ્દો સાંભળ્યા.

" કેમ !" કુમારે જાગ્રત થઇ સ્વર સાંભળતાંજ પ્રશ્ન કર્યો.

" એક મુખવટો ધારણ કરી આવેલા સવારે આ બીડેલી બિંદડી આપ કૃપાળુને આપવા આપી છે અને આજ્ઞાની રાહ જોતો તે બહાર ઉભેલ છે." પહેરગીરે તંબુમાં પ્રવેશી, નમન કરી, બીંદડી રાજકુમાર તરફ સભ્યતા પૂર્વક ધરી.

બિંદડી ઉપર જાણે કોઇ અબળાના હાથના લખેલા "કુમારશ્રી વિજયસિંહજીના ચરણ કમળમાં" એવા સુંદર શબ્દો ઉપર કુમારની નજર પડી.

રાજકુમાર એકાએક ઉઠી બેઠા થયા અને બીંદડી હાથમાં લેતાંજ તે લાવનાર સવારને અંદર બોલાવવાની આજ્ઞા કરી.

પહેરગીર તંબુ બહાર આવતાં તેણે બીંદડી લાવનાર સવારને ત્યાં ન જોયો. તે બીંદડી આપી રવાના થઇ ગયેલો જણાયો. પુનઃ તંબુમાં આવી પહેરગીરે જણાવ્યું કે ઉત્તરની રાહ જોયા વિનાજ તે સવાર તો ચાલ્યો ગયો.

જો કુમારમાં કોઇ દૈવી સત્તા હોત, તો તો બીંદડીને તોડવાનો પણ શ્રમ લીધા શીવાયજ અંદર શું છે તે જાણવા યત્ન કર્યા વિના ન રહેત. કારણ તેમનું જીજ્ઞાસુ હૃદય અધીરૂ બનેલું પૂર્ણ વેગથી ઉછળી રહ્યું હતું.

કુમારે તુરતજ બીંદડી તોડી નાંખી. અંદરની વસ્તુ દેખતાંજ તે એક ગાંડાની માફક નાચવા કુદવા મંડી પડયા.

વાચકવૃન્દ ! બિંદડી કોના તરફથી હતી અને તેમાં શું હતું તે સંબંધી તમે અનુમાન કરશો પણ વખતે તે સત્ય નીવડે કે ન પણ નીવડે. નાહક તેટલો શ્રમ પણ તમારા કોમળ મગજને શું કામ આપવો ? એમ ધારી ખુલ્લે ખુલ્લુંજ લખી દેવું તે વિશેષ યોગ્ય છે.

બિંદડીમાં એક તો બીડેલો પત્ર હતો; એટલુંજ નહીં પણ મહાશ્રમે પ્રાપ્ત કરેલ અને પછી એકાએક ગુમ થયેલ " અજાયબ ગ્રંથ " પણ પત્ર સાથે હતો.

ગ્રંથ ખોવાયાથી કુમારની આશા નૌકા ભર દરિયે ડુબી હતી. આખું જીવન વ્યર્થ થઇ જવા જેવી હકીકત બની હતી. તે ગ્રંથ આમ અણધારી રીતે એકાએક પ્રાપ્ત થતાં જો કુમાર આવેશમાં આવી જાય તો તેમાં કાંઇપણ આશ્ચર્ય થવા જેવું નથી. આવો આવેશ માત્ર સ્વાભાવિકજ ગણાય.

અજાયબ ગ્રંથ સ્હામેજ એક મેજ ઉપર મૂકી હવે પ્રસન્ન ચિત્તથી બીડેલા પાકીટને વાંચવા કુમારે વૃત્તિને વેગ આપ્યો.

પત્રના લખાણે વળી કુમારના હર્ષમાં ઘણોજ વધારો કરી મૂક્યો. પત્ર વનદેવી તરફથી હતો અને તેમાં નીચે પ્રમાણે લખાણ હતું.

વીર વિજયસિંહજી !

વિજય વિરહથી બની વિજોગણ જોગણ બની સ્થળ સ્થળ ફરતી,
હરતાં ફરતાં ધરતી ધ્યાને, અવર નેમ નહીં ઉર ધરતી;
તન, મન, ધન, કરી શરણ ચરણ તવ, લોકલાજથી નહીં ડરતી,
હૃદયે ધારો, સ્નેહ સ્વીકારો, એ જ જ વિનતી કરતી.
દુઃખડાં સહેતી, ઉર ના લેતી, આશામાં દિન નિગમતી,
વિશ્વમોહિની હેરાનીમાં, વેરાને છે રડવડતી;
તેહ દુખી તો આપ દુખી, ત્યમ આપ દુખે જીવતી મરતી,
દુખની દાઝી, રાજી કરવા, ચરણ ગ્રંથ શુભ આ ધરતી.

કુમારશ્રી !

મ્હારા હૃદયમાં આપનીજ પ્રેમ મૂર્તિને સ્થાપી આપનેજ રટું છું. હરતાં ફરતાં; જમતાં, રમતાં ને ભમતાં આપનાજ નામની

માળા જપું છું. આપ જેને ભજો છો, આપ જેના માટે સર્વ પ્રયત્ન કરી રહ્યા છો તે બિચારી વિશ્વમોહિની તો ખંડેરમાં ફસી છે? તેને મુક્ત કરવાના મુખ્ય સાધનરૂપ અજાયબ ગ્રંથ આપને મળેલો ચોરાયો. ગ્રંથ શિવાય તમારી વિશ્વમોહિનીતમને મળવાનો અસંભવ. તે દુઃખી થતાં તમે દુઃખી થાઓ. તમને દુઃખી થતા જોઇ મારે મરવાનું. આથી સુખના સાધનરૂપ આ અજાયબ ગ્રંથ અજબ રીતે મેળવી આપના ચરણે ધરૂં છું તે સ્વીકારો અને હવે ચમત્કાર પૂર્ણ ખંડેરમાં ખુશીથી કરો પગ પેસારો બીચારી દુઃખી બાળાનો કરો છુટકારો. પણ વિનંતિ એજ છે કે રખે મને વિસારો. વિશ્વમોહિનીને ઉગારો, સાથે મને પણ હૃદયે ધારો. એજ કિંકરીનો છે લવારો.

જે ઉપવનમાં આપની પ્રેમમૂર્તિનાં દર્શન થયાં હતાં તેજ ઉપવનમાં પત્રના ઉત્તરની આશા રાખીશ.

લી. પ્રેમઘેલી.

પત્ર પુરો વંચાયો. એકવાર વાંચ્યે કુમારનું હૃદય તૃપ્તિ ન પામ્યું. બે ત્રણવાર ફરી ફરીને વાંચ્યો, પત્રે અગ્નિમાં ઘૃતનું કામ કર્યું. મદનની અગન જ્વાળા કુમારના હૃદયમાં પ્રજવલિત થઇ. કુમારે પત્રનો ઉત્તર લખવા માંડયો. શું લખવું તેનો વિચાર પડયો. એક ઉત્તર લખ્યો. વાંચી જોતાં તે પસંદ ન પડયો. વળી બીજીવાર પત્ર લખ્યો. તે પણ ઠીક ન લાગ્યો. ત્રીજીવાર માત્ર નીચેનોજ ન્હાનકડો કકરો તેમણે લખવાનું યોગ્ય વિચાર્યું.

પ્રિય-રમ્ય-પ્રેમ મૂર્તિ!

ઉપવનમાં તમારૂં દર્શન થતાંજ તમારા પ્રેમનો પ્યાસી હું બન્યો છું. પુનઃ દર્શન કરી તૃપ્ત થવા ઘણોયે ભટકયો પણ ભાગ્યશાળી પળ હાથ ન લાગી. જે ક્ષણે મારાં બે નેત્રો બે પ્રેમીને શાંતિ અને આનં-

દથી નિરખવા ભાગ્યશાળી થશે તે ક્ષણને હું ઉલ્લાસ-પૂર્ણ આનંદથી વધાવીશ. પણ તમે તો મારાથી દૂરજ ફરો છો તેનું શું કરવું ?!

તમારો વિજયસિંહ.

પત્રને પરબિડિયામાં બીડી ગજવામાં મૂક્યો. રાજકુમારે ઉતાવળમાંજ હવે પ્રાતઃકર્મથી પરવારી લઇ ઉપવનમાં જઈ ઉત્તર આપતાં પ્રેમમૂર્તિનાં દર્શનની અભિલાષા રાખી. થોડીજવારમાં સદ્ય થઇ તે તંબુની બહાર નીકળ્યા. સેનાપતી સુજનસિંહ છાવણીમાં ફરતા હતા. તેમને કુમારે સાથે લીધા. માર્ગમાં અજાયબ ગ્રંથ પુનઃ પ્રાપ્ત થયાની અને પત્રની હકીકત કહી. હકીકત સાંભળી સુજનસિંહે પણ પોતાનો હર્ષ દર્શાવ્યો.

બન્ને સમવયસ્કો ઉપવનમાં આવી પહોંચ્યા. જે સ્થાને ગઇ કાલે વનદેવી અને તેની સહચરીઓનાં પ્રથમ દર્શનનો લાભ મળ્યો હતો તે સ્થાને અત્યારે ત્યાં કોઇજ નહોતું. રાજકુમાર અને સેનાપતીએ ચારે બાજુ ધારી ધારીને નજર ફેરવી પણ પુરૂષ વા સ્ત્રીની મનુષ્ય આકૃતિ ત્યાં કોઇની ન જણાઇ.

પત્રનો ઉત્તર કોને કેવી રીતે આપવો તેની ગુંચવણમાં રાજકુમાર પડ્યા. શું કરવું તે એકાએક ન સૂઝ્યું. આથી સેનાપતી અને રાજકુમાર વાતો કરતા એક વૃક્ષ નીચે સહજ વિશ્રાંતિ લેવા બેઠા.

થોડી ક્ષણ વાતો કરતા બેઠા હશે એવામાં એક યુવાન અને કંઇક ખુબસુરત પણ ખરી એવી એક સ્ત્રી પાસે થઇને જતી બન્નેના જોવામાં આવી. તેના હાથમાં એક પુષ્પની માળા ગુંથેલી તૈયાર હતી. તે ઉતાવળે પગલે અને કંઇક જાણે બબડતી બબડતી શ્વાસભેર જતી હતી.

"આજ માળા ગુંથતાં જરા વાર લાગી. જરૂર મને રાજમારી વઢશે. પણ હું ત્યારે શું કરૂં ? જેવું મારૂં નશીબ !"

માલણ એવી ઢબથી નીકળી ગઇ કે તેણે રાજકુમાર અને સેનાપતીને જોયા હશે કે કેમ તે ન સમજાયું, પણ માલણના શબ્દ સ્પષ્ટ કુમારે સાંભળ્યા.

આ માલણને પુછતાં વખતે વનદેવીનો પત્તો મળશે એમ કુમારને લાગ્યું. તેને બોલાવી પૂછવા સૂચન કરતાં સેનાપતીએ તેને બોલાવવા અવાજ કર્યો.

અવાજ સાંભળી માલણે ચોંકી પાછું જોયું. માલણ ન આગળ વધી શકી કે ન કુમાર અને સેનાપતી બેઠા હતા તે તરફ પાછી વળી. જયાંની ત્યાંજ જાણે સ્તબ્ધ બનેલી પુતળીની માફક ઉભી થઇ રહી.

ફરીથી સેનાપતીએ નજીક આવવા ઇશારો કર્યો. ભયથી જાણે ડરતી કાંપતી હોય એમ ધીમા પગલે માલણ થોડાં પગલાં આગળ વધી.

" તું કોણ છે અને આ પુષ્પમાળા કઇ રાજકુમારી માટે લેઇ જાય છે ? " સેનાપતિએ પ્રશ્ન કર્યો.

" હું ગરીબ માલણ છું. હું ક્યાં રહું છું અને કોના માટે આ માળા લેઈ જાઉંછું તે હું કહી નહીં શકું. આપ મને તે પુછશો નહીં ! હું ગરીબ બીચારી માલણને તમે કનડશો નહીં. મને મારશો સતાવશો પણ તમારા હાથમાં કાંઇ નહીં આવે, હું તમને પગે લાગુંછું. મને સતાવશો નહીં. " માલણ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. તેના હાથમાંથી પુષ્પમાળા હેઠી પડી ગઇ. તેની ખુશબો ચારે તરફ ઉડવા લાગી.

કુમાર અને સેનાપતી તો માલણના આ ઓર ઢંગથી ચકિતજ બની ગયા. તેને સમજાવવા તે બન્ને ઉઠી સહજ નજીક જવા

લાગ્યા. આ અરસામાંજ એકાએક એક મુખવટો ધારણ કરેલ અશ્વારોહી આકૃતિ ત્યાં આવી ઉભી અને ઘોડેથી એકદમ નીચે ઉતરતાં બોલી.

" સબુર. "

કુમાર અને સેનાપતી ચમક્યા અને તેના સામે જોઇ રહ્યા. ઘોડેસ્વારે તીવ્ર નજરે માલણ સામે જોયું. એટલામાં કુમારે પૂછ્યું.

" તમે કોણ છો ? "

" તે તમે પછીથી જાણશો. " જવાબ મળ્યો.

" અમને કેમ અટકાવો છો ? "

" ભયંકર ભેદ છે. "

" શામાં ? "

" આ માલણમાં. "

" આ માલણ શું ભેદી છે ? "

" હા. "

" ખાત્રી ? "

" હમણાંજ થશે. સાંભળો આ માલણ નથી પણ ચિત્રરંગી છે. જો જો આ માળાને અડકતા કે તેની ખુશબો સુંઘતા, નહીં તો એક ક્ષણમાંજ બેહોશ થઇ જશો. " ઘોડેસવારે રાજકુમાર તરફ જોઇ ઉક્તિ કરી અને આગળ વધી ધીમા સ્વરથી પત્રના ઉત્તરની માગણી કરી.

કુમાર ચમક્યો અને તેને વનદેવીનો માણસ ધારી કંઇક આનંદ પામી બોલ્યો.

" આપે આજે મારી ઉપર મોટો ઉપકાર કર્યો છે. "

" ઉપકાર નહિ પણ ફરજ બજાવી છે. " ઘોડેસ્વારે કહ્યું.

કુમાર હસ્યો અને બોલ્યો. " મારો પ્રત્યુત્તર તમેજ લઇ જશો ? "

"હા."

"દેવી ક્યાં છે?"

"તે મને ખબર નથી."

"પણ તે રહે છે ક્યાં?"

"તે પણ હું જાણતો નથી."

"આશ્ચર્ય." કુમારે કહ્યું.

"એમાં આશ્ચર્ય જેવું કંઇજ નથી." આવનારે કહ્યું.

"તમે વનદેવીના શું સંબંધી છો?"

"સેવક."

"ત્યારે તમને તો દરેક બાબતની ખબર હોવીજ જોઇએ?"

"હા, પણ તેની આજ્ઞા વિના મારાથી કંઇ જણાવાય નહિ."

"તમારૂં નામ?"

"સેવક."

"સેવક તો નોકર કહેવાય."

"બસ એજ."

"વનદેવીનું નામ?"

"તેજ."

"ખરેખર! તમે કોઈ અજબ પુતળાં છો." કુમારે કહ્યું.

"હવે પત્રનો જવાબ આપશો?"

"હા."

"મુખેથી કે લખીને?"

"ના, લ્યો આ પત્ર." કુમારે પત્ર તેના હાથમાં આપ્યો.

બન્નેની વાતો દરમ્યાન પેલી વેશધારી માલણ તુર્તજ ત્યાંથી નાસવા લાગી; પણ એક તલપથીજ સિંહ જેમ શિકારને પકડે તેમ

સુજનસિંહે પકડી તેને નાસતી અટકાવી.

રાજકુમાર પાસેથી ઉત્તર લેઈ અશ્વધારી આકૃતિ તેજ ક્ષણે અદૃશ્ય થઇ ગઇ.

"હવે આપણે આ સ્થાને વિશેષ રોકાવું યોગ્ય નથી. આ સ્થાન ખરેખર કરામતી છે." સેનાપતીએ ઉપકાર કરવા આવેલ સવારને ત્યાં ન જોતાં આશ્ચર્યથી ચકિત બની કહ્યું:—"જો તે ભલા સવારે આવી પહોંચી ચેતવ્યા ન હોત તો આપણે તો ફસ્યા હતાજ."

વિજયસિંહે સેનાપતીનું કહેવું સ્વીકાર્યું. વેશધારી માલણને લઇ બન્ને તંબુએ પાછા આવ્યા.

સેનાપતીએ ગરમ પાણી મંગાવી મ્હોં સાફ કરતાં સ્પષ્ટ થયું કે માલણના રૂપમાં ચિત્રરંગી બંકા પોતેજ હતો.

"કહો હવે તમને શો બદલો આપવો ?" કુમારે બંકા તરફ જોઇ પૂછયું.

"જેમ મરજી." નીચા મ્હોંએ મોતીલાલે ઉત્તર વાળ્યો.

"પ્રતાપસિંહ આવતા સુધી તમારા હવાલામાં આને રાખો. તે આવી તેનું કરવા યોગ્ય કરશે." કુમારે સેનાપતીને ફરમાવ્યું.

આજ્ઞાનું પાલન કરવા બંકાને લેઇ સેનાપતી નમન કરી ચાલ્યા ગયા.

હવે શું કરવું તેના વિચારમાંજ કુમારનો આખો બાકીનો દિવસ ગયો. રાત્રિના છેક મોડા પ્રતાપસિંહ, નવલ અને જ્યોતિષીજી આવી પહોંચ્યા.

"કેમ સિંહ કે શિઆળ ?" કુમારે પ્રતાપને આવતાંજ પ્રશ્ન કર્યો.

"સારો દિવસ હેરાન થઇ મર્યા પણ કાંઇ વળ્યું નહીં." ધીમા સ્વરે પ્રતાપે ઉત્તર આપ્યો.

"આમતેમ છુપા વેશમાં ફરતા ફરતા કેટલાક સવારો તો જોવામાં આવ્યા પણ તેમનો ભેદ કાંઇ ન જણાયો." જ્યોતિષીજીએ ઉચ્ચાર્યું.

"જુઓ તમારાથી તો કાંઈ ન વળ્યું અને વીલે મ્હોંએ પાછા આવ્યા, પણ મેં તો આજે ખરેખરૂં પરાક્રમ કર્યું છે. રંગ વિદ્યા એવી સરસ અજમાવી કે ગયેલ વસ્તુ પાછી મળે એટલુંજ નહીં પણ એક મ્હોટામાં મ્હોટા પ્રતિરંગીને પણ પકડયો છે." રાજકુમારે પ્રાપ્ત થયેલ અજાયબ ગ્રંથ પણ પ્રતાપને બતાવ્યો.

ગ્રંથ મળ્યો, અને બંકો પકડાયો એ વધાઇએ ત્રણે રંગીઓ ખુશી ખુશી થઇ ગયા.

"ખરેખર અજબ વાત બની છે. તમે વિદ્યા અજમાવી તે તો જાણે ઠીક પણ આ ગ્રંથ શી રીતે મળ્યો? બંકો કેવી રીતે ફસાયો? હકીકત તો પૂરી કહો." પ્રતાપે હસતાં હસતાં પ્રશ્ન કર્યો.

રાજકુમારે આવેલી ચીઠ્ઠી બતાવી. પોતે આપેલા ઉત્તરની અને તે આપવા જતાં માલણના વેશમાં બંકાએ કરેલી ચાલાકીની, સમયસર આવી પહોંચી સવારે કરેલા સૂચનની, બંકો સપડાયાની અને હાલ તે સેનાપતીના કબજામાં છે વગેરે હકીકત અથ ઇતિ કહી બતાવી.

"ધન્ય છે! ધન્ય છે! રાજકન્યા છે તો કોઇ ઉંચા કુળની અને ઉમદા ગુણની. તેણે કુમારને દુઃખ દેવું યોગ્ય ના ધાર્યું. વળી એમ પણ સમજાય છે કે તે રાજકુમારની તમામ હકીકતથી જાણીતી છે. આટલું છતાં નવાઇની વાત એ છે કે તેનો તો જરા પણ

અમને પત્તોજ નથી લાગતો. ” જોષી મહારાજાએ જણાવ્યું.

“ એમાં તો પ્રતાપસિંહે શરમાવાનું છે કે આવા મોટા રંગી ગણાઇ એક અબળાનો પત્તો મેળવી નથી શકતા !” કુમારે કટાક્ષ કર્યું.

“ અરે પત્તો તો એવો આબાદ મેળવીશ કે તમે ખુશખુશ થઇ જશો. પણ હવે ગ્રંથ મળ્યો છે તો ખંડેર તોડવાનું તો પ્રથમ કામ કરો પછી બીજું થઇ પડશે. ” પ્રતાપે ચટકો વાગતાં છતાં ન ગણકારી પ્રતિઉક્તિ કરી.

“ પણ ત્યારે શું ત્યાં સુધી તે બેશી રહેશે ?!” કુમારે ન્હીડવાઇ કચવાતાં કહ્યું.

“ ના તે બેશી ન રહે તો ચાલ્યું. ત્યારે તમે એમજ કહોને કે વિશ્વમોહિનીની ફિકર તમે છોડી અને આ નવી ચિંતા માથે લીધી. ” પ્રતાપે બળતામાં ઘી હોમ્યું.

“ શામાટે છોડી ? વિશ્વમોહિનીની ફિકર મારી રગેરગમાં વ્યાપી રહી છે. પણ તમે એટલું તો ઇનસાફની ખાતર પણ સ્વીકારો કે આ વનદેવીનો પણ મારા ઉપર કેવો સાચો પ્રેમ ! નહીં તો તે આટલા ઉપકાર ઉપર ઉપકાર કર્યે જાય ! એટલુંજ નહીં પણ વિશ્વમોહિની ઉપર તો તેની મારા કરતાં પણ વિશેષ પ્રેમલાગણી જણાય છે. ” કુમારે નમ્ર ઉત્તર આપ્યો.

“ અમે એમ નથી કહેતા કે તમે વનદેવીની ફિકર ન કરો. અમારે એટલુંજ માત્ર કહેવું છે કે, ખંડેરનું કામ પ્રથમ હવે હાથ ધરવું જોઇએ. ” પ્રતાપે પતવ્યું.

નવલસિંહે તોડ કાઢયો. દિવસે ખંડેર તોડવાનું અને રાત્રિએ વનદેવીનો પત્તો લગાડવા પ્રયાસ કરવાનું સર્વાનુમતે ઠર્યું.

રાત્રે વાળુ કરી પરવારી નવલસિંહ તથા જ્યોતિષીજી વન-

દેવીની શોધમાં નીકળ્યા અને ફસાવા જતાં પોતેજ ફસેલા તથ ખાડો ખોદતાં તેમાં પોતેજ પડેલા મોતીલાલબંકાને પ્રતાપે બેહોશ કરી, મહારાજા વ્હેમસિંહ તથા રાણી સત્યમતી જ્યાં કેદમાં હત ત્યાં મુકી આવવા ખંડેરનો રસ્તો લીધો.

મધ્યરાત્રી વિતી ગઈ હતી. ઉપર પણ બે એક ઘડી રાત્રિ ગઇ હશે તેવે વખતે પ્રતાપસિંહ પત્થરના દરવાજે આવી પહોંચ્યો

સિંહના મ્હોંમાં હાથ ઘાલી, જીભ ખેંચી કહાડી એક તાળુ ઉઘાડયું; બાદ પત્થર ઉપર લાત મારી તેને ખસેડી ચબુતરા ઉપર બેઠેલા ફેણધારી સર્પને ગરદનથી પકડી બીજું તાળુ ઉઘાડયું તો પણ દરવાજો ના ઉઘડયો.

પ્રતાપની અજાયબીનો પાર ન રહ્યો. તેના હાંજા ગગડી ગયાં ફરીથી એકવાર તાળાં અજમાવી જોયાં. દરવાજો બંધ જ રહ્યો. તે નજ ઉઘડયો.

પ્રતાપે ઘણોયે વિચાર કર્યો પણ ભેદ કળી શકયો નહી. આર્થ આખરે ગાંસડી સાથે વીલે મ્હોંયે તેને પાછું ફરવું પડયું.

વનદેવીની શોધમાં ગયેલા નવલસિંહ અને જયોતિષીજી પણ આખી રાત્રિ ભટક્યા; તથાપિ કાંઇ પણ પત્તો મેળવી ન શક્યા

પ્રાતઃકાળ થતાં થતાં નાશીપાસ થયેલા બન્ને છાવણીમાં પાછ આવ્યા.

વિજયકુમારની પણ આખી રાત્રિ ચિંતામાંજ પસાર થઇ.

પ્રકરણ ૬ ઠું.

અજાયબ વૃક્ષ.

ચિત્ર વિચિત્ર ઘણાં રહ્યા અજબ ભૂમિમાં ભેદ,
પ્રશ્નો પણ પડતા ભુલા મિથ્યા પામી ખેદ.

વિજયકુમાર, પ્રતાપસિંહ, નવલસિંહ અને જ્યોતિષીજી ચારે જણા રાજકુમારના તંબુમાં નાના વિચારો કરી રહ્યા હતા.

વનદેવીનો પત્તો કેમ નથી લાગતો અને દરવાજો કેમ ન ઉઘડયો તે સંબંધી ઘણાએ તર્કો વિતર્કો કર્યા છતાં પણ ભેદનો પાર ન પમાયો.

"પણ ત્યારે અંદરથી તો કોઇએ દરવાજો બંધ નહી કર્યો હોય ?" નવલે પ્રશ્ન કર્યો.

"ના રે ના. અંદર તો તાળુંજ નથી." પ્રતાપે ઉત્તર વાળ્યો.

"ત્યારે વ્હેમસિંહે તો કાંઇ પ્રપંચ નહીં કર્યો હોય ?" પુનઃ પ્રશ્ન થયો.

"તેમ કરવાથી તો તે ઉલટો સપડાય અને ઓલામાંથી ચુલામાં પડવા જેવું થાય." જ્યોતિષીજીએ જણાવ્યું.

"મને તો લાગે છે કે કોઇ નવા માણસના જાણવામાં ભેદ આવી ગયો. કાં તો તેણે તાળાની કળ બગાડી કે કાં તો વ્હેમસિંહે જ કાંઇ કર્યું." રાજકુમારે પોતાનો વિચાર દર્શાવતાં વધાર્યું:—"વનદેવીનો તો આમાં હાથ નહીં હોય ?"

"ખરે ! તમે પણ જબરા ખ્યાલ દોડાવો છો તો ! જો તેને એમ કરવું હોય તો અજાયબ ગ્રંથ આપેજ શું કામ ?" પ્રતાપ બોલી પણ ન રહ્યો એટલામાં ચોબદારે આવી નમન કરી જણાવ્યું કે, એક વિચિત્ર આકૃતિ પ્રવેશની આજ્ઞા માગે છે.

પ્રવેશની આજ્ઞા થતાંજ એક બે નમુન આકૃતિ હાજર થઇ ગઇ. તેનો રંગ આફ્રિકાના હબસી કરતાં પણ સહેજ વધારે કાળો હતો. ઉંચાઇ ભાગ્યેજ ત્રણ ફુટ અને પુરી છ ઇંચ પણ હતી. તેના ચ્હેરા વિગેરેનું વિસ્તારથી અત્ર વર્ણન કરવા કરતાં આટલુંજ સ્વલ્પમાં લખવું બસ છે કે, નાગદંશના પરિણામે નળાખ્યાનમાં નળરાજા બાહુકજી બની ગયેલા ત્યારે તે આકૃતિ આ અત્યારે આવેલ આકૃતિ કરતાં ભાગ્યેજ વધારે બીહામણી હશે.

આકૃતિને જોતાંજ ચારે જણાને હસવું આવ્યા વિના ના રહ્યું. તો પણ સર્વેએ મ્હોં ઉપર હાથ ઢાંકી હાસ્ય રોક્યું.

"તમે કોણ છો અને ક્યાંથી આવ્યા ?" પ્રતાપે પુછ્યું.

"હું દેવ છું અને દેવલોકમાંથી આવું છું." ઉત્તર મળ્યો.

"એમ ? આપ દેવલોક થયેલા આવો છો ?! ત્યારે તો તેમાંજ ભૂત જેવા થઇને આવ્યા છો, એમ કહોને ! ! ખરેખર અમારે તમારાથી બીવું પડશે." નવલસિંહે હાસ્ય કર્યું.

આવેલ આકૃતિની આંખ્યો લાલચોળ થઇ ગઇ. તોપણ તેણે ગુસ્સો દબાવી પ્રતાપસિંહને કહ્યું:—"પ્રતાપસિંહ ! આ તમારા ચેલા! નવલને વારો નહીં તો મુંઠનો સ્વાદ ચખાડવો પડશે." જ્યોતિષીજી તરફ તેણે જોઇ વધાર્યું:—"જોષી મહારાજ તમે પણ કેમ કાંઇ કહેતા નથી?" વળી કુમાર તરફ જોઇ ઉમેર્યું:—"કુમારસાહેબ! વિશેષ બોલાતું હોય તો ક્ષમા કરજો પણ દિલગીરી સાથે જણાવવું પડે છે

કે આપની સમક્ષ આ પ્રમાણે આવેલા માણસની હાંસી થાય તે ઠીક ન ગણાય."

"વારૂ પણ તમે અમને સર્વને ઓળખો છો ક્યાંથી?" પ્રતાપે નવલને વિશેષ ટીખળ કરતા અટકાવી ગંભીર પ્રશ્ન કર્યો.

"જુઓ, આ જ્યોતિષીજી મહારાજ તો આ દુનિયામાં આવ્યા નહોતા ત્યાર પહેલાંનો તેમને હું ઓળખું છું. નવલ તો આપણા બચ્ચા બરોબર છે અને આપણે તો ભાઇઓ થઇએ એટલે કેમ ના ઓળખું?"

"કેમરે શેતાની ચરખા! પાછો વળી ફાટયો કે? જુઓ ને સાળો મને તો બચ્ચા બરોબર ગણે છે." નવલથી ન રહેવાયું.

"હવે ન્હાને મ્હોંયે મ્હોટી વાતો જવાદે." નવલ પ્રતિઉક્તિ કરી.

"ખરેખર મને લાગે છે કે આના રામ રમાડી દેવા પડશે." નવલસિંહ આવેશમાં આવી ગયો.

"અરે હું જાતેજ રામ છું ને!" ટોળીએ વિશેષ ટીખળ કર્યું. નવલસિંહ વિશેષ ઉશ્કેરાઇ કાંઇક ઓરનું ચોડ કરી બેસે તે પહેલાંજ પ્રતાપસિંહે તેને વાર્યો.

રાજકુમાર અને ત્રણે રંગીઓ આશ્ચર્ય ભરી દૃષ્ટિએ તેના સ્હામે જોવા લાગ્યા.

વિરૂપ આકૃતિએ એટપત્ર પોતાના ગજવામાંથી કાઢી રાજકુમાર તરફ ધર્યો અને કહ્યું:—"લ્યો આ પત્ર. તે વાંચી તેનો ઉત્તર આપો." ચિત્રરંગીઓ તરફ ફરીને પાછું વધારે ચલાવ્યું:- "મ્હારા સ્હામું શું જોઇ રહ્યા છો? હું કાંઇ તમારા જેવો રંગી નથી. મેં મારી આકૃતિ રંગથી કૃત્રિમ નથી બનાવી. મરજી હોય તો ગરમ પાણી મંગાવી ધોઇ બતાવું. હું કાંઈ આજનો આવો નથી. કાંઇ

નહીં તો આજકાલ કરતાં પાંચસે છસેં વર્ષ થઇ ગયાં ત્યારથી આવોજ છું."

"હા, તેમ હશે. પ્રતાપે મંદહાસ્યપૂર્વક ઉત્તર વાળ્યો:- "તમે ગમે તે હો તે જાણવાની અમને જરા પણ દરકાર નથી. કારણ તમે દુશ્મનના નહીં પણ દોસ્તના માણસ છો. વળી તમે કદાપિ રંગી નથી તો રંગલા તો છોજ."

"વારૂ ત્યારે હવે નિરાંતે પત્ર વાંચી, વિચારી ઉત્તર તૈયાર કરો. એટલામાં હું આમ તેમ આંટા મારી આવું છું." પ્રતાપના બોલવાનો કાંઇ પણ ઉત્તર ન દેતાં રાજકુમારને સંબોધી વિચિત્ર આકૃતિ એક ક્ષણમાંજ તંબુ બહાર જઇ અદૃશ્ય થઇ ગઇ.

પત્ર વનદેવી તરફનો રાજકુમારના નામનો નીચે પ્રમાણે હતો:-

વ્હાલા વિજયસિંહજી !

નાહક શું કામ રંગીઓને દુઃખી થવા આમતેમ અથડાવી મારો છો? જ્યાં સુધી તમે નીચેની શરતો નહીં સ્વીકારો, ત્યાં સુધી ભલે તમે યત્ન કરો હજારો; પણ મને ફરી મળવાની આશા સ્વપ્ને પણ ના ધારો. શરતો નીચે લખી છે તે વીચારો અને ઉત્તર આપો તમારો:—

૧

વિશ્વમોહિની કર ગ્રહણ શુભ મુહૂર્તે નિરમાય,
તેજ મુહૂર્તે આપ થકી પાણિગ્રહણ મુજ થાય.

વળી— ૨

ઉભય હૃદય સરખાં ગણો, નહીં કો અધિક મનાય,
મમ પદ પણ ઓછું નથી, રખે તેહ ભુલાય.

છતાં પણ— ૩

સ્વીકારવી જો હોય ના, ઉત્તર લખજો સ્પષ્ટ,
જીવન પછી નિષ્ફળ ભલે, થતું સહન્તુ કષ્ટ.

પણ એ નક્કી છે કે— ૪

હજાર વર્ષ મથી મરી કરશો યત્ન હજાર,
મુજ વિણ કદિ નવ પામશો, વિશ્વમોહિની નાર.

લી. આપનીજ

કોણ તે આપ ક્યાં નથી જાણતા?

પત્ર વંચાઇ રહ્યો. રાજકુમાર તથા સર્વ રંગીઓ પત્રનો શું ઉત્તર આપવો તેની ગુંચવણમાં–વિચારમાં પડયા. પત્ર ખરેખર વિચિત્ર માગણીવાળો–પ્રેમની માગણી કરતો સાથેજ ધમકી બતાવનાર હતો.

વનદેવીની ધૂન કુમારના હૃદયમાં કાંઇ ઓછી મચી રહી નહોતી; તેમ વિશ્વમોહિનીનું વિસ્મણ પણ જરાયે તેને થયું નહોતું. બન્નેના પ્રેમને ત્રાજવામાં તોળતાં આ ક્ષણે બન્ને કાંટા સમતોલ થતા હતા.

વનદેવીની માગણી પ્રમાણે બન્નેનું પાણીગ્રહણ એકી સાથે એકી વખતે કેવી રીતે કરવું તેનો વિચાર હૃદયમાં ઘોળાતો હતો. વનદેવી કોણ છે તે અને તેના સંબંધી પૂર્ણ હકીકત જાણ્યા શિવાય, કુમારિના તેમજ પોતાના પિતા આ લગ્નનો સ્વીકાર કરે કે કેમ તે એક વિચારવા જેવી વાત હતી; વળી વનદેવી વિના વિશ્વમોહિની પમાય નહીં એવો પત્રમાં સ્પષ્ટ ભાવ દર્શાવેલો હતો, એટલે તેની માગણી સ્વીકાર્યા શિવાય છુટકોજ નહીં એમ પણ જાણે લગભગ ચોક્કસ હતું; અધૂરામાં પુરૂં કેદખાનાનો દરવાજો ઉઘડતો નથી એવા

દુઃખદ સામાચાર પ્રતાપે જણાવ્યા હતા અને તે કાર્યમાં વખતે વનદેવીનો હાથ હશે અગર તે કાર્યમાં તેની મદદની જરૂર તો પડવાનીજ એમ કુમારને સજ્જડ દિલમાં થઈ આવ્યું હતું છેવટે વિચાર કરી–અમુઝાઈ કુમારે જણાવ્યું:—

" મિત્રો ! તમે જાણો છો કે આ પત્રે મને ખરેખરો વ્યામોહમાં નાંખ્યો છે. તેણે મને એક અજબ જાદુપાશ બાંધ્યો છે. જો કે વિશ્વમોહિનીનો સ્નેહ મારી નસેનસમાં વ્યાપી રહ્યો છે તો પણ આ વનદેવી શિવાયની એક ઘડી પણ જાણે મને વર્ષ જેટલી લાગે છે. આથી તેની સર્વ માગણી–શરતો કબૂલ કરવા ;વૃત્તિ દોરાય છે. જો તે રાજી રહેશે તો કાંઇને કાંઇક નવો ભેદ ખુલશે. વનદેવી કોઇ પણ રીતે વિશ્વમોહિની કુમારી કરતાં ઉતરતા દરજ્જાની નથી, એમ તે પત્રમાં લખે છે એટલે તેનો સ્વીકાર કરવામાં મને કાંઇ ખાસ વાંધા જેવું જણાતું નથી, માટે તમો સર્વનું શું ધારવું છે તે સ્પષ્ટ જણાવો. " કુમાર બોલતાં ચમકયા.

" અમારે શું ?! રાજાને ગમી રાણી તો છાણાં વિણતી આણી. શરતો સ્વીકારવી કે ન સ્વીકારવી તે તમારા મનની વાત છે. " પ્રતાપે હસતાં હસતાં વધાર્યું:—" અમારી તો ખાત્રીજ છે કે કદાપિ રોજ બાર જુતાં ખાવાની શરત લખી હોત તો .તે પણ તમે કબૂલ કરત અને તેને મેળવવા તત્પર થઇ જાત !"

કુમાર કાંઇ પણ ઉત્તર દે તે પહેલાં તો પાછી વિચિત્ર આકૃતિ હાજર થઇ ગઇ.

" હવે મને કૃપા કરી પત્રનો ઉત્તર આપી દો મારે ઘણે દૂર જવું છે. " નમન કરીને આકૃતિએ જણાવ્યું.

વધારે વિચાર કરવાનો વખત નહોતો. આવેલા પત્રની નીચેજ

" મારે સર્વ લખ્યું તે કબૂલ છે." એવા શબ્દો રાજકુમારે લખી પત્રનો ઉત્તર વાળ્યો અને તે લેઇ આવેલ આકૃતિ અદૃશ્ય થઇ ગઇ.

મોતીલાલબંકા બેહોશજ હતો. તેમને શુદ્ધિમાં આણી પહેરામાં મુકી, કેટલીકવાર સુધી વનદેવી, વિશ્વમોહિની, તેમજ પત્ર લઇ આવેલ અજબ આકૃતિ સંબંધીજ વાતો કરી સર્વ છુટા પડયા અને પ્રાતઃ કર્મથી પરવારી, ચમત્કારપૂર્ણ ખંડેર તોડવા પુનઃ યોજાવા અજાયબગૃહમાં પ્રવેશ્યા.

અજાયબગ્રંથ સાથેજ રાખવામાં આવ્યો હતો; કારણ તેમાં લખેલી વિધિ પ્રમાણે કાર્યક્રમ ચલાવવાનો હતો. ખંડેરમાં પ્રવેશ કરી કાર્યારંભ કરવા ગ્રંથને ઉઘાડી વાંચતાં નીચે પ્રમાણે લખેલું નીકળ્યું:—

આરંભક સૂચન.

સૂર્યાસ્ત પહેલાં એક પ્રહર દિવસ બાકી રહે કે પછી અજાયબગૃહ તોડવાનું કામ આગળ ન ચલાવતાં તૂર્તજ બંધ કરવું. જેમ બને તેમ જલદી ખંડેર બહાર નીકળી જવું.

સૂચન વાંચ્યા બાદ, જે ચોતરાવાળા ઓરડામાં પત્થરનો મનુષ્ય સૂતો હતો ત્યાં કુમાર અને રંગીઓ આવ્યા. ખંડેર તોડવાની શરૂઆત આ ઓરડામાંજ કરવાની હતી.

અજાયબ ગ્રંથમાં કરેલા સૂચન પ્રમાણે, ચોતરાની ઉત્તર તરફ છ હાથ છેટે એક ગોળાકાર ચક્ર જમીન ઉપર ચીતરી કાઢેલું હતું તે સ્થાને રાજકુમારે પોતાના હાથે ખોદવા માંડયું. ખાડો એક હાથ ઉંડો ખોદતાં એક પત્થરની છાટ જણાઇ. છાટના મધ્યમાં તેને ઉંચકી લેવાને માટે એક કડું હતું. રાજકુમારે કડાને પકડી પત્થરને ઉપાડી

બહાર કાઢી વેગળો મૂક્યો. નીચે ભોંયરામાં ઉતરવાનાં ઘરસબંધી સુંદર પગથીઆં જણાયાં.

ભોંયરામાં અંધારૂં જણાતું હતું. પણ પ્રથમથીજ પ્રકાશનું સાધન પાસે રાખેલ એટલે અડચણ ન નડી. પ્રતાપસિંહે પ્રકાશ પ્રકટતાંજ તેના પ્રભાવે સર્વ નીચે ઉતર્યા.

એક વિશાળ સુંદર ઓરડામાં તે આવી પહોંચ્યા. ઓરડો હમણાંજ થોડી ક્ષણ પૂર્વે જાણે કોઇએ વાળી ઝુડી સાફ કર્યો હોય એવો સ્વચ્છ હતો. લેશ પણ કચરાનું તો નામનિશાન પણ અંદર નહોતું.

પ્રવેશ કરતાં બે એક ક્ષણ ભાગ્યેજ થઇ હશે એટલામાં એકાએક ઘનશ્યામ વર્ણનો પ્રકાશ પ્રકટ થતાં ઓરડો ઝગઝગાટ બન્યો. ફાનસનો કૃત્રિમ પ્રકાશ તો ઝાંખોજ પડી ગયો. મંદમંદ સુગંધમય સમિર પણ વહન કરતો સર્વનાં અંગને સ્પર્શ કરવા લાગ્યો.

ઓરડાની મધ્યમાં એક બે નમુન જળયંત્ર-ફુવારો શોભામાં વૃદ્ધિ કરતો હતો. હોજમાં જરા પણ પાણી નહોતું. જળયંત્રને સ્થાને એક ખૂબસુરત પુતળી ઉભી રાખવામાં આવી હતી. જાણે હમણાંજ વાતચીત કરશે એમ ઘણીજ સારી કારિગરીથી પુતળી બનાવેલી હતી. તેના એક હાથમાં રૂપાનો વેલણ જેવડો દંડો હતો અને બીજા હાથમાં એક રૂપાનીજ ગોળ કડી હતી.

રાજકુમારે કડી અને દંડો બન્ને પુતળીના હાથમાંથી લઇ લીધા. કડી પુતળીના જમણા કાને ભેરવી તેના ઉપર દંડાના અજાયબગ્રંથમાં લખેલ સૂચન પ્રમાણે ત્રણ ટકોરા માર્યા.

પુતળીના હોઠ ફફડવા લાગ્યા. વાધનાદ શરૂ થયો; જીવતા મનુષ્યની પેઠેજ તે અજાયબ પુતળી ગાવા લાગી.

પરંતુ માત્ર થોડી ક્ષણ પર્યન્તજ વાદ્યનાદ અને ગાન ચાલું રહ્યાં. એક અવાજ થતાંની સાથેજ પુતળીના અંગના બે વિભાગ થઇ ગયા. તેના પેટમાં એક અલૌકિક અને અનુપમ વૃક્ષ જણાયું. અવનવીન જાતનાં અને પૂર્વે જોવામાં કદી નહીં આવેલાં એવાં પુષ્પો અને ફળો વૃક્ષને ડાળે જથાબંધ બાઝી લટકતાં શોભામાં વધારો કરી રહ્યાં હતાં. ગુલાબ પુષ્પમાંથી નીકળતાં હોય એવી સૌરભ આ વૃક્ષમાંથી બહાર પ્રસરી આવી આખા ઓરડાને મહેકાવી રહી. બે સુવર્ણમય રકાબીઓ વૃક્ષના બે છેડાના ડાળે લટકતી હતી. એક રકાબી ઉપર લખાણ હતું અને બીજીમાં ચાવીઓ ગોઠવેલી હતી.

લખાણવાળી રકાબીમાં નીચેનો લેખ રાજકુમારે વાંચ્યોઃ—

અજાયબ વૃક્ષ.

આ અજાયબ વૃક્ષ નામનું વૃક્ષ છે. તેના પ્રત્યેક અંગમાં હેરત પમાડનાર ચમત્કારો રહ્યા છે. રાજદરબારની તે એક ઉત્તમ શોભા છે. ધનવન્તરી રાધેશ્યામજીએ અનેક સિદ્ધપ્રદ દ્રવ્યોનો સંગ્રહના પરિણામે ખાસ અનુગ્રહ કરી આ વૃક્ષ તૈયાર કરી રાજકુમાર વિજયસિંહજીના અને તેમના કુટુંબના હિતાર્થે તે અત્રે મૂક્યું છે. તેને જીવની પેઠે જાળવવા અને સાચવવા યત્ન કરશો. સાથેની બીજી રકાબીમાં જે ચાવીઓ છે તેનો ઉપયોગ કરતાં અનેક ચમત્કારો જણાશે. અનુકૂળતાએ આ ચમત્કારો અવલોકજો. વિશેષ હકીકત અજાયબ ગ્રંથમાંથી મળશે.

રાજકુમાર લેખ વાંચી ખુશી ખુશી થઈ ગયા. "આ ઘણીજ ઉમદા વસ્તુ આપણને મળી." પ્રતાપ અને અન્ય અનુસંગીઓ તરફ જોઇને બોલ્યા.

"ખરેખર ઘણીજ ઉત્તમ ચીજ." જ્યોતિષીએ જણાવ્યું.

" એક એકથી ચઢીઆતી કારીગરી અને નવીનતા જણાય છે જો. " નવલસિંહે ઉમેર્યું.

" અરે ! હજુ તો કાંઈ કાંઇ અજબ ચીજો મળશે. " પ્રતાપે વધાર્યું.

વાર્તાલાપ ચાલી રહ્યો હતો. એટલામાં ઓરડામાં એક બાજુની દિવાલનો દરવાજો એકદમ ઉઘડ્યો. અત્યાર સુધી તો દરવાજાનું નામ નિશાન પણ નહોતું જણાયું, આ દરવાજે થઇને આગળ વધવાની આજ્ઞા અજાયબ ગ્રંથમાં થયેલી હોવાથી સર્વે આગળ વધ્યા અને એક ઘણાજ ન્હાના પરંતુ સુંદર બગીચામાં પ્રવેશ્યા.

પ્રકરણ ૭ મું

બગીચાની બહાર.

સુખકર સ્થાને એક છે દરે અન્ય સ્થળ હાણ,
સુધા સમી રહી શર્કરા ખરના લેતી પ્રાણ.

આ ગ્રંથના પૂર્વ વિભાગમાં અંધકાર પૂર્ણ ભોંયરામાં મણીકાન્તા સપડાઇ હતી તે હકીકત વાંચી છે. જે ઓરડામાં અજાયબ વૃક્ષ રાજકુમારને પ્રાપ્ત થયું તે ઓરડાની લગોલગ જ આ અંધકારપૂર્ણ ભોંયરૂં હતું. મણીકાન્તા અંધારામાં ફાંફાં મારતી રહેલી તે પાછી વિશ્વમોહિની આગળ આવી પહોંચી, ત્યાં સુધી તેની સ્થિતિ શું બની તે વાર્તા જો કે પાછળથી તેણે રાજકુમારીને જણાવી હતી છતાં વાચકોને હજી સુધી સ્પષ્ટ થઈ નથી તે અત્રે સ્પષ્ટ થાય છે.

આમ તેમ ફાંફાં મારતાં મણીકાન્તાનો પગ એક ન્હાના ખાડામાં પડયો. એકાએક અવાજ સાથે એક દરવાજો ઉઘડયો. કોટડીમાં અજવાળાનો પ્રકાશ પડયો. જે દરવાજો ભોંયરામાંથી ઉતરતાં બંધ થઇ ગયો હતો તે દરવાજો આ નહોતો, પણ બીજોજ હતો. મણીકાન્તાનો આ દરવાજે. થઇને બહાર નીકળ્યા શિવાય છુટકો જ નહોતો; આથી તે દરવાજાને રસ્તે નીકળતાં તે એક બગીચામાં આવી પહોંચી.

રાજકુમાર અને રંગીઓ અજાયબ વૃક્ષવાળા ઓરડામાંથી જે બગીચામાં આવી પહોંચ્યા તે બગીચો અને મણીકાન્તા અંધકારમય ભોંયરામાંથી નવા ઉઘડેલા દરવાજેથી નીકળી જે બગીચામાં આવી તે બન્ને એકજ.

બગીચામાં નાના પ્રકારનાં પુષ્પ વૃક્ષો વિરંગી પુષ્પોસહ ખીલી રહ્યાં હતાં. બાગની એક બાજુ આવી રહેલી ન્હાની નહેર એવી રીતે વહન કરી રહી હતી કે તેમાંનું પાણી બાગનાં વૃક્ષોને જળસિંચન કરવા ઉપરાંત સમગ્ર બાગમાં છંટકાવની ગરજ સારતું.

બગીચામાં સ્હામેજ એક કાળા પત્થરનો બનેલો ભવ્ય ઓરડો આવી રહ્યો હતો. મણીકાન્તા ધીમે ધીમે ફરતી ફરતી ત્યાં આગળ ગઇ. ઓરડામાં વચ્ચોવચ એક સિંહાસન ગોઠવેલું હતું. તેના ઉપર આશરે અડધા વારનો એક સમચોરસ આરસપહાણનો પત્થર ગોઠવેલો હતો. મણીકાન્તાએ આ પત્થરને જોયો તો તેમાં નીચે પ્રમાણે લેખ કોતરેલો હતો:—

" આ સ્થાન ચમત્કાર પૂર્ણ છે. અહીં આવી ફસેલ કોઇ નીકળવા પામે તેમ નથી. હા, જો કોઇ તોડે તો સર્વ કેદીને છોડવે અને અઢળક દ્રવ્ય મેળવે. ખરેર તોડનાર જેવો તેવો ન જોઇએ.

તે પૂર્ણ કૌવતવાન હોવો જોઈએ, નહીં તો તેની મહેનત વ્યર્થ છે."

મણીકાન્તાને આ લેખ વાચતાં જ લાગ્યું કે હવે ઉગરવાનો એક પણ આરો નથી. જે રસ્તે અંદર પ્રવેશ થયો તે માર્ગે હવે બહાર નીકળી શકવાનો સંભવ જ નહોતો. કારણ જે દરવાજેથી અંધકાર પૂર્ણ ઓરડામાંથી તે બગીચામાં આવી હતી તે દરવાજા વિષે તે પુનઃ તપાસ કરવા લાગી તો તે હવે મણીકાન્તાને અદૃશ્ય થઈ ગયેલો જણાયો. અરે ! તે હતો કે નહીં તેનું નામ નિશાન પણ બગીચામાં ન જણાયું. ફરીથી તે સિંહાસન પાસે આવી; પથ્થરને ઉઠાવી લેવાનો વિચાર કર્યો; વળી વિચાર આવ્યો કે લેઇને જવું ક્યાં ? ! જો બહાર નીકળવાનો માર્ગ મળે તો તો તે લેઇ જવો તે પણ કામનો કે કોઇને બતાવાય તો ખરો ! ! પત્થર ખરેખર કિમતી હતો. મણીકાન્તાનો જીવ અત્યારે તેના હાથમાં નહોતો. પત્થરને ઉડાવવા જેવો તેણે પોતાનો હાથ અડકાડયો કે એકાએક તેના શરીરમાં ઝણઝણાટ થઇ ગયો. માથું ઘુમવા લાગ્યું અને થોડીજ વારમાં બેહોશ થઇને જમીન ઉપર પડી.

લગભગ આખો દિવસ મણીકાન્તા આમજ બેહોશ પડી રહી. અને પછી આપોઆપ સાંજના સૂર્યાસ્ત વખતે તે હોશમાં આવી. તે ઉઠીને નહેર આગળ ગઈ. ત્યાં હાથ મ્હોં ધોઇ કંઇક સ્વસ્થ થઇ અને હવે શું કરવું તેનો વિચાર કરવા લાગી.

બગીચામાં દ્રાક્ષવેલી ઉપર મધુરી મીઠડી દ્રાક્ષ ઝુલી રહી હતી. મણીકાન્તાને ભૂખ પણ લાગી હતી. છતાં ઉદાસી અને ગભરાટમાં એક દાણો પણ તે ખાઇ શકી નહીં.

વળી પાછી બગીચામાં સિંહાસનવાળા ઓરડામાં ગઇ. રાત્રિ શરૂ થઇ ગઇ. શ્યામ પત્થરથી બનેલો ઓરડો રાત્રિ પડતાં ચમકવા

લાગ્યો. જેમ જેમ રાત્રિ વધતી ચાલી તેમ ઓરડાની ચારે દિવાલો વિશેષ વિશેષ ચમકારા મારવા લાગી- ભોંયતળીઉં, દિવાલો, છાટ, સર્વ કાંઇ ચમકતાં હતાં. પ્રત્યેક વસ્તુ પૂર્ણ અજવાળામાં હોય એમ જણાતી અને ચમક એટલી જોર વાળી હતી કે લગભગ તે બાજુનો બગીચો પણ ઉજ્વળ થઇ રહ્યો હતો.

આ ચમકારો શાથી થાય છે તે તપાસવા મણીકાન્તાએ ઘણીએ તપાસ કરી-ઘણોએ વિચાર કર્યો પણ કાંઇ સમજણ ના પડી. નવાઇ, ડર અને નાઉમેદીની સત્તા એટલી વ્યાપી હતી કે આખી રાત્રિ એક ક્ષણ પણ તે ઉંઘી ન શકી-પરાણે જાગરણ કરવું પડ્યું.

પ્રાતઃકાળ થતાં વળી બાગમાં મણીકાન્તા ઘુમવા લાગી. બગીચાની જે બાજુથી નહેર આવતી હતી તે બાજુ તરફ ગઇ. એક દિવાલના ગરનાળામાંથી પાણી આવતું હતું. તપાસ કરતાં દિવાલ બહુ પહોળી ન લાગી. ગરનાળાનું મ્હોં ખુલ્લુ હતું. ગરનાળાને રસ્તે બહાર નીકળાશે એવો વેગ તેના હૃદયમાં સ્ફૂર્યો. આશા બંધાઇ. માણસ ખુશીથી જઇ શકે એવું ગરનાળું હોવાથી કપડાં ભીંજાશે તેની જરા પણ સ્પૃહા કર્યા શિવાય ગરનાળા માર્ગે બહાર નીકળવાની હોંશમાં તે નહેરમાં પડી અને દિવાલની બીજી બાજુ તરપ જવા ગોથું માર્યું.

ધારણા ફળિભૂત થઈ. એકજ ગોથામાં તે પેલી પાર જઈ શકી. પાણી બહાર માથું કહાડતાં તેને લાગ્યું કે બાગના કરતાં ઘણોજ વિસ્તિર્ણ પ્રદેશ અત્ર હતો. પાણીની બહાર નીકળી ઘણે લાંબે સુધી દૃષ્ટિ દોડાવી. ચારે તરફ પહાડ પહાડ અને પહાડ અને વચમાં જે નહેરદ્વારા તે બાગમાંથી બહાર આવી તે નહેર શિવાય અન્ય કાંઇ નજરે ન પડ્યું.

મણીકાન્તાએ કપડાં તડકામાં સૂકવ્યાં.

હવે જે દિશા તરફ પ્રયાણ કરવા વૃત્તિને વેગ મળ્યો તે તરફ સીધી ચાલવા લાગી. લગભગ બપોર થવા આવ્યા. મણીકાન્તા ચાલી ચાલીને થાકી ગઇ; તો પણ ચાલવાનો અંત આવે તેમ નહોતું. પહાડ, ખાડ અને મ્હોટાં મ્હોટાં ઝાડ શિવાય બીજું કાંઇજ નહોતું.

એક પહાડની દિવાલની છાયા નીચે જઇ તે શ્વાસ લેતી શ્રમિત થયેલી સહજવિશ્રાંતિ લેવા ના ઉમેદીમાંજ નિરાંતે બેઠી. આ પહાડની દિવાલમાંથી પાણી ઝરણ રૂપે પડીને નહેરના રૂપમાં અત્રથી વહેતું શરૂ થતું હતું. જ્યાં પાણી પડતું હતું ત્યાં એક મ્હોટી બખોલ જેવું જણાયું. દશ બાર ગજ લાંબી અને ગજ દોઢ ગજ પહોળી આ બખોલ હતી. જાણે પહાડ કોતરી આ બખોલ કરી ના હોય એમ મણીકાન્તાને લાગ્યું. ધ્યાનપૂર્વક જોતાં બખોલની વચ્ચોવચ્ચ એક પહોળુ મ્હોં કરીને જાણે મગર ના પડયો હોય એવું જણાયું. આખુ માણસનું માણસ મગરના પેટમાં પેસી જઇ પાછું નીકળી આવે એટલું તેનું પેટ હતું એમ મગરના ખુલ્લા મ્હોંથી જોતાં દેખાતું હતું. બરોબર તેના મ્હોડાની સ્હામે એક પત્થર જમીન ઉપર ગોઠવેલો પડયો હતો.

આ પત્થર ઉપર ઉભાં રહીને જોતાં મગર કૃત્રિમ વા ખરો છે તે અગર તેની કાંઇ કારીગરી હશે તો બરોબર રીતે જણાશે એમ ધારી મણીકાન્તા મગરને અવલોકવા પેલા પત્થર ઉપર ચઢી.

પગ મુકતાંજ મગરે શ્વાસ ખેંચવો શરૂ કર્યો. એવા જોશથી તેણે શ્વાસ ખેંચ્યો કે મણીકાન્તા પેલા પત્થર ઉપર ઉભી ન રહી શકી. હવાના આંચકા સાથે તે ખેંચાઇ અને મગરના પેટમાં જઇ ફસાઇ. પેટમાં તેનું શું થયું અને પછી ક્યાં કેવી રીતે ગઇ તેનું

ભાન મણીકાન્તાને ન રહ્યું; પણ જ્યારે તે હોશમાં આવી ત્યારે એક નાની ઓરડીમાં છે એમ તેને લાગ્યું. ઓરડી માત્ર દશ ફુટ લાંબી અને આશરે બારેક ફુટ પહોળી હતી. એક બાજુ આ ઓરડીની ઉપરની બાજુ ચઢી જવાને પગથીઆં આવી રહ્યાં હતાં.

મણીકાન્તાની અક્કલ ખરેખર બહેર મારી ગઇ હતી. થોડીવાર સુધી તો તે હેરત ભરી ત્યાંજ બેસી રહી. અનેક વિચારો ઉભરાયા પણ આખરે તે કાંઇક પોતાને સંભાળવા શક્તિવાન થઇ. ધીમે ધીમે પગથીઆં ચઢવા લાગી. છેક ઉપર આવતાં નીસરણીનો દરવાજો બંધ થઇ ગયેલો જણાયો. હવે નીચે ઉતરવાનું ન રહ્યું એટલે શ્રી ઇષ્ટ પરમાત્મા જ્યાં લેઇ જાય ત્યાં જવા આગળ વધી.

ચારે તરફ ઉંચા ઉંચા પહાડ અને એક સ્હામેજ નાનીશી ખોજ દેખાઇ. તેમાં અજવાળાનો જાંખો પ્રકાશ પડતો હતો એટલે લાચારીથી મણીકાન્તા આ ખોજમાં પેઠી.

થોડે આગળ જતાંજ એક દરવાજો દેખાયો. તેમાં થઇને આગળ વધતાં કુમારી વિશ્વમોહિનીને નીચા મ્હોંયે ફરતી તેણે જોઇ અને બન્ને મળતાં પરસ્પર ભેટયાં.

* * * * *

રાજકુમાર વિજયસિંહજી અને અનુસંગીઓ પણ બગીચા સુધી તો આવી પહોંચ્યા હતા. પરંતુ અજાયબ ગ્રંથનો તેમને આશ્રય હતો એટલે મણીકાન્તાની પેઠે કાંઇ તેમને ગભરાવાનું કારણ નહોતું, કે સપડાવાનું પણ નહોતું.

અજાયબ ગ્રંથમાં લખેલા સૂચન પ્રમાણે રાજકુમાર અને રંગીઓ બાગ તરફથી પૂર્વમાં આવેલ એક ક્યારી આગળ આવ્યા. આ ક્યારીમાં આશરે ચારેક ફુટ ઉંચું એક નવીન પ્રકારનું વૃક્ષ લીલુ જેવું આવી રહ્યું હતું. તેની એક ડાળીએ જામફળના જેવું

ગોળ એક ચમ્પારંગનું ફળ ઝુકી રહ્યું હતું. રાજકુમારે આ ફળ તોડયું અને જમીન ઉપર રમતું મૂકયું.

ચમ્પાફળ જમીનને અડતાં ત્યાંજ અચકવાને બદલે કુદતું કુદતું આગળ ચાલવા લાગ્યું. રાજકુમાર અને રંગીઓ તેની પછ-વાડે પછવાડે જવા લાગ્યા. જુદા વેગમાં ચકાવો ખાતા આ ચમ્પાફળે દરેક ક્યારી પાછળ બધાને ફેરવ્યા. આખરે ફળ એક સ્થાને અટકવાથી સર્વ ત્યાંજ અટકયા. રાજકુમારની આજ્ઞા પ્રમાણે જે ઠેકાણે ફળ અટકયું તે જગા ખોદવાની હતી. એ ત્રણેક હાથ ખાડો ખોદાયો હશે એટલામાં જયોતિષીજીએ જણાવ્યું કે:—"માત્ર પ્રહર દિવસજ હવે બાકી રહ્યો છે માટે હવે બહાર નીકળી જવું જોઇએ."

આગળ ખોદવાનું કામ બંધ રાખી સર્વ બહાર નીકળવા પાછા ફર્યા. ચબુતરા ઉપર પત્થરનો મનુષ્ય સુતો હતો ત્યાં આવી પહોંચ્યા. પત્થરની જે છાટ ઉઠાવી બહાર મૂકી હતી તે છાટ પાછી હતી તેમ ગોઠવી રસ્તો બંધ કર્યો અને તેને તાળું લગાવી દીધું. ચારે જણા બહાર નીકળી રાજકુમારના તંબુએ આવ્યા.

પ્રકરણ ૮ મું.

સરિતાની સહેલ.

આ સંસાર છુપી રહી, ત્રિયા રત્નરૂપ ખાણ;
જે જન ખરા સગુણ છે, કરતા તેજ પિછાણ.

અત્યારે લગભગ મધ્ય રાત્રિનો સમય થવા આવ્યો હતો. રાત્રિ અજવાળીઆની હોવા છતાં વૃક્ષ ઘન-ઘટામાં અંધકાર છવાયાથી અંધારૂં ઘોર થઇ જઇ જંગલ ભયાનક દીસતું હતું.

તોપણ શ્રી વનદેવીનો પત્તો મેળવવા પ્રયાસ કરતા પ્રતાપસિંહ, .વલસિંહ અને જ્યોતિષીજી સંધ્યા સમયથી આમ તેમ ફાંફાં મારતા, ત્યાર સુધી લેશ પણ નવલ વિશેષ મેળવ્યા શિવાયજ રખડતા મડતા, થાકેલા પાકેલા, કંટાળેલા, આગળ ચાલતા ચાલતા, ધીચ .ડીમાંથી બહાર નીકળી ચાંદનીમાં આવી પહોંચ્યાં.

એવામાં સ્હામે એક ચાલ્યા જતા અજાણ્યા અશ્વારોહી સવાર ાર નવલસિંહની નજર પડી. મુખવટો ધારણ કરેલા આ ઘોડેસ્વારનો ાણવેગ અમલગઢની દિશાનો હતો. અશ્વની ગતિ સામાન્ય રીતે મંદ ાી એમ કહીએ તો ચાલે. સવાર થોડે થોડે અંતરે પાછું વાળી ાતો અને પાછો આગળ વધતો નિસ્પૃહપણે ચાલ્યો જતો હતો.

ત્રણે રંગીઓના નરમ થઈ ગયેલા પગમાં પાછુ ઉત્સાહનું ાકિ જોર આવ્યું. પત્તો વખતે મળશે એમ આશા બંધાઇ. ત્રણેએ ાલ્યા જતા સવારનો પીછો લીધો.

ઘોડેસ્વાર એકાદ માઇલ સુધી આગળ વધી એક વિશ્રામસ્થાન ાવતાં, ત્યાં ઘોડા ઉપરથી ઉતરી પડયો. ત્યાં એક વિશાળ વડના ઝાડ ા બીજાં ઘણાં ઘોડાં બાંધ્યાં હતાં. ત્યાં પોતાનો અશ્વ પણ બાંધ્યો. ાસનો ઢગ ત્યાં મારેલો પડેલો હતો તેમાંથી ઘાસ લઇ પોતાના ાશ્વને નીર્યું અને ચાલતોજ એક દિશા તરફ આગળ વધ્યો.

ત્રણે રંગીઓ પણ તેની પુંઠે લાગેલાજ રહ્યા.

આગળ આગળ મુખવટો ધારણ કરેલ પેલો સવાર અને ાછળ પાછળ કુંવરના અનુરંગીઓ આશરે પંદર વીસ મિનિટ ચાલ્યા. ાદ એક સરિતા કિનારે આવી પહોંચ્યા.

સહેજ દુર પણ સ્હામેજ સરિતામાં રોશનીનો પ્રકાશ જણાયો. .હેજ આગળ વધતાં સ્પષ્ટ દેખાયું કે એક સુંદર નાવ સરિતાના

મધ્યમાં તરતું હતું. અપ્સરાને પણ હંફાવે એવી કેટલીક સ્વરૂપસુંદરીઓ વસ્ત્રાલંકારથી શોભતી નાવની સહેલ કરતી હતી. મધ્યમાં આવી રહેલા એક સુવર્ણમય સુશોભિત સિંહાસન ઉપર સર્વ સુંદરિઓની અધિષ્ટાતા રૂપ એક દેવી બિરાજમાન થઈ હતી. આકાશમાં ચંદ્ર અને સરિતા જળ ઉપર રમતા નાવમાં આ દેવીનો મુખચંદ્ર એમ બે ચંદ્ર સ્હામસ્હામે ચમકારા મારી રહ્યા હતા.

મુખવટો ધારણ કરેલા સવારે કિનારે પહોંચતાંજ એક સીસોટી લલકારી. નાવમાંથી પણ ઉત્તર સીસોટીદ્વારાજ મળ્યો. તરતજ બે રમણીઓ ઉઠી નાવની સાથે બાંધેલી એક ન્હાની પનાઇમાં બેસી કિનારે આવી, અને સવારને લેઇ પાછી નાવ તરફ ફરી.

" અહાહા ! આ રમ્ય રાત્રિએ ચળકતી ચાંદનીમાં આ નિર્મળ નદીમાં રમતા નવરંગ નાવ ઉપર આ રમણીઓ કેવી અલૌકિક આનંદ ભોગવતી કલ્લોલ કરી રહી છે ! !" પ્રતાપસિંહે બીજા બે રંગીઓને કહ્યું.

" ખરેખર સ્વર્ગની સુંદરીઓજ જાણે સરિતાની સહેલગાએ આવી ચઢી છે જો ! ! "—જ્યોતિષીજીએ પૂર્તિ કરી.

" અરે પણ જોષી મહારાજ ! જો જો આ પરીઓ આપને ઉડાવીને લેઇ ના જાય ? નહીં તો અમને તો પાછી તમારી ખોટ પડશે." નવલસિંહે હાસ્ય કર્યું.

" મને લાગે છે કે કુમારે જે વનિતાવૃન્દ જોયેલું તે આજ ?" પ્રતાપે પાછું ચલાવ્યું.

" મને પણ લાગે છે તો એમજ." નવલસિંહે હાજીઓ પુર્યો.

" ત્યારે બુઢ્ઢા અફીણીની માફક બગાસાં મારતા બેસી રહેવાથી શું ફળ ? ! તરીને ઉપડોને—" જ્યોતિષીજીએ નવલ તરફ જોઇ કહ્યું.

"પણ ત્યારે તમે શું કામ સાથે આવ્યા છો? અમે તો આજસુધી સાંભળતા હતા કે જોષી બાવા આવા છે ને આવા છે; પણ આજે તો પાણી જણાઇ ગયું. ઢમઢોલ ને માંહી પોલ જેવું લાગે છે તો—નહીંતો જરી નાક દબાવીને પત્તો મેળવોને કે આ કોણ છે?" નવલસિંહે જોષીને ચ્હીડાવવા પ્રયત્ન કર્યો.

"શું હું મારૂં કપાળ કહું?! નાક પકડયામાં અમે કયાશ રાખી હશે કે!? પણ આ સર્વતો મારા જેવાને પણ ગજવામાં લેઇ ફરે છે. તે તો મારી પણ ગુરૂ છે. સર્વેએ પોતાનું નામ બદલ્યું છે. કોઇ પોતાના ખરા નામથી પરસ્પર પણ વાતચીત નથી કરતી. નામનો પત્તો લગાડવા હું મહેનત કરૂં છું તો અજબ અજબ નામો નીકળે છે. યોગિની, વિયોગિની, ભુતિની, ડાકિણી, શાકિણી, પિશાચણી, એવાં નામ નીકળે છે. કહો આવાં નામ આ અપ્સરા જેવીઓનાં કદી ખરાં હોય?!" જોષીજી મહારાજે જવાબમાં હકીકત જણાવી.

"પણ તેમને નામ બદલવાનું શું પ્રયોજન ?!" પ્રતાપે પાછો પ્રશ્ન કર્યો.

"અમને બનાવવાને-અમને જુડા પાડવાને—" જોષીજીએ સહેજ ચ્હીડવાઇ કચવાઈ જવાબ આપ્યો.

"હશે ખેર, નામની વાત જવાદો પણ ત્યારે તેમના રહેઠાણનો પત્તો તો જણાવો," પ્રતાપે છેડો ના મુકયો.

"રમલમાં જોતાં તેમનું નિવાસસ્થાન જળ છે અર્થાત્ તે જળવાસી એટલે કે માછલીઓ અથવા જળદેવીઓ છે. લ્યો લ્યો કહો આમને તે માછલીઓ માનવી કે જળદેવીઓ ?!"

"પણ તે તો સત્ય છે. જુઓને દેખીતી રીતેજ તે જળવાસી

છેકે નહીં ?!" પ્રતાપે જ્યોતિષીજી મહારાજને ઠંડા પાડવા પ્રયત્ન કર્યો.

"જુઓ ભાઈ! રમલવિદ્યામાં હવા, પાણી, પૃથ્વી અને અગ્નિ આ ચાર દ્રવ્યો હમેશાં વિઘ્નરૂપ છે. જો કોઈ ચાલાક વ્યક્તિ આ ચાર દ્રવ્યોનો ફેરફાર કરી એકાદ પ્રવીણમાં પ્રવીણ રમલ શાસ્ત્રિને હંફાવવા ધારે તો તેમાં તે ફાવે. જોષીજી છેતરાય, તે જુઠા જણાય અને તેમનાં પોથીપાનાં થોથાં બની જાય." જોષીજીએ સ્પષ્ટ હકીકત જણાવી.

"એ કેવી રીતે ? મહેરબાની કરીને સ્પષ્ટ સમજાવો કે વખત આવ્યે કોઈવાર કામમાં તો આવે ?" નવલસિંહે અજાયબ ભરી આંખ્યે પ્રશ્ન કર્યો.

"એકવાર જે કામે આવ્યા છો તેમાંથી તો પરવારો, પછી બીજી પંચાતો કરો. મને તો લાગે છે કે ચાલો આપણે નદીમાં કુદી પડીએ અને તરીને નાવ પાસે જઇએ. કાંઇનો કાંઇ પત્તો તો મળશેજ."

જોષીજીનું આ કહેવું બન્ને રંગીઓને બરોબર લાગ્યું. ત્રણે રંગીઓએ પહેરેલાં વસ્ત્ર ઉતારી કિનારે મૂક્યાં અને લંગોટ ભેરજ સરિતામાં પડી તરતા તરતા નાવ તરફ વધ્યા.

પરંતુ પાંચ સાત હાથજ તે આગળ વધ્યા હશે એટલામાં કિનારે એક સીસોટીનો અવાજ સંભળાયો, સાથેજ નામનો ઝળહળતો પ્રકાશ ઓલવાયો. બીલકુલ અંધારૂં છવાઇ ગયું. નાવ એકાએક જાણે જળમાં ગરક થઇ ગયું–નજરથી અદૃસ્ય થઇ ગયું.

"લ્યો જાઓ હવે તરીને નાવ પાસે !" નવલસિંહથી ન રહેવાયું.

"અરે! આ શું થયું?" જોષીજીએ ગભરાઇ પૂછ્યું.

"અંધારૂં."

"હવે શું થશે?"

"મ્હોત."

"ઉગરવાનો ઉપાય?"

"એક પણ નથી."

"હવે શું કરવું?"

"યમરાજનું આરાધન."

"નવલ! તું આ શું બોલે છે?"

"હું ખરૂં કહું છું."

"શું ધૂળ ખરૂં કહે છે?"

"હમણાંજ ખાત્રી થશે."

"શાની?"

"મરણની."

"કોણ મરશે?"

"હું અને તમે."

"અને પ્રતાપ?"

"તે પણ આપણો સાથી થશે."

"અફસોસ! હું ગભરાઉં છું."

"શા માટે?" નવલે પૂછ્યું.

"મ્હોતથી." જોશીએ ધ્રુજતા અવાજે કહ્યું.

"તમારે શા માટે બ્હીવું જોઇએ? તમે તો ત્રિકાળજ્ઞાની જોશી છો. અરે મ્હોતના પણ મિત્ર છો."

"નવલ! આ વખતે મશ્કરી છોડી દે."

"શા માટે? મરતાં પહેલાં તો આનંદ કરી લેવા દો."

"તને આનંદ થાય છે અને મારો જીવ જાય છે. મારા હાથ પગ થાક્યા છે. પાણી પણ પી જવાય છે. આંખે કંઇ પણ દેખાતું નથી. ઓ પ્રતાપસિંહ તમે ક્યાં છો?" જોશીએ બૂમો પાડવા માંડી.

પ્રતાપ વ્યાકુળ હૃદયે બોલ્યો; "મહારાજ ! ગભરાશો નહિ. હું નજીકમાંજ છું."

"આ બધું શું બન્યું?" પુનઃ જોશીએ પૂછ્યું.

"સાળો સેતાની ચરખો ચાલ્યો ગયો? પૂરી કમબખ્તી થઇ–" પ્રતાપ અકળાઇ બોલ્યો.

"મેં તો પ્રથમથીજ નહોતું કહ્યું કે આ એક ઉપાધિરૂપ બલાજ છે. તમે માનતા નહોતા 'પણ હવે ખાત્રી થઇ હશે કે હું સાચુંજ કહેતો હતો, મારી વિદ્યાને પણ હંફાવી." જોષી મહારાજે કહી દીધું.

"હશે હવે ગમે એમ કરી ચાલો પાછા કિનારે, નાહક ફૂટાયા. મને તો લાગે છે કે કોઇ બાતમીદાર આપણી પાછળ રહેલો. તેણે આપણે પાણીમાં પડયા કે સીસોટી સપાટી કાઢી સર્વને ચેતવ્યાં એટલે અંધારૂં થઇ ગયું. પહેલેથીજ એવી ગોઠવણ રાખેલી–" નવલસિંહે વધાર્યું–"પણ કમબખ્તે આપણે પાણીમાં પડયા પછી સીસોટી બજાવી. પહેલીજ બજાવી હોત તો પાણીમાં પડતજ શું કામ?!"

આમ વાતો કરતા–ગભરાતા આખરે ત્રણે રંગીઓ તરીને ના છુટકે પાછા કિનારે આવ્યા.

પહેરવાનાં કપડાં શોધતાં તે કિનારે નહોતાં

આટલી ઉપાધિ વેઠવી પડેલી છતાં કિનારે ત્રણ બદરૂપ બનેલા રંગીઓ એક બીજા સ્હામે જોઇ હસી પડયા.

જોશીના જીવમાં હવેજ જીવ આવ્યો. ત્રણેની દશા દિગંબર જેવી બની.

"જોષીજી મહારાજ ! જયશ્રીકૃષ્ણ ! લ્યોજી ! કપડાં પણ ગેબ ! હત્ તારૂં સત્યાનાશ જાયરે આફત ! હાશ દાઝ તો એવી વ્હડે છે કે જાણે પાટવાં પાંચ જઇને મારૂં પણ હાથ આવે ત્યારેકની !?" નવલસિંહે હસવા સાથે હાંસી કરવા જેવું કરવા માંડયું.

" નહીં ! તેમને ઘટે છે તો ધન્યવાદ ! રંગવિદ્યા રૂડી રીતે અજમાવી છે. એવી સરસ રીતે વાપરી છે કે ભલભલા આપણ ત્રણે રંગીઓને ધાપ ખવરાવી દીધી." પ્રતાપે પ્રશંસા કરવા માંડી.

" હાજી, હા, હજી વધારે વખાણ કરોને કે વખતે સાંભળે તો તમારા ઉપર મહેરબાની બતાવે ને હવે વધારે ન સતાવે." નવલસિંહે ટોળ કર્યું.

" હવે સતાવવામાં તો શું બાકી રાખી છે. નવસ્રા તો કરી મૂકયા."

"લ્યો, હવે મુંગા મુંગા ચાલો પાછા. હવે કાંઇ વળે તેમ નથી લાગતું."

ત્રણે રંગીઓ માત્ર લંગોટભેરજ કાંપતા કકળતા તંબુ તરફ વળ્યા.

પ્રકરણ ૯ મું.

ડોસીએ દાટ વાળ્યો.

> ધાર્યું સિદ્ધ થવા ઘડે. ઘણા ચતુરો ઘાટ,
> કાર્ય વણસતાં વાર શી ? ક્ષણમાં વળતો દાટ.

રાજકુમારની રાત્રિ પણ જાગરણમાંજ ગઇ હતી. સ્હવાર થવાને હવે થોડીજ વાર હોવા છતાં તંબુમાં દીવો નિસ્તેજ પ્રકાશ આપી રહ્યો હતો. આ વખતે ત્રણે રંગીઓને નિરાશ બનેલા બેઢબ રંગમાં પાછા આવેલા જોઇને કુમારશ્રી ઘણોજ ખેદ પામ્યા.

" હમણાં તો અમારી સુરત માત્ર જોઇનેજ સંતોષ પામો. અમારી દયામણી દશાની અને હાલ હેવાલની હેરાન કરનારી હકીકત જરા વિશ્રાન્તિ લઇને આપને વિવેદન કરીએ છીએ. " એક રંગીએ કુમારશ્રીના હકીકત શી બની ? તે પ્રશ્નના ઉત્તરમાં સવિનય જણાવ્યું.

રંગીઓએ પોત પોતાનાં કપડાં મંગાવી બદલ્યાં; બાદ કયા ફંદામાં તે ત્રણેય ફસાયા હતા તેની વિગત જાણવા કુમારે ઉત્કંઠા જણાવી.

" અરે એવી વીતી છે કે આખો જન્મારો નહીં ભૂલાય. " પ્રતાપે આરંભમાં કહ્યું.

" પણ શું થયું તે તો કહો ? " કુમારે આતુરતાથી વચ્ચે પ્રશ્ન કર્યો.

" રાજકુમારશ્રી ! જેના ઉપર આપ આમ દિલોજાનથી જાનની ખુવારી કરવા તૈયાર થયા છો અને જેની શોધ માટે અમે માર્યા માર્યા ફરીએ છીએ, તે આપના ઉપર અપ્રતીમ પ્રીતિ ધરાવતી હોવા છતાં, કોણ જાણે કેમ અને કયા હેતુથી સંતાકુકડી રમે છે તે જરી પણ કળી શકાતું નથી. "

" કેમ ત્યારે કાંઇ પણ પત્તો નથી લાગતો ?! "

"આંખ્યે આંખ્યથી જોઇ આવ્યા. નજરો નજર નિહાળી આવ્યા અને તેની આ સજા મળી. એક એકથી ચડતા ચિત્રરંગીઓ અમને પણ પાણી ભરાવે તેવા તેની પાસે છે. જો પહેલેથી આવું જાણ્યું હોત તો જરા વધારે સાવધ અને તૈયાર થઇને જાત. "

" પણ શું જણાયું તેનો તો ખુલાસો કરો ? "

પ્રતાપસિંહે અથ ઇતિ હકીકત કુમારશ્રીને નિવેદન કરી.

હેવાલ દયાજનક હોવા છતાં રાજકુમારને હસવું આવ્યા વિના નરહ્યું.

" કેમ આપની વિદ્યા ઉપર પણ તેણે અમલ ચલાવ્યો કે ? " જ્યોતિષીજી તરફ જોઇ કુમારે પૂછ્યું.

" અરે કાંઇ વાતજ ના પુછશોને, જે બન્યું તે બન્યું. "

" પણ ત્યારે જ્યારે કાંઇ પણ પત્તો નથીજ લાગતો તો વખતે આમાં વ્હેમસિંહનો હાથ અને તેનો પ્રપંચતો નહીં હોય ? " રાજકુમારને શંકા થઇ.

" ના જી. તે સંબંધી મેં પુરતો વિચાર કર્યો છે. આમાં વ્હેમસિંહનો કંઇ પણ હાથ નથી. વખતે આ લોકને તેની તો ખબર પણ નહીં હોય." પ્રતાપસિંહે નિશ્ચયાત્મક ઉત્તર આપ્યો.

હવે શું કરવું તે સંબંધી વિચાર કરવાનું રહ્યું.

"મને લાગે છે કે આજે આપણે દિવસેજ પત્તો લગાડવા જઈએ તો કેમ!!" રાજકુમારે ઉદ્ગાર કાઢ્યો.

"પણ ત્યારે ખંડેર તોડવાનું કેમ!!" પ્રતાપે પ્રતિ પ્રશ્ન કર્યો.

"એક રોજ તે કામ બંધ રાખીશું તો કાંઇ વાંધો આવશે?"

"ના, બીજો વાંધો તો નહી આવે. માત્ર એટલુંજ સાબીત થશે કે, વિશ્વમોહિનીનો મોહ હવે આપે ઉતાર્યો. તે આપના દિલથી ઉતરી."

"કદિ નહીં! રાજકુમારીથી વિશેષ આ દુનિયામાં મને કોઈ નથી, પણ કોણ જાણે કેમ આ વનદેવીનો વૃતાંત પણ મારા જીવને ઉથલપાથલ કરી નાંખે છે."

વાર્તાલાપ ચાલી રહ્યો હતો એટલામાં ચોપદારે પ્રવેશ કરી નમન કરી જણાવ્યું:-"એક વૃદ્ધ ડોસી બહાર ઉભી છે. તે પ્રવેશની આજ્ઞા માગે છે. પૂછતાં કાંઇ પત્તો બતાવતી નથી. રાજકુમારશ્રીના લાભની વાત લાવી છું અને તે તેમનેજ કહેવાની છે એમ તેનું કહેવું છે."

પ્રવેશની આજ્ઞા થઇ અને થોડીજ ક્ષણમાં એક વૃધ્ધ ડોસી પ્રત્યક્ષ આવી ઉભી.

ડોશીને નીરખતાંજ સઘળાને હસવું આવ્યું. નવલ એકદમ ઉભો થયો અને ડોશીમા તરફ ટોળથી જોઇ બોલ્યો; "અહા! કેવી ભયંકર બલા?"

"કોને કહે છે?" ડોશીએ ભ્રકુટી વક્ર કરી કહ્યું.

"તમને નહિ." નવલે પતાવ્યું.

"ત્યારે? તું કંઇક બબડયોને?"

"એ તો મેં એમ કહ્યું કે ભયંકર ડોશી કરતાં આ ડોશી કેવાં સુંદર છે?"

ડોશી ખડખડાટ હસી અને બોલી; "હું ઘણીજ સુંદર છું."

નવલથી બોલ્યા વિના ન રહેવાયું. તે ધીમેથી બબડયો.

"ખરેખર! આતે પિશાચનો પડદો ફાટયો કે ડાકણનો દરવાજો તુટયો!?"

વૃધ્ધ ડોસીએ નવલસિંહના શબ્દો સ્પષ્ટ સાંભળ્યા. તેની આંખ્યો લાલચોળ થઇ ગઇ. ક્રોધયુક્ત મુખમુદ્રા કરી ભવાં ચઢાવી તે બબડી. "બસ પતી રહ્યું, હવે હું જાઉં છું. કાંઇજ નહીં કહું. પણ તેમાં મારે શું?! નુકશાન થશે તો આ કુમારને. આ નખ્ખરખંદાએ સઘળું બગાડયું." ડોસી બબડતી બબડતી તંબુ બહાર ચાલી નીકળી. મહા મુશીબતે કુશળ ચોપદારે તેને સમજાવી પટાવી પાછી અંદર બોલાવી.

વૃધ્ધ ડોસી પણ એક અજબ રંગી જેવી જણાતી હતી. ઉમ્મર આશરે પોણોસો વર્ષની હશે. વાળ તમામ સફેદ થઇ ગયા હતા. દાંત અડધા ઉપરાંત જતા રહ્યા હતા. આગલા મ્હોટા બે દાંત બહાર નીકળી આવેલા તેમાં જાણે કીડા પડયા હોય તેમ ખવાઇ ગયેલા જણાતા હતા. તેણે પહેરેલાં કપડાં તદ્દન મેલાં હતાં. માથે સાલ્લામાં મ્હોટી માથાવટી પડેલી જણાતી હતી. હાથે સાદી બંગડીઓ, પગે કલ્લાં; કોટમાં એક બે સેરની કંઠી, નાકે નથની, અને કાનમાં લટકતાં લોળીયાં, એમ અલંકાર તેણે ધારણ કર્યાં હતા અને કપાળની વચમાં લગભગ એક રૂપિયા જેવડો મ્હોટો ચાંલ્લો કર્યો હતો.

"કેમ શું કહેવાનું છે?" ડોસી પુનઃ તંબુમાં પ્રવેશતાં પ્રતાપે પૂછ્યું.

"કહું છું જરા સાસખાઇને, પણ તે તમને નહીં; મારે તો જે કહેવાનું છે તે આ કુમારને કહીશ."

"વારૂ મને તો કહેશોને ?" રાજકુમારે પુછ્યું.

"હા, તમને તો કહીશ. તમારી તો મતલબની બાત છે." ડોસીએ એકાએક ઉધરસ ખાવા માંડી.

"રાંડની! હવે એક કલાક ખાંસી ખાઇ રગરગાવશે ત્યારે કહેશે." નવલસિંહ મનમાંજ બબડયો.

"જુઓ પાછો આ વચ્ચે કાંઇક લવે છે. લ્યો મારે તો કાંઇ નથી કહેવું." નવલસિંહના ફફડતા હોઠ જોઇને ડોસીએ પુનઃ મરડાયાનાં ચિન્હો બતાવ્યાં.

"ના, ના. હવે કોઇ કાંઇ નહીં બોલે." રાજકુમારે સર્વેને વાર્યા.

"જુઓ સાંભળો, હું જે કહું છું તે ફક્ત તમારા લાભનીજ વાત છે, તે સાંભળીને તમે રાજી રાજી થઇ જશો. પણ તેના બદલામાં મને પણ તમારે રાજી કરવી પડશે."

"હા, જરૂર; તમને પણ રાજી કરીશું."

"જુઓ, ત્યારે પ્રથમ લ્યો સોગંદ, કે તમારે રાજકુમારે કે તમારા માણસો પૈકી કોઇએ પણ મને કાંઇ કહેવું નહીં, મને મારવી ઝુડવી નહીં, કે એ કરવાનો ખ્યાલ પણ ના કરવો."

"અરે એમ તે થાય કે? તમે અમારા લાભની વાત કરો ને અમે તમને ઉલટા હેરાન કરીએ?"

"હા, ઘણે ઠેકાણે આજ કાલ એવું થાય છે. ઉલટો ચોર કોટવાલને દંડે એવું બને છે. મારી પાસે મતલબની વાત જાણી લઇ પછી મને ફસાવો એવું થવું ન જોઇએ. કારણ મેં જે કામ કર્યું છે, સાહસ ખેડયું છે તે એવું જબરૂં છે, કે તમારા રંગીઓ હજાર વરસ લગી માથાં પટકી મરી જાય, તોપણ તેમનાથી કાંઇ ના વળે. આ મારી વાતથી સઘળો ભરમ ખુલશે. તેમને ગાયે બધ-

જશનો પોટલો રહેશે અને મને જશ મળશે. તેથી તે મને સતાવ્યા વગર નહીં રહે. માટે પહેલી મારી માગણી પ્રમાણે પ્રતિજ્ઞા લ્યો.” ડોસીએ પોતાની ઇચ્છા જણાવી.

વૃદ્ધ ડોસીની વાત સાંભળી તમામને નવાઇ લાગી. એવું કયું ઉત્તમ લાભનું કામ તેણે કર્યું હશે તે જાણવાની સર્વેને ઇચ્છા થઇ.

આખરે રાજકુમારે ડોસીની માગણી મુજબ પ્રતિજ્ઞા લીધી.

“જુઓ ત્યારે તમારી વનદેવીનો પુરેપુરો પત્તો હું તમને બતાવું છું, સાથે એક એવી યુક્તિ પણ જણાવું છું કે એક ક્ષણવારમાં આ અજાયબગૃહને તોડી વિશ્વમોહિની રાજકુમારીને પણ તમે મેળવી શકો.”

એટલા સર્વ ખુશી ખુશી થઇ ગયાં. અત્યાર સુધી લીધેલી અને મિથ્યા બરબાદ ગયેલી તમામ મહેનત હવે થોડીજ પળમાં આજે ફળીભૂત થવાનો પ્રસંગ આવીને ઉભો રહ્યો. વિશ્વમોહિની અને વનદેવીની મૂર્તિઓ આંખ્ય આગળ રમવા લાગી.

વનદેવીનો વૃત્તાંત અને અજાયબગૃહ એક ક્ષણમાં તોડી વિશ્વમોહિની પ્રાપ્ત કરવાની યુક્તિ સાંભળવા અધીરા બનેલા સર્વ એકે અવાજે બોલી ઉઠયાઃ–“ કહો ત્યારે હકીકત જલદી કહો.”

“હા કહું, પણ મારા ઇનામની વાત તો પહેલી કરો.”

“જો તમારી વાત સાચી નીકળશે તો મ્હોં માગ્યું ઇનામ આપીશું.”

“તો લ્યો તેવી પ્રતિજ્ઞા.”

“પણ શું ઇનામ માગશો તે તો જણાવો?”

“મારી માગણી નજીવી છે. મારે ભારે ઇનામ નથી જોઇતું. બસ એજ કે વિશ્વમોહિની અને વનદેવીની સાથે તો મારા પ્રભાવના

પ્રતાપે તમે જ્યારે ત્યારે પાણી ગ્રહણ કરશોજ, પણ મારી સાથે તો આજેજ નક્કી કરી નાંખો. હું ઘણી મુદતથી આપના પ્રેમ ફંદે ફસાઇ છું. આપને મેળવવાની યુક્તિ શોધવામાં તો મેં મારી આખી જુવાની ગુમાવી છે. આજે પ્રભુ કૃપાથી જોગ મળ્યો છે તો વાર ના કરો. મારી જુવાની નાહક એળે ચાલી જાય છે. પછી પસ્તાવું પડશે. " ડોસીએ પોતાની માગણી જણાવી.

રાજકુમાર અને ચિત્રરંગીઓના ગુસ્સાનો ડોસીની માગણી સાંભળતાં પાર પણ ન રહ્યો. ચહેરો લાલચોળ થઇ ગયો. નવલ તો એકદમ ખડખડાટ હસી પડયો અને બોલ્યો, " વાહ ! શું સુંદરતા ! આવી ખુબસુરત પરી કુમારને કદાપિ મળે જ નહિ. વાહ વાહ. "

" તેં બરાબર કહ્યું. તું ખરેખરો પરિક્ષક છે. " ડોશીએ નવલ સામે જોઈ હસી દીધું.

નવલને હસવું માતું ન્હોતું. તે વારંવાર રાજકુમાર અને ડોશીના મુખ સામે જોતો હતો. રાજકુમારની આંખ્યો ક્રોધથી લાલચોળ થઇ રહી હતી. ડોશી આ વખતે હસતી હતી. તેના મોની આગળ આવેલા દાંત બહાર બરાબર દેખાતા હતા.

મશ્કરા નવલે કુમારની નજીક જઇ ધીમેથી કહ્યું; " કેમ ! આ બુલબુલ પસંદ છેને ? "

કુમારે ક્રોધથી તેના સામે જોયું, પણ કંઇ કહ્યું નહિ.

ડોશી સમજી કે તેણે મારા વિશે કંઇક કહ્યું. આમ સમજી તેણે નવલને પૂછ્યું; " કાં; તે મારા પસંદ કરેલા પતીને શું કહ્યું ?"

પતી શબ્દ સાંભતાંજ રાજકુમારનો પીત્તો ખસ્યો. તેણે તલ્વારની મૂઠ પર હાથ નાખ્યો; પણ તરત પ્રતાપે કંઇક સંજ્ઞા કરી કુમારને સમજાવ્યો.

નવલને શાન્ત જોઇ પુનઃ ડોશીએ પૂછ્યું; "કેમ અલ્યા! કાંઇ બ્હેરો છે કે શું?"

"ના, માજી! હું તો સાંભળું છું." નવલે કહ્યું.

ડોશી ગુસ્સે થએલી જણાઇ. તેણે કહ્યું, "તેં હમણાં શું કહ્યું?"

"ક્યારે?"

"હમણાં."

"કુમારને મેં કહ્યું કે આવી ખૂબસુરત નવ જુવાન રમણી તમને ફરીથી મળશે નહિ; માટે આ મરૂભૂમિની મોહિનીને એકદમ રાણી બનાવી દયો."

"હું તારી પર ખુશી થઇ. તને પણ મારા જેવી સુંદરી લાવી આપીશ. પણ હમણાં ત્હેં મને શું કહીને બોલાવી એ તો કહે?"

"મેં શું કહું એ તો હું ભુલી ગયો."

"તું જુઠ્ઠો છે."

"તમારા સમ હું ભૂલી ગયો."

"યાદ કર." ડોશીએ જીદ પકડી.

નવલે કહ્યું, "હવે યાદ આવ્યું."

"કહે ત્યારે?"

"મેં તમને માજી કહ્યાં."

"માજી એટલે મા."

"હા."

"ત્યારે શું હું તારી મા થાઉં?"

"હાસ્તો. મારા બાપનાં સગાં વહુ."

"ચૂપ મરી રહે. હું તો કુમારની પત્ની એટલે એક લેખે તારી ભાભી ગણાઉં."

" ઓય મારા બાપ! આવાં આબી સ્વપ્નામાં પણ ન આવશો." આમ મનમાં બોલી નવલે કહ્યું." હશે જવા દો એ વાત."

" જવા કેમ દઉં? તું મૂને આજ કહી જ કેમ?"

" લ્યો હવે નહિ કહું."

" સોગન ખા."

" ખાધા."

" કોના?"

" તમારા."

" તારા બાપના સમ ખા. હું મરૂં તો તારૂં શું જાય?"

નવલે સોગન ખાધા.

આ વખતે પ્રતાપસિંહ ઉંડા વિચારમાં પડયો હતો. વિચારમાં તે વારંવાર બુઢ્ઢી સામે નજર કરતો હતો. સઘળા શાન્ત હતા. શાન્તિ વ્યાપી રહી. કોઇ કાંઇ બોલતું ન્હોતું.

પણ આખરે ડોશીથી બોલ્યા વિના રહેવાયું નહિ. તેણે મોટા અવાજે કહ્યું; " રાજકુમાર?"

તેના ખોખરા–અસ્પષ્ટ પણ મોટા અવાજથી સઘળા ચમક્યા. કુમારે ગુસ્સાથી પૂછ્યું, " કેમ શું છે?"

" આમ કેમ બોલો છો? પત્ની તરફ આવી રીતે વર્તન ચલાવાતું હશે કે? હશે ખેર? હજી તમે કુંવારા છો એટલે ક્યાંથી સમજો. ઠીક પછીથી સમજાવીશ. બોલો હવે શું કરવું છે?"

" શાનું?" કુમારે પૂછ્યું.

" મારૂં?"

" તમારૂં?"

" હા."

" તમારી શી મરજી છે?"

"મારી મરજી તો તમને જણાવી દીધી છે."

"ફરીથી જણાવો ?"

"મારે તમને પરણવું છે."

"પણ મારે પરણવું નથી."

"કેમ વારૂ ?"

"મારી મરજી."

"શું હું તમારે લાયક નથી ?" ડોશીએ વાંકી વળી પૂછ્યું.

કુમાર કંઈ બોલ્યો નહિ.

પુનઃ એ ટરડી બોલી; "બોલોને ? તમે તો મને ઘણાજ ગમ્યા છો. હુંતો તમને મારા પ્રાણપ્યારા તરીકે માની બેઠી છું."

રાજકુમાર કંટાળ્યો. તેણે પ્રતાપ સામે જોયું. પ્રતાપ કુમારના હૃદયની વાત સમજી ગયો. તેણે ડોશીને કહ્યું; "કેમ શું છે ?"

"અલ્યા ! તું કોણ ?"

"હું ગમે તે છું; બોલો; તમારે શું કહેવું છે ?"

"મેં મારે કહેવાનું કહી દીધું છે. તેં પણ સાંભળ્યું છે. મને લાગે છે કે તું કોઇ ન્યાયાધિશ છે. ભલા ત્યારે મારો ન્યાય કરી દે. મારે આ રાજકુમારને પરણવું છે."

પ્રતાપ બોલ્યો; "તમે થોડીકવાર શાન્તિથી ઉભાં રહો. હું હમણાંજ તમારૂં નક્કી કરી આપું છું."

ડોશી શાન્ત ઉભી.

પ્રતાપે જોશીની નજીક જઈ પૂછ્યું.

"જોશીજી મહારાજ ! જુઓને આ ટરડી તે કોઇ રંગી છે કે જેવી જણાય છે તેવી છે ?" પ્રતાપે પૂછતાં વધાર્યું;-" જો કુમારે પ્રતિજ્ઞા ના લીધી હોત તો હરેક યુક્તિએ તેની હકીકત જાણ્યા વિના ના રહેત."

" આ રંગી નથી, પણ જેવી જણાય છે તેવીજ છે." જોષીજીએ પોતાના સરોદાજ્ઞાનના બળે નાક ઉપર હાથ અડાડી ઉત્તર આપ્યો.

પ્રતાપનો મિજાજ હાથમાં ન રહ્યો. એક અદના ચુડેલ આ પ્રમાણે રાજકુમાર પાસે આવી લગ્નની માગણી કરે તે તેને ઘણું જ અહીક લાગ્યું. દાંત પીસતાં તે બોલ્યો:–" અરે ટરચી ! તું હવે અહીથી ટળે છે કે નહીં ? જો હવે અહીથી જવામાં જરા પણ વાર કરીશ તો કુતરાને મોતે તારૂં મોત છે એમ માનજે. શું આવી ચુડેલ રંડાઓ પણ રાજકુમારપર આશક થઇ જઇ આવી અયોગ્ય માગણી કરશે તે અમારાથી સાંભળ્યું જશે ? "

" હા, હું જાઉં છું. હું આ ચાલી. પણ યાદ રાખો કે મારૂં કહ્યું નહિ માનતાં પસ્તાવું પડશે. જુઓ પ્રતાપજી ! દરવાજે મેં કેવું તાળુ લગાવ્યું કે તમે મરીને મથી ગયા પણ નજ ઉઘડયું ! અને બંકાને લેઇને વીસે મ્હોંયે પાછું વળવું પડયું. આ ભુલી ગયા !! હવે જઇને હું વ્હેમસિંહને છોડી મુકીશ ને બીજાં હજાર વિઘ્નો નાંખીશ. નક્કી સમજજો કે હવે વનદેવી અને વિશ્વમોહિની મેળવવાની આશા વૃથા છે. ફોકટ ફાંફાં છે. " ડોસીએ ખુબ દમ ભરાવ્યો અને સડસડાટ તંબુની બહાર ચાલી ગઇ.

પ્રતાપની આંખ્યનો અણસારો થતાંજ નવલસિંહે પણ તેનો કેડો લીધો.

" દુકાળમાં અધિક માસ તેમ આ પણ એક નવી આપત્તિ પેદા થઇ. દરવાજે પણ તેણે તાળુ માર્યું હતું. " રાજકુમારે ધીમેથી ઉદ્દગારો કાઢયા.

" પણ તે રંડા કહી ગઇ તે ખરૂંજ કરી બતાવે તો તો એક

અજબ આફત ઉભી થાય. ત્યારે મુશીબતમાં ઉતરવું પડે. " જોષીજીએ જણાવ્યું.

" હવે તેની સાચાઇ જુઠાઇ વ્હેમસિંહના છુટવાથી જણાય. જો વાત સાચી નીકળી તો તો હું એ ટરચીને જીવથી માર્યા વિના નહીં છોડું. કારણ કાંઇ કુમારે આખો જન્મારો તેને ના મારવાની પ્રતિજ્ઞા નથી લીધી. " પ્રતાપે ગુસ્સામાંજ કહી દીધું.

" ખરેખર તે લાયક તો તે સજાને જ છે. "

"અરેરે ! આખરે આ દિવસ પણ દેખવો પડયો. " રાજકુમારે દીર્ઘ નિશ્વાસ નાંખ્યો.

" આપ જરા પણ ચિંતા ના કરશો કે નાહિમ્મત ના થશો. નવલસિંહ પાછળ ગયેલ છે અને તે કાંઇનો કાંઇ પત્તો મેળવી આવશે. અમે પણ કાંઇ ચુડીઓ નથી પહેરી. " પ્રતાપે હિમ્મતસૂચક વાકયો રાજકુમારને ધૈર્ય આપવા કહ્યાં.

" આજકાલ તમારી વિદ્યાપર તો પાણી ફરી વળ્યું છે ! નથી તમને વનદેવીનો પત્તો લાગતો, કે નથી આવી દુષ્ટાઓની ખબર લેવાતી કે દંડાતી ! "

રાજકુમારના આ બોલો જ્યોતિષીજી અને નવલસિંહને તીર સમાન છાતીમાં ભોંકાયા; પણ એક પણ શબ્દ તે બોલી ન શક્યા. થોડી વાર પછી બન્ને તંબુ બહાર આવ્યા અને રાજકુમાર અનેક તર્કો વિતર્કો કરતાં તંબુમાંજ પડયા રહ્યા.

પ્રકરણ ૧૧ મું.

કંડક નવું.

સાયંકાળે સેનાપતિદ્વારા તપાસ કરતાં, પ્રતાપસિંહ અને જ્યોતિ-
બીજી છાવણીમાં નહોતા એમ રાજકુમારને જણાયું.

આગળ આગળ ડોસી અને છુપે પગલે પાછળ પાછળ ચાલતો નવલસિંહ એમ બન્ને એક ઘીચ જંગલમાં ચાલ્યાં જતાં હતાં. ડોસીએ આખો દિવસ ચાલ્યાજ કર્યું. નવલસિંહે પણ તેનો કેડો ના મુક્યો. ચાલતાં ચાલતાં સૂર્યાસ્ત થઇ ગયો. રાત્રિ થઇ ત્યારે ડોસી એક ન્હાનકડા પહાડની તળેટી આગળ આવી પહોંચી. બન્ને બાજુ મ્હોટા મ્હોટા પહાડો આવી રહેલા હતા. ડોસી આગળ વધી એક ગુફાના મ્હોં આગળ આવી. તેનું મ્હોં ઘણુંજ ન્હાનુ—પરાણે એક માણસ પેસી શકે તેવું હતું. તેમાં ડોસી પેસી ગઇ.

નવલસિંહ આ ગુહા તેજ ડોસીનું રહેઠાણ, એમ અનુમાન કરી આખી રાત્રિ સ્હામે એક ઝાડની છાયા નીચે બેસી રહ્યો પણ ડોસી તો પાછી નજ દેખાઇ. તે તો બહાર ન નીકળી.

મ્હોટું પરોઢ થતાં અજવાળુ જોઇ નવલસિંહ ગુફામાં ઘુસ્યો.

ગુફામાં કેવળ અંધકાર હતો, અંદર પ્રવેશતાં કોઇ પણ સ્થળે કોટડી જેવું કે રહેવાની જગા તો હાથ ના લાગી પણ આજુબાજુ હાથ ફેરવતાં બન્ને બાજુ દિવાલ આવી રહેલી અને એક સુરંગ સમાન નેળરૂપ તે ગુફા જણાઇ, લગભગ એકાદ ગાઉ જેવી તે નેળ લાંબી હતી અને ત્યારબાદ તે ગુહાનું બીજું દ્વાર અને અજવાળું પુનઃ નવલસિંહના જોવામાં આવ્યું.

એક ન્હાનું સ્ફટિકરૂપ સ્વચ્છ ઝરણું વહન કરી રહ્યું હતું. ચારે બાજુ નજર નાંખતાં વિસ્તિર્ણ પ્રદેશ અને ઘટ જંગલ શિવાય બીજું કાંઈ જણાતું નહોતું. પહોર દિવસ ચઢી ગયો હતો. નવલસિંહે ઘણોએ વિચાર કર્યો પણ આવ્યા તેમ પાછા જવું એ શિવાય છાવણી ભેગા ફરી થવાને બીજો રસ્તો ના સુઝયો. જો કે રસ્તો તો હોવોજ જોઇએ; કારણ નહીં તો તે ડોસી ક્યાં અદક્ષ્ય થાય ! ? પણ નવલસિંહ તે માર્ગથી અજાણ માટે આડે અવળે માર્ગે ચઢતાં વખતે વિશેષ મુશીબતમાં ઉતરવું પડે એમ ધારી વિલે મ્હોંયે પાછો ફર્યો.

ડોસીના ઉપર ક્રોઝ તો ઘણીએ ચઢી, જો હાથમાં આવી હોત તો તેના રાઈ રાઈ જેવડા કકડા કરત, પણ તે ફરી દર્શન પણ દે ત્યારે કની ? ! લગભગ સંધ્યા સમય થયો હશે તે વખતે તે માંડમાંડ પાછો છાવણી ભેગો થઈ શકયો.

રાજકુમારના તંબુએ જ્યારે તે આવ્યો ત્યારે સેનાપતિ અને બીજા કેટલાક સૈનિકો ત્યાં બેઠેલા હતા. નવલસિંહ આવી પહોંચતાં સેનાપતિ શિવાય સર્વે ઉઠયા.

" કેમ કાંઇ બુઢ્ઢીનો ભેદ જણાયો ? ! " રાજકુમારે પુછયું.

" ડોસલીએ તો ખરેખર દાટ વાળ્યો. મને પૂરેપૂરો બનાવ્યો." રાજકુમારને હકીકત નિવેદન કરતાં નવલસિંહે જણાવ્યું.

રાજકુમાર હકીકત સાંભળી વિશેષ પરિતાપને પામ્યા.

" અમારા ગુરૂ અને જોષી મહારાજ ક્યાં ? " પ્રતાપસિંહ અને જ્યોતિષીજીને નહીં જોવાથી નવલસિંહે સેનાપતિને પુછયું.

" તે ડાકણના જવા બાદ રાજકુમાર ઘણાજ દિલગીર થઇ ગયા હતા. તે વખતે રાજકુમારના મ્હોંમાંથી કંઈક ટકોરના શબ્દો નીકળ્યા અને તે બન્ને કંઇક ઉપડી ગયા છે."

"ક્યારે તે ગયા ?!"

"તમારા જવા પછી થોડીજ વારે."

"ત્યારે તો ઠીક, ગુરૂજી ગુસ્સામાં ગયા છે તો કંઇને કંઇ કરીનેજ આવશે. તેમનો ફેરો અફળ નહીં જાય."

આજ ક્ષણે પ્રતાપસિંહ અને જ્યોતિષીજી આવી પહોંચ્યા. તેમના ટાંટીઆ જોરમાં હતા. બન્નેના ચહેરા પ્રફુલ્લ, હસતા અને તેજસ્વી જણાતા હતા. જરૂર તે કાંઇ કોઇ મહત્વનું કામ કરીને આવ્યા હશે, એમ તેમને જોતાંજ અનુમાન કરી શકાય.

"કેમ શી ખબર છે ? સિંહ કે શીઆળ ?"

"ખબર સારી છે. સિંહ તે વળી શિયાળ થતા હશે ! ?"

"શું વાઘ મારી આવ્યા તે કહેશો કે એમજ ?!"

"આપે તે સાંભળીને શું કામ છે ?!"

"શું હકીકત સાંભળવા લાયક નથી ?"

સાંભળવા લાયક તો છે પણ હાલ તે અમારે કહેવા લાયક નથી."

"પણ ગુરૂજી મને તો કહેશો નેં ?!"

"શાથી વારૂં ? તને કહેવા અમે બંધાયલા છીએ ?"

"ત્યારે શું તે છુપી રાખશો ? જખ મારીને કહેવી પડશે."

પ્રતાપસિંહ અને જ્યોતિષીજી હસ્યા અને પરસ્પર તાળીઓ લીધી.

"પણ નવલ ? તું શું ધાડ મારી આવ્યો તે તો કહે ! ?"

"હું તો નામ લજવીને પાછો આવ્યો છું."

"બસ થઇ રહ્યું કે ! ?"

આ વખતે ચોપદારે પ્રવેશ કરી વિવેદન કર્યું કે, મહારાજ વ્હેમસિંહના દિવાન આવેલ છે તે પ્રવેશની આજ્ઞા માગે છે.

પ્રવેશ કરવાની આજ્ઞા થઇ. પ્રવેશ કરતા જ દિવાને ઘણાજ વિનયથી નમન કરી, અમૂલ્ય જવાહિર નજર કરી વિનંતિ કરવા માંડી:-

" આ નજરાણું હું મહારાજા વ્હેમસિંહ તરફથી લાવ્યોછું. ગુરૂ-પરમાત્માની કૃપા અને આપની દયાથી મહારાજા કેદથી મુક્ત થયા છે. તેમણે રાજ્યમાં પધારતાં જ દરબાર ભરી સર્વ પ્રજાને જણાવ્યું છે કે તેમણે પોતે આપ મુરબ્બી (રાજકુમારશ્રી) ની તાબેદારી કબુલ કરી છે, માટે સકળ પ્રજાએ તેમજ સર્વ રંગીઓએ આપને મુરબ્બી માનવા. વળી મારી સાથે આ નજરાણું અને પોતાના હાથે લખેલી એક ચિઠ્ઠી મોકલી છે તો આ નજરને સ્વીકારવા કૃપા કરશો. " દિવાને ચિઠ્ઠી આપી અને તેમને બેસવાનો ઇસારો થતાં બેઠા.

જો કે કંઇક રાત્રિ વીતિ હતી તોપણ તેજ વખતે ઠાઠમાઠથી દરબાર ભરવામાં આવ્યો. દરબાર ભરાતાં પ્રતાપસિંહે નીચે પ્રમાણે વ્હેમસિંહની ચિઠ્ઠી વાંચી:-

હું કેદખાનામાંથી મુક્ત થયોછું તેમાં આપની કૃપાજ માત્ર કારણ રૂપ છે. હું આપની દયાથી કેવી રીતે મુક્ત થયો તેનો વિચાર આપ કરશો નહીં; કારણ તે હકીકત હાલ આપને લખવા કે આપશ્રીના રૂબરૂ જાતે હાજર થવા હું લાચારછું. પ્રસંગે સર્વ વાતનો ખુલાસો થશે. હાલ મારી માગણી એજ છે કે મારા સર્વ દોષ ક્ષમા કરી મને સંપૂર્ણ માફી આપી મારી મોકલેલી નજર સ્વીકારશો, હવે મારી સમસ્ત રૈયત અને રંગીઓ આપનું સ્વામિત્વ સ્વીકારશે અને આપના રંગીઓ સાથે મિત્રભાવથી વર્તી કોઇજાતનો પ્રપંચ નહીં રમે.

લી. આપનો વ્હેમસિંહ.

ચિઠ્ઠી વંચાઇ રહી. રાજકુમાર પ્રસન્ન થઇ ગયા. મોતીલાલ બંકા તો કેદમાંજ હતા. તેમને મુક્ત કરી દરબારમાં હાજર કરવાની રાજકુમારે આજ્ઞા કરી. તે દરબારમાં આવતા તેમને પણ સર્વ હકીકત જણાવવામાં આવી.

વ્હેમસિંહના દિવાનને એ દિવસ રોકાવા રાજકુમારે આગ્રહ કર્યો. દિવાનની તથા બંકાની સારી રીતે મ્હેમાનગતી કરવા રાજકુમારે સેનાપતિને આજ્ઞા કરી અને દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

લગભગ મધ્યરાત્રિનો અમલ થયો હતો. તંબુમાં માત્ર રાજકુમાર અને રંગીઓજ રહ્યા હતા.

"કેમ પ્રતાપભાઇ ! ડોસીનું કહેવું સાચું પડયું ને ?!" રાજકુમારે પ્રતાપ પ્રતિ ઉક્તિ કરી.

"હા, વાતતો બરોબર, પણ વ્હેમસિંહની ચિઠ્ઠીથી તો કંઇ બીજીજ વાત નીકળે છે." પ્રતાપે પ્રતિ ઉક્તિ કરી.

"પણ તેનું ઠેકાણું શું ? ! વખતે તે ખાલી ના બોલતો હોય ?! નવલસિંહે વચ્ચે જણાવ્યું.

"પ્રસંગ બહુજ વિચારીને પગલાં ભરવા જેવો છે. વ્હેમસિંહ ગમે તેટલો શુદ્ધ ભાવ બતાવે તોપણ દુશ્મનનો વિશ્વાસ કદાપિ ન કરવો." જ્યોતિષીજીએ જણાવ્યું.

"આપ આપની વિદ્યા અજમાવોને ? ! આ ચિઠ્ઠી વ્હેમસિંહે શુદ્ધ ભાવથી લખી છે કે કપટથી ?! "પ્રતાપે પૂછ્યું.

જોષીજીએ વેઢા ગણવા માંડયા. પાસા ઉછાળ્યા અને ગણિત ગણીને જણાવ્યું:—" ચિઠ્ઠી શુદ્ધ અંતઃકરણથી લખી છે પણ હમેંશ તેનું દિલ શુદ્ધ રહેશે તેનો વિશ્વાસ મને નથી પડતો."

" આજ કાલ તો બનાવોજ એવા બને છે કે જેના મ્હોં માથાનું ઠેકાણું નહીં. પણ વ્હેમસિંહે જો સાચા દિલથી જ ચીઠ્ઠી લખી છે તો છુટકારાની હકીકત સાચે સાચી ન લખવાનું શું કારણ ?! "

" તેનું કારણ તો કાંઇ જુદુંજ હશે. "

" પણ ત્યારે તમારી રમલવિદ્યાના આધારે કહોને કે વ્હેમ-સિંહ કેવી રીતે છુટયો? "

" ના, જી. રમલવિદ્યા અજાયબ ખંડેરમાં કામ ન કરી શકે. જે કેદખાનામાં વ્હેમસિંહને પુર્યો હતો તે આ અજાયબ ખંડેરનાજ વિભાગ રૂપ હોવાથી તેના મુકત થવાની હકીકત જાણી ન શકાય. "

" ખરે મામલો અજબ છે. પણ એ વાતતો નક્કીજ કે તે ચુડેલ તો કોઇ રંગીજ હોવી જોઇએ. " નવલે ઉદ્દગાર કાઢ્યા.

" નહીં, જરૂર નહીં. મ્હેં તે તપાસ્યું છે. વખતે રંગી વિદ્યાનું તો નામ નિશાન પણ તે નહીં જાણતી હોય. "

" હશે, જેવા પડશે તેવા દેવાશે. કાલથી પાછું ખંડેર તોડ-વાનું શરૂ કરવું જોઇએ. " રાજકુંમારે જણાવ્યું.

" હા, જી. કાલે જરૂર તે કામ હાથમાં લેઇશું. "

મોડી રાત્રિએ રંગીઓ છુટા પડી સર્વ પોતપોતાના તંબુએ ગયા.

પ્રકરણ ૧૧ મું.

કરણી તેવી પાર ઉતરણી

જન જેવી કરણી કરે, પાર ઉતરણી તેમ,
વાવી ધઉંને બાવટો કહો લણાશે કેમ ?

આજે-દિવસે, ખંડેર તોડવાનું કામ હાથમાં લેવાનું હોવાથી, ત્રણે રંગીઓ—પ્રતાપસિંહ, નવલસિંહ અને જ્યોતિષીજી વ્હેલા વ્હેલા પરવારીને રાજકુમારના તંબુએ હાજર થઇ ગયા. કુમાર પણ તૈયારજ હતા. અજાયબ ગ્રંથ સાથે રાખી ચારે વીરો ચમત્કારપૂર્ણ ખંડેરના દરવાજે આવ્યા અને તાળું ઉઘાડી અજાયબ ગૃહમાં પ્રવેશી અગાઉની માફક પરિચિત માર્ગે માર્ગે જઇ, જે ઠેકાણે ફળ અટક્યું હતું તે જગાએ આવી પહોંચ્યા.

માત્ર બે ત્રણેક હાથજ ખાડો ખોદી કામ બંધ કરવું પડેલું. આજે પાછું તે કામ શરૂ થયું. આઠેક હાથ જમીન ખોદતાં એક પેટી જેવું જણાયું. તેનું ઉપરનું ઢાંકણ બંધ હતું અને કળમાં માટી ન ભરાઇ જાય માટે તે ઉપર પતરૂં ઢાંકેલું હતું.

પેટીને બહાર કાઢવાની અભિલાષાથી વિશેષ ખોદવા માંડયું, પણ આશા પૂર્ણ ન થઈ. જેમ જેમ ખોદવા માંડયું તેમ તેમ તે પેટી જાણે મ્હોટીને મ્હોટી જણાવા લાગી. તે કેટલી લાંબી પહોળી હશે એનું અનુમાન પણ થઇ શકે તેમ નહોતું.

અજાયબ ગ્રંથ વાંચતાં તુરતજ ખુલાસો થઇ ગયો. તેમાં નીચે પ્રમાણે સ્પષ્ટ સૂચન હતું.

જે જગાએ ૪ળ અટકે તે જગા આઠ હાથ ખોદવાથી એક પેટીનું મ્હોં જણાશે. બાદ ખોદવું બંધ કરવું. આ પેટી નથી પણ એક દરવાજો છે. બગીચામાં આવેલા જલયંત્રની સીધી પૂર્વ દિશાએ બાર ફુટ જઇ ત્યાં ખોદવાથી એક કુંચી મળી આવશે. તેનાથી આ દરવાજાનું તાળું ઉઘડશે અને રસ્તો જણાશે. પગથીઆં દેખાય તે રસ્તે અંદર ઉતરવું. એક અંધકારપૂર્ણ તુરંગ આવશે. જોજો પ્રકાશ કરતા, નહીં તો મહા ઉત્પાત થશે અને બચવાનો રસ્તો નહીં મળે. રૂમાલથી કે કપડાથી આંખ્યો મ્હોં બંધ કરી તુરંગમાં પેસી રસ્તો મળે ત્યાં ઝપાટાબંધ જવું. મ્હોંમાં હવા જશે તો બેહોશ થઇ જશો. નહીં તો થોડીજ ક્ષણમાં એક પ્રકાશવાળી ઓરડી આવશે. તેમાં તમામ વસ્તુઓ સ્પષ્ટ નજરે પડશે. આ બાજુથી બીજી બાજુ સુધી પથરાયલા અનંત તારના વાળાઓ જણાશે. તેને એકદમ તરવારથી તોડી નાંખજો. વિચાર કરવા ન રહેશો. વાર ન લગાડશો. તાર તોડી એકદમ બહાર નીકળી જજો.

સૂચનથી સ્પષ્ટિકરણ થયું એટલે હવે પેટી કાઢવા વિશેષ ખોદવાનું ન રહ્યું. હવે તો પેટીનું ઢાંકણ ઉઘાડવા કુંચીની જરૂર હતી. તે મેળવવા તમામ જલયંત્ર પાસે આવ્યા અને ગ્રંથમાં લખેલ જગાએ ખોદી કુંચી શોધી કાઢી. કુંચી મળતાંજ દરવાજાનું તાળું ઉઘડયું અને નીચે ઉતરવાનાં પગથીઆં પણ જણાયાં.

આગળ નવલસિંહ, પછી પ્રતાપ, બાદ રાજકુમાર અને પાછળ જોશી મહારાજ એમ એક પછી એક નીચે ઉતરવા લાગ્યા. અંધકારમય તુરંગ આવી પહોંચતાં નવલસિંહ અટકયો અને બોલી ઉઠયોઃ—

"ભાઇઓ! ચેતો. આંખ્યો મ્હોં બંધ કરી લ્યો, નહિતો

ફરી તંબુ ભેગા થવા વારો નહીં આવે. આતો ચમત્કારી ચરખો. જરાક ભુલ્યા કે જીવનું જોખમ. છતી આંખ્યે આંધળા બનો, ફાંફાં મારતા જાઓ અને જીવતા જીવતા આગળ નીકળો."

નવલસિંહના ટીખળી વાક્યોથી સર્વને હસવું તો આવ્યું પણ તેમ કર્યા વિના છુટકો નહોતો. સર્વ આંખ્ય મ્હોં બંધ કરી અંદર પ્રવેશી, ઝપાટાબંધ તારવાળા ઓરડામાં આવી પહોંચ્યા. એકદમ તાર તોડી નાંખ્યા અને બહાર નીકળી ગયા.

આંખ્ય મ્હોં બંધ હોવા છતાં અંધકારમય કોટડીની સહજ અસર થઇ. સર્વની પ્રકૃતિ બગડી. સહુ અસ્વસ્થ થઇ ગયા, ચારે જણા લગભગ કલાક સુધી કાંઇ પણ કામ ન કરી શક્યા.

શુદ્ધિમાં આવતાં, આગળ પગલાં ભરવા પૂર્વે પુનઃ અજાયબ ગ્રંથનો આશ્રય લેવાની જરૂર પડી. તે વાંચતાં વિશેષ સ્પષ્ટિકરણ નીચે પ્રમાણે થયું.

તાર કાપી બહાર નીકળી ગયા બાદ થોડી વારે તમામ બેશુદ્ધ કરનાર હવા નીકળી જશે. એકાદ કલાક પછી પુનઃ પ્રવેશ કરવામાં અને પ્રકાશ કરવામાં પણ વાંધો નથી. તારવાળા ઓરડામાં બારીકાઇથી તપાસતાં વિજયને હાથ અઢળક ધન ચઢશે. હવે મરજી પડે તેમ ધનની વ્યવસ્થા કરો, પણ અહીંથી બહાર ખસેડતાં સુધી બીજુ કાંઇ પણ ખંડેર તોડવાનું કામ આગળ ન ચલાવવું.

ધ્યાનપૂર્વક આ લેખ વાંચી રાજકુમાર રંગીઓ સાથે પુનઃ હવે પ્રકાશ સાથે તે તારવાળા ઓરડામાં આવ્યા. ઓરડો ઘણોજ મ્હોટો–લાંબો પહોળો હતો. કાપેલા તારો આમ તેમ ફેલાયલા હતા અને વિશેષ તપાસતાં તેમનો સંબંધ પેલા ઓરડાની વચ્ચો વચ્ચ મુકવામાં આવેલ સિંહાસન ઉપર ગોઠવેલા સમચોરસ આરસ પહા-

ણના પત્થર સાથે જણાયો. આ તારના પ્રભાવેજ મણીકાન્તા તેનો સ્પર્શ કરતાં બેહોશ થયેલી.

જે જગાએ સિંહાસન અને પત્થર ગોઠવેલ હતો તેની બરોબર નીચે સુધી આ ઓરડો વિસ્તારવાળો હતો. એક જરા સહજ મજબુત તારે લટકતા એક પતરામાં નીચે પ્રમાણે લખેલું વંચાયું:–આ મારા ઉપરનો પત્થર પત્થર નથી પણ તે એક બે મૂલ્ અજાયબ પેટી છે, તેમાંથી અવનવીન હેરત પમાડનારી ચીજો મળશે. તેને પણ લેઇ જાઓ. કુંચી મળશે.

આજુબાજુ જોતાં અનેક કોડ સોનાની તો કોઇ ચાંદીની એવી મ્હોટી મ્હોટી પેટીઓ ચારે તરફ પડેલી હતી. એક બીજા તારના વાળે કુંચીઓનો ઝુડો લટકતો હતો. ઝુડો જોતાં તેમાંની કુંચીઓ પડેલી પેટીઓના તાળાનીજ હતી. એક પેટી રાજકુમારે ઉઘાડી.

હીરા–મણી–રત્નથી જડિત મુઠોવાળી ચકચકતી તલ્વારો અને કટારો તેમાં હતી.

કુમારે પાછી પેટી બંધ કરી. તેની ખુશીનો પાર ન રહ્યો.

"ખરેખર ઘણોજ ભારી ખજાનો છે. પણ તમામ પેટી હાલ તપાસવાની જરૂર મને નથી જણાતી. એક પછી એક તંબુએ પેટીઓ લેઇ જઈ તપાસી વિજયગઢ મોકલી દેવી તે મને ઠીક લાગે છે." રાજકુમારે પોતાનો અભિપ્રાય જણાવ્યો.

"આપનું કહેવું ઠીક છે પણ મારા અભિપ્રાય પ્રમાણે તો તેમ કરતાં પણ ઘણો વખત લાગશે. માટે આ તમામ પેટીઓ એકદમ જેમની તેમ અકબંધ વિજયગઢ મોકલી દેવી કે જેથી ખંડેરનું કામ આગળ ચલાવવું બંધ રાખવું ન પડે. સર્વે કાર્યથી પરવારી નીશાંતે પેટીઓ જોવાશે, વળી શું છે તે કોઇના જાણવામાં ન આવ-

વાથી દુશ્મનનો ડોળો પણ તેના ઉપર નહીં ફરે. ”

પ્રતાપનું કહેવું સર્વને પસંદ પડ્યું. તાબડતોડ સેનાપતિ સુજનસિંહને બોલાવવા નવલસિંહને મોકલ્યો. તે આવી પહોંચતાં છાવણીમાંથી આવેલ અનેક માણસોદ્વારા પેટીઓ યોગ્ય પ્હેરાની દેખરેખ તળે બહાર કાઢવાની અને વિજયગઢ મોકલવાની વ્યવસ્થા થઈ ગઈ.

આજરોજ હવે આગળ કામ ચલાવી શકાય તેમ ન હોવાથી બાકીનું કામ અધુરૂં મૂકી સર્વ બહાર નીકળ્યા અને અજાયબગૃહ તેમજ ખંડેરને પૂર્વવત્ બંધ કરી તંબુએ આવ્યા.

થોડીકવાર વિશ્રાંતિ લઇ, રાજકુમાર ઘોડા ઉપર અને ત્રણે રંગીઓ ચાલતા એમ ચારે, સાંજના વખતે હવા ખાવા લશ્કરની બહાર નીકળ્યા. વાતો કરતા કરતા ધીમે ધીમે ચાલતા આશરે ગાઉ દોઢેકના સુમારે ગયા હશે ત્યાં એક ઝાડના ડાળે લટકતા કાગળ ઉપર તેમની નજર ગઇ. નવલસિંહે કાગળ લાવી રાજકુમારને આપ્યો. કુમારે પ્રતાપને આપ્યો. તેમાં નીચે પ્રમાણે લખેલું હતું:—

“ કેમ હવે તમારી ખાત્રિ થઇ હશે કે મારામાં કેટલી શક્તિ છે. મારી માગણી સ્વીકારતાં એક કલાકમાં ચમત્કારપૂર્ણ ખંડેર તોડી વિશ્વમોહિની મેળવવાની યુક્તિ હું બતાવીશ. અને અનાદર કરતાં જોયું ને ?! તમે ના માનવાથી ગુસ્સામાં મેં વ્હેમસિંહને છોડી મૂક્યો છે. હવે વિશ્વમોહિની અને મણીકાન્તાને જીવથી મારી હું શાંત બનીશ. જે વિચાર કરવો હો તે કરી લ્યો. મરજી હોય તો હા લખો કે જેથી હું હાજર થાઉં. ના મરજી હોય તો તેમ લખી પરિણામ જુઓ. હું દિવસમાં દશ વાર, ધારૂં તો સોવાર ખંડેરમાં આવજા કરી શકું છું. તમારા રંગીઓનું મારા આગળ કાંઇજ નહીં ચાલે. નવલે બિચારે ઘણોએ કેડો લીધો હતો પણ શું વળ્યું ?!

માટે માની જાઓ. હેમસિંહ મારા કહેવાથીજ તમારો દોસ્ત બન્યો છે. બસ આટલાથીજ સમજજો.

લી. સ્વરૂપસુંદરી. ”

સહી કરનારનું નામ “સ્વરૂપસુંદરી” જાણી સર્વને હસવું આવ્યા વિના ના રહ્યું.

“ રંડાએ પોતાનું નામ કેવું મજાનું ગોઠવ્યું છે ! ” નવલે ટીંખળ કર્યું.

“ કેમ મહારાજ ! લખાણ વાંચ્યુંને ? વાત દમ ભેર છે, માટે ઉત્તર શો આપવો તે વિચારો. હા કહેતાં હાથ કપાય અને ના કહેતાં નાક કપાય તેવું થયું છે. હા જાણતાં પણ પુરેપુરી હેરાની છે અને ના કહેતાં ભય લાગે છે કે કુમારી અને મણીકાન્તાના જીવની હાની છે. ” પ્રતાપે ઉદ્ગારો કાઢ્યા.

“ લખાણથી બ્હીવાનું કાંઇ કારણ પણ નથી. રાજકુમારનો એક વાંકો વાળ પણ તેનાથી થાય તેમ નથી. ” જ્યોતિષીજીએ પોતાના શાસ્ત્રના આધારે શાન્તિ આપનારો ઉત્તર આપ્યો.

“તમારૂં કહેવું તો બરોબર, પણ તે દુષ્ટા તો જે કહે છે તે કરી બતાવે છે તેનું કેમ ?!

“ રાજકુમારશ્રી ! ! ગમે તે લખે છે પણ હવે આપને વાસ્તવ અહિત કરનારૂં એક પણ કાર્ય તેના હાથે નહીં થાય એ વાત નક્કી છે. ”

જોષી મહારાજે સંપૂર્ણ શાંતિ આપી છતાં રાજકુમારનું ચિત્ત તો બ્યગ્રજ રહ્યું. રખેને તે દુષ્ટા, રાજકુમારી અને તેની સખીનો જીવ લે તે ચિંતાએ હૃદયમાં પ્રવેશ કર્યો.

સુર્યાસ્ત થઇ જતાં અંધકારે જેમ બને તેમ જલદી જંગલને

ચારેબાજુથી ઘેરવા માંડયું. રાજકુમાર અને રંગીઓ પાછા તંબુએ આવવા વળતા હતા એટલામાં નજીકમાંજ કંઇ કોલાહલ જણાવાથી તેમનો પ્રયાણ માર્ગ બદલાયો અને કોલાહલની દિશા તરફ સર્વ વળ્યા. થોડેજ આગળ વધતાં ત્રણ ચાર વ્યક્તિઓ નાઠી અને ગુમ થઇ ગઇ. અંધારાને લીધે કોણ નાઠું તે તો ન સમજાયું પણ ત્યાં તપાસ કરતાં એક લાશ પડેલી જણાઇ. પ્રતાપે પ્રકાશ કર્યો. લાશને તપાસી તો લાશ દુર્જનસિંહની અને તેના કાળજામાં કટાર મારી પ્રાણ લેવાની કોઇએ તજવીજ કર્યાની હકીકત જણાઇ આવી.

"નવાઇ! આને અહીં કોણે કટાર મારી હશે ?! પણ ખેર તેની કટાર તો કાઢો. સ્હેજસાજ જીવ જેવું પણ જણાય છે. તેને બચાવો." રાજકુમારે અધિરાઇથી કહ્યું.

પ્રતાપે પોતાને હાથે સાચવીને કટાર કાઢી. દુર્જનનો જીવ છેલ્લી ડચકી ખાઈ તેજ ક્ષણે નીકળી ગયો. લોહીથી ખરડાયલી કટાર સાફ કરી જોતાં તેના ઉપર કાંઇ અક્ષર કોતરેલા લાગતાં પ્રકાશ આગળ વાંચતાં બારીક અક્ષરોથી મણીકાન્તાનું નામ ખોદેલ તે ઉપર વંચાયું.

"જોયું, કટાર ઉપર મણીકાન્તાનું નામ છે, વળી કટાર પણ તેનીજ છે એમ હું બરોબર ઓળખી શકું છું. પણ તે હમેશાં તેની કમરમાંજ રહેતી હોવા છતાં અહીં કયાંથી આવી એ જોવા જેવી વાત છે." પ્રતાપે આશ્ચર્યજનક શબ્દોમાં કહ્યું.

"ખરે, બિચારી કાન્તા અને કુમારી તો એવી જગાએ સપડાયાં છે કે ત્યાં અત્યારે તો અંધારૂં ઘોર હશે." નવલસિંહે પૂર્તિ કરી.

"પણ ત્યારે આ કટાર અહીં કેવી રીતે આવી ?! વળી દુર્જન અહીં કેમ આવ્યો ?! તે વ્હેમસિંહનો સંગી હતો. વ્હેમસિંહનો દિવાન આપણે ત્યાં છે અને તેના કહેવા પ્રમાણે હવે આ-

પણો વિરોધ ગયો છે. આ સર્વ વિચારવાની વાત છે" રાજકુમારને ઉપરા ઉપરી વિચારો આવ્યા.

"આ વળી એક નવીન નવાઇ!" નવલસિંહ બોલી ઉઠ્યો. "પણ હવે આને તંબુ ભેગો કરો. અંધારૂ તો વધતું જાય છે."

ડોળી મંગાવી શબને તંબુએ લેઇ જતાં લગભગ મધ્ય રાત્રિનો અમલ થવા આવ્યો.

વ્હેમસિંહના દિવાનને બોલાવતાં મોડી રાત્રે તેને આમ એકાએક બોલાવવાથી ગભરાતો હાંફ્લો ફાંફ્લો રુહી તે રાજકુમાર પાસે આવ્યો પણ ત્યાં દુર્જનનું શબ જોઇને બોલ્યો:—

"જેવી કારણી તેવુંજ ફળ આખરે મળ્યું છે. દુર્જનને યોગ્ય દંડ મળ્યો છે. પણ બીજા પાપીઓ—અહમદ, મહમદ ક્યાં?! તેમની પણ આવીજ વલે થઇ હોય તો કાળજે ટાઢક વળત."

"ત્યારે આ દુર્જન હવે તમારે ત્યાં નથી?!"

"ના જી. મહારાજા જ્યારે કેદ મુક્ત થઇ પાછા પધાર્યા અને આપ મુરબ્બીનું સ્વામીત્વ સ્વીકાર્યું, તેજ વખતે આ દુર્જન તેનાં બાળ બચ્ચાં સાથે તથા અહમદ-મહમદને લેઇને અમલગઢથી ચાલ્યો ગયો. મહારાજાએ પાછળથી શોધ પણ કરી હતી છતાં પત્તો ના ખાધો.

શબને હવે આખર સંસ્કાર કરવાની વ્યવસ્થા કરવામાં આવી.

મોડી રાત્રે રંગીઓ પોતપોતાના તંબુએ ગયા અને રાજકુમાર એકલાજ રહ્યા.

અજાયબગૃહમાંથી અઢળક દ્રવ્ય પ્રાપ્ત થયાના પરિણામે એક તરફથી રાજકુમારના આનંદની પરિસિમા નહોતી ત્યારે બીજા પક્ષથી, વનદેવીનો વૃત્તાંત જરાએ નહીં જણાવાથી, સ્વરૂપસુંદરીની આવી પડેલી અણધારી આપત્તિથી અને તેની માગણી નહીં સ્વી-

કારાયાથી વિશ્વમોહિની અને મણીકાન્તાના જીવો જોખમમાં છે અ
તેમને કાંઇ થાય તો સર્વ ધાર્યું ધુળ મળી જવાનો ભય હોવાથ
વળી વ્હેમસિંહ સ્વરૂપસુંદરીનાથીજ છુટયો હોવા છતાં તે મિત્ર કે
બન્યો ? ! દુર્જનને કોણે માર્યો ? ! મણીકાન્તાની કટાર મારનાર
હાથમાં કેવી રીતે આવી ?! આવા આવા અનેક વિચારોના ગું
વાડાએ રાજકુમારના મગજને ડોળી નાંખ્યું. મોડી રાત સુધી ઊં
ના આવી.

આખરે નિંદ્રાદેવીએ સ્વામીત્વ મેળવ્યું. પાછલી રાત્રિના રાજ
કુમાર ઘસઘસાટ ઉંઘમાં ઘેરાયા. સ્હવારતો શું પણ એ ઘડિ દિવ
ચઢ્યો છતાં રાજકુમાર ન ઉઠયા.

મોડી રાત્રિ સુધી ઉજાગરો કરી સુતેલા, આથી દિવસ ચઢે
છતાં સેવક વગેરેએ રાજકુમારને જાગૃત કરવા કાળજી ન ગખી-
શ્રમ ના લીધો.

લગભગ નવેક વાગ્યાનો સમય થયો હશે ત્યારે રંગીઓ સ્નાના
નિત્ય કર્મથી પરવારી રાજકુમારના તંબુએ આવ્યા.

પલંગ સુનો હતો. અજાયબ ગ્રંથ પલંગપર પડેલો હતો.

તંબુમાં રાજકુમાર નહોતા.

સેવક વર્ગથી બહાર તપાસ કરતાં હજી સુધી રાજકુમાર ઉઠ
નથી એમ જણાયેલું તેથી તંબુમાં રાજકુમાર નહીં જણાતાં રંગ
ઓના હૃદયમાં ધ્રાસકો પડયો.

ગભરાતાં છતાં, નવલસિંહ અને પ્રતાપસિંહે આજુબા
તપાસ કરી. તંબુમાંથી બહાર નીકળવાની રાજકુમારની ભાળ
મળી. રાજકુમાર તંબુમાંજ ગમે તે માર્ગે અદ્રશ્ય થયા, તે શિવ
વિશેષ પત્તો ન મળ્યો.

જોષી મહારાજે રમલ વિદ્યા અજમાવી.

કુમારને કોઇ સ્ત્રીઓ ઉંચકી લઇ ગઇ છે. રાજકુમારને વિજયગઢના રાજ્યમાં કોઇ મકાનમાં કેદ કર્યો છે. એટલી હકીકત નીકળી.

" અરે ! વિજયગઢ તો આપણીજ હદ ! આપણુંજ રાજ્ય ! તો પછી કુમારને કેદ કરનાર કોણ ?! મહારાજ અજીતસિંહના અમલ તળે સમગ્ર રૈયત સુખી છે. પ્રતાપી પુત્રરત્ન રાજકુમાર માટે તો પ્રજા પ્રાણ પાથરે, તો તેને ચોરી લેઇ જઇ કેદ કરવાની હીંમત ધરનાર અને તે પણ સ્ત્રીઓ ! ! તે કોણ ? !" પ્રતાપના આશ્ચર્યનો પાર ન રહ્યો.

વિચારમાં વખત ગાળવાનો આ પ્રસંગ નહોતો. શોધમાં તત્કાળ નીકળવું જોઇએ. પ્રતાપસિંહ, નવલસિંહ અને જોષી મહારાજ વિજયગઢ પ્રયાણ કરવા તત્પર થઇ ગયા.

નીકળતા પૂર્વે અજાયબગ્રંથ સેનાપતિ સુજનસિંહને સોંપ્યો. અને નજરાણું લેઇ આવેલા હેમસિંહના દિવાનને અને બંકાને અમલગઢ વિદાય કર્યાં.

ત્રણેય રંગીએ વેશ બદલી નાંખ્યો, ખુલ્લી રીતે કોઇને પણ નહીં મળતાં ચારે ખુણે માત્ર રાજકુમારની શોધ કરવી એવો તો તેમણે નિશ્ચય કર્યો. ત્રણેય છુટા પડી ગયા. અનેક મહેલો, મકાનો, બગીચાઓ, બાગો, વાડીઓ ગલીઓ કુંચીઓ તપાસી વળ્યા, જુદા જુદા વેશમાં જુદા જુદા માણસોને મળ્યા, અનેક પ્રયત્નો કર્યા, પણ જરા પણ પત્તો ના લાગ્યો, લગાર પણ ન ફાવ્યા.

બીજે દિવસે ત્રણે રંગીઓ ગુપ્ત વેશમાં સ્હવારમાં દરબારમાં પ્રવેસ્યા; ત્યાં ઉપયોગી હકીકત મળી.

દરબાર ભરાઇ રહ્યા બાદ થોડીવારે ગભરાતા જેવા જણાતા

બે બાતમીદારો આવી પહોંચ્યા અને મહારાજાશ્રી તથા દિવાન વિગેરે વર્ગને નમન કરી અદબભેર ઉભા.

"કેમ ગભરાયા જેવા છો ? ! છે કાંઇ નવાજુની ?!" દિવાને પ્રશ્ન કર્યો.

"જી, હા. લશ્કરની."

"શી ? જલદી કહો"

"રાજકુમાર ગુમ થયા છે."

"ક્યારે ? ! શું ક્યાંઈ ચાલ્યા ગયા છે ?"

"ના જી. તેમનો બે દિવસથી પત્તો નથી. રાતે સૂતા ને સવારે ગેબ."

પણ તે કેવી રીતે ? ! કોણ લેઇ ગયું ? ! કેવી રીતે લેઇ ગયું ?! પહેરગીરો જાગૃત અને સાવધ નહોતા ? !"

"ના જી. તે જાગતા હતા. સાવધ હતા. છતાં કેવી રીતે ગુમ થયા તે ન જણાયું. રાત્રે તંબુમાં સૂતાં બાદ ઉંઘમાંજ કોઇ ઓરતો આવીને ઉઠાવી ગઇ અને કેદ કરી દીધા ? !"

"ક્યાં કેદ કર્યા ? ! કઇ ઓરતો ઉઠાવી ગઇ ? !"

"એતો નથી ખબર ! પણ આપણાજ રાજ્યમાં કેદ કર્યા છે."

"આ રાજ્યમાં ? ! નવાઇ ! આપણા રાજ્યમાં આપણું દુશ્મન કોણ ? ! હશે ખેર. પણ ત્યારે ઓરતો જ લેઇ ગઇ તે કેમ જાણ્યું ?"

"માત્ર જોષી મહારાજના કહેવાથી."

"ઠીક. પણ વાર પ્રતાપ ક્યાં ? !";

"કુમારની શોધમાં. નવલસિંહ અને જોષી પણ સાથેજ છે. તે ગયા અને લશ્કરપર પણ આફત પડી."

"હેં, આફત ?! કેવી આફત ?

"એજ કે લાગ જોઇ વ્હેમસિંહે હલ્લો કર્યો."

આ હકીકત સાંભળી ત્રણે રંગીઓ ચોંક્યા; ધ્યાન પૂર્વક પુરેપુરી હકીકત સાંભળ્યા શિવાય બીજો છુટકો નહોતો.

"તમે તો ખબર લાવ્યા હતા કે વ્હેમસિંહે કેદમાંથી મુક્ત થઇ કુમારની મિત્રતા સ્વીકારી છે તો તે હકીકત ખોટી હતી ?!"

"જી. તે ખબર પણ ખરીજ હતી, આ ખબર પણ ખરી છે, તે બેઇમાન નીકળ્યો. તેણે છેતર્યા."

"ખેર ! તેના હુમલાનું શું પરિણામ આવ્યું ?!"

"સેનાપતિ સુજનસિંહ પુરી બહાદુરીથી સ્હામે લડયા."

"શાબાશ ! વારૂ પછી ! ?"

"પણ લડતાં લડતાં વ્હેમસિંહના હાથે જખમી થયા, તે પકડાયા અને તે પકડાતાં લશ્કરમાં નાસભાગ શરૂ થઇ. લશ્કર વિખરાઇ ગયું."

મહારાજા અજીતસિંહ હાલ સુધી શાંતિથી સાંભળ્યા કરતા હતા, પણ સુજનસિંહ સપડાયાની અને લશ્કર વિખરાયાની હકીકત સાંભળતાં, તેમની આંખ્યો લાલચોળ થઇ ગઇ.

"જો કે તમામ લશ્કર અત્રે નથી તોપણ જે છે તે લેઇ હાલજ કુચ કરવાનો મારો વિચાર છે. વ્હેમસિંહ જેવા બાયલા અને નામર્દને મારવો એ કાંઇ મોટી વાત નથી." દિવાન ચતુરસિંહ તરફ મહારાજાએ ઉક્તિ કરી.

"મહારાજાશ્રી ! એજ ઉત્તમ છે. આપ સરકાર કુચે ચઢોછો તે જાણી તમામ લશ્કર એકઠું થઇ જશે."

એટલામાં એક બીજો બાતમીદાર હાજર થયો. નમન કરી તેણે

હકીકત જણાવી કે, રાજકુમાર ગેબ થયા અને રંગીઓ તેમની શોધમાં ગયા તેથી, તેમજ સુજનસિંહ સપડાયાથી લશ્કરમાં ભંગાણુ પડ્યું તેથી, હકીકત જાણતાંજ મહારાજા ખડ્ગસિંહ પોતાના લશ્કર સાથે અમલગઢ પર ચઢી ગયા. રસ્તામાં જણાયું કે સુજનસિંહ સપડાયા પછી એક કલાકમાંજ છુટી ગયા છે. તે ચમત્કાર ખડેરે પાછા ગયા છે. વીખરાયલું લશ્કર એકઠું થાય છે અને બ્હેમસિંહ પોતેજ ગુમ થઇ ગયા છે. તેના પલંગપરથી એક ચીઠ્ઠી મળી છે તેમાં એવું લખેલું છે કે, આ નિમકહરામ--બેઇમાન પાપીને હવે પુરી સજા થશે. જીવનપર્યન્ત તે કેદમાંથી છુટવા નહીં પામે.

આ વિશેષ વર્તમાન જાણી વળી મહારાજાએ દિવાન સ્હામે જોઇ, હવે શું કરવું તે બાબતમાં જાણે તે જાણવા આતુર હોય એમ મુખમુદ્રા કરી.

"મહારાજા સાહેબ! ફિકર નહી. જો કે ખડ્ગસિંહ મહારાજાએ ચઢાઈ તો કરી છે તોપણ ત્યાં જઇ પહોંચવું તે વધારે યોગ્ય લાગે છે. અમલગઢનો મામલો હંમેશ માટે શાંત કરવાની અને રોજની ખટપટ પતાવવાની જરૂર છે." દિવાને સવિનય પોતાનો અભિપ્રાય જણાવ્યો.

"આ રાજ્યનો વિજય વિજયકુમારના હાથે થાય એવી મારી ઉત્કંઠા હતી પણ હકીકત વિચારતાં તમારા કહેવા પ્રમાણે કરવુંજ યોગ લાગે છે. ધીરજ ખમવા જેવો વખત નથી."

અમલગઢપર ચઢાઇ કરવાની તૈયારી થઇ ગઇ.

જરૂર પડતો સર્વ વૃતાંત રંગીઓએ સાંભળ્યો. હવે શું કરવું તે વિચાર કરવા દરબારમાંથી નીકળી ત્રણે રંગીઓ એક એકાંત સ્થળે એકઠા થયા.

"ત્યારે હવે આપણે શું કરવું!!" પ્રતાપે પૂછ્યું.

"સો વાતની એક વાત કે પ્રથમ રાજકુમારનો પત્તો મેળવવો ને પછી બીજી વાત;" નવલસિંહે પોતાનો અભિપ્રાય આપ્યો.

"મારૂં કહેવું એમ છે કે, તમે-નવલ અને મહારાજ લશ્કરમાં જાઓ અને હું પત્તો લગાડવા જાઉં." પ્રતાપે ઉદ્‌ગાર કાઢ્યા.

"અરે એમ તે બને?! તમે એકલા ભટકી મરો અને અમે નવરા ઢોર જેવા લશ્કરમાં બેસી રહીએ." નવલસિંહ અને જોધી મહારાજ બન્ને બોલી ઉઠ્યા.

સર્વેથી પ્રથમ કુમારની શોધ કરવી એ વાત નક્કી થઇ. કેવી રીતે તે બાબતનો નિર્ણય કર્યા પૂર્વેજ ત્રણે જણા ઉઠ્યા. સહજ આગળ વધતાં એક વૃક્ષ ડાળે લટકતી ચિઠ્ઠી પાછી મળી અને તેમાં નીચે પ્રમાણે લખેલું પ્રતાપે વાંચ્યું.

પ્રતાપસિંહજી !

કેમ હજી પણ ચેતવું છે? જોયું મારૂં પરાક્રમ! જોયો મારો પ્રભાવ?? મારા કહેવા પ્રમાણે વ્હેમસિંહને મેં છોડયો પણ મારા મનમાં કે રાજકુમાર માની જશે. એમ ધારી મેં તેને મિત્ર રહેવા આજ્ઞા કરી. મારા પ્રભાવથીજ મણીકાન્તાની કટારથી દુર્જન દંડાયો છે. હવે કુમારી અને મણીકાન્તાનો વારો સમજજો. રાજકુમારે નહીં માનવાથી તેમને પણ મેં કેદ કર્યા છે. તે હાલ મારા કબજામાં છે.

હું આશા રાખું છું કે આ ચીઠ્ઠીથી તમે ચેતશો અને રાજકુમારને સમજાવશો. તે હજી પણ મારી માગણી કબુલ કરશે તો સઉ સારાં વાનાં થશે. મારી ખાત્રી છે કે તમે મને મદદ કરશોજ એમ ધારી જણાવું છું કે, જે ઠેકાણે તમે વ્હેમસિંહને પુર્યો હતો તેજ કેદખાનામાં હાલ રાજકુમાર તમને મળશે.

લી. સ્વરૂપસુંદરી.

"અરે ! આ રંગતો અજબ છે." નવલસિંહ બોલી ઉઠયો.
"ગમે તેમ હોય તો પણ તેના શ્રમનું પરિણામ શૂન્ય છે."
"પણ હવે રાજકુમારને તો પ્રથમ મળો."
ત્રણે રંગીઓએ કેદખાનાનો રસ્તો લીધો.

પ્રકરણ ૧૩ મું.

વિજયકુમારનો વિજય.

મણી મળવાનું ભાગ્ય જો, નહીં કો ફેરવનાર;
લખ્યું લલાટે તે થશે, અન્ય કદી થનાર.

નવીનદુર્ગના મહારાજા ખડ્ગસિંહે અને વિજયગઢના મહારાજા અજીતસિંહે અમલગઢ ઉપર પોતપોતાના સૈન્ય સાથે સવારી કર્યાની હકીકત ગત પ્રકરણમાં આપણે જાણી. સેનાપતિ સુજનસિંહ બંધનમાંથી તુરતજ મુક્ત થઈ ચમત્કાર ખડેર પાસે છાવણીમાં પાછા આવ્યાની અને વેરણ છેરણ થયેલ લશ્કર પાછું એકત્ર થવા લાગ્યું તે વાત વાંચી. થોડાજ વખતમાં તમામ લશ્કર એકઠું થઈ ગયું. છાવણીમાં અત્રે વિશેષ લશ્કરની હાલ જરૂર નહોતી, આથી ચમત્કાર ખડેરના દરવાજા પાસે યોગ્ય પહેરાની વ્યવસ્થા કરી સેનાપતિ સુજનસિંહે પણ અમલગઢનો રસ્તો લીધો અને મહારાજાશ્રીના લશ્કરમાં ભળી ગયા.

અમલગઢ ઘેરાયો. વ્હેમસિંહના લશ્કરને માત્ર કિલ્લાનુંજ શરણુ લેવા શિવાય અન્ય ઇલાજ ન રહ્યો, દરવાજા બંધ કરી દીધા; યુદ્ધનો બેટો અંદરથીજ કરવાની તૈયારીઓ થઇ ગઇ.

વ્હેમસિંહ તો અદૃશ્ય થઇ ગયેલ હતા. લશ્કરની આગેવાની ચિત્રરંગીઓ મોતીલાલ બંકા, શાસ્ત્રી બદ્રીનાથ, પુરાણી નાગેશ્વર અને મગનલાલ મહેતાના હાથમાં હતી. અહમદ અને મહમદ પણ જાણે જાનમાં વરના ભા પોતેજ હોય તેમ જણાતા હતા, જોકે તેમનું તો કાંઇ પણ ઉપજતું ભાગ્યેજ હતું.

" શું કરીએ, દુર્જનસિંહ તો ચાલ્યા ગયા અને ખટપટ અને મુશીબત આપણને તો માથેની માથે. " અહમદ અને મહમદ કિલ્લામાં એક સ્થળે વાતો કરતા હતા તે વખતે મહમદે અહમદને કહ્યું.

" પણ તેને માર્યો કોણે ?! તેનો હજી પત્તો નથી લાગતો. " અહમદે પ્રતિવાક્ય કહ્યું.

" પાપી પોતાના પાપેજ મરાયો છે. તમારી પણ થોડા વખતમાં એજ દશા થશે. તમે રંગી નામ ધારણ કર્યું છે. પણ પુરા વિશ્વાસઘાતી, હરામખોર અને નિમકહરામ છો. " મોતીલાલ બંકા ગુપ્તપણે અહમદ મહમદની વાર્ત્તા સાંભળતા હતા તે બોલી ઉઠ્યા.

" શું અમે વિશ્વાસઘાતી ?! હરામખોર ! ?" બંકાના શબ્દોથી બન્ને ચોંક્યા અને બોલ્યા.

" હા પુરે પુરા ચોર ! એમાં સાક્ષી પુરાવો જોઇએ છીએ ?! મહારાજા ખડ્ગસિંહના તમે નોકર, તેમના તમે ન થયા તો બીજાનું શું દાળદર મારશો !? દુર્જનને મરવા દીધો, પોતે નાશી છુટયા. ઉલટા અમારા રાજાને પણ કેદ કરાવ્યા. " બંકાએ જીભ કચડતાં હોઠ પીસીને કહ્યું.

મિયાં ભાઇનો મિજાજ હાથમાં ન રહ્યો. " જીભ સંભાળીને વાત કરો નહીં તો જોયા................" અહમદ જરાપણ આગળ એક શબ્દ બોલે એટલામાં તો બંકાએ ક્રોધથી કાંપી હાથ-

માંનો દંડો સપાટી કાઢ્યો. ઘા તાળવામાં બરોબર વાગ્યો અને એજ ક્ષણે તેણે છેવટને માટે અલ્લા પોકાર્યા.

મહમદ નાશી છુટવા જતો હતો પણ ક્યાં જાય ? બંકાનો બીજો સપાટો તેના ઉપર પડ્યો. તે પણ ગબડ્યો. પડતા ઉપર પાટુ મારી બીજી ક્ષણે બંકાએ તેના પણ રામ રમાડી દીધા.

"શું છે ?! શું છે ?!" કરતા શાસ્ત્રી, પુરાણી અને મહેતા ત્યાં આવી પહોંચ્યા.

"કાંટો કાઢી નાંખ્યો. કાશળને દૂર કર્યું." બંકાએ ઠંડા કાળજે હકીકત જણાવી.

"ચાલો પીડા પતી, પણ ત્યારે હવે શું કરીશું ?! ગઢતો ચારે તરફથી ઘેરાયો છે. ખરચી પાણી માત્ર થોડાજ દિવસનાં છે. ક્યાં સુધી અંદર રહી જોર મારીશું ?!" આકળા સ્વભાવના મગનલાલ મહેતાએ અકળાઈ જઇ પુછ્યું.

"કંઇક યુક્તિ કરવીજ જોઇએ. ખાધેલું લુણ હલાલ કરવું એજ આપણો ધર્મ છે." પુરાણીએ પંડિતાઇ ભરેલું વાક્ય કાઢ્યું.

"પણ જો સાચું કહેવરાવો તો આપણા રાજાએ પણ શું સારૂ કરવા માંડ્યું છે ?! માત્ર અન્યાયજ માંડ્યો છે. હવે રાજકુમારનો શો દોષ છે." શાસ્ત્રીજી બદ્રીનાથે સ્પષ્ટ શબ્દોમાં હતું તેવું કહી નાંખ્યું.

"ગમે તેમ છે પણ આપણો કાંઇ હવે, એ લીટે લીટો કર્યા વગર છુટકો છે !" પુરાણીએ પતવ્યું.

"હશે, મહારાજાને દુષ્ટ દુર્જનરૂપ પનોતી નડતી હતી તે હવે ઉતરી ગઇ છે. તેમ શની અને મંગળની દશા પણ અહમદ મહમદ સાથે અત્યારે પુરી થઈ ગઇ છે. હવે સલાહ થતાં વાર નહીં લાગે.

પછી આપણે રાજકુમારનીજ સેવા કરવી પડશે. વાહ્ ! શું કુમાર લાયક છે ! ” કુમારની પ્રશંસામાં વાક્ય પુર્ણ કરી સર્વને બંકાએ શાંત કર્યા.

થોડીવાર મસલત કરી ચારે ચિત્રરંગીઓ એક દિશા તરફ ઉપડયા.

થોડીવાર પછી ગઢના બુરજ ઉપરથી એકાએક તોપના બહાર થવા લાગ્યા. બહાર પડેલા લશ્કર ઊપર ગોળા આવવા લાગ્યા. બન્ને લશ્કરો તત્કાળ સાવધ થઇ ગયા અને બચાવ કરવા માંડયો.

ગોળાનું કામ આશરે કલાકેક દમભેર ચાલ્યું.

આ પ્રસંગે મહારાજા અજીતસિંહ પોતાના તંબુમાં દિવાનજી સાથે લશ્કરની વ્યવસ્થા સંબંધીજ કંઇ વાત કરી રહ્યા હતા તે વખતે મહારાજા ખડ્ગસિંહના મંત્રિ મહોબતસિંહ એક બે સરદારો સાથે ત્યાં આવ્યા.

મંત્રિની મુખમુદ્રા ઉપર ઉદાસી છવાઇ રહી હતી. ચહેરો નિસ્તેજ હતો, તેનું નુર ઉડી ગયું હતું. નમન કરી મહારાજા અજીતસિંહને નિવેદન કર્યું કે—

“ ખડ્ગસિંહ મહારાજ નથી. તંબુમાં પલંગ ખાલી છે. પહેરાવાળો બહાર બેભાન પડ્યો છે. તપાસ કરતાં કરાવતાં હજી પત્તો નથી. ”

હકીકત સાંભળી મહારાજાશ્રીએ ડાબી બાજુ બેઠેલા દિવાન તરફ દૃષ્ટિ ફેરવી.

“ માત્ર એકલા મહારાજા ગુમ થયા હોત તો તો એમ માનત કે કોઇ રંગી કોઈ યુક્તિ પુરઃસર ચોરી ગયા—ઉપાડી ગયા, પણ જ્યારે પહેરગીર બેભાન છે તો એમ સમજાય છે કે, ખાવાપીવામાં

કાંઇ ગડબડ થઇ છે. રસોઇઆને બોલાવો. તેનાથી વખતે પત્તો મળશે. ”

તુરતજ માણસો દોડયાં. બન્ને લશ્કરો સાથેજ પડયાં હતાં. ‘રસોઇઓ પણ નથી ’ એવી ખબર આવી પહોંચી. થોડીવારમાં વિશેષ ખબર જણાઇ કે, રસોઇઓ અને બીજા રસોડાના નોકરે લશ્કરની બહાર બેભાન પડેલા મળી આવ્યા છે અને ડોળીમાં તેમને આ તરફ લાવે છે. ”

ડોળીઓ આવી પહોંચી. માત્ર એક રસોઇઆની ડોળી અંદર મંગાવી દિવાને તેને કાંઇ દવા સુંઘાડી શુદ્ધિમાં આણ્યો.

શુદ્ધિમાં આવતાં તેણે જણાવ્યું:—મનહર મુરબ્બાના જાત જાતના નમુના લેઈ એક વેચનાર આવ્યો. માલની તે ઘણીજ તારીફ કરતો હતો. દિલ્હીવાળા લાલા બિશનદયાળનો માલ છે એમ તેણે કહેવાથી અને તેમનું પ્રખ્યાત નામ મને ખબર, તેથી હું છેતરાયો. બનાવટી માલ આપી દિલ્હીવાળાનું નામ દઇ ધુતારાએ મને ધૂત્યો. તે દિલ્હીવાળાનો માલ છે કે કેમ તે ખાત્રી ન કરી તે મારી ભૂલ થઇ. માલ લેઇ ચાખ્યો તેવોજ પૈસા પણ આપ્યા કે નહીં તે ભાન ન રહ્યું અને શું બન્યું તેની પણ ખબર ન રહી. ”

“ હકીકત સમજાઈ, હવે લશ્કરમાં જઇ યુદ્ધનો બંદોબસ્ત કરો. ” એમ એકત્ર થયેલા સર્વને દિવાને જણાવી. સર્વ બેહોશ થયેલાઓને ઔષધ સુંઘાડી શુદ્ધિમાં આણી સૌ સૌને ઠેકાણે મોકલ્યા.

મહારાજા અજીતસિંહ, દિવાન ચતુરસિંહ અને મંત્રિ મહોબતસિંહ એટલાજ માત્ર તંબુમાં રહ્યા. તેમણે થોડીવાર સુધી ખાનગી મસલત ચલાવી.

“ જુઓ આજે રાત્રે પણ લડાઈ ચાલુજ રાખજો. સુજનસિં-

હને પણ ખાનગી રીતે તે વરધી આપી દેજો.” મહોબતસિંહ મંત્રિ પોતાના તંબુએ જવા નીકળતા હતા તે વખતે ચતુરસિંહે જણાવ્યું.

થોડીવારે દિવાનજી પણ મહારાજાની આજ્ઞા લેઇ પોતાના તંબુએ ગયા.

રાત્રિ થઇ, આખો દિવસ લડાઇ ચાલુજ હતી. રાત્રે પણ બંધ ન રહી. સેનાપતિ સુજનસિંહે અને મંત્રિ મહોબતસિંહે લડાઇ જોશભેર ચાલુજ રાખી.

સુજનસિંહની શુરવીરતાએ પ્રતિપક્ષના હાંજા ગગડાવ્યા. કિલ્લાના તમામ લશ્કરને છેક દરવાજા પાસે આવી જવાની ફરજ પડી. અમલદાર વર્ગ ત્યાંજ સર્વ હતો. સર્વને એમ અંદર ભય થયો કે આ પ્રમાણે આખી રાત્રિ જો યુદ્ધ ચાલુ રહેશે તો સ્હવાર થતાં થતાં તો દરવાજો ત્રુટશે, અમલગઢ હાથથી જશે.

ચિત્રરંગીઓ ચિંતાગ્રસ્ત બનેલા આમતેમ ગભરાતા હાંફલા ફાંફલા ફરતા હતા એ વખતે એક ચોપદારે ત્યાં આવી આક્રંદ મચાવી મૂક્યું.

બંકા વગેરે રંગીઓ વળી વિશેષ ગભરાયા. ચોપદાર પુરેપુરો જખમી થયેલો જણાતો હતો. તેના ચહેરાપર એટલા ઘા વાગેલા હતા અને એટલું લોહી નીકળતું હતું કે તેને ઓળખાવો પણ મુશકેલ હતું.

“શું થયું ?! કોણે જખમી કર્યો ?!” બંકાએ ઉતાવળા શબ્દોમાં પૂછ્યું.

“અરે તમે તો અહીં મંડયા રહ્યાછો પણ બીજી વાતનું તો નથી કાંઈ ધ્યાન કે ભાન ! પાછલી બાજુથી દુશ્મનનાં માણસો કિલ્લામાં ધુસ્યાં છે. ચારે તરફ કેર વર્તાવી રહ્યાછે. મારો તો એકનીજ

સાથે ભેટો થયો. અહાહા ! શું જબરો, ચાલાક અને તેજ ! હું જખમી થઇ કલાક પડી રહ્યો ત્યારે માંડમાંડ મહા મુશ્કેલીએ અહીં ખબર કહેવા ભેગો થઇ શક્યો છું. મ્હેં અહીં આવતાં ફરી તેને રસ્તામાં જોયો છે. આવા કાગળના કકડા તે ઠેર ઠેર લગાવે છે.” એક કાગળનો કકડો તેણે બંકાના હાથમાં મૂક્યો.

કાળમાં નીચેનો જાસો હતો.

“ તમારી ચતુરાઇ ચુલે પડી. હવે ચાલાકી નહીં ચાલે. આખરે હું કિલ્લામાં આવ્યો છું. જુઓ હવે શું જામે છે તે ! ? તમે ચારે ચિત્રરંગી છો. આપણે તો બંદાં રંગવિદ્યાનું નથી જાણતા નામ કે નિશાન ! તોપણ તમે મને પકડી નહીં શકો. ત્યારે બળી તમારી વિદ્યા ! ! ”

“ ખરેખર આતો ઉલટી બુરી થઇ લાગે છે. વારૂ કેટલાં માણસ છે ? ! ”

“અરે કેટલાંએ હશે, પણ મને તો એકનોજ મુકાબલો થયો છે.”

“ તું તેને ઓળખી શકીશ ? ”

“ શા માટે નહીં ? બરોબર ઓળખીશ. મેં તેને ખાસ્સી રીતે જોયો છે.”

“ આવ ત્યારે અમારી સાથે. ”

“હા ચાલો. મને એણે અધમુઓ કરી નાંખ્યો છે હવે પકડાવ્યા વિના છોડું કે ? ! ”

ચોપદાર અને ચારે ચિત્રરંગીઓ ચાલ્યા ચાલ્યા જનાનખાનાના મહેલ તક આવી પહોંચ્યા. ત્યાં એક આદમી જમીનપર બેહોશ પડેલો હતો. પાસે બળતી મશાલ પડી હતી અને સહજ છેટે તેલની કુલ્લી ગબડેલી હતી. તે રાજનો મશાલચી હતો એમ રંગીઓએ જોતાંજ ઓળખ્યો.

" જુઓ આને પણ તેણે માર્યો લાગે છે." ચોપદાર સમજીને બોલી ઉઠયો.

બંકાએ મશાલચીને તપાસ્યો. દવાના પરિણામે તે બેભાન થયેલો લાગ્યો.

" અરે એને છોડો. લ્યો હું મશાલ લઈ લઉં. પહેલાં એ તો તપાસો કે પેલા કેદ કરેલા રાજાને તે છોડવી ના લેઇ જાય." ચોપદાર ફરી ગાજી ઉઠયો.

" હા, ખરી વાત છે. ચાલો પહેલા ત્યાં." બંકાએ પૂર્તિ કરી. મહારાજા ખડ્ગસિંહને જે કોટડિમાં હાથકડી પહેરાવી પૂર્યા હતા ત્યાં મંડળી આવી પહોંચ્યું.

" અહીં તો તે નથી. બધું બરોબર છે. ચાલો બીજી બાજુ હશે." ચોપદારે ચારે બાજુ બરોબર તપાસી લેઇ કહ્યું.

આગળ જખમી થયેલો ચોપદાર અને પાછળ રંગીઓ ચાલ્યા જતા હતા. ચાલતાં માર્ગમાં ઉપર વાંચેલ એવા અનેક કાગળના ટુકડાઓ મળ્યા. તે વાંચતાં રંગીઓના ચિત્તમાં ચિરાડો વધતો ને વધતો પડતો ચાલ્યો.

એકાએક ચોપદાર અટકયો, એક કોટડી તરફ હાથની આંગળીથી ઇસારો કરી બોલી ઉઠયોઃ—" એજ, જુઓ તે કોટડીમાં ઘુસ્યો. એજ એજ, તેણેજ મને ઘા કર્યો હતો. બચ્ચાજી હવે ક્યાં જશો ? સપડાયા છો." એકદમ દોડતો જઇ તે કોટડીના બારણે અટકયો.

" કેમ અટકયો ? પેસને અંદર ?!" બંકાએ આવી પહોંચતાં કહ્યું.

" પહેલાં તમે પેસો. હાથમાં તલવાર કે કટાર રાખો. જો જો હોં, મારા જેવી વલે પછી ના થાય."

" હવે થઈ થઇ. તારે અમારી ફિકર ના રાખવી. થા આગળ. મશાલ તારી પાસે છે."

" ના, ભાઇ સાબ ! હું તો અંદર નહીં આવું. માંડ માંડ એકવાર જીવ બચ્યો છે. હવે તે શા ભોગ લાગ્યા છે કે જાણી બુઝીને ઝંપલાવું !"

" અરે ચાલરે બીકણુ ! લાવ મશાલ, આવીજ મહારાજાની નોકરી કરે છે કે ?!"

હા હ્યોજી ! ભલે બીકણ તો બીકણુ ! આટલા આટલા ઘા વેઠયા તો પણ બીકણુ !! હમણાં પોતાને વાગ્યું હોય તો ખબર પડે."

બંકાએ ચોપદારના હાથમાંની મશાલ ઝુંટવી લીધી. ચારે રંગીઓ હિમ્મતભેર કોટડીમાં ઘુસ્યા—આગળ વધ્યા. જરા પણ વિલંબ ન કરતાં ચાલાક ચોપદારે કોટડીનાં બારણાં બંધ કરી દીધાં અને બહારથી સાંકળ ચઢાવી દીધી.

વાચક વૃન્દ ! આ ચતુર ચાલાક ચોપદાર કોણ તેનો ખ્યાલ હવે તમને આવશે. સર્વ ચિત્રરંગીઓના શિરોમણિ આ ચોપદાર અન્ય કોઈ નહીં પણ મહારાજા અજીતસિંહના દિવાનજી—પ્રતાપસિંહના પિતા ચતુરસિંહજી પોતેજ હતા.

એક સપાટે મહારાજ ખડ્ગસિંહને કેદ મુક્ત કરવાનું અને ચારે રંગીઓને કેદ પકડવાનું સાહસ સામાન્ય રંગી કોણ કરી શકે ?! પ્રથમ તો સર્વ રંગીઓને છેતરી તેમણે મહારાજાને ક્યાં કેદ કર્યા હતા તે જગા જોઈ લીધી. ત્યારબાદ ધારેલે સ્થળે તેમને કેદ કર્યા. આ કોટડીમાં પ્રથમથીજ રંગ વિદ્યાનાં કેટલાંક ઔષધ દ્રવ્યો ગોઠવ્યાં

હતાં. મશાલ સાથે અંદર રંગીઓ પેસતાંજ તમામ દ્રવ્યો તપી ઉડયાં. હવામાં ભળી ગયાં, ઝેરી હવા રંગીઓએ સુંઘી અને તમામ બેશુદ્ધ બની ગયા.

તાબડતોબ જઇ પ્રથમ તો દિવાનજીએ મહારાજાને મુક્ત કર્યા. જે રસ્તેથી તે કિલ્લામાં અંદર આવ્યા હતા તેજ રસ્તે તેમને પણ બહાર ઉતાર્યા અને સવિનય તેમને જણાવ્યું:—

"આપ હવે અહીંજ રોકાશો. ચારે દુશ્મનના રંગીઓને મેં કેદ કર્યા છે. તેમને એક પછી એક આ સ્થળેથી હું ઉતારૂં છું. તેમને લટકતા હું મુકું એટલે આપ નીચે આવતાં છોડશો."

મહારાજાએ તે વાત સ્વીકારી. ચારે રંગીઓને એક પછી એક બહાર ઉતાર્યા. પોતે પણ પછી ઉતર્યા. રંગીઓને એક ગુપ્ત સ્થળે રાખી મહારાજાને લશ્કર ભેગા કરી દીધા. પછી પોતે પાછા જઈ હાથકડી અને બેડીઓ પહેરાવી ચારે રંગીઓને સખ્ત પહેરા તળે મુકયા.

લઢાઇ હજી ચાલુજ હતી. સ્હવાર થવાને બહુ વાર નહોતી. લઢાઇ બંધ થવાનો હુકમ મળવાને થોડીજ વાર હતી એટલામાં અમલગઢના કિલ્લાનો દરવાજો એકદમ ઉઘડયો. રાજકુમાર વિજયસિંહના વિજય વાવટાની નિશાનવાળી ધ્વજા પતકાઓ અંદર ફરકતી જણાઇ.

"રાજકુમારની જય ! વિજયકુમારની જય!" એવા ધ્વનિઓ આકાશને એકદમ ગજાવી રહ્યા. ખડ્‌ગસિંહ મહારાજ તેમજ અજીતસિંહ મહારાજ ઉભય લશ્કરમાં હર્ષના પોકારો થયા. સેનાપતિ સુજનસિંહ હર્ષભેર ઉત્સાહથી એકદમ પોતાના લશ્કર સાથે કિલ્લામાં ધુસ્યા. તેમની પાછળ તમામ લશ્કર કિલ્લામાં દાખલ થઇ ગયું.

બ્હેમસિંહની પતાકા પડી. તે જગાએ રાજકુમારની ચઢી. વિ-

જયકુમારનો વાવટો ફરકવા લાગ્યો. સેનાપતિએ પોતે સ્વહસ્તે વિજય નિશાનના ડંકા બજાવ્યા.

રાજકુમાર વિજયસિંહે પોતાના હાથે જોત જોતાંમાં દુશ્મનનાં ચાળીસ–પચાસનાં શિર ધડથી જુદાં કરી નાખ્યાં હતાં. પોતે તેમજ રંગીઓ જખમી થઇ ગયા હતા. અજીતસિંહ મહારાજા કિલ્લામાં પ્રવેશતાંજ રાજકુમાર અને રંગીઓ નમ્યા. જોધી મહારાજાએ આશિર્વાદ આપ્યા.

ઉભા રહેવાની શક્તિ પણ જખમી થવાથી જતી રહી હતી. ચતુરસિંહે સર્વેને પાટા બાંધ્યા. જખમો સાફ થતાંજ વિજયકુમાર અને રંગીઓ ઓળખાયા.

રાજકુમાર અને રંગીઓ ક્યાંથી કેવી રીતે એકદમ આવી પહોંચ્યા તે વાતનું આશ્ચર્ય સર્વને થયું.

મહારાજાએ પોતાના પ્રાણપ્રિય પ્રતાપી પુત્રને છાતી સરસો દબાવ્યો. રંગીઓ ઉપર પણ ઘણીજ પ્રીતિની લાગણી બતાવી. ખડ્ગસિંહ મહારાજ પણ કુમારની વીરતાથી પ્રસન્ન થઇ તેમનાં વખાણ કરવા લાગ્યા. રાજકુમારે તે મહારાજને પણ નમન કર્યું. અને સર્વની પ્રેમપૂર્વક મુલાકાત લીધી.

અમલગઢપર વિજય મળ્યો. મહારાજા ખડ્ગસિંહે તેમજ અજીતસિંહે બન્નેએ તે દિવસ ઘણોજ શુભ મુહુર્તનો હોવાથી અમલગઢની ગાદીનું રાજતિલક વિજયકુમારને કર્યું.

નોબતો ગડગડી. બંદીજનો જશ બોલવા લાગ્યા. નજરાણાં ચઢવા લાગ્યાં. શાલો દુશાલો અને બક્ષીસો વ્હેંચાવા લાગી. સર્વત્ર રાત્રિ દિવસ મંગલ ઉત્સવ જામી રહ્યો.

જનાનખાનાના બંદોબસ્તની વ્યવસ્થા પણ યોગ્ય ભરતખા

સાથે થઇ ગઇ. મહારાજા વ્હેમસિંહની સમસ્ત પ્રજાએ રાજકુમારનું સ્વામીત્વ પ્રસન્ન દિલથી સ્વીકાર્યું.

બાકી રહેલ ચમત્કારપૂર્ણ ખંડેર જેમ બને તેમ વેળાસર તોડી, કાર્યથી પરવારી, પાછા કુશળ પધારવાનું સૂચન અને આશિષ આપી બન્ને મહારાજાઓએ પોત પોતાના રાજ્યનો પ્રયાણ-માર્ગ લીધો.

તે પધાર્યા પછી, અમલગઢની યોગ્ય વ્યવસ્થા કરી, પોતાના રંગીઓ અને લશ્કર સાથે રાજકુમાર પણ ચમત્કાર ખંડેર તરફ જવા રવાના થયા.

પ્રકરણ ૧૪ મું.

મહાદેવીની માયા.

અજબ ભેદ માયાતણો, કથ્યો-ન વર્ણ્યો જાય,
ભણ્યાગણ્યા ભૂલા ભમે, મૂરખ ગોથાં ખાય.

સ્વરૂપસુંદરીના પત્રથી રાજકુમાર કેદખાનામાં છે એવી ખબર મળતાંજ, ત્રણે રંગીઓ કેદખાનાના દરવાજે આવ્યા, પૂર્વે કથિત રીત પ્રમાણે દરવાજો ઉઘાડયો અને અંદર પ્રવેશ કર્યો. અત્યારે દરવાજે એવડુ તાળુ નહોતું. હતો તેમ દરવાજો બંધ કરી રંગીઓ અંદર આગળ વધતાં, અનેક તર્કો વિતર્કો કરતા કરતા-વિચારોદધિમાં લીન થયેલા રાજકુમારને મળ્યા.

રંગીઓએ પાસે જતાં રાજકુમારને નમન કર્યું. રાજકુમાર રંગીઓને જોતાંજ ગળાગળા થઇ ગયા.

"રાજકુમાર ! રાજકુમારીને મળ્યા કે કેમ ?! કાંઇ વાતચિત થઈ કે કેમ ?!" પ્રતાપે થોડીવાર શાંત રહી પ્રશ્ન કર્યો.

"ના. જરા પણ નહીં. મારે શું કરવું તેનાજ વિચારમાં હું હતો. મારે તેમને મ્હોં દેખાડવું કે કેમ? તેનીજ ગઢભાંગ ચાલતી હતી, એટલામાં તો તમે આવી પહોંચ્યા."

"એટલે! કેટલા દિવસથી આ ગઢભાંગ અને વિચાર કરતા અહીં બેઠા છો!? હજી પણ નિર્ણય નથી કરી શક્યા?!" પ્રતાપે ચકિત થઇ પૂછ્યું.

"અરે હું તો અહીં હમણાંજ આવ્યો છું."

"હેં. શું હમણાંજ આવ્યા?! ત્યારે અત્યાર સુધી ક્યાં હતા?! છાવણીમાંથી ગુમ થયે તો ત્રણ-ચાર દિવસ થયા. અહીં ત્યારે હમણાં શી રીતે આવ્યા?!"

"તે મને ખબર નથી. હું લશ્કરમાંથી કેવી રીતે ગયો અને અહીં શી રીતે આવ્યો તે હું નથી જાણતો. હેવાલ ઘણોજ વિચિત્ર છે. જે જે ચમત્કારો મેં જોયા છે તે ખરેખર અજબ છે."

ત્રણે રંગીઓએ શી હકીકત બની તે જાણવાની ઉત્કંઠા બતાવતાં, રાજકુમારે હકીકત કહેવા માંડીઃ—

"ભાઇ પ્રતાપ! નવલ અને જોષી મહારાજ! મોડી રાતે તમારા ગયા પછી સહેજ વાળુ કરી હું પલંગ ઉપર આળોટતો પડયો. પ્રથમ તો ઉંઘ ના આવી પણ આખરે આંખ્ય મળી ગઇ."

"વારૂ પછી?"

"રાજકુમાર ઉઠો. વિજયકુમાર જાગો. દિવસ ચડી આવ્યો છે." એવા શબ્દોના ભણકાર મારે કાને પડયા ત્યારે મારી આંખ્ય ઉઘડી. જોયું તો, નહોતો મારો પલંગ, નહોતો હું મારા તંબુમાં, નહોય જાણે મારા લશ્કરની છાવણી કે નહોતું ચમત્કાર ખંડેરની નજીકનું જંગલ; પણ હું તો એક સુવ્યવસ્થિત શણગારેલા ભવ્ય દિવાન-

ખાનામાં એક કિંમતી પલંગપર પોઢેલો હતો એમ લાગ્યું અને માત્ર ઉપરના 'રાજકુમાર ઉઠો,' એવા શબ્દથીજ જાગ્યો એમ ભાન થયું.

પલંગમાંથી ઉઠયા વગરજ, ચારે બાજુ નેત્ર ફેરવી મને કોણે બુમ પાડી તે જોવા પ્રયત્ન મેં કર્યો; પણ આશા ફળિભૂત ન થઇ. દિવાનખાનામાં કોઇપણ સ્ત્રી કે પુરૂષની મનુષ્યાકૃતિ જોવામાં ન આવી.

દિવાનખાનાની ત્રણે બાજુની ભીંતો આરસપહાણની હતી. ચોથી દિવાલમાં બે ત્રણ મ્હોટાં મ્હોટાં બારણાં હતાં પણ તે બંધ હતાં સૂર્યોદય થઇ ગયો હતો એમ છતાં ઉપર લટકતાં કાચનાં ઝાડોનાં લોલકોદ્વારા રવી કિરણોએ પ્રવેશ કર્યો હતો તે ઉપરથી સમજાયું."

"વાહ નવાઇ! પણ વારૂ પછી ?"

"અરે કયાં ગયું ચમત્કાર ખંડેર!! કયાં મારી છાવણી?! કયાં મારૂં લશ્કર!? મારો તંબુ કયાં?! મારો પલંગ કયાં?! અહીં હું કેવી રીતે આવ્યો?! મને કોણ લાવ્યું હશે?! કેમ લાવ્યું હશે?! હું કયાં હોઇશ?! અરે આ તે સ્વપ્ન કે સત્ય?! એવા ઉપરા ઉપરી વિચારો મને થયા?! એકનો પણ ખુલાસો હું મારી જાતે ન કરી શકયો!!

ફરી મેં આંખ્યો મીચી. ઉંઘ તો નજ આવી. ફરી જાણે અવાજનો ભાસ થયો. આથી હું ઉઠયો. એક બારણાને ઠેલ્યું, ઠેલતાંજ તે ઉઘડયું અને એક ન્હાનાં રમણીય બાગમાં હું પ્રવેશ્યો."

"મને લાગે છે કે મનુષ્ય કારીગરીના નમુનારૂપ આ એક બાગ હશે?!" વચ્ચે પ્રશ્ન થયો.

"ના. આ ન્હાનકડો બાગ કેવળ જંગલી પુષ્પો અને લતાઓથી ઉભરાતો હતો. આગળ ચાલતાં એક ચારે બાજુ પત્થરથી બાંધેલી

સ્વચ્છ જળવાળી તલાવડી મારા જોવામાં આવી. તેમાં ઉતરવાનાં પગથીઆં હતાં. બન્ને બાજુ સુશોભિત પુષ્પનાં કુંડાં હારબંધ ગોઠવ્યાં હતાં અને છેક નીચે-પાણીની પાસે આરસના બે ચોતરા આવી રહેલા હતા; તે પૈકી એકના ઉપર એક નરમ ગાલીચો પાથરેલો હતો, પાસે એક ચાંદીનો લોટો હમણાંજ જાણે કોઇએ ભરી મૂકયો હોય, તેમ પડેલો હતો ! દાતણ પણ તેના ઉપરજ હતું; તેમ એક ચાંદીના બાજઠ ઉપર પહેરવાનું ધોતીઉં, ટુવાલ સાબુ અને કેટલાક પુરૂષને પહેરવા યોગ્ય વસ્ત્રો હતાં અને બીજી બાજુના ચોતરે એક ચાંદીના બાજઠ ઉપર પુજા કરવાનો સર્વ સામાન હતો."

"નક્કી કોઇ હશે તો હિતસ્વીજ. દુશ્મનનું આ કામ નહીં હોં કે જોશી મહારાજ ! પણ કુમારશ્રી ચલાવો આગળ!" નવલસિંહે વચ્ચે પૂર્તિ કરી.

"ખરેખર નવલ ! હું તે જાગૃત દશામાં છું કે સ્વપ્નામાં છું એવો મને પાછો વિચાર થયો. આ કઇ જગા હશે ?! માલીક કોણ હશે ?! અહીં કેવી રીતે આવ્યો હોઇશ ?! એવા વિચારો કરતો હું ઉભો હતો એવામાં એક કાગળના લેખ ઉપર મારી નજર પડી."

"હાં. હવે સમજાયું હશે કે કોણે લખેલું ?!"

"ના. ના. કાંઇ ન સમજાયું, લેખ સહી વગરનો હતો. માત્ર એટલુંજ લખેલું હતું કેઃ—

રાજકુમાર વિજયસિંહજી !

આ સર્વ આપની સેવા માટે છે. આજ આપ અમારા મ્હેમાન છો. આપ ખુશીથી કુંડમાં સ્નાન કરો અને સર્વ સામગ્રીનો ઉપભોગ કરો."

" લખનાર ખરેખર કોઇ ઉસ્તાદ લાગે છે જો. ના મળે નામ કે નિશાન."

રાજકુમારે આગળ ચલાવ્યું:—

" ઉપરનો લેખ વાંચતાંજ પાછા વિચારો ઉભરાવા લાગ્યા. પણ ત્યારે છુપી મ્હેમાનગતીનું શું કારણ ? ! કેમ કોઇ નજરે પડતું નથી ? ! અરે આ સ્થાન તે શું સ્વર્ગપુરી હશે કે કોઇ અપ્સરાઓનું વિલાસ સ્થાન હશે. નક્કી નક્કી સ્વર્ગ-સુંદરીઓજ આ બાગમાં આમ તેમ ફરતી તો હશે પણ મારા જોવામાં નથી આવતી. "

" પણ ત્યારે પુરેપુરો બાગ જોઇ કાઢવોતોને? જીવને ખાત્રી તો થાય. " પ્રતાપે ઉદ્દગાર કાઢ્યા. "

" હા. જેમ તમને વિચાર થયો તેવોજ પુરેપુરો બાગ તપાસવાનો મને પણ વિચાર થયો હતો. આથી ન્હાવાનું બાજુ રહ્યું અને હું તો પાછો બાગમાં ફરવા લાગ્યો. દિવસ ચઢયે જતો હતો, તડકો વધ્યે જતો હતો પણ તેને નહીં લેખતાં હું બાગ જોવા લાગ્યો.

જો બહાર નીકળવાનો રસ્તો મળે તો ચાલ્યો જાઉં, એમ એક વિચારનો તરંગ ઉભરાયો. ના, ના, જ્યાં સુધી આ જગાનો માલિક કોણ છે અને મને અહીં લાવવાનો હેતુ શો છે તે સમજાય નહીં ત્યાં સુધી એક બ્હીકણની પેઠે ડરી જઇ પાછા જવું તે તો યોગ્ય નથી એમ બીજીજ ક્ષણે વિચાર આવ્યો. પહેલાને બીજા તરંગે દબાવ્યો.

બાગમાં ફરતાં ફરતાં એક બીજા ભવ્ય મકાન આગળ હું આવી પહોંચ્યો, પણ તે મકાન ચારે બાજુથી બંધ હોવાથી અંદરની તેની વ્યવસ્થા જોવાની જીજ્ઞાસા તૃપ્ત ન થઇ.

જંગલી પુષ્પો, લતાઓ, ક્યારીઓ વગેરે જોતાં જોતાં બાગના છેક એક ખુણા સુધી જઇ પહોંચ્યો. ત્યાં એક ન્હાની કોટડી જણાઈ. તેની બહાર પાણી ભરેલ ડોલ તથા લોટો હતાં. શંકાનિવારણ કરવાનીજ તે ઓરડી છે એમ ખાત્રી થતાં તેનો મેં ઉપયોગ કર્યો, હવે સ્નાન કરવાની જરૂર તેથી પાછો ફરી હું તલાવ–કુંડે આવ્યો. સ્નાન કરી, સંધ્યા કરી, પરવાર્યો. બાજઠ પરનાં વસ્ત્રોમાંથી પહેરવાની જરૂર જેટલાં પહેરી પણ લીધાં. "

" વારૂ પછી શી લીલા થઇ તે જણાવો ? "

" પછી શું ? ! લગભગ મધ્યાન્હનો સમય થવા આવ્યો હતો. તડકાથી ગરમીનું જોર પણ જામ્યું હતું. પેટમાં ભૂખ કકડીને લાગી હતી, છતાં કયાંય શીતળ છાયાવાળી જગા મળે તો ત્યાં જઇ આરામ લેવાનો વિચાર થયો. જે દિવાનખાનામાંથી ઊંઘમાંથી ઉઠતાંજ હું બહાર નીકળ્યો હતો તે દિવાનખાનું તો અત્યારે બંધ થઇ ગયું હતું. આમતેમ તપાસતાં જે મકાન થોડા વખત અગાઉ મને બંધ જણાયેલું તે અત્યારે ઉઘાડું જણાયે હું નિર્ભયપણે તેમાં પેઠો.

દિવાનખાનું ઘણુંજ સ્વચ્છ અને આરસપહાણ ફરશબંદી હતું. હમણાં કોઇએ તેને સાફ કરી ધોઇ નાંખી વચમાં એક ગાલીચો નાંખ્યો હતો. ગાલીચા આગળ એક સુંદર બેમૂલ બાજઠ ઉપર ચાંદીના ટાટમાં જમવાની અવનવિન ચીજો ગોઠવી હતી.

ત્યાં પણ એક ચિઠ્ઠી વાંચવાની મળી. તેમાં પણ લખનારનું નામ ન મળે. માત્ર એટલુંજ લખાણ કે, ' આપ સંકોચ ના પામશો. આ મકાન આપના મિત્રનું છે. આપની સારી ખાતર અહીં થશે. આપ જમીને પાસેની ઓરડીમાં જઈ આરામ કરો. "

" પણ ત્યારે પછી જમ્યા કે નાનજીભુખ રહ્યા? હું તો પહેલો જમી લઉં. બીજી વાત પછી." નવલે ટીખળ ચલાવ્યું.

" જમવું કે ના જમવું એવા વિચારની ભાંજગડ ચાલી. ભૂખના જાસુસો તો પેટ ઉપર પ્રહાર કરી રહ્યા હતા. પણ માલિકના શિવાય એકલા બેસી સામગ્રી ઉઠાવવાનો જીવ ન ચાલ્યો.

અરે ! આવી સારી મારી ખાતર કરેછે, સર્વ પ્રકારની સામગ્રી મોકલે છે છતાં મારાથી છુપાય છે એવો મારો મિત્ર કોણ હશે ? ! વળી આશ્ચર્ય એ છે કે આ સર્વ ચીજો ક્યાંથી આવે છે અને કોણ લાવે છે તે પણ નથી સમજાતું ? !

ભૂખ કડકડીને લાગેલી એટલે જમ્યા શિવાય છુટકો નહોતો. આસને બેઠો. જેવો હાથ લંબાવી પ્રથમ ગ્રાસ લેવા જાઉછું તેવોજ પાછો કંઇ વિચાર થયો અને મેં હાથ પાછો ખેંચી લીધો.

એકાએક ખડખડાટ હસવાનો અવાજ થયો અને તે મેં સ્પષ્ટ સાંભળ્યો. "

" ઓ બાપરે ! ગુરૂજી ! આ ભૂતાવળનો પ્રદેશ તો નહીં હોય ?!" નવલ પાછો ચમકી ઉઠયો.

" હશે જે હશે તે, પણ કુમારશ્રીની હકીકત તો શાંતિથી સાંભળ ! " પ્રતાપે વાર્યો. કુમારે પાછું ચલાવ્યું:—

" હું આશ્ચર્યમાં ઘેરાયો, આમતેમ તપાસ કરી, પણ કોઇ નજરે ન પડયું-કોઇ વ્યક્તિ ન જણાઇ-માત્ર આકાશમાંથી દેવવાણી થઇ એમ માનવા શિવાય અન્ય ઇલાજ ન રહ્યો.

' ન સંકોચાઓ, ખુશીથી ખાઓ ' એમ પુનઃ દેવવાણી સંભળાઇ. જેમ બને તેમ ખરૂં એમ છેવટે નિશ્ચય કરી જમવાનું શરૂ કર્યું. રસોઈ ઉત્તમ પ્રકારની સ્વાદિષ્ટ હતી. સારી રીતે જમી, હાથ મ્હોં ધોઇ, મુખવાસ કરી, જોડેના ખંડમાં ગયો. ત્યાં પલંગ તૈયાર હતો તેના ઉપર જઇ લોટવા માંડયું પણ ઉંઘ ના આવી. "

"ઉંઘ તે શાની આવે ? ઉથલ પાથલ જીવને થતી હશે ને ! ?"

"વળી પાછા એના એજ વિચાર ! આ મકાનનો માલિક કોણ હશે ? ! મને નહીં મળવાનું શું કારણ હશે ? અરે, અહીં ક્યાં સુધી પડયા પડયા સડવું પડશે ? મારી શોધમાં લશ્કરની અને મારા રંગીમિત્રોની શી દશા થઇ હશે ? !"

એવા એવા વિચારમાં પાછી આંખ્ય દબાઇ. છેવટે ઉંઘ આવી ગઇ.

આશરે ત્રણેક કલાક ખુબ ઉંઘ લીધા બાદ વીણા અને અન્ય વાજીંત્રોના નાદ સંભળાયે આંખ્ય ઉઘડી. જમીને જે પલંગ ઉપર હું સૂતેલો તે ખંડ અને પલંગ ઉપર હું નહોતો પણ કોઇ અન્ય મ્હેલના એક નવાજ દિવાનખાનામાં હતો એમ જાગૃત થતાં જણાયું,

બહારની બાજુ કેટલીક અનોપમ સુંદરીઓ એક ચોતરા ઉપર નાના પ્રકારનાં વાદ્યોથી સંગીતના આલાપો કરતી હતી.

"ના, ના, ત્યારે ભૂતાવળનો પ્રદેશ તો નહીં પણ કોઇ બીજુંજ સ્થાન હશે, સાંભળવા દે."

"ઉઠીને હું ધીમે ધીમે બહાર આવ્યો તો જે બાગમાં હું પ્રથમ હતો તે બાગ પણ આ નહોય ! હું તો જાણે કોઇ એક ઘણાજ વિશાળ બીજા બાગમાં હતો. એક એકથી ચઢીઆતા પાંચ સાત મહેલો છેટે છેટે અહીં આવી રહ્યા હતા. ચોગાનમાં કેટલીક સુંદરીઓ ગાતી બજાવતી તો કેટલીક હરતી ફરતી હતી; અન્ય વળી એક મહેલની અગાશીમાંથી બીજા મહેલની અગાશીમાં જતી, એમ કોઇ હસતી–કોઇ તાળી લેતી, એમ સર્વ કલ્લોલ કરતી ફરતી હતી.

મારાથી હવે શાંત ન રહેવાયું. એક સ્ત્રી–વૃંદ તરફ હિમ્મતથી હું વળ્યો. મને છેટેથી જોતાંજ, સર્વ શાંત થઇ ગઇ અને અંદર

અંદર નેત્રના અણુસારાથી ચેષ્ટા કરવા લાગી. મને જોઇને જાણે તે સર્વ આશ્ચર્યમાં લીન થઇ હોય એમ તેમના હાવ ભાવથી મને સમજાયું.

મારા આશ્ચર્યની પણ અવધી ન્હોતી. સંસારની સઘળી સૌન્દર્યતા આ સ્થળે એકત્ર થએલી હોય એમ મને જણાતું હતું. હું તેઓની છેક નજીક જઇ ધીમેથી બોલ્યો; “ બાળાઓ. ”

સઘળી એકદમ હશી પડી અને પરસ્પરમાં કંઇક વાતો કરવા લાગી. આ વાતો હું બરાબર સાંભળતો હતો; પણ વાતોમાં વપરાતી ભાષા હું સમજી શક્યો નહિ.

લગભગ અર્ધા કલાકે તેમાંથી એક રમ્ય રમણી મારી છેક નજીક આવી. અને તેણે તેની ચપળ કાતીલ આંખ્યો મારી આંખ્યો સાથે મેળવી મધુર–મોહક અવાજે પૂછયું; “ કાં માન્યવર ! તમે કોણ છો ? ”

તરતજ મેં કહ્યું, “ હું માણસ છું. ”

તે રમણી હશીને બોલી. “ એ તો હું જોઇ શકું છું કે તમે માણસ છો ? પણ શી ગ્નાતી છો ? અહિં કેમ આવ્યા છો ? શું કામ છે ? શું વિચાર કરો છો ? ”

રમણીના ઉપરા સાપરી પ્રશ્નોથી હું કંઇક ગભરાયો અને પછી હિંમતથી બોલ્યો; “ એ બધું જાણીને તમારે શું કામ છે ? ”

મારા આ પ્રશ્નથી તે કંઇક ગુસ્સે થઇ હોય એમ જણાયું. તેણે કહ્યું; “ બીજી પંચાત છોડી હું પૂછું તેના જવાબ આપો; નહિ તો મારે ગરમ થવું પડશે; મીજાજ હાથથી જશે. ”

નવલ બોલી ઉઠયો; “ ઓત્‌ તારીની ? આતો જબરી બલા ? જો હું કુમારની જગાએ હોત તો તેના મીજાજની સાથે હું પણ મારો મીજાજ મેળવી દેત. વારૂ પછી ? ”

કુમારે ચલાવ્યું. “આ પછી મેં તેને કહ્યું કે બાઇ તારે ગરમ

થવાની શી જરૂર છે? તારે જે પૂછવું હોય તે ખુશીથી પૂછ."

"ત્યારે એમ સીધો જવાબ આપોને?" આટલું બોલી તે રમણી પુનઃ મારી નજીક આવી અને જાણે મને સર્વાંગ નીરખંતી હોય તેવા દેખાવથી પૂછવા લાગી; "તમે કેવા છો?"

"રાજપૂત."

"અહિં કેમ આવ્યા છો?"

"ફરવા."

"ફરવાનું ઠેકાણું બીજું ન્હોતું?"

"ના; મને આજ સ્થળ પસંદ પડયું."

"એટલે? તમને તો કાલે કંઇક બીજુંજ પસંદ પડશે?" તે સુંદરીએ આંખ્યો વિકાશી પુછયું.

"મારી ઇચ્છા પૂર્ણ કરવાને હું હમેશાં તૈયાર રહુંછું."

"એમકે?"

"હા."

"મહેરબાન! તમે કોઇ વિચિત્ર માણુસ જણાવ છો? જવાબ આપો કે વગર રજાએ આ બાગમાં કેમ આવ્યા છો?"

"શું આ બાગ તમારો છે?"

"ગમે તેનો છે? તમારે શું મતલબ છે? મારા સવાલનો જવાબ આપો; નહિતો પરીણામ જુદુંજ આવશે?"

પુનઃ નવલ રોષમય દ્રષ્ટે પ્રતાપ સામે જોઇ બોલી ઉઠયો, "જોયું? સાંભળ્યું? કુમારશ્રીને તે ચબાવલીએ દમમાં લીધા અને અડાવ્યા. અફસોસ! હું તે વખતે સાથે ન્હોતો; નહિતો જોયા જેવું કરત."

"શું કરત?" પ્રતાપે પૂછયું.

"એ પૂછનારીને કાચીને કાચી કરડી ખાત."

સઘળા હસી પડયા. પ્રતાપે પૂછ્યું, "વારૂ પછી શું થયું ?"

કુમારે આગળ કહેવા માંડયું; "મને પૂછનાર બાળા ઘણી ચપળ અને ચાલાક હતી. તેના મુખ પર કૃત્રિમ ગુસ્સો ઉત્પન્ન થતો હું સ્પષ્ટ સમજી શકતો હતો. તેની આંખ્યોમાં કોમળતા હતી. હું થોડીક વાર શાન્ત ઉભો રહ્યો. એટલામાં વળી પાછું તેણે પૂછ્યું, "કાં જવાબ આપવો છે કે નહિ ?"

"શાનો ?" મેં ફરીથી પૂછ્યું.

"મારા પ્રશ્નનો ?"

"હું ભુલી ગયો, ફરીથી પૂછો ?" મેં ગમ્મતને ખાતર કહ્યું.

"આ બાગમાં વગર રજાએ કેમ આવ્યા છો ?"

"તમને શું જવાબ આપું ?"

"કેમ વારૂ ?"

"મને સમજ પડતી નથી." મેં ગમ્મત કરવા માંડી.

"શાની ?"

"તમને જવાબ આપવાની."

"એમ ! ત્યારે તો જોઈ લ્યો કે તમારી હવે કેવી વલે થાય છે ?" આમ બોલી તે તરૂણીએ દૂર ઉભી રહેલી રમણીયો તરફ જોઇ કંઇક સંકેત કર્યો; કે જેથી બીજી બે ચાર નવ રમણીયો ત્યાં દોડી આવી બોલી.

"અરે ભલાભાઇ ! જવાબ આપને ?"

"હું શું જવાબ આપું ?"

"તું કોણ છે અને અહિં કેમ આવ્યો છે ?"

"અરે ! પણ મને પોતાનેજ ખબર નથી કે હું અહિં કેમ

અને કેવી રીતે આવ્યો છું ? આમ બાબત હોવાથી હું તમને કેવ રીતે જવાબ આપું ?"

મારું આવું બોલવું સાંભળી તે સઘળી સુંદરીઓ વળી પાછી ખડખડાટ હસી પડી; અને તરતજ તે સઘળી સુંદરતાની દેવીઓએ મારી આસપાસ ફરી વળી મને ઘેરી લીધો.

મારા આશ્ચર્ય ગભરાટનો પાર રહ્યો નહિ.

એટલામાં એક રમણી સ્હેજ આંખ્યો અને મુખ ચઢાવી બોલી "તમે કોઇ દિવાના છો ?"

"તમને શું લાગે છે ?" મેં પૂછ્યું.

"મને તો તમારામાં દિવાનાપણુ સ્પષ્ટ જણાય છે."

"કદાચ એમ પણ બને, કારણ કે આ જગા એવીજ છે."

"શું આ સ્થળ દિવાના બનાવે એવું છે ?"

"હા."

"હવે તમારે સીધા-સીધા જવાબ આપવા છે કે નહિ ?"

"પૂછો ?"

"અહિં કેમ આવ્યા છો ?"

"આ પ્રશ્ન તો તમે ઘણીવાર પુછ્યો અને મેં જવાબ પણ દીધો."

એટલામાં એક બીજી પ્રશ્ન પૂછનારીને ઉદ્દેશી ધીમેથી કહેવા લાગી.

"એ એમ જવાબ નહિ આપે."

"ત્યારે ?"

"ચમત્કાર બતાવવો પડશે."

"હા, આના જેવા માણસ ચમત્કાર જુવે ત્યારે જ નમસ્કાર કરે."

"મને લાગે છે કે તે કોઇક ચોર હશે ?" પ્રથમનીએ કહ્યું.

"કદાચ એમ પણ હોય ?"

"તેના આવા ઉડાઉ જવાબથી મને વ્હેમ પડે છે."

"ત્યારે અખતરો અજમાવશું ?"

"ના."

"ત્યારે શું વિચાર છે ?"

"પ્રથમ તપાસ કરીએ."

"શાની ?"

"તેણે કંઇ ચોરી કરી છે કે નહિ."

"હા, એ તપાસ કરવાની ખાસ અગત્ય છે."

"પ્રથમ તેનાં ગજવાં તપાસો."

"હા, બરાબર તપાસો. તેણે કંઇક ચોર્યુંજ હશે."

"પણ આ ચોર હશે કે કેમ તેની તો મને શંકા છે ?" ત્રીજી બોલી.

"કેમ વારૂ ?"

"આવો રૂપાળો કદી ચોર હોયકે ?"

"શું ના હોય ?"

"ના."

"ત્યારે તે કોણ હશે ?"

"મને તો તે કોઇ રાજાના કુંવર જેવો જણાય છે."

"ખોટી વાત, રાજાનો કુંવર તો ભલો અને સારો હોય." પ્રથમની બોલી.

"શું આ ભલો ને સારો નથી ?"

"ના, તેના ઉડાઉ જવાબ સાંભળ્યાને ?"

"તેથી શું ? કદાચ તે પણ ગમ્મતનીજ ખાતર એમ બોલતો હોય."

"અરે શું ધુળ ! હું તો તેને ચોરજ માનું છું, આ ચોર ઉપરથી જો કે ભલો અને સારા માણસ જેવો જણાય છે, પણ અંદરથી ઘણોજ ચાલાક છે. તેણે ચોરી કરવાના ઇરાદાથીજ રાજાના કુંવરનો વેશ લીધો છે."

આમ અંદર અંદર વાત કરી મને ચોક્કસ ચોર માનનારીએ પુનઃ મારા સામે જોઈ પૂછયું.

"તમે કોઇ રાજકુમાર છો?"

"હા."

"ક્યાંના ?"

"આ સ્થળના."

પૂછનાર સ્તબ્ધ બની અને બીજી બધી હસી પડી.

વળી પાછી તે બોલી; "તમારૂં નામ ?"

"સ્વરૂપકુમાર ?"

"ઓહ ! આ કેવું નામ ?" આમ બોલી વળી તે પૂછવા લાગી; "તમે પરણ્યા છો ?"

"હા."

"કોને ?"

"એક સુંદરીને ?"

"તમારી રાણી સુંદર છે ?"

"હા, દુનીયાંની તમામ સુંદરતા તેનામાં ભરેલી છે."

"તેનું નામ ?"

"સ્વરૂપરાણી."

આ નામ સાંભળી સઘળી ચમકી અને કંઇક ગુસ્સે થએલી જણાઇ.

એકે ક્રોધાવેશથી કહ્યું, "હવે બધી પંચાત જવા દઇ તેની ઝડતી લ્યો. તેણે પહેરેલાં કપડાં તેણે અહિંથીજ ચોરીને પહેર્યા છે. પ્રથમ તેની પાસે એ મનાવો."

આ પછી પેલીએ મને પૂછ્યું; "હાં હવે સાચું બોલવું છે?"

"હું તો હમેશાં સાચુજ બોલું છું."

"ત્યારે કહો કે તમે આ કપડાં ક્યાંથી પહેર્યા."

"તે હું જણાવી શકીશ નહિ."

"કેમ વારૂ."

"મારી મરજી."

"એવી મરજી નહિ ચાલે."

"ચાલશે કે નહિ ચાલે તે મારે જોવાનું છે."

"આવા જવાબથી તમારે વિમાસવું પડશે."

"શું?"

"દુઃખ ભોગવવું પડશે."

"શાનું?"

"જેલખાનાનું."

"મને કોણ કેદ કરશે.?"

"અમે?"

"ગુન્હો?"

"ચોરીનો?"

"પૂરાવો?"

"પ્રત્યક્ષ છે."

" શું ? "

" તમે પહેરેલાં કપડાં અમારાં છે. "

તેના પૂરાવાથી હું ગભરાયો. હવે મારે શું કહેવું તેના વિચારમાં પડયો.

પુનઃ તે રંડા બોલી, " કેમ ખરૂં ને ? "

હું કાંઇ બોલ્યો નહિ. સર્વ બલાઓ મને ચોર કહેવા લાગી અને વિવિધ પ્રશ્નો પૂછવા લાગી. સામટા પ્રશ્નોથી હું ગભરાયો–અકળાયો, અને આ નવી આફત ક્યાંથી આવી પડી તેનો વિચાર કરવા લાગ્યો; પણ મને કંઈ સુઝ પડી નહિ. ચોર કોટવાળને દંડે એવા ઘાટ અહિં આ લોકો મને ઉપાડી લાવેલાં છતાં મને પૂછે છે તેથી બન્યો. મને મનમાં ઘણોએ ક્રોધ ચઢતો. પણ અબળાઓને શું કરૂં ?

વારંવાર એ પ્રશ્ન પૂછવાથી હું કંટાળ્યો અને છેવટે મેં કહ્યું: " બાઇઓ ! તમે શા માટે મને સતાવો છો ? "

મારા આ પ્રશ્નથી તરતજ એક બોલી, " અમે ક્યાં તમને સતાવીએ છીએ ? "

" ત્યારે આ શું કરો છો ? "

" અમે જવાબ માગીએ છીએ ? "

" પણ શાનો ? "

" આ બાગમાં આવવાનો ? "

" હું ક્યાં અહિં આવ્યો છું. "

" ત્યારે ? "

" તમેજ મને અહિં લઇ આવ્યાં છો. "

નવલ વચ્ચેજ બોલી ઉઠયો; " તમે ઠીક જવાબ આપ્યો. હું

ધારૂં છું કે તમારા આ જવાબથી તે ચૂડેલે ફરીથી કંઇ પૂછ્યું નહિ હોય ?"

"અરે એમ તે હોય ?" કુમારે કહ્યું.

"શું કંઇ નવું જાગ્યું ?"

"કંઇક એવુંજ."

"શું ?"

"સાંભળો. મારા જવાબથી તેઓ શાન્ત થવાને બદલે મારી પર કંઇક ગુસ્સે થએલી જણાઈ; અને પછી પરસ્પરમાં કંઇક વાત કરી તે બધીઓ ઉલટી મારેજ ગળે પડી.

"તેમણે શું કહ્યું ?" પતાપે પૂછ્યું.

"પ્રશ્ન પૂછનારી રોશમય મૂખે મારી સામે જોઇ બોલી; "તમને અહિં ઉપાડી લાવવાની અમને શું ગરજ ?"

મેં તરતજ કહ્યું; "એતો મને શું ખબર ? તમારા મનમાંજ વિચારી જુઓ.

"પણ તમને ઉપાડી લાવવામાં અમને શું લાભ ? તમે અમને શું રાજી-ખુશી કરવાના હતા."

"એ પણ હું શું જાણું ?"

"આ લુંગડાં ક્યાંથી પહેર્યાં ?"

"તે પણ હું જાણતો નથી."

"મહેરબાન ! ખરેખરી વાત કહી દયો ? નહિતો સારો સાર નહિ નીકળે."

"હું ચોરી કરવાની ઇચ્છા રાખતો નથી."

"ત્યારે બીજી કંઇ ઇચ્છા છે ?"

"ના."

"ત્યારે અહિં આવ્યાજ કેમ ? શું આમાંથી કોઇ અલબેલીને ઉપાડી જવાનો ઇરાદો તો રાખતા નથી ને ? "

તેના આ પ્રશ્નથી હું કંઇક મુંઝાયો અને શરમાયો. હું જવાબ આપું તે પહેલાંજ એ બલા બોલી; " કેમ શું વિચાર કરો છો ? મહેરબાન ! યાદ રાખજો કે અહિં તમારૂં કંઇપણ વળનાર નથી. તમારી ઇચ્છા તમારા મનમાંજ રહેશે ? "

" બાઇ ! મારી કંઈપણ ઇચ્છા નથી. શા માટે માથું ફોડાવો છો ?" મેં કંટાળીને કહ્યું.

"ત્યારે હવે જણાવી દયો કે આપની શું મરજી છે ? "

" અહિંથી બહાર નીકળવાની. "

" ચાલ્યા જાવ. "

" પણ ક્યાં થઇને ? "

" રસ્તે થઇને ? "

" રસ્તો ક્યાં છે ? "

" જે આટલે સુધી આવે તે રસ્તો કેમ ન જાણે ? "

" બાઇ ! હું સોગન ખાઇને જણાવું છું કે મને રસ્તાની ખબર નથી. જો તમે રસ્તો બતાવો તો હું અત્રેથી તરતજ ચાલ્યો જાઉં."

એટલામાં એક બીજી બોલી ઉઠી, "ઘણો જ પકો છે."

" ચોરતો એવાજ હોય." ત્રીજી એ ટાપશી પૂરી.

" બ્હેન ! જો જે તેના બોલવાથી ફસાતી. ચાલાકી કરીને છટકી જાય નહિ એની સંભાળ રાખજે. " ચોથીએ કહ્યું.

" ત્યારે આનું કરીશું શું ? "

" કેદ કરો. "

" હા, હા, એમજ. " બધી એક સાથે બોલી ઉઠી.

હું ગભરાયો; પણ હિંમતથી બોલ્યો, " શું મને કેદ કરશો ? "

" હાજી. "

" શા માટે ? "

" ચોરી કરવાના ગુન્હા માટે. "

" કેદ કરીને ક્યાં લઇ જશો ? "

" અમારાં મહાદેવી પાસે. "

મારા આશ્ચર્યમાં વૃદ્ધિ થઇ. મનમાંજ વિચારવા લાગ્યો કે; વળી એ મહાદેવી કોણ હશે ? હે પ્રભુ ! હું આ બલાઓમાં ક્યાંથી ફસાયો ? ખરેખર ! અહિંતો સ્ત્રીયા રાજ્ય જેવું છે. લાવ હું પૂછીને ખાત્રી કરૂં કે એ મહાદેવી વળી કોણ સુઇ છે ?

હું હજી તો આમ વિચાર કરૂંછું એટલામાં તો પુછનાર અબળાએ વ્યંગમય વચનો ઉચ્ચાર્યાં; " કાં ! સીધા સીધા ચાલવું છે કે અમારે બાંધીને લઇ જવાની તસ્દી લેવી પડશે. "

હું મનમાં હસ્યો અને બોલ્યો; " સુંદરી ! મને એતો જણાવો કે જેની પાસે તમે મને લઈ જવાનાં છો; તે મહાદેવી કોણછે ? "

સઘળી અબળાઓ ખડખડાટ હસી પડી અને કંઇ પણ બોલ્યા વિના મારી સામે ટગરટગર જોઇ રહી. આ મૌન નાટક ઘણી વાર ચાલ્યું. હું પણ વારાફરતી સઘળી સુંદરતાની દેવીઓનાં મુખ નિરીક્ષણનું કાર્ય કરવા લાગ્યો.

પ્રકરણ ૧૫ મું.

માયાવી ઇંદ્રજાળ.

આખરે હુંજ કંટાળ્યો અને પૂછ્યું; " કેમ સઘળાં શાન્ત થઇ ગયાં ? "

" વિચાર કરીએ છીએ. " જવાબ મળ્યો.

" શાનો ? "

" તમને લઈ જવાનો. "

" મહાદેવીને ઓળખ્યા વિના હું નહિ આવું. પ્રથમ મને જણાવો કે તે કોણ છે ? "

" તે તમે કદાપિ જાણી શકશો નહિ. "

" કારણ ? "

" એમજ. "

" પણ તમને જણાવવામાં અડચણ શું છે ? "

એટલામાં એક ચબાવલી બોલી ઉઠી, " બ્હેન! શા માટે તેની સાથે લમણા ઝીક કરે છે. તે સીધી રીતે નહિ માને. તેને બાંધો અને લઇ ચાલો. "

" હા, એમજ કરો. હવે વાર ન કરો, દેવી જાણશે તો ભોગ મળશે. "

" પણ તમારી દેવી છે ક્યાં ? " મેં અકળાઇને પૂછ્યું.

" સઘળે સ્થળે ? "

" આશ્ચર્ય ! શું તમારી દેવી આ જગાએ છે ? "

" હા. "

" ક્યાં છે ? "

" તે તમે જોઇ શકશો નહિ. "

" કારણ ? "

" તમે માણસ છો તેથી ? "

" ત્યારે શું તમે દેવીઓ છો ? "

" તે અમારાથી કહી શકાશે નહિ. "

" આ જગાનું નામતો જણાવો ? "

" આ જગાનું નામ મોહપુરી છે. "

" એમ કે ? વારૂ તમે જે મહાદેવી પાસે લઇ જવા ચાહોછો; તેમનાં દર્શનતો મને નહીંજ થાય ને ? "

" થશે. "

" ક્યાં ? "

" અમે લઇ જઇશું ત્યાં. "

" શું આ સ્થળે તેમનું રાજ્ય છે ? "

" હા. "

" ક્યારનું ? "

" સેંકડો–હજારો વર્ષથી. "

" એટલે શું ? હજાર વર્ષથી તેજ રાજ્ય કરે છે ? શું તેને ાઇ સગાં વ્હાલાં નથી ? "

" એ બધું પૂછવાની શું મતલબ છે ? "

" એ બધું જાણ્યા પછીજ હું તમારી સાથે આવીશ. "

" તમારે જે પૂછવું હોય તે મહેરબાની કરી જલ્દી અને ્કમાંજ પૂછી લ્યો. અમારી પાસે હવે વખત નથી. અમારે હવે ્વું જોઇએ ? "

"ત્યારે મેં પૂછ્યું એ જણાવી દયો ?"

"તે બાબતની અમને બિલ્કુલ ખબર નથી."

"મહાદેવી દરબાર ભરે છે કે ?"

"હા."

"તેઓશ્રી જાતે પધારે છે ?"

"હા."

"તેમની સાથે બીજાં કોઇ દેવી છે કે ?"

"હા."

"કોણ ?"

"બીજાં બે દેવી તેમનાં સલાહકાર છે."

"તેમનાં નામ ?"

"બાલાદેવી અને જયદેવી."

"અહા ! કેવાં અજબ અને વિચિત્ર નામ ?"

"તેમાં તમારે શું ?"

"તેઓ પરણેલાં છે કે ?"

"તમારે શી પંચાત ? ચૂપ રહો." તેણે છણકાઇને કહ્યું.

"બાઇ ! હું તો ભોળાભાવે પુછુંછું. એમાં ગુસ્સો શાને કરોછો ? દેવીઓના મનમાં તો ગુસ્સો સંભવેજ નહિ." મારાં આ મીઠાં વાક્યોની અસર રામબાણ થઇ. એક જણી મારો પક્ષ લઇ બોલી, "બ્હેન ! શું કરવા તેને છણકો કરે છે ? તેને જે જાણવું હોય તે જણાવીદે એટલે પત્યું."

"બોલો તમારે શું જાણવું છે ?"

"મેં પૂછ્યું તે ?"

"તે બન્ને પરણેલાંછે કે કુવારાં છે તે અમે કોઇ જાણતાં નથી."

"ત્યારે એ બન્ને છે કોણ ? "

"તે બન્ને અમારાં મહાદેવીની સહચરીઓ છે. તે ત્રણે દેવીઓ આ સ્થળે હજારો વર્ષથી રાજ્ય કરે છે. વળી તે સર્વત્ર છે. અદૃશ્ય રીતે સર્વ સ્થળે ફરે છે. અત્યારે પણ વખતે આટલામાંજ ફરતાં હશે ? દરેક બાબતમાં તે વ્યવસ્થા રાખે છે, દરેકના મનની છૂપી વાત પણ જાણેછે, અને દરેક હુકમ પણ તેજ આપેછે. અમારી જરીક ભૂલ થાય તે પણ તે તરતજ જાણી લેછે. અમારા ધારવા પ્રમાણે તે હજારો વર્ષની ઉમ્મરની દેવીયો હશે ? આ વાત તમને ન જણાવત; પણ તમે કોઇ રાજવંશી જેવા જણાવ છો તેથી કરી. નહિતો તમારા જેવા નવરા માણસની સાથે અમે આટલી વાતો કરવાને નવરાં પણ ક્યાંથી ? " આટલું બોલી તે રમણી મારી આંખ્યો સાથે આંખ્યો મેળવી થોડુંક હસી.

તેનું હસવું મને પણ ગમ્યું. મેં કહ્યું; " ત્યારે તો અહિં દયાનોજ વાસ હોવો જોઈએ ?"

" જરૂર. દયા હોય તેજ દેવી. " તેણે ફુલાઇને કહ્યું.

" ત્યારે મારીપાર તમે વૃથા ક્રોધ શા માટે કર્યો ? "

" તેને માટે મનમાં પસ્તાવો થાય છે. "

" બોલો હવે મને છૂટો લઈ જવો છે કે બાંધીને ? "

" અરે બાંધીને તે લઇ જવાય ? "

" કેમ ? "

" તમને છૂટા અને આબરૂ ભેર લઇ જવા પડશે. "

" બાંધીને લઇ જાવતો શું હરકત છે ? "

" અમારાથી એમ બનેજ નહિ. "

" થોડીકવાર પરતો બાંધીને લઇ જવાનો વિચાર હતો અને

તમારી સખીયો સલાહ પણ તેવીજ આપતી હતી ?"

"એતો ગમ્મતની ખાતર,"

"અરે એવીતે ગમ્મત હોય ? તમે પણ ઠીકછો, માથું કાપી પાઘડી બંધાવો તેવાંજ છો."

સઘળી હશી પડી.

પુનઃ મેં પૂછ્યું; "ધારો કે કદાચ તમે મને બાંધીને લઇ ગયાં તો ?"

"ગજબ થાય."

"શું ?"

"અમારા ભોગ મળે."

"પણ શું ?"

"દેવી ગુસ્સે થાય."

"એમ ! ત્યારે ચાલો." મેં આગળ ચાલવાની ઇચ્છા જણાવી.

એટલામાં એક સુંદરશ્યામા વળી પાછાં બોલ્યાં, "બ્હેન ! એ રાજકુમારે આપણને સઘળું પૂછ્યું, પણ આપણે તેને કાંઇ ન પૂછ્યું.

"શું પૂછવું છે ?"

"તે કોણ છે ? ક્યાંનો રાજકુમાર છે ? તેનાં માબાપ કોણ છે ? એ બધું આપણે જાણવું જોઇએ."

"તેથી આપણને શું લાભ ?"

"ઘણો, જો નહિ પૂછી જુઓ; તો મહાદેવીને અગાઉથી વરધી શું મોકલાવશો ?"

"હા, તારૂં કહેવું પણ બરોબર છે. કુમાર ! સાંભળ્યુંને ?"

"શું ?" મેં અજાણ્યો બનીને પૂછ્યું.

" તમે કોણ છો ?"

" રાજકુમાર."

" ક્યાંના."

" વિજયગઢના ?"

" તમારૂં નામ ?"

" વિજયસિંહ."

" બાપનું નામ ?"

" અજીતસિંહ."

મારૂં નામ સાંભળતાંજ સર્વે આશ્ચર્ય ચકિત થઇ અને વળી અંદર અંદર કંઇક વાતો કરવા લાગી. આ પછી થોડીવારે એક બોલી; " બરાબર એમજ કરવું પડશે."

મેં તરતજ પૂછ્યું, " શું ?"

" તમને પૂરતા જાપતાથી લઇ જવા પડશે."

" કેમ ?"

" તમે રાજકુમાર છો તેથી. તમારા અહિં આવવાથી અમારાં મહાદેવીની પ્રતિજ્ઞા પણ પૂરી થઈ."

" શી પ્રતિજ્ઞા ?"

" તે તમને અત્યારે કહી શકાય એમ નથી."

" કેમ વારૂં ?"

" કારણ કે તમે રાજ-ખંડેર તોડયું છે."

" ખંડેર તોડનારને કંઇ શિક્ષા થાય છે કે ?"

" એતો મહાદેવી જાણે; પણ અમને ઇનામતો મળશેજ."

" શાથી ?"

" તમને લઇ જવાથી."

આ અરસ્સામાં એક બીજી બોલી ઉઠી, "ચાલો હવે વાર ન કરો. દરબારનો સમય થવા આવ્યો છે."

"હા, ચાલો." કહી આગેવાન સુંદરીએ સાથેની રમણીઓને આંખ્યોનો સંકેત કર્યો કે જેથી બે રમણીયોએ મારા બન્ને હાથ પકડયા. એક આગળ ચાલી અને બાકીની પાછળ. અમારૂં સરઘસ જોયા જેવું ગોઠવાયું. પછી આગેવાન રમણીનો હુકમ થતાં ચાલવાની શરૂઆત થઇ.

આટલું કહી કુમાર શાન્ત રહ્યા.

નવલ હસ્તાવદને પ્રતાપની સામે જોઈ બોલ્યો; "ગુરૂજી ! જોયુંને ?"

"શું ?"

"સ્રીયારાજ."

"એમાં શું ?"

"રાંડોએ કુમારની દશા કેવી કરી ?"

"સારી."

"અરે રામ ! સારી શાની ? ખુબસુરત બલાઓએ તો કુમારની આબરૂ કોડીની કરી."

"અરે આથી તો કુમારને આનંદ થયો હશે ? સુંદરીયોનું સ્વગત તો ભાગ્યવાનજ મેળવી શકે. કાં સત્ય છે ને કુમાર શ્રી ?" પ્રતાપે પૂછ્યું.

કુમાર મૌન રહ્યો.

નવલે પૂછ્યું. "વારૂ પછી શું થયું અને એ વંતરીઓ તમને ક્યાં લઇ ગઈ ?"

કુમારે કહેવા માંડયું; "મને લઇ તે સઘળી એક સ્થળે આવી

ઉભી રહી અને એક રૂમાલથી મારા હાથ બાંધવાની તૈયારી કરી. મેં કહ્યું, "મને શા માટે ત્રાસ આપો છો ?"

એક રમ્ય રમણી બોલી; "આમાં ત્રાસ શાનો ?"

"મને બાંધવાનો ?"

"આ રેશમી રૂમાલથી તમારા હાથ બાંધીને લઇ જવા પડશે."

"એનું કારણ ?"

"અહિંનો કાયદો."

"સર્વને માટે આ કાયદો છે ?"

"હા."

"આવો કાયદો ઘડનાર કોણ ?"

"મહાદેવી."

"મહાદેવીના વારંવાર નામોચ્ચારથી મને કંટાળો આવ્યો. મેં કહ્યું, "હું મહાદેવીને કહીશ કે મને બહુ દુઃખી કર્યો છે."

"કોણે ?" આગેવાન અબળાએ કહ્યું.

"તમે."

"અરે જો જો એવું કહેતા; નહિ તો અમારા ભોગ મળશે."

"ત્યારે મને છૂટો લઇ જાવ."

"ચાલો."

મારા હાથ બાંધવાનું મુલતવી રખાયું. મેં પૂછ્યું; "હાથ બાંધવાનો કાયદો છે; તો તમે કાયદો શા માટે તોડો છો ?"

"તમારી મહેરબાની માટે."

"કાયદો તોડતાં સજા થશે તો ?"

"ના, કાયદામાં સુધારો–વધારો અગર કાયદાનો અમલ મુલતવી રાખવાનો સંપૂર્ણ અધીકાર મને છે." આવું સાંભળી હું મનમાં હસ્યો અને તેમની સાથે આગળ વધ્યો.

"તમને કેટલી વાર સૂધી ચલાવ્યા ?" નવલે વચમાં પૂછ્યું.

"લગભગ એક કલાક."

"રસ્તામાં તે ચૂડેલોએ દુઃખ ઉત્પન્ન થાય એવા કંઈ ચાળા કર્યા કે ?"

"ના."

"ત્યારે આબરૂદાર તો ખરી. વારૂં કેટલી હતી તે ?"

"ચાર આગળ અને ચાર પાછળ. એક વરધી આપવા દરબારમાં સહુથી આગળ ગઈ. કુલ નવ રત્નરૂપ રમણીઓ રંભા કે અન્ય અપ્સરાઓને પણ લજાવે તેવી–દેવાંગનાઓ હતી."

"વાહરે દેવાંગનાઓ ! તેઓ તમને સીધી મહાદેવીની પાસે લેઈ ગઈકે ?!"

"અરે સાંભળો તો ખરા. બાગના એક ખુણામાં પ્રથમ તો જવું પડયું. ત્યાં એક ન્હાનો દરવાજો હતો, તે રસ્તેથી બહાર નીકળી એક મ્હોટા દરવાજામાં પ્રવેશ કરી વળી પાછા એક ઘણાજ વિસ્તિર્ણ બાગમાં પ્રવેશ કર્યો. આ બાગ ખરેખર બહુજ જોવા લાયક હતો. એકલા બાગનુંજ વર્ણન કરવા બેસુ તો આખો દિવસ જાય અને જીવ પણ થાકી જાય તેથી ટુંકામાંજ પતવું છું કે ઘણોજ સારોબાગ–પૂર્વે કદિપણ નહીં જોયેલો એવો તે બાગ હતો. અંદર થોડા થોડા અંતરે ઉઘાડાં શસ્ત્રો ધારણ કરી ચોપદારો ચોકી કરી રહ્યા હતા.

કંઇપણ વાતચિત કર્યા વિના કે એક પણ શબ્દોચ્ચાર કર્યા વિના સર્વ સુંદરીઓ મને લેઇ ગભરાતી ગભરાતી એક ઘણાજ ભવ્ય મ્હેલના સુશોભિત સુંદર દિવાનખાનામાં લેઇ ગઈ.

આજ મોહપુરીની મહાદેવીનો દરબાર.

દરબારમાં પ્રવેશતાંજ એક અવનવીન દેખાવ નજરે પડ્યો.

મેં મારું પોતાનું ભાન પણ જાણે ખોયું. મારૂં શરીર કંપી ઉઠયું. બુદ્ધિ જાણે બહેર મારી ગઇ. સર્વ ગાત્રો—અવયવો શિથિલ નરમ થઇ ગયા.

દરબારમાં—દિવાનખાનાની બરોબર મધ્યમાં એક રત્નજડિત સિંહાસન શોભી રહ્યું હતું. તેના ઉપર છત્ર અને ચામર ઢળી રહ્યાં હતાં. બે મ્હોટા સિંહો સિંહાસનની બન્ને બાજુ બેઠા હતા. મહાદેવી સિંહાસન ઉપર મુકુટ ધારણ કરેલાં વિરાજીત હતાં. પાસેજ જરા નીચે બીજાં બે સિંહાસનો હતાં તેમાં એકના ઉપર બાલાદેવી અને અન્ય ઉપર જયાદેવી સ્થિત હતાં.

સિંહાસનની નીચે બીજાં આસનો હતાં અને દરેક ઉપર અમૂલ્ય વસન ધારણ કરેલ સરદાર સ્ત્રીવર્ગ શોભતો હતો.

કોઇપણ પુરૂષ વ્યક્તિનું આ દરબારમાં નામ નિશાન પણ નહોતું. જ્યારે મને એક કેદી તરીકે લેઇ પેલી નવ રત્ન રસણીઓ દરબારમાં આવી પહોંચી ત્યારે પૂર્ણ શાંતિ પ્રસરેલી હતી.

મહાદેવી, બાલાદેવી અને જયાદેવીને જાણે મેં બરોબર ઓળખ્યાં પણ મારાથી એક પણ શબ્દ બોલી ન શકાયો.

“ આ કોણ છે ? !” મહાદેવીના સિંહાસનમાંથી શબ્દ નીકળ્યા.

“ રાજબાગમાં ફરતાં પકડાયેલ ચોર ! રાજખંડેર તોડનાર રાજકુમાર વિજયસિંહ.

“ હેં ! ” ત્રણે સિંહાસનોમાંથી સામટો અવાજ નીકળ્યો.

અવાજથી પણ મારી ખાત્રી થઇ કે મહાદેવી એજ વિશ્વમોહિની—બાલાદેવી તે મણીકાન્તા અને જયાદેવી તે વસંતમાલતી.

ત્રણે સિંહાસનો ઉપર જાણે પ્રસન્નતા છવાઇ રહ્યાનું મને પ્રતીત થયું. મહાદેવીની અને મારી આંખ્યો મળી. હું સાવધ થયો,

તૈયાર થયો, હવે ધીરજ ન રહી. પેલી નવરત્ન રમણી વૃન્દમાંથી એકંદમ છુટી સિંહાસન ઉપર ધબ ધબ ચઢવા લાગ્યો. ત્રણે સિંહાસનની ત્રણે દેવીઓ જાણે મારો સ્વીકાર અને સત્કાર કરવા ઉભી થઇ ગઇ.

"હાં, હાં, રાજકુમાર ! એ શું કરો છો ? ક્યાં જાઓ છો ?" કહેતી બીજી સર્વ સુંદરીઓના શબ્દોને નહીં ગણુગારતાં હું છેક મહાદેવીના સિંહાસન પાસે જઇ પહોંચ્યો.

"વ્હાલી વિશ્વમોહિની !" કહી જેવો હું મહાદેવીને બાથ ભીડવા જાઉં છું તેવોજ હું ખષ્ટ પડી ગયો.

સર્વ દરબારમાં હાજર હતી તે રમણીઓ ખડખડાટ હસી પડી. હું ખરેખરો સ્તબ્ધ બની ગયો. મહાદેવી બાલાદેવી અને જયાદેવી તે સત્ય રીતે વિશ્વમોહિની, મણીકાન્તા અને વસંતમાલતી નહીં પણ તે ત્રણેય કાષ્ટની પુતળીઓ હતી.

તેજ ક્ષણે જાણે વિજળીની અસર થઇ હોય એમ મારા શરીરમાં કંપારો છુટયો. મારી આંખ્યો ઘેરાઇ અને મને લાગે છે કે એભાન સ્થિતિમાં સિંહાસન ઉપરજ પડયો હોઇશ.

આજે સ્હવારે જ્યારે મારી આંખ્ય ઉઘડી ત્યારે મહાદેવીના દરબારને બદલે પત્થરની છાટ ઉપરથી સુતેલો હું ઉઠયો. હું ઉઠીને વિચારમાં લીન થયો હતો એટલામાં તમે સર્વે આવી પહોંચ્યા.

પ્રકરણ ૧૯ મું.

વિનોદમય વાતો.

જયમ કદલીના પાતમાં, પાત પાતને પાત;
ત્યમ ચતુરની વાતમાં, વાત વાતને વાત.

રાજકુમારની કથની પૂર્ણ થઇ. વાત સાંભળી સઘળા આશ્ચર્ય પામ્યા. પ્રતાપસિંહના આશ્ચર્યની સીમા રહી નહિ. તે મનમાં વિચારવા લાગ્યો કે "આ શું? રાજકુમારનું કથન સત્ય હશે? તેમને આવો ચમત્કાર બતાવનાર કોણ હશે? તે મહાદેવી કોણ? વળી સ્ત્રી વૃંદ શું? શું તે દેવીયો હશે? શું ખબર પડે?"

પ્રતાપ આમ વિચાર કરી રહ્યો હતો, એવામાં નવલે પૂછ્યું, "કાં ગુરૂજી?"

પ્રતાપે તેના સામે જોઇ કહ્યું, "કાં વળી તારે શું છે?"

"ભારે થઇ, કુમારે ખૂબ કરી." નવલે કહ્યું.

"એમાં કુમાર શું કરે."

"હાસ્તો, તે બિચારાને તો રંડાઓ પરાણે ખેંચી ગઇ."

"કુમારની વાત ઘણી અજબ છે." પ્રતાપે કહ્યું.

"મને તો અજબ થવાને બદલે દિલગીરી થાય છે." નવલે કહ્યું.

"કેમ વારૂ?"

"કુમારે કર્યું કારવ્યું બધું ધૂળમાં મેળવ્યું."

પ્રતાપ અને કુમાર નવલના સામે જોઈ રહ્યા.

પુનઃ પ્રતાપે પૂછ્યું; "કુમારે શું ધૂળમાં મેળવ્યું?"

"કુમાર ત્યાં ગયા, અને તેમને તે બધીયો લઈ ગઇ, પણ કુમારને કંઇ આવડયું નહિ."

"તું આ શું બોલે છે?" પ્રતાપે કંટાળીને પૂછ્યું.

"હું ખરૂં કહું છું."

"શું ધૂળ ખરૂં કહે છે! સ્પષ્ટ સમજાવને?"

"તે ખુબસૂરત બલાઓને કુમારે પણ કંઇક ચમત્કાર બતાવવો જોઇતો હતો?"

"શું?"

"એ ત્રણ જણીયોને સમજાવી અહિં ખેંચી લાવવી હતી."

"શું કરવા?"

"આનંદ ઉડાવવા."

"એટલે"

"જાવ નહિ કહું; તમે ક્યાંક ગુસ્સે થાય." નવલે ટીખલ શરૂ કર્યું.

"નવલ! તારે જે કહેવું હોય તે કહે." કુમારે રજા આપી.

પ્રતાપ નવલની સામે જોઇ રહ્યો.

નવલે કહ્યું; "જો ત્રણેક સુંદરીઓને અહિં લઇ આવ્યા હોત; તો તે ત્રણ રમણીયો આપણા રમવાનાં રમકડાં તરીકે અહિં રહેત."

કુમારે પ્રતાપના સામે જોઈ કંઇક સંકેત કર્યો. પ્રતાપે રોશમય મુખે કહ્યું; "રમકડાં એટલે?"

"ગુરૂજી! એ તો તમને ગમ ના પડે. તમે તો બહાદુરીજ બતાવી જાણો, બાકી જે શોખીન છે એતો એની મઝા પૂરી જાણે."

"તું કહેવા શું માંગે છે?" પ્રતાપે કંઇક મોટા અવાજથી પૂછ્યું.

"હું કહેવા એજ માગું છું કે એટલી બધી બલાઓમાંથી ત્રણ સારી પાસ કરીને કુમારને અહિં લાવવી હતી."

"પછી?"

"તે ત્રણેને આપણે વ્હેંચી લેત."

"પછી?"

"પછી શું? આપણે ત્રણે તે ત્રણેની સાથે આનંદ ઉડાવત."

"નવલ! તું જાણે છે કે કુમારનો પ્રેમ વિશ્વમોહિનીમાં; અને મારો પ્રેમ મણીકાન્તાના જીગરમાં છે તો પછી અમારે તે રમણીયો શું કામની?"

"તમે મને કેમ ગણ્યો નહિ?" નવલે પૂછયું.

"શામાં?"

"પ્રેમમાં."

"તારી પાસે પ્રેમ છે?"

"તમારી પાસેજ હશે નહિ વારૂ!"

"જો તારા જીગરમાં કોઈ પ્રત્યે પ્રેમ હોત તો તું આવી વાતજ કરત નહિ."

"મેં શું વાત કરી?"

"ત્રણ સુંદરીઓ લાવવાની."

"તેથી શું? ક્યાં આપણે તેઓને પરણવું હતું? ક્યાં આપણે તેઓને આપણી ગૃહિણીઓ બનાવવી હતી?"

"ત્યારે?"

"તે તો આપણી પાસે રહેત અને નિરંતર ગાન સંભળાવી ખુશ કરત. આથીજ મેં તેમને રમકડા તરીકેની સૂચના કરી. બાકી મારા મનમાં વિકારનું નામનિશાન નથી." નવલે વાત પલટી.

પ્રતાપ હસ્યો અને બોલ્યો; "અરે વાહરે તારી ચાલાકી ! એટલીજ વારમાં વાત બદલી કે ? મારી પૂરી ખાત્રી છે કે તારી મરજી તો પત્ની બનાવવાનીજ હતી."

"ના ગુરૂજી."

"ત્યારે કહે કે તે સ્ત્રીયો તારે મા બ્હેન સમાન થાય.?"

"એવી ચૂડેલોને મા બ્હેન કેમ કહેવાય ?"

"ત્યારે ?"

"હું તો એવું કહું જ નહિ. બાકી જો મારા મનમાં કપટ હોય તો તમે કહો એવા બીજા સોગન ખાઉં ? આ જગતમાં હું એક-લોજ આવ્યો છું અને એકલોજ જવાનો છું. મારે શા માટે જુઠું બોલવું. મારા મહેરબાન ! જ્યારે તમે આજે સઘળું ભાગવત ઉકે-લવા માંડયું; ત્યારે મારે પણ મારા જીગરની વાત કરી ભાગવતનો એક અધ્યાય પૂરો કરવો જોઇએ. ગુરૂજી અને કુમારશ્રી ! સાંભળજો; ધ્યાન પૂર્વક આ નવલની નવલકથા સાંભળજો. તે વાત હજી મેં કોઇને કરી નથી. મારા ગુરૂજી અને તમે કદાચ માનતા હશો કે મારૂં જીગર શુષ્ક છે–પ્રેમ વિનાનું છે; પણ આ માન્યતામાં આપની ભૂલ છે. આ તમારા નવલમાં પ્રેમસાગર છલાછલ ભરેલો છે. મોજાં પ્રચંડ ઉછળે છે; અને પાછાં સમાય છે. આ પ્રચંડ મોજાં ફક્ત એકજ અરે આખા જગતમાં એકજ હૃદયદેવીનો સત્કાર કરવા ઇચ્છે છે. બસ તેજ; તેજ, નવલના હૃદયની દેવી; પ્રાણેશ્વરી; સર્વેશ્વરી તેજ છે અને તે એકજ છે. સમજ્યા મારા ગુરૂભાઈઓ ?"

નવલનું લંબાણ અને વિનોદપૂર્ણ બોલવું સાંભળી કુમાર અને પ્રતાપસિંહને હસવું આવ્યું. તેઓ મોટેથી હસી પડયા. આ હસવું ઘણી વાર ચાલ્યું.

હસવું બંધ થતાં પ્રતાપે પૂછ્યું; "અલ્યા ! તારી તે પ્રેમદેવી કોણ છે ?"

"તે હું નહિ કહી શકું મારા મહેરબાન ?"

"કેમ ?"

"એમ."

"મિત્રોને નહિ કહે તો કોને કહીશ ?"

"મિત્રોને કહેવાનું હોય તેટલુંજ કહેવાય."

"અમે કેમ કહ્યું ?"

"તમે હજી પ્રેમના પ્રથમ પગથીએ છો."

"અને તું ?"

"હું તો પ્રેમ શાસ્ત્રમાં પ્રવિણ થઇ ચૂક્યો છું. મારી પ્રેમદેવી પણ મારા સમાનજ પ્રેમ પંડિતા છે."

"ખરો! અલ્યા તું નામતો દે?"

"તે ના કહેવાય?"

"એમાં તારૂં જાય છે શું?"

"ઘણુંએ?"

"શું?"

"કદાચ આંધળા થવાય."

"અરે મૂર્ખા! આંધળા શાથી થવાય?"

"મહેરબાન! કેમ ભૂલો છો? શું તમે એમ નથી સાંભળ્યું કે વહુનું નામ દેવાથી આંખ્યો આવે?"

"અલ્યા અકલનાં ખાં! વહુનું નામ દેવાથી તો આંખ્યો મટે."

"કદાચ એમ હશે? પણ હું તો નહિ કહું? વહુનું નામ દેતાં શરમ ઉપજે છે."

"પ્રેમ દેવીને એટલીવારમાં વહુ પણ બનાવી દીધી?"

"મેં આપ સર્વની સમક્ષ સ્પષ્ટ ખુલાસો કરી નાખ્યો કે તે પ્રેમ પંડીતા મારૂં સર્વસ્વ છે. એટલે સર્વસ્વમાં વહુ પણ આવી ગઇ."

પુનઃ રાજકુમાર હશી પડયા. આજે કુમારને જેટલું હસવું આવ્યું; તેટલું તેઓ કદાપિ હસ્યા નહોતા. નવલના વિનોદી સ્વભાવથી ઘણા પ્રસન્ન થયા, નવલ પણ તેમને ખુશ કરવાના ઇરાદે ગમ્મત કરે જતો હતો.

કુમારે મુખ મલકાવી કહ્યું; "નવલ! તું મારી આજ્ઞા માને કે નહિ?"

"અરે એ શું બોલ્યા સાહેબ! આ નવલને જેવો તેવો સમજશો નહિ. તે પૂરેપૂરો વફાદાર અને સ્વામી ભક્ત છે. આપનું થુંક પડે ત્યાં મારૂં લોહી પડે. આપના માટે હું મારા સર્વસ્વનો ભોગ આપી દઉં."

"શાબાશ છે, ત્યારે હું પૂછું તેનો ખરો જવાબ આપ?"

"આપને જે પૂછવું હોય તે ખુશીથી પૂછો?"

"હું તારી પ્રેમદેવીનો પરીચય ઇચ્છું છું." કુમારે જણાવ્યું.

"કુમારશ્રી! શું કરૂં? આપની આજ્ઞા થઇ એટલે મારે મારી પ્રેમદેવીને અંધારામાંથી અજવાળામાં લાવવીજ પડશે. પણ મને તેનું નામ ઉચ્ચારતાં ઘણીજ શરમ આવે છે."

"મૂર્ખ! પરણ્યા વિના શરમ શાની?" પ્રતાપે કહ્યું.

"ત્યારે સાંભળો. આજે ચોકખું ચટાક કહી દઉં છું. પણ ના એમ નહિ; મારી પ્રેમદેવીને હું જુદીજ રીતે પ્રકાશમાં લાવીશ અને તેનું નામ તમારે મુખેજ દેવરાવીશ."

"શી રીતે?"

"એતો હમણાં જાણુશો. કહો મહેરબાનો ! આપને એવા કોઇ નામની ખબર છે કે તે કાના માત્રા વિનાનું નામ છે અને તે ઘણું પ્રિય છે. તે આવે છે ત્યારે આનંદ ઉત્સવ થાય છે. વળી તેની ગણના એક ઋતુમાં પણ થાય છે."

"હા, હા, એતો વસંત ઋતુ." કુમારે કહ્યું.

"તારી પ્રેમદેવીનું નામ વસંત ? પ્રતાપે પૂછયું.

"હા, તેજ મારૂં જીગર છે."

"બોલતાં શરમા ?"

"શા માટે ? તમે પરાણે શરમ તજાવીને ?"

"અલ્યા તે વસંત કઇ ?"

"તે બધું કંઇ કહેવાય નહિ; તમે તમારે સમજી લ્યો."

કુમાર બોલી ઉઠયો; "પ્રતાપ ! તું ના સમજયો ? તે વસંત બીજી કોઇ નહિ પણ રાજકન્યાની સખી વસંત માલતી."

"આહ્ ! તેજ મારી પત્ની." નવલે છાતીએ હાથ મુકી કહ્યું.

"એતો એકાએક ગૂમ થઇ છે."

"હા, તેથીજ આ જીગર જલી જાય છે." નવલે કહ્યું.

"તું તેને એકે વખત મળ્યો છે ? તેની સાથે કંઇ વાતચિત કરી છે ?" પ્રતાપે પૂછયું.

"હા, તમારા કરતાં હું તેની સાથે ઘણી વખત મળ્યો છું; અરે સાથે પણ રહ્યો છું; અને એક બે વખતે તો તમારી સમક્ષજ તેની સાથે વિનોદ કર્યો છે."

"તે ક્યારે ?"

"જે વખતે કુમાર અને તમે પ્રથમ બગીચામાં આવી રાજકન્યા અને તેની સખીઓ સાથે આનંદ ઉડાવી રહ્યા હતા; તે વખતે

બાહુકજીના વેશમાં તમને ચેતાવી મારી વસંતમાલતીને થોડેક સુખ ઘસડી ગયો હતો તે યાદ છે કે?"

"બરાબર-બરાબર." કુમારે ઉદ્‌ગાર કાઢ્યા.

"અલ્યા નવલ! તું તો બડો પક્કો નીકળ્યો? વારૂ હવે કહેતે ખરો કે વસંતની શોધ માટે શું બંદોબસ્ત કર્યો."

"શું બંદોબસ્ત કરૂં? તેને પ્રભુના ભરોંશે છોડી છે. જો માર જીગરમાં સાચ્ચો પ્રેમ હશે તો તે જો સાતમા આસમાનમાં હશે તે પણ મને આવી મળશે."

"હા, વસંત પણ નવલના જેવીજ ચાલાક છે." કુમારે કહ્યું

"અરે નવલ તો તેની આગળ પાણી ભરે; પાણી." પ્રતાપે કહ્યું

નવલ કંઇ બોલે એટલામાં એક સેવકે ત્યાં આવી જણાવ્યું "કુમારશ્રી! દુશ્મન તરફથી એક માણસ આવ્યો છે અને ત આપની મુલાકાત ઇચ્છે છે?"

"તે કોણ છે?" પ્રતાપે પૂછ્યું.

"એક રંગી."

"નામ?"

"બદ્રીનાથ શાસ્ત્રી."

"જા આવવા દે."

આજ્ઞા મળતાં સિપાહી ચાલ્યો ગયો અને થોડીવારે શાસ્ત્રીને લઇ અંદર આવ્યો. શાસ્ત્રીએ રાજકુમારને આશિર્વાદ દીધો.

કુમારે તેમને બેસવાનું સૂચવી કહ્યું; "કહો કેમ આગમન થયું છે?"

શાસ્ત્રીએ નીચે સ્થાન લેતાં કહ્યું, "અમે છેલ્લા નિશ્ચય પર આવ્યા છીએ."

" શું ? "

" આપની સેવામાં રહેવું. "

" ખુશીથી. તમને અમારા મિત્ર સમાન ગણવામાં આવશે. "

" બસ એજ; આપનું કલ્યાણ થાવ. "

" શાસ્ત્રીજી ! આપની સાથે બધા આવશે ને ? "

" હા, ફક્ત એકજ બાકી રહેશે ? "

" કોણ ? "

" મોતીલાલ બંકા. "

" ઠીક; તેને તેના નશીબપર છોડો અને હવે તમે આપણા બીજા મિત્રોને લઇ આવો. " પ્રતાપે કહ્યું.

શાસ્ત્રીજી ગયા. નવલ બબડયો; " હૈયાના ફૂટયા પહેલેથી આવી મળ્યા હોત તો આ બધું થાત નહિ. "

એટલામાં કુમારને પ્રથમની વાત યાદ આવતાં પૂછ્યું; " પ્રતાપ ! આપણે બીજી વાતોપર ચઢયા; અને પ્રથમની વાત ભૂલી ગયા. હું સુંદરીયોમાં સપડાયો, તે શું સત્ય કે સ્વપ્ન હશે ? "

" શું ખબર પડે ? મારી અક્કલ કંઇ કામ કરતી નથી. "

" આ જોશીને પૂછોને ? " નવલે કહ્યું.

સઘળાની નજર જોશીજી તરફ ફરી.

પ્રકરણ ૧૭ મું.

પુનર્દર્શન.

જોષી મહારાજાએ ઘણાએ રમલના પાસા ઉછાળ્યા પણ તેમનાથી કાંઇ વિશેષ પત્તો ના ખાધો.

"ખરેખર ! કોઇ નબળા પોચા હૃદયનો હોય તો તો પૂરોજ થઇ જાય." નવલસિંહે ઉમેર્યું. "ગુરૂજી ! મને લાગે છે કે જરૂર કોઇ રંગીનુંજ આ કામ અને રાજકુમારને બેહોશ કરી તેમને અહીંથી તહીં ઉપાડેલા."

"ના, ના. કોઇ રંગીનું તો આ કામ નથી એમ ગણિતમાં આવે છે." જોષી મહારાજાએ વચ્ચે જવાબ દીધો.

એટલામાં સર્વની નજર વ્હેમસિંહ મહારાજા અને સત્યવતી રાણી તરફ ગઇ. જે જગાએ તે પ્રથમ કેદ પૂરવામાં આવ્યાં હતાં તેજ જગાએ તે બન્ને અત્યારે પણ હતાં. તેમની દૃષ્ટિ બીજી તરફ હોવાથી વ્હેમસિંહ અને રાણી સત્યવતીનું ધ્યાન આ લોક તરફ નહોતું.

"અરે ! પણ આ વ્હેમસિંહ તો છુટો થઇ રાજ્યમાં જઇ આપણો મિત્ર બન્યો હતો તે પાછો અહીં ક્યાંથી ?!"

"રાજકુમાર ! વ્હેમસિંહે છુટીને આપની મિત્રતા સ્વીકારી એ વાર્તા તો ખરી; પણ આપનાં અદૃશ્ય થયા પછી તેની દાનત ભ્રષ્ટ થતાં તેણે છાવણી ઉપર હલ્લો કર્યો. સેનાપતિ સુજનસિંહને ઘાયલ કરી કેદ પકડયા જો કે પાછળથી તે છુટા થયાની હકીકત

સાંભળી છે. નવીનદુર્ગથી મહારાજા ખડગસિંહ અને વિજયગઢથી મહારાજા અજીતસિંહ અમલગઢપર ચડી ગયા અને તેમણે વિજય મેળવ્યો. આ વખતે પાછો હેમસિંહ એકાએક ગૂમ થયો. કદાચ તેને કોઈએ ગૂમ કર્યો હોય.

"કોણે ગુમ કર્યો હશે?"

"પેલી સ્વરૂપ રાણીએ એમ કર્યું હોય તો શી ખબર પડે."

"તેને અને સ્વરૂપરાણીને શું વૈર?"

"કદાચ હોય."

"એટલે આપણે તેને પૂછી ખુલાસો મેળવીએ."

"તેની તરફના ખુલાસાની આશા વ્યર્થ છે."

આ અરસામાં નવલ એકાએક બોલી ઉઠયો, "અરે! આમ જુઓ! પ્હાડપર રાજકન્યા અને મણીકાન્તા આવીને ઉભાં."

કુમાર અને પ્રતાપે એ તરફ જોયું, હેમસિંહ જ્યાં હતો; તેની બરાબર સામેજ ઉંચે પ્હાડપર જેવી સ્થિતિમાં વિશ્વમોહિની અને મણીકાન્તા ચિંથરેહાલ પૂર્વે જોવામાં આવેલાં તેવીજ સ્થિતિમાં અત્યારે પણ નજરે પડયાં. તેમની દશા જોઇ કુમાર અને પ્રતાપ દુઃખી થયા. તેમના મુખમાંથી દુઃખપૂર્ણ નિઃશ્વાસ ધ્વની નીકળી પડયા.

કુમારે પ્રતાપ પ્રત્યે કહેવા માંડયું; "ભાઇ પ્રતાપ! રાજકન્યાના દેદાર નિહાળ્યાને?"

"હા, શું કરવું?"

"મને ગભરામણ થાય છે. પગ પાછા પડે છે, જીવ ચકડોળે ચઢે છે."

"શાન્ત થાવ; ચાલો આપણે એ તરફ જઇએ."

"તેમને જવાબ શું આપીશ?"

"તમારા વતી હું જવાબ આપીશ. ચાલો." પ્રતાપે રાજકુમારનો હાથ પકડ્યો અને જ્યાં બ્હેમસિંહ અને રાણી બેઠાં હતાં ત્યાં બરાબર સામેજ પ્હાડની ટોચે રાજકન્યા અને મણીકાન્ત આવીને ઉભાં. પ્રતાપ–કુમાર અને નવલ પણ બરાબર સામેજ આવીને ઉભા. તેમને જોતાંજ રાજકન્યા અને મણીકાન્તા ખુશી થયાં.

મણીકાન્તાએ મોટા અવાજથી પૂછયું; "કુમાર! ખુશીમાંતોછોને?"

"હા, રાજકન્યા આનંદમાં છેને?" રાજકુમારે પ્રત્યુત્તર આપી પૂછયું.

"રાજકન્યા હાજર છે. તેના તરફ જુઓ એટલે તેની દશા જણાશે." મણીકાન્તાએ જવાબ વાળ્યો. આ વખતે રાજકન્યાની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેતો હતો.

"મણીકાન્તા! હું શું કરૂં?" રાજકુમારે પૂછયું.

"તમે હિંમત હારશો નહિ." રાજકુમારે જણાવ્યું.

"દિવસો વિતતાં હિંમત હરાઇ જાય છે."

"થોડા દિવસ ધૈર્ય ધરો. ચમત્કારપૂર્ણ બંદર તોડવાનું કામ લગભગ પૂરૂં થવા આવ્યું છે. હવે થોડુંજ બાકી છે, બાકીનું કામ પુરૂં થતાં હવે વધુ વિલંબ નહિ થાય."

"અમે ત્યાં સુધી ધિરજ ધરીશું. પણ મારે તમને થોડા પ્રશ્ન પૂછવા છે."

"સુખેથી પૂછો."

"રાજકુમારી પ્રત્યેનો પ્રેમ તમારા હૃદયમાં હતો તેવો હજુ કાયમ છે કે તેમાં કંઇ ફેર પડયો છે?"

આ પ્રશ્નથી કુમારના મનમાં સખ્ત આઘાત થયો.

તે દુઃખપૂર્ણ અવાજે બોલ્યો;" આ પ્રશ્ન પૂછી મને શામાટે દુઃખી કરો છો? તમે કહો તો મારૂં હૃદય ચીરીને બતાવું."

"તમારા હૃદયની અમને ખાત્રી છે. પણ વિયોગમાં દિવસો વીતે છે એટલે કદાચ પ્રેમમાં ન્યુનતા આવે. આપ રાજકુમાર છો. કદાચ અન્ય પ્રેમદેવી પસંદ કરો."

"આ વિજયનું હૃદય કંઇક જુદુંજ છે."

"ત્યારે તો અમને આનંદ થયો."

એવામાં પ્રતાપે કુમારના કાનમાં ધીરેથી કહ્યું; "કુમારશ્રી?"

"કેમ શું છે?" કુમારે પ્રતાપ સામે જોઇ પુછ્યું.

"પેલી વાત કરી દઉં?"

"કઇ?"

"સ્રીયા રાજ્યની.

"પ્રતાપ! તું મને શામાટે સંતાપે છે?"

"આમાં સંતાપ શો?"

"એ વાત શામાટે યાદ કરે છે?"

"આનંદની ખાતર"

"મને આનંદ નથી. સુખ નથી. હું શું કરૂં? રાજકન્યાને કેવી રીતે મળું?"

"આમ નાહિંમત ન બનો. પ્રભુ કૃપાએ હવે આપણે તુરતજ કામ પૂર્ણ કરીશું." પ્રતાપ વિચારવા લાગ્યો કે મણીકાન્તાના પૂછવાથી કુમારને ખોટું લાગ્યું છે. માટે લાવ મણીકાન્તાને કહું કે રાજકન્યાને તે કહે કે હવે પછી કુમારના પ્રેમ વિશે શંકા ધરાવે નહિ. આમ વિચારી પ્રતાપે મણીકાન્તા પ્રત્યે કહ્યું; "રાજકન્યાની શી ખબર છે?"

"કુમારના જેવીજ."

"તેમને ધિરજ ધરવાનું સૂચવો."

"તેમ કરૂં છું; પણ માનતાં નથી."

"તેઓ રડે છે તેથી કુમાર દુઃખી થાય છે. માટે તેમને સમજાવો કે તમારા રડવાથી કુમારની હાલત બગડે છે."

મણીકાન્તાએ રાજકન્યાને કંઇક કહ્યું. રાજકન્યાએ આંખો લુછી કુમાર તરફ જોયું. બન્નેની આંખો મળી.

એવામાં મણીકાન્તાએ પૂછ્યું; "આજે આપ સર્વ અહિં કેમ પધાર્યા છો?"

"તમને જોવા."

"નાના, બીજું કંઇ હશે?"

"વ્હેમસિંહની તપાસ કરવા."

"શા?"

"તે અહિંથી છૂટી નગરમાં ગયા હતા."

"ના; તેમને એક કાળી આકૃત્તિ થોડા દિવસ પર લઈ ગઇ હતી. પછી તે અહિંજ છે. અમે તેમને દરરોજ જોઇએ છીએ. તે પણ અમારા સામે જોયા કરે છે."

"મને તેની સ્થિતિ સારી લાગતી નથી."

"હા, જો આવી સ્થિતિ વધુ લંબાશે તો કદાચ તે ગાંડો બનશે."

"મને પણ એમજ સમજાય છે."

"બીજા કંઇ સમાચાર છે?" મણીકાન્તાએ પૂછ્યું.

"ના."

"રાજકન્યાના પિતા ખુશીમાં છે?"

"હા."

"લઢાઇના શું સમાચાર છે?"

"આપણો વિજય થયો છે."

"રાજ્યગાદી પર કોણ બેઠું છે?"

"કોઇ નહિ."

"કુમારને રાજ્યાભિષેક કેમ કર્યો નહિ?"

"કુમારે સોગન લીધા છે?"

"શાના?"

"વિશ્વમોહિની સાથે પરણીને સાથેજ ગાદીપર બીરાજવાના." મણીકાન્તાએ હસ્તામુખે રાજકન્યા સામે જોઇ કંઇક ધીમેથી કહ્યું. રાજકન્યાને હસવું આવ્યું.

પુનઃ મણીકાન્તાએ પૂછ્યું; "દુષ્મનના રંગીઓનું શું થયું?"

"અહમદ-મહમદ મરાયા અને એક સિવાય સઘળા આપણે શરણે આવ્યા."

"એક કોણ બાકી રહ્યો?"

"મોતીલાલ."

"તેનાથી સંભાળજો. તે ઘણો ભયંકર છે."

"ફિકર કરશો નહિ."

"પેલા દુર્જનનું શું થયું?"

"તે પણ મરી ગયો."

"ચાલો પાપ પત્યું."

"બીજું કંઇ પૂછવું છે?"

"ના."

"ત્યારે હું હવે આ રાજા પાસે જાઉં છું."

“ શું કામ ? ”

“ મારી મરજી તેની સાથે થોડીક વાત કરવાની છે. ”

“ ઠીક. ”

પ્રતાપસિંહ અને મણીકાન્તાની વાતચીત વ્હેમસિંહ સ્પષ્ટ સાંભળતો હતો. રાજકુમારને કંઇ કહેવાના ઇરાદાથી તે તેમની નજીક જતો હતો એટલામાં મણીકાન્તા અને તેમની આંખ્યો મળી. વ્હેમસિંહ ચુપ જ થઇ ગયો.

“ કેમ શું કહેવા માગતા હતા ? ” પ્રતાપે વ્હેમસિંહને પૂછ્યું.

“ હવે તે નહીં કહેવાય. ” વ્હેમસિંહે કહ્યું.

“ કેમ ? ”

“ નહીં કહેવાથી વખતે પ્રાણ બચશે. ”

“ અને કહેશો તો તમારા પ્રાણ કોણ લેનાર છે ? ”

“ જો એ કહું તો પછી શું રહ્યું ?! ”

“ તો શું ન કહેવાથી તમે બચશો ?! ”

“ જેવી ઇશ્વરની મરજી ! પણ હું કંઇ નહીં જ કહી શકું. ”

આટલું સાંભળતાં જ પ્રતાપે પોતાની કમ્મરમાંથી કટાર કાઢી.

એકદમ ઉપરથી મણીકાન્તાએ અવાજ કર્યો:—“ હાં. હાં. એમ ના કરો. ”

પ્રતાપે હાથ પાછો લેઇને મણીકાન્તા સ્હામું જોયું.

“ કેમ તેના ઉપર કટાર ઉગામવાનું કારણ ?! ” મણીકાન્તાએ પૂછ્યું.

“ એ અમને કાંઇ કહેવા જતા હતા, પણ તમારી તરફ જોઇને અચકી ગયા. હવે તે પૂછતાં બતાવતા નથી. કહે છે કે હું કહું તો મારે મરવું પડે. આ શું છે તે સમજાતું નથી. એક તો તેમને

લીધે અમારે આટલું વેઠવું પડે છે ને વળી તે કાંઈ કહેવા આવે ને તમને જોઇને શાંત થઇ જાય અને તેનું કારણ પુછતાં મારે મરવું પડે એવું કહે છે તેથી અમને કાંઇ ભેદ કળી નથી શકાતો." પ્રતાપે હકીકત જણાવી.

"આજકાલ તેમની સ્થિતિ વ્યગ્ર રહે છે. હું હમ્મેંશ જોઉં છું તો મને લાગે છે કે, ગાંડાની માફક તે આજકાલ આમથી આમ કોઇ વખત દોડયા કરે છે તો કોઇવાર કાંઇનું કાંઇ બકયા કરે છે, માટે એમના કાંઈ પણ બોલ્યા સ્હામું ના જોશો." મણીકાન્તાએ પ્રતાપને કહ્યું.

"અરે જુઓને ઉલટો મને ગાંડો બનાવે છે!" વ્હેમસિંહ મનમાંજ બબડયો.

"શું! શું! એ શું બબડયા. સ્પષ્ટ કહો." પ્રતાપે વ્હેમસિંહને કાંઇક બબડતાં જોઇ પૂછયું.

"ના. ના. કંઇ નહીં. તમે તમારી મેળે વાત કરોને. હું તો આજકાલ દિવાનો થઇ ગયો છું."

"અરે વાહરે દિવાના!" નવલસિંહે ટોળ કર્યું.

"હા. હા. મણીકાન્તા ખરૂં કહે છે. હું દિવાનો જ થઇ ગયો છું."

"જોષી મહારાજ! આ નવા સવા પાગળને તો નિહાળો. અરે જરા તો તપાસો કે આ શું મામલો છે. આ વ્હેમસિંહ તે ખરો વ્હેમસિંહ છે કે ન હોય ?! વળી છુટેલો તે પણ આજ કે કોઇ બીજો ?!"

"રાજકુમાર! જે છુટેલો તે ખરો જ વ્હેમસિંહ અને તેજ હાલ કેદમાં છે તે. અહિં ચમત્કાર ખંડેરમાં તો મારી વિદ્યા કાંઇ

કામજ નથી કરતી એટલે હું શું કહું ? પણ જ્યારે ઉપરથી આકાશ વાણી જણાવે છે તો તે પ્રમાણે માન્યા વગર શો છુટકો ?!"

"ખરેખર ! હૃદયમાં અનેક પ્રકારના તર્કો વિતર્કો ઉઠે છે."

"નક્કી નક્કી, કાંઇકિ ભારે ભેદ છે. ક્યારે ભેદ ભાગશે તે સમજાતું નથી તેમ કાંઇ કરી પણ શકાતું નથી."

"પણ ગુરૂજી! અમારાં ગુરૂદેવી કાંઇક જાણતાં જણાય છે ત્યારે તે કહેતાં નથી." નવલે હાસ્ય કર્યું.

પ્રતાપના હૃદયશોક સાગરમાં આથી આનંદના કંઇક ઉછાળા ઉછળ્યા.

વ્હાલા વાચક પરમાત્માએ પાંખો આપવાની મહેરબાની કરી હોત તો ક્યારનાંએ રાજકુમાર અને રાજકુમારી તથા પ્રતાપસિંહ અને મણીકાન્તા ઉડીને પણ મળત અને હૃદયાભિલાષા પૂર્ણ કરત; પરંતુ તે આશા તો પૂર્ણ ન થઇ.

ચમત્કારખંડેર પૂર્ણ તોડયા શિવાય વિશ્વમોહીનીને છોડવવાનો મેળવવાનો અન્ય રીતે સંભવ નહોતો. આથી 'હવે થોડા જ વખતમાં બાકી રહેલું કામ પૂર્ણ કરીશું અને મળીશું' એમ શાંતિ દેતા રાજકુમાર અને રંગીઓ ખંડેરની બહાર નીકળ્યા. એકાએક અમલગઢ જઇ પહોંચ્યા. સમયસર કિલ્લામાં ઘુસ્યા અને વિજયકુમારે પોતાના હાથેજ વિજય ડંકો વગાડયો.

વિશ્વમોહિની અને મણીકાન્તા તો પહાડ ઉપર ટળવળતાં જ રહ્યાં.

થોડા જ વખતમાં તે પાછાં મળો એવી અંતરની શુભેચ્છાપૂર્વક જ હાલતો આપણે અહીંજ અટકીશું.

ભાગ ચોથો સમાપ્ત.

તૈયાર છે ! ચમત્કારી નવલકથા ! **મંગાવી લ્યો !**

કાળરાત્રિનું ખૂનીખંજર.

સચિત્ર આવૃત્તિ પાંચમી. ભાગ ૧ લો.

લેખકઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

આ અદ્દભુત અને જ્ઞાનમય નવલકથા અલ્પ સમયમાંજ અતિ લોકપ્રિય થઇ પડી છે. પાંચ આવૃત્તિયો આજપર્યંત નીકળી ચૂકી છે. રસ્તામાં—ઘરમાં અને મુસાફરીમાં પણ અનેક નરનારીયોના હાથમાં કાળરાત્રિનુંજ પુસ્તક જોવામાં આવે છે, તેથી હવે આ નવલકથાનાં વધુ વખાણ કરવાં એ અતીશયોક્તિ કરવા સમાન છે; છતાં પણ કદાચ કોઇ આ પુસ્તકથી અજાણ રહી ગયું હોય તેની જાણને માટે થોડાક વિવેચનની જરૂર રહે છે. સ્વપ્નમાં પણ નહિ આવેલા, કાને નહિ સાંભળેલા, આંખ્યોએ નહિ દેખેલા એવા એક એકથી સરસ ચમત્કારીક બનાવોનું વર્ણન આ નવલકથાની સર્વોત્તમતાનું ભાન કરાવી વિબુધ વાંચકોનાં હૃદય કોમળ અને પવિત્ર બનાવે છે. વાચકોની જાણ ખાતર કેટલાંક પ્રકરણોનાં નામ આપવામાં આવ્યાં છે. જેવાં કે; અબળા કે પ્રબળા, સાસરવાસ કે નરકાવાસ ? સફેત પુરૂષ, ઝેરી અંગુઠી, ક્રોધની જ્વાળા, કોપેલી કાળરાત્રિ, પતિ કે પિશાચિની ? નિર્દોષ પર ઝઝુમતું ખંજર, કિલ્લામાં કેદી, ભયંકર આગ, વગેરે પ્રકરણો આ પ્રથમ ભાગમાં આવેલાં છે. પ્રથમ ભાગમાં રંગબેરંગી સુંદર ચિત્રો મૂકવામાં આવ્યાં છે. કાગળ પણ ઉત્તમ અને ચીકણા છે. છપામણીની છાપને માટે તો અમારૂં ડાયમંડ પ્રેસ સર્વમાં પ્રથમ નંબરે છે. ઉપરાંત બાઇન્ડીંગ નેત્રરંજક છે. આવું સર્વોત્તમ પુસ્તક હોવા છતાં મૂલ્ય માત્ર રૂપીઆ ત્રણ છે. જલ્દી મંગાવી લ્યો, લખોઃ—

બુકસેલર **કચરાભાઈ વનમાળીદાસ પટેલ.**

મોટી હમામ—**અમદાવાદ.**

કાળરાત્રિનું ખૂનીખંજર.

ભાગ બીજો.

સચિત્ર આવૃત્તિ ચોથી.

લેખકઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મ્હેતા.

આ નવીન નવલકથા બે ભાગમાં પૂર્ણ કરવામાં આવેલી છે. પ્રથમ ભાગના જેવોજ આ દ્વિતીય ભાગ રસમય અને આકર્ષક બન્યો છે. એટલુંજ નહિ પણ પ્રથમ ભાગથી પણ ઉત્તમ બન્યો છે. અધર્મીઓની અધમતા—નીચતા, રાક્ષસી રાણીનાં ભયાનક કાળજું કંપાવે એવાં કુકર્મો, ભય—ત્રાસ—જુલ્મ—ખૂન ઉપરાંત વિષયાંધજનોની દુર્દશા, પતિપરાયણ પ્રેમદાઓની પવિત્રતા. શીયળની મહત્તા, પતિવ્રતનો પ્રભાવ; દુઃખમાં સતી સન્નારીયોની હિંમત અને અટગ પતીભક્તિ; સફેત પુરૂષનો ભેદ, નરેન્દ્ર—વસંતનો પ્રેમ; પ્રતાપ—મહેન્દ્રના મનોવેધક પરાક્રમો; ખરાબ માર્ગે ચઢેલી કાન્તા પશ્ચાતાપના અગ્નિમાં ભષ્મ થઇ છેવટે કેવાં સત્કર્મ કરે છે; સત્યને ચાહનારો સફેત પુરૂષ નિર્દોષ જનોને કેવી રીતે બચાવી સત્યનો ડંકો બજાવે છે, કાળરાત્રિ અને અબુધસિંહનો અંતિમ પશ્ચાતાપ વગેરે વાંચતાં તમે એવાતો તલ્લીન બની જશો કે તમારૂં દરેક કામ પુસ્તકને પૂર્ણ કર્યા સિવાય અધુરૂંજ રહેશે. યાદ રાખજો કે; જો તમે આ પુસ્તક નહિ વાંચ્યું હોય અને કદાચ વાંચવાની ઇચ્છા પણ નહિ રાખતા હો; તોપણ આખરે તમારે આ પુસ્તક અવશ્ય વાંચવું જ પડશે. માટે સૌથી સરસ રસ્તો એજ કે તમારે આ પુસ્તકના બન્ને ભાગ આજેજ મંગાવી વાંચવા. મૂલ્ય માત્ર રૂપીઆ ત્રણ છે. લખોઃ—

બુકસેલર, કચરાભાઇ વનમાળીદાસ પટેલ,
મોટી હમામ—અમદાવાદ.

આજેજ ! મંગાવી લ્યો ! તૈયાર છે !

બોધદાયક નવલકથા.

ઝેરી જમાનો.

ભાગ ૧-૨-૩

લેખક, સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મ્હેતા.

લાયબ્રેરીયોમાં, ઘરમાં, બંગલાઓમાં અને ગરીબોની ઝુંપડીઓમાં પણ આ પુસ્તક આનંદથી વંચાય છે. આ અપૂર્વ નવલકથામાં અનેકવિધ પ્રસંગોનો ચિતાર આપવામાં આવેલો છે, ગતકાળમાં થઈ ગએલા ઠગ-ફાંશીયાઓ કેવાં ભયાનક કામો કરી નિર્દોષ મુસાફરોને દગાથી મારી નાખી દ્રવ્ય મેળવે છે. મકાનોમાં ક્રૂરકર્મો કરવાનાં ગયબી સ્થળો, વિકરાળદેવીની મૂર્તિ વગેરે દ્રશ્યના વાંચનથી હૃદય પણ ક્ષણભર સ્તબ્ધ બની જાય છે. આ ઉપરાંત બે પત્નીઓના સ્વામીનો સંસાર કેવી રીતે સ્મશાનવત્ બને છે. લાડી વાડી અને ગાડીમાં ફરતા શ્રીમાનોના ઉછૃંખલ પુત્રો ઉપરથી સારા દેખાઈ અંદરથી કેવા પૈશાચિકવૃત્તિના હોય છે. સતી સાધ્વી સન્નારીયો દુઃખના ડુંગર તળે દટાવા છતાં શીયળ કેવી રીતે સંભાળે છે. ઠગ-ફાંશીયા-વાટપાડુ-લુંટારાઓનો નાશ કરવાને અંગ્રેજ અમલદારો કેવી બહાદુરી બતાવી નિર્દોષ પ્રજાનાં દુઃખ દૂર કરે છે વગેરે વાંચતાં તમારા હૃદયમાંથી આશ્ચર્યના ઉદ્દગારો સ્વભાવિક રીતેજ નીકળી જશે. જેણે આ પુસ્તક અદ્યાપિ પર્યંત વાંચ્યું ન હોય તેને વાંચવાની અમારી ખાસ ભલામણ છે. પ્રથમ ભાગની બીજી સચિત્ર આવૃત્તિની કિંમત રૂ. ત્રણ છે. ભાગ બીજો-ત્રીજો જો ભેગા બાંધેલા છે. તેની કિંમત રૂપિયા ચાર છે. લખોઃ—

બુકસેલર-કચરાભાઈ વનમાળીદાસ પટેલ.
મોટી હમામ—**અમદાવાદ.**

જ્ઞાન નીતિ અને આનંદ અર્પનારી નવલકથા.

ઝેરી જમાનો ભાગ ૪-૫

લેખકઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મ્હેતા.

પ્રિય પાઠકો! તમે આ પુસ્તકના ત્રણ ભાગ વાંચી ગયા હશો? પુસ્તક કેવું છે એ પણ આપ સમજી ગયા હશો? આ પુસ્તક દળદાર છે. બન્ને ભાગ ભેગા બાંધેલા છે. પ્રત્યેક પૃષ્ટે નવુંજ જાણવાનું મળે છે. કિશોર-કમળા કેવા દુઃખ સિંધુમાં ડૂબે છે; ન્યાય-નીતિને પ્રાણાંતે પણ વળગી રહે છે અને પરીણામે તેમના સુખી સૂર્યનો કેવી રીતે ઉદય થાય છે. કપટકળા-કૃષ્ણનંદન અને રામલાલ વગેરે દુષ્ટાત્માઓનું આખર કેવું ભયંકર આવે છે; પારકા પૈસે પરમાનંદ માનનારા અને હિંદુસ્થાનમાં રળી ખાવા આવેલા દેવીડ સાહેબ ઉર્ફે દેવીસીંહના તેમના કરેલા કર્મથી કેવા હાલ હવાલ થાય છે. પ્રજા પુત્ર સમાન છે અને તેના કલ્યાણમાંજ પોતાનું કલ્યાણ સમાએલું છે એવું નહિ સમજનારા ઠાકોર સૂર્યસિંહ તેની સ્વચ્છંદ વૃત્તિથી પદભ્રષ્ટ થાય છે; સત્યવીર પોતાની ફરજ કેવી રીતે બજાવે છે; સવિતા પતિને કેવી રીતે સંકટમાં સ્હાય કરે છે. રાજ-કન્યા અને રણમલનો દૈવી પ્રેમ; રણમલની કર્તવ્યપરાયણતા. એક સાધુ કે શયતાનનાં ગુપ્ત આવાસમાં બનતાં કારસ્થાનો; આવા નરકા-વાસમાં ફસાએલી કમળાની દુર્દશા. અંતે ઉદ્ધાર અને મહંતને તેનાં કર્મનું ફળ વગેરે વાંચતાં હૃદય કંઇક ઓરજ આનંદ અનુભવશે. આજેજ મંગાવી લ્યો. નકલો સીલીકે થોડી છે. મોંઘવારી હોવાથી નવી આવૃત્તિ નીકળતાં કદાચ વાર પણ લાગે. માટે તુરતમાંજ ગ્રાહક થઇ આ છેલ્લો ભાગ પણ ખરીદી લ્યો. મૂલ્ય માત્ર રૂ. ૪-૦-૦ ચાર.

લખોઃ—બુકસેલર કચરાભાઈ વનમાળીદાસ પટેલ.

ઠે. મોટી હમામ—અમદાવાદ.

સુબોધક ચિત્તરંજક નવલકથા.

બહાદુર બાળા.

ભા. ૧-૨ જો.

આવૃત્તિ બીજી સચિત્ર.

લેખકઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મ્હેતા.

વાંચકો! કદાચ પ્રશ્ન થશે કે વળી આ નવું શું છે? આ મોટું બ્યુગલ શાનું વગાડયું છે? જવાબમાં સાંભળો. આ એક પુસ્તક છે. ચાલુ જમાનામાં તેને નવલકથા પણ કહેવામાં આવે છે. આ નવલકથા બે ભાગમાં પૂર્ણ કરવામાં આવી છે. વળી બન્ને ભાગ ભેગા બાંધેલા છે. એટલે વાંચનારને એક ભાગ વાંચ્યા પછી બીજો ભાગ ખરીદવાની જરૂર પડતી નથી આ પુસ્તકમાં શયતાનોની શયતાનીયત, લુચ્ચાઓની લુચ્ચાઇ, શઠ મનુષ્યોની શઠતા, દુષ્ટોની દુષ્ટતા, પ્રપંચીઓના પ્રપંચ, ધાર્મીક મનુષ્યોના ધર્મ પ્રીયતા; સતી સાધ્વીઓની પતિપરાયણતા; બાળાઓની બહાદુરી, કુલટાઓનાં કુકર્મો, શૂરવીરોનું શૌર્યવીર્ય, કાયરોની કાયરતા—નામર્દપણું—રાજ્યકર્મચારીઓનાં કારસ્થાનો; નિર્દોષ પ્રજાપર થતો જુલ્મ; દેશભક્તોની દેશભક્તી; હારજીત, સુખ દુઃખના સપાટા; મેઘનાં કાળાં વાદળાં, અન્યાયનું આધિપત્ય; અંતમાં સત્યનો વિજય વગેરે દરેક વિષયોનું પ્રતિપાદન આ પુસ્તકમાં સારી રીતે થએલું છે; એટલેજ અમારે આટલું વીવેચન કરી વાંચકોને કહેવું પડે છે કે જલ્દી આ પુસ્તક ખરીદી તમારા ઘરમાં મૂકો. બન્ને ભાગની કિંમત માત્ર રૂ. ત્રણ છે.

બુકસેલર કચરાભાઈ વનમાળીદાસ પટેલ.
મોટી હમામ—અમદાવાદ.

તૈયાર છે. **અદ્દભુત મનોવેધક નવલકથા.** **જરૂર વાંચો !**

જુલ્મી જાલીમ

સચિત્ર સુધારા વધારા સાથે આવૃત્તિ બીજી.

લેખકઃ—**સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મ્હેતા.**

પ્રિયપાઠકો ! આ નવલકથાનું નામ વાંચ્યું કે ? નામ ભયંકર છે. અંદરની ઘટનાઓ પણ ભયંકરતાથી પરીપૂર્ણ છે. સત્તાનો ઉન્માદ કેવો હોય છે એતો સત્તાધિશોને ખબર. પણ એવા ઉન્માદિ સત્તાધિશોની પરીણામે કેવી ખાનાખરાબી થાય છે એના અનેક દાખલા જગતમાં મળી આવે તેમ છે. આ નવલકથામાં એવા એક જાલીમ નરરાક્ષસ રાજાનાં જાલીમ કુકૃત્યોનો ચિતાર આપવામાં આવેલો છે. નરાધમ નૃપતિ નિર્દોષ પવિત્ર સન્નારીયો પ્રત્યે દુષ્ટ નજર કરી તે બાળાઓને કેવા ભયમાં નાખે છે; અને તે પામર પશુતુલ્ય રાજા છેવટે અસીમ જુલ્મ ગુજારે છે. પણ પરીણામ એજ કે તેવા જાલીમ રાજાને સદાકાળ રૌરવ નર્કમાં સડવું પડે છે. ન્યાય નીતિના ખૂનથી મદાંધ મહીપતીઓ ભુંડા હાલે મુઆ છે તેના દાખલા પુરાણોમાં પ્રત્યક્ષ છે. સતી સન્નારીયો આવી પડતાં સંકટોને કેવી ધીરજથી સહન કરે છે; ન્યાય નીપુણ વીર પુત્રો પારકાના કલ્યાણને અર્થે પોતાના પ્રાણની પણ પરવાહ નહિ રાખતાં કેવાં અપૂર્વ અને આશ્ચર્યકારક પરાક્રમો કરે છે. ભૈરવદેવના પૂજારી એક ભૈરવાચાર્ય રાજાના પાપમાં કેવો મદદગાર થાય છે અને અંતે પશ્ચાતાપના અગ્નિથી ભષ્મ થાય છે. ભૈરવના મંદિરના ભેદી ભોંયરામાં બનતા ગજબનાક પ્રપંચો વગેરેથી આ નવલકથા ભરપુર છે. ટૂંક સમયમાં તેની બીજી આવૃત્તિ થઈ છે. આ દળદાર સચિત્ર પુસ્તકની કિંમત માત્ર રૂપીઆ ત્રણ છે. લખોઃ—

બુકસેલર-**કચરાભાઈ વનમાળીદાસ પટેલ.**

મોટી હમામ—**અમદાવાદ.**

તૈયાર છે. **આજેજ મંગાવી લ્યો.** **તૈયાર છે.**

રસીક નવલકથા.

વિશ્વમોહિની. ભા.૧-૨-૩-૪

સંપાદક, સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મ્હેતા.

આ નવલકથાની વાર્તા લાંબા સમયથી જનસમાજમાં લોકપ્રિય થઇ પડેલી છે. વિશ્વવિખ્યાત મહારાજા વિક્રમાદિત્યના સમયમાં અંધારપટ ધારણ કરી પોતાની દેહને અદૃશ્ય કરવાની-સંતાડવાની જે અદ્‌ભૂત વિદ્યા હતી તે વિદ્યા સમય જતાં કેવા નવીન રૂપમાં આવે છે અને તે નવીન વિદ્યા-રંગ વિદ્યાના આશ્રયે બહાદુર પુરૂષો કેવાં સાહસિક કર્મો કરે છે. અબળા ગણાતી સ્ત્રી જાતી કેવાં અપૂર્વ સાહસ કરે છે. દારૂણ સંકટોમાં નીતિવાન જનો ધૈર્ય ધારણ કરી દુઃખના વાદળોને વિદારવા કેવાં પ્રબળ પરાક્રમો દર્શાવે છે. ઉપરાંત આ વિશ્વમોહક વિદ્યાના પરિણામે થએલા અનેક ચિત્ર વિચિત્ર ચમત્કારો અને વિરંગી રંગો આ વિશ્વમોહિની નવલકથામાં સ્થળે સ્થળે આલેખવા પ્રયત્ન સેવ્યો છે. ટુંકાણમાં આ નવલકથામાંથી ઘણું જાણવાનું મળી આવે તેમ છે. વાર્તા કસાએલી કલમથી લખાએલી છે. અને જાણીતા લેખક સત્યેન્દ્રપ્રસાદ મહેતાના હાથથી યથોજ સુધારો વધારો થએલો છે. નવલકથાના શોખીનોએ અને સારામાં સારૂં પુસ્તક વાંચવાની ઇચ્છા ધરાવનારાઓએ આ પુસ્તકના જલ્દીથી ગ્રાહક થવું જોઇએ. પ્રથમ અને દ્વિતીય ભાગ ભેગા બાંધેલા છે કિંમત ચાર રૂપીઆ છે. ત્રીજો અને ચોથો પણ ભેગાજ છે. કિંમત રૂ. ચાર છે. લખોઃ—

બુકસેલર—**કચરાભાઈ વનમાળીદાસ પટેલ.**

મોટી હમામ—**અમદાવાદ.**

રણભૂમિને ધ્રુજાવનારા અને સ્વદેશને માટે પ્રાણાર્પણ કરનારા રાજપૂત વીરોનાં અદ્ભુત પરાક્રમોનો મનોવેધક ચિતાર દર્શાવનારી અત્યુત્તમ નવલકથા.

[સચિત્ર, આવૃત્તિ ત્રીજી.]

પદ્મલતા યાને કંટકમાં ગુલાબ

લખનાર—સત્યેન્દ્રપ્રસાદ મહેતા.

આ લોકપ્રિય નવલકથામાં દગાફટકાથી પરાયાનું રાજ્ય પડાવી લઈ મહારાજાધિરાજ થઈ પડેલા ચંદ્રનગરના જાલીમ જુલ્મીરાજા કાળસિંહનાં ક્રૂર કર્મોની કથા વાંચતાં વાંચતાં તમારાં રોમાંચ ઉભાં થયા સિવાય રહેશે નહિ. સ્વદેશપ્રેમિક સત્યસિંહ-વિલાસકુમારી, કપિંજલા, વગેરે અનેક સંકટો સહન કરી નિષ્ઠુર નૃપતિ સામે કેવાં અડગ રહી સ્વદેશ પ્રત્યે પ્રેમ દર્શાવે છે. વિરેન્દ્રસિંહ સ્વદેશના માટે કેવી રીતે પ્રાણાર્પણ કરે છે, પાપી પીતાની પવિત્ર પુત્રી રાજકન્યા પદ્મલતા અને ભાગ્યદેવીની ભયંકરતાથી દુશ્મનના આશ્રયે રહી મોટો થયેલો રાજકુમાર સુરેન્દ્રસિંહ પોતાના દૈવી પ્રેમથી એક બીજાના હૃદય ઉપર કેવી રીતે અધિકાર મેળવી દેશસેવા કરે છે. ધર્મ નીતિનો ત્યાગ કરવાથી પ્રબળ અને શક્તિશાળી મનુષ્યોની કેવી દુર્દશા થાય છે. સ્વદેશભક્તો કેવાં અદ્ભૂત કાર્યો કરી ભયંકર સંકટોના વાદળને દૂર કરી વિજય પ્રાપ્ત કરે છે. વગેરે અસંખ્ય બોધક અને આકર્ષક ચમત્કારોથી ભરપૂર છે. આ પુસ્તક એટલું તો લોકપ્રિય થએલું છે કે જેનું ભાષાન્તર મરાઠી ભાષામાં થએલું છે. ઉંચા ગ્લેજ કાગળો, દળદાર પુસ્તક હોવા છતાં **મૂલ્ય માત્ર રૂ. ૩–૦–૦ ત્રણ.** લખોઃ—

બુકસેલર-**કચરાભાઇ વનમાળીદાસ પટેલ.**
મોટી હમામ—**અમદાવાદ.**

૯

તમારે શું જોઇએ છે!   તમારે દુનિયાંના રંગ જોવા છે?

નીચે વાંચો.

વીસમીસદીના વિચિત્ર રંગ દર્શાવનારી અને સ્વદેશસેવાનો ઉચ્ચતમ સુબોધક પ્રાસે કરાવનારી અત્યુત્તમ રસમય નવલકથા.

કુસુમકાન્ત. ભાગ. ૧—૨ જો.

લેખકઃ—**સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.**

સંસારમાં બનતા સત્ય બનાવોનું બહુધા વિવેચન કરવામાં આવ્યું છે. વાંચતી વખતે તમને એવોજ ભાસ થશે કે વાર્તાનો બનાવ પોતાની સામેજ બને છે અને તેમાંનો ઘણો ખરો ભાગ તો અનુભવવામાં પણ આવ્યો છે. ફેશનના ફંદે ચઢેલા યુવકોનાં કુટિલ કારસ્થાનો, સદાચરણી વીરોનાં અપૂર્વ પરાક્રમો; સ્નેહમયી બાળાઓની પવિત્ર પ્રેમપરાયતા. કેળવણીનો અવળો અર્થ સમજેલી વનિતાની કુટિલ વિલાસપ્રિયતા; ઉડાઉ અને દારૂડીયા પતીના પનારે પડેલી પ્રેમદાની અપૂર્વ પતિપરાયણતા, સાચિ મિત્રતા, સ્વાર્થમય મિત્રતા. ધૂતીની પ્રપંચજાળો, ગયબી મકાનો, ગરીબોના પૈસે શ્રીમંત બનેલા સફેત શાહુકારનાં હૃદયદ્રાવક કુકર્મો; ભારતનાં સંતાન પોતાનાં બાંહુ સમાન છે એમ સમજી પ્રજાનું કલ્યાણ કરવાની એક અગ્રેજ અમલદારની ઉત્કર્ષ ઇચ્છા; સ્વદેશી વસ્ત્રોની મહત્તા, અને સામાન્યમાં સામાન્ય મનુષ્ય. સ્વદેશ અને ગરીબજનો પ્રત્યે પ્રેમ ધરાવી **સ્વદેશ સેવા એ સ્વયં ઇશ્વરની સેવા સમાન** છે એવું જવલંત દ્રષ્ટાંત બતાવવા ઉપરાંત ધર્મ, કર્મ, નીતિ વગેરેનો સચોટ ઉપદેશ આપેલો છે. પુસ્તકના બન્ને ભાગ જુદા જુદા બાંધેલા છે. આવા દળદાર પુસ્તકના પ્રથમ ભાગની કિંમત રૂ. ત્રણ અને બીજાના રૂપીઆ સવા ત્રણ છે બન્ને ભાગ સાથે મંગાવનારને રૂ. ૭. જલ્દી મંગાવી લ્યો.

લખોઃ—બુકસેલર **કચરાભાઈ વનમાળીદાસ પટેલ.**
મોટી હમામ—**અમદાવાદ.**

આ શું છે ? જરા નીચે નજર કરશો ? જુઓ તો ખરા.

વીરનરોનાં પરાક્રમોથી પરીપૂર્ણ સચિત્ર નવલકથા.

રણઘેલા રજપૂતો અથવા

સતાઓનું શૂરાતન.

સચિત્ર નવી આવૃત્તિ. ભા. ૧–૨ જો.

લેખક, વૃજલાલ જાદવજી ઠક્કર.

આ નવલકથાનાં વધુ વખાણ એ સુવર્ણ પર ઢોળ ચઢાવવા સમાન છે. જનસમાજે આ નવલકથા એકે અવાજે વખાણી છે. ગ્રાહકોની માગણીને પહોંચી વળવા માટે તેની ઉપરાઉપરી નવી આવૃત્તિયો કાઢવી પડે છે. જનસમાજ આ પુસ્તક અતી પ્રેમ અને આનંદથી વાંચે છે. કોઇ કહેશે કે એવું તે આ પુસ્તકમાં શું છે ?

આ નવલકથામાં રણશૂરા રજપૂતોનાં જગ વિખ્યાત; રણભુમિને કંપાવનારાં અને અંતરમાં આશ્ચર્ય ઉપજાવે એવાં અદ્ભુત પરાક્રમો સતી સ્ત્રીયોની શૂરવીરતા અને દેશભક્તી, અબળાના અંતરનો અદ્વિતીય અનુરાગ, યુદ્ધભૂમિનું પ્રચંડ સ્વરૂપ, યવન શહેનશાહની વિલાસ પ્રિયતા, છળકપટના વિવિધ પ્રસંગો, હૃદયને હચમચાવી મૂકે એવા ભયાનક ખૂની મામલાઓ, યવનોની કુટિલ રાજ્યનીતિ, કારસ્થાન, વિષય લંપટતાનું પરીણામ, સ્વદેશોદ્ધારના સિદ્ધાંત વગેરેથી આ નવલકથા જનસમાજમાં પ્રસંશનીય થએલ છે. દરેકે આ નવલકથા વાંચવીજ જોઇએ અને તેને પોતાના ઘરની લાયબ્રેરીમાં રાખી મૂકવી જોઇએ.

બન્ને ભાગની કીં. રૂ. ૬–૦–૦

બુકસેલર–કચરાભાઈ વનમાળીદાસ પટેલ.
મોટી હમામ—અમદાવાદ.

ડિટેકિટવ નવલકથા ! ભેદ ભરમનો ભંડાર !!

ચુડેલનો ચમત્કાર.

આવૃત્તિ બીજી સચિત્ર.

લેખક, વૃજલાલ જાદવજી ઠક્કર.

આ અદ્દભુત નવલકથામાં જે બનાવોનું વિવરણ આપેલું છે એ બનાવો એટલા બધા અદ્દભુત રહસ્યમય અને ભેદ ભરમથી ભરપુર ભરેલા છે કે પુસ્તક હાથમાં વાંચવા લીધા પછી પડતું મૂકવાનું મન થશે નહિ. દિગ્વિજયસિંહ સરદારનું સુવિખ્યાત ઇમ્પીરીયલ હોટલમાં ખુન થયું. ખૂનીની શોધ કરવા માટે ડિટેક્ટીવ દુર્ગાપ્રસાદે ઉઠાવેલો અથાગશ્રમ, ખૂનીની તપાસ દર્મિયાન બીજું ખૂન થયું અને ખૂનીનું અજાયબી ભરી રીતે અદશ્ય થઇ જવું, પત્નીએ પિશાચિની કિંવા ચુડેલનું સ્વરૂપ ધારણ કરી પોતાની ઇચ્છા તૃપ્ત કરવા માટે છેવટ સુધી બતાવેલા ચમત્કાર, કવિ કેશવકાન્તનું આત્મહત્યા કરવા તત્પર થવું અને એ પ્રસંગે આકસ્મિક યોગાયોગથી તેના જીવનનું ભેદ ભરેલી રીતે રક્ષણ થવું; શરીરના યુવરાજનું ભેદી જીવન, સભ્ય લૂંટારા દિગ્વિજયસિંહે જેલમાં બેઠે બેઠે કરેલાં બહાદુરીનાં કાર્યો વગેરે અદ્દભુત બનાવોનું ભેદ ભરેલું વર્ણન આ રસીક નવલકથામાં કરવામાં આવેલું હોઇ પુસ્તક સંપૂર્ણ વાંચ્યા વિના ખૂની કોણ છે એ સમજી શકાતું નથી, ગ્લેઝ કાગળો; સ્વચ્છ છપાઇ અને સુશોભિત બાઇન્ડીંગથી આ નવલકથા મનહર બનાવવામાં આવી છે. કદના પ્રમાણમાં કિંમત ઘણીજ ઓછીજ છે. ફક્ત રૂ. ૩-૦-૦ છે.

બુકસેલર-કચરાભાઈ વનમાળીદાસ પટેલ.
મોટી હમામ—અમદાવાદ.

અત્યંત મનોરંજક ચિત્તહર જ્ઞાનોતેજ અને સુબોધક વિષયોથી પરિપૂર્ણ સુંદર આકર્ષક ચિત્રોથી સુશોભિત સામાજીક નવલકથા.

મધુમાલતી.

સચિત્ર આવૃત્તિ બીજી ભા. ૧-૨.

લેખક, વૃજલાલ જાદવજી ઠક્કર.

આ નવલકથા એટલી બધી લોકપ્રિય થઈ પડેલી છે કે ટુંક સમયમાં તેની બીજી આવૃત્તિ પ્રકટ કરવાની જરૂર પડી છે; આ નવલકથામાં એક એકથી ચઢીયાતા પ્રસંગોનો આબેહુબ ચિતાર આલેખવામાં આવ્યો છે. વાંચતી વખતે વાંચકોના હૃદયમાંથી વાહ વાહના ઉદ્દગારો સ્વભાવિક રીતેજ નીકળશે. સ્વતંત્રતા અને સુધારાના બાહ્યાડંબરથી એક બાલિકા સંસારમાં અધર્માચરણ આચરી કેવી સ્વેચ્છાચારી બની જાય છે, ધર્મ શુન્ય કેળવણીનું કેવું અનિષ્ટકારક પરીણામ આવે છે, વીસમી સદીના અર્ધદગ્ધ યુવકો પ્રેમના બદલે માયાની જાળમાં ફસાઇ અંતે કેવા દુઃખી થાય છે. ઉપરાંત સ્વેચ્છાચારિણી સુંદરીઓનો સ્વચ્છંદાચાર; આદર્શ વિધવાનું કર્તવ્ય; અર્ધદગ્ધ યુવકોની પાયમાલી અને ખાના ખરાબી; મુંબાઈના શરીફ બદમાસોનાં હૃદયને કંપાવી મૂકે એવાં અદ્ભુત કારસ્થાનો વગેરે વિષયોથી ભરપૂર છે. સોનેરી પાકું પૂઠું. મનહર છપાઇ છતાં બન્ને ભાગની એકંદર કિંમત રૂ. ૪-૦-૦ ચાર.

બુકસેલર—કચરાભાઈ વનમાળીદાસ પટેલ.
મોટી હમામ—અમદાવાદ.

પેશાવરની પદ્મિની

લેખકઃ-ધીરજલાલ અમૃતલાલ ભટ્ટ.

આજ પર્યંત અનેક ઐતિહાસીક નવલકથાઓ બહાર પડી છે; પરંતુ આ નવલકથામાં કંઇક જુદોજ આનંદ મળશે, મહારાજા રણજીતસિંહના રાજ્ય અમલ પહેલાં પેશાવરમાં કેવી અંધાધુંધી ચાલી રહી હતી, અપ્રધાન અધિકારીઓ કેટલો ત્રાસ, કેટલો રાક્ષસી જુલ્મ ગુજારતા હતા; સુકુળ સુંદરીઓને શીયળ રક્ષવાને માટે કેવાં અદ્દભૂત હૃદયદ્રાવક સંકટો સહન કરવાં પડતાં હતાં; સાથે તેમની હિંમત-સાહસ, વગેરે વાંચતાં હૃદયમાંથી આનંદના ઉદ્દગાર નિકળ્યા સિવાય રહેશે નહિ. આ સાથે શૂરાઓની સત્યપ્રિયતા રણરંગ વગેરેના વાચનથી આશ્ચર્યના મહાસાગરમાં ડુબી જશો. ગ્લેજ કાગળો, સુંદર બાઇન્ડીંગ છતાં કીમત માત્ર રૂ. ૧-૮-૦.

(જાણવા જોગ નિયમો.)

૧ પુસ્તકો મંગાવનાર ગૃહસ્થોએ પોતાનું નામ, કામ, ઠેકાણું, ગામ, પોષ્ટ, જીલ્લો વગેરે પૂરેપૂરૂં સાફ અક્ષરથી દર વખતે લખતા રહેવું.

૨ દશ રૂપીઆની કીંમતનાં પુસ્તકો મંગાવનારને રૂપીઆ એની કીંમતનાં કમીશનમાં આપીશું.

૩ પંદર રૂપીઆનાં પુસ્તક એકી વખતે મંગાવનારને રૂપીઆ ત્રણની કીંમતનાં પુસ્તકો કમીશનમાં આપીશું.

૪ પચીસ રૂપીઆનાં પુસ્તકો સામટાં આ લીષ્ટની અંદરથી મંગાવનારને રૂપીઆ પાંચની કીંમતનાં પુસ્તકો કમીશનમાં અમારી પસંદગીનાં આપીશું.

૫ પચાસ રૂપીઆનાં પુસ્તકો સામટાં આ લીસ્ટની અંદરથી મંગાવનારને રૂ. ૧૨ાા ની કીંમતની ભેટ મલશે.

બુકસેલર કચરાભાઇ વનમાળીદાસ પટેલ.

ઠે. મોટી હમામ—અમદાવાદ.

છપાય છે ! ગ્રાહક થવા આજેજ નામ નોંધાવશો !! છપાય છે !!
જ્ઞાનનો ભંડાર ! લાયબ્રેરીયોને શૃંગાર ! અદ્ભુત ચમત્કાર !

આદર્શ રમણી

અથવા

જીવનનો મહામંત્ર.

લખનાર—સત્યેન્દ્રપ્રસાદ મહેતા.

અત્યંત રસીક સુબોધક અને ચિત્તરંજક આ નવલકથા વાંચવા લીધા પછી પૂરી વાંચ્યા વિના પડતી મૂકવાનું મન થશે નહિ. ચિત્ર વિચિત્ર લીલાઓ અને માયાવી મોહજાળોથી ઉત્પન્ન થતી ભ્રમણાઓથી મનુષ્યો વિવિધ પ્રકારનાં સારાં-ખોટાં કાર્યો કરી જીવન ગુજારે છે. વિશ્વની માયાની મોહિનીમાં અંધ થએલાં માણસો કેવાં ગજબનાક કર્મો કરે છે. પૈસાપાત્રો-સફેત શાહુકારો ગરીબોનું જીવન જગતમાં નકામું છે સમજી ગરીબો પ્રત્યે કેવું આસુરી વર્તન ચલાવે છે. પૈસાદાર થવાને માટે ગરીબો અને સામાન્ય સ્થિતિના માણસોને સમજાવી ફોસલાવી કેવી રીતે પૈસાપાત્ર બને છે. સુધરેલા યુવાનો ખરાબ સોબતથી જીંદગીની કેવી પાયમાલી કરે છે કળીયુગના સાધુ-રામો કેવા ભયાનક ઉત્પાતો મચાવે છે. અંધશ્રદ્ધાળુઓ સાધુઓની શયતાનીયતમાં ફસાઇ કેવાં દુઃખી થાય છે. ઉપરાંત જનસેવા કરવા ઇચ્છનારા યુવાનોનાં ચમત્કારી કાર્યો, અપૂર્વ દેશભક્તિ, આદર્શ બાળાઓની પવિત્ર પ્રેમભક્તિ, સંસારનાં દુઃખથી ત્રાસી હતાશ બનેલાંઓને જ્ઞાનોપદેશ વગેરે દરેક વિષયો આ નવલકથામાં આલેખવામાં આવ્યા છે. અવકાશનો વખત જ્ઞાન મેળવવામાં અને શોકમય સંસારને સુખમય બનાવવો હોય તો આ નવલકથાના ગ્રાહક થવા આજેજ નામ નોંધાવો. અગાઉથી ગ્રાહક થનારા ગૃહસ્થો પાસેથી મૂલ્ય માત્ર રૂપીઆ ત્રણ.

બુકસેલર કચરાભાઈ વનમાળીદાસ પટેલ.
મોટી હમામ—અમદાવાદ.

બીજી વાંચવા લાયક રસિક નવીન નવલકથાઓ.

સૌન્દર્યવિજય ભા.૧થી૫	૧૦-૮-૦	નૌકા ડુબી	૪-૦-૦
સુંદર વિધાનંદ	૧-૮-૦	અનંગ મોહિની	૩-૮-૦
કાશ્મીર-કેશરી	૨-૦-૦	મહારાજ પ્રતાપાદીત્ય.	૨-૮-૦
ભાગ્યચક્રનો મહામંત્ર	૨-૮-૦	મોહિની	૨-૦-૦
સુરાદેવી ભા. ૧-૨-૩	૬-૦-૦	નવદંપતીને શીખામણ	૨-૦-૦
કમનશીબ લીલા ભા. ૧-૨,	૫-૮-૦	બેગમ મહાલ ભા. ૧-૨.	૫-૦-૦
ભયંકર ભદ્ર ભા. ૧-૨,	૬-૦-૦	પ્રમાદધનની પ્રભુતા	૪-૮-૦
લતા અને લલીતા ભા.૧-૫,	૮-૪-૦	ગોરાં ભા. ૧-૨	૬-૮-૦
પિશાચમંન્દીર ભા. ૧-૨,	૬-૪-૦	બુલબુલ	૩-૮-૦
કંગાલ કેદી ભા. ૧-૨,	૫-૦-૦	કુંજકીશોરી	૨-૪-૦
મૃગલોચની ભા.૧થી૧૦,	૨૧-૦-૦	અદ્દભુત લુંટારો ભા.૧-૨.	૩-૮-૦
આજકાલનું હિંદુસ્થાન		ચમત્કારી ગુફા	૨-૮-૦
ભા. ૧ થી ૩	૯-૦-૦	સૌન્દર્ય જવાળા ભા.૧-૨	૧-૮-૦
બંસરીબાલા	૩-૦-૦	કામરૂદેશની કુટીલકામીની.	૧-૧૨-૦
કિશોરસિંહ ભા. ૧-૨-૩	૮-૦-૦	નોકરીનો ઉમેદવાર	૧-૮-૦
રતિશાસ્ત્ર કિંવા કોકશાસ્ત્ર	૩-૮-૦	યૌવનચક્ર	૩-૪-૦
ન્યાયના ખૂનમાં નીતિ	૨-૮-૦	અમરચરીત્ર ભા૧-૨-૩-૪.	૧૪-૦-૦
વેરવસુલ ભા. ૧-૪	૧૨-૦-૦	સતીમંડળ ભા. ૧-૨	૭-૦-૦
મુગરાજ સોલંકી	૩-૦-૦	આપણો ધર્મ	૪-૦-૦
અકબર રાજરહસ્ય ૧-૨	૪-૦-૦	ડુબતું વહાણ	૪-૦-૦

સુચના:—કોઇ પણ વખતે કોઈપણ પુસ્તકની જરૂર પડે ત્યારે અમારી દુકાને એકવાર ઑર્ડર આપી ખાત્રી કરવા ખાસ ભલામણ કરીએ છીએ. બહારગામના ઑર્ડરો બહુજ કાળજીપુર્વક અને તાકીદે રવાના કરી ગ્રાહકોને સંતોષ આપવામાં આવે છે તેની નોંધ લેવાનું વિસરસો નહીં.

સઘળી જાતનાં પુસ્તકો મળવાનું ઠેકાણું:-

બુકસેલર કચરાભાઈ વનમાળીદાસ પટેલ.

ઠે. મોટી હમામ—**અમદાવાદ.**

૧૬ સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા કૃત.

લોકપ્રિય સુબોધક નવલકથાઓ.

કાળરાત્રિનું ખૂનીખંજર ભા. ૧-૨ સચિત્ર.		કિં. રૂ	૬—૦—૦
ઝેરીજમાનો ભા.૧-૨-૩-૪-૫ આવૃત્તિ બીજી સચિત્ર			૧૧-૦-૦
વસંત-વિજય ભા. ૧-૨-૩-૪	...	,,	૧૨-૪-૦
બહાદુરબાળા ભા. ૧-૨ આવૃત્તિ બીજી	...	,,	૩—૦—૦
તરૂણતપસ્વિની ભા. ૧-૨. સચિત્ર.	...	,,	૬-૧૨-૦
પદ્મલતા-કંટકમા ગુલાબ. સચિત્ર.	...	,,	૩—૦—૦
જુલ્મી જાલીમ યાને ધ્રુજતી ધરા સચિત્ર...		,,	૩—૦—૦
વિશ્વમોહિની ભા. ૧-૨-૩-૪ ...	...	,	૮—૦—૦
કુસુમકાન્ત ભા. ૧-૨ ...	...	,,	૫-૧૨-૦
માયાવી મોહિની	...	,,	૩—૦—૦

અન્ય ગ્રંથકારકૃત રસીક નવલકથાઓ.

રણઘેલા રજપૂતો-સતીઓનું શૂરાતન સચિત્ર ભા.૧-૨.			૬—૦—૦
ચૂડેલનો ચમત્કાર સચિત્ર...	...	...	૩—૦—૦
મધુ-માલતી ભા. ૧-૨ સચિત્ર	...	...	૪—૦—૦
પેશાવરની પદ્મિની ...	...	...	૧—૮—૦

સઘળી જાતનાં પુસ્તકો મળવાનું ઠેકાણું:—

કચરાભાઈ વનમાળીદાસ પટેલ.

બુકસેલર-મોટી હમામ-અમદાવાદ.

અમદાવાદ-સલાપોસ રોડપર ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું. સને ૧૯૨૨.